આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન ચારિત્ર્ય અને સંસ્કારઘડતરનું માસિક

કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ
સુવર્ણજયંતી-વર્ષ
અંક ૨જો
ફેબ્રુઆરી
૧૯૭૩
તંત્રી
બચુભાઈ રાવત



આલ્ફ્રેડ ફ્લેખથાઈમ
શિલ્પ: રૂડૉલ્ફ બેલિંગ
(જુઓ કલાવાર્તા)

કુમાર

ફેબ્રુઆરી ૧૯૭૩ · અંક ૫૯૦

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર-કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ.૪ છૂટક નકલ: રૂ ૧-૭૫

વાચકો લખે છે...

'કુમાર'માં મરચાંનો લેખ વાંચ્યો. સારો પ્રયાસ છે, પણ સૌરાષ્ટ્રની વિખ્યાત અને પ્રચલિત જાતોનું સાથે આલેખન હોત તો ઓર જમાવટ કરી દેત. થોડી માહિતી આપું છું:

૧) ગોંડલિયાં મરચાં (રામોદિયાં મરચાં): છાલ જાડી; ૨'' થી ૨ાા'' લાંબાં; ૧ાા'' થી ૧ાાા'' જાડાં; મોટાં. પાકતાં છાલનો રંગ લાલ ચમકદાર. અથાણાં માટેની વિખ્યાત જાત. મધ્યમ તીખાં. નિપજનું સ્થાન ગોંડલ તાલુકો.

૨) શેડિયાં મરચાં: છાલ મધ્યમ જાડી. શેડ઼ ઉતાર ઘાટ. ૨ાા'' થી ૩'' લાંબાં. ઉપરથી ગાા'' નીચે અણીએ ૨ દોરા. અથાણાં તથા ઘરવપરાશમાં ભૂકો કરી વાપરવાં. લીલાં મરચાં લીંબુ સાથે અથાય છે. પાકતાં લાલ રંગ. બીયાં પીળચટાં. મધ્યમ તીખાં. નિપજસ્થાન લાઠી તાલુકો, માણાવદર તાલુકો, લીલિયા (ભાવનગર).

૩) બરડા-બારડીનાં: લાંબાં, પાતળાં. છાલ પાતળી. લંબાઈ ૩ાા'' થી ૪''. ખૂબ તીખાં. છાલ પાકતાં લાલ રંગની. ઉપરથી ૩ દોરા નીચે ૧ દોરો. ભૂકો કરી ઘરવપરાશમાં. અથાણામાં આખાં પણ વપરાય છે. નિપજસ્થાન: પોરબંદર તાલુકો, કલ્યાણપુર મહાલ (જામનગર).

(પોરબંદર) —અમીલાલ ઢાંકી

ઓક્ટોબર '૭૨ના 'કુમાર'માં 'રામપ્રસાદ બિસ્મિલ' ઉપરનો આવો સુંદર લેખ લખવા માટે મનહર શાહ–રવીન્દ્ર અંધારિયાને અભિનંદન.

હું તો ૧૪ાા વર્ષનો કુમાર છું. મેં ગુલામી જોઈ નથી. ગુલામીમાં કેવી અડચણો થતી તે તો ફક્ત મેં વાંચ્યું જ છે.

આઝાદીને ૨૫ વર્ષ થયાં. અને આ શરમની વાત છે કે મને રામપ્રસાદનો પરિચય 'કુમાર' વાંચ્યા પછી જ થયો. તેમના નામની પણ મને ખબર ન હતી. રામપ્રસાદ જેવા કેટલાય લોકોએ મળીને દેશને આઝાદી અપાવી હશે, પણ તેમનાં નામ પ્રસિદ્ધ નથી. ભારત સરકારે રામપ્રસાદની આત્મકથા જેવાં પુસ્તકોનો વધુ પ્રચાર કરવો જોઈએ. અને ''એશિયા '૭૨''માં આવા લોકોની તસ્વીરો અને ઇતિહાસ રાખવા જોઈએ.

રવિશંકર રાવળનો 'જનરલ દફ્તરો' લેખ ખૂબ જ સારો હતો. સારા લેખો છાપવા બદલ 'કુમાર'ને અભિનંદન.

(કલકત્તા) —'ભાસ્કર'

ઓક્ટોબર '૭૨ના 'છેલ્લું પાનું'માં મથાળે જે બે પંક્તિઓ મૂકવામાં આવી છે તેમાં મુદ્રણદોષ લાગે છે. તે પંક્તિઓ આ પ્રમાણે છે:

થકન કૈસી ઘૂટન કૈસી, ચલ અપની ધૂન મેં દિવાને
મિલા લે ફૂલ કાંટોંમેં સજા લે અપને વિરાને'

જ્યાં 'ઘુટન' છપાયું છે ત્યાં 'ઘૂટન' હોવું જોઈએ.

(સાવરકુંડલા) —ભૂપતરાય ત્રિવેદી

અહીં તમિલનાડુમાં ઘણા માણસો દેવનાગરી લિપિ વાંચી શકે છે અને 'કુમાર' જેવું માસિક ગુજરાતીઓના સંસર્ગથી ધ્યાનાકર્ષણ બની શકે. રાષ્ટ્રીય લિપિના ફેલાવાના ભાગ રૂપે પણ 'કુમાર'નું મુદ્રણ દેવનાગરીમાં ન કરી શકાય?

'કુમાર'ના ઘણા વિભાગો ભૂતકાળ સાથે સંબંધ ધરાવે છે. 'આ માસમાં' જેવા વિભાગને વર્તમાન સાથે સાંધી ન શકાય? સંભવ છે કે નવી પેઢીને ૧૮૭૩ કરતાં ૧૯૭૩માં વધારે રસ હોય. આમ કરવાથી કેટલાક નવા વાચકવર્ગનો ઉમેરો થવા સંભવ છે.

(મેટ્ટુપાયલમ) —રમણિક અને કસ્તુર પરમાર

'કુમાર' અંક ૫૮૭માં શ્રી બાબુભાઈ છાડવાનો પત્ર વાંચી આશ્ચર્ય થયું. છેલ્લાં આઠેક વર્ષથી 'કુમાર' વાંચીએ છીએ, જૂના અંકો પણ વાંચ્યા છે, છતાં આવો ફાવે તેમ બકવાસ જોવા મળ્યો નહોતો. સુનીલભાઈ અને ચાંદામામાની 'જુગલબંધી' અમને ખૂબ ગમે છે—ફક્ત તેમનું 'મૅટર' જ નહીં પરન્તુ તેમની રજૂઆત, તેમની જીવન પ્રત્યેની 'ઍટીટ્યુડ', તેમની 'સેન્સ ઑવ હ્યુમર' વગેરે.

શ્રી વિનોદભાઈની 'વેતાળ પચ્ચાસી'માં પણ અમને મજા પડે છે. ખાસ કરીને વિક્રમની વાર્તામાં ગૂંથી લીધેલા આધુનિક સમાજ પરના હળવા ઝાટકા ખરેખર વાગે તેવા હોય છે. 'વેતાળ પચ્ચીસી'ને વેતાળ 'પચ્ચાસી' તો શું પણ 'વેતાળ પંચોતેરી' બનાવો તો પણ કદાચ અમને સંતોષ નહિ થાય.

(અમદાવાદ)—નયના, હિમાંશુ, સુધાંશુ જાની

હું છેલ્લાં વીસ વર્ષથી 'કુમાર' નિયમિત વાંચું છું અને છેલ્લાં ૧૨ વર્ષથી ગ્રાહક પણ છું. અનેક લેખમાળાઓ 'કુમાર'માં આવી છે. જે અભ્યાસીઓને રુચિકર રહી છે.

હમણાં શ્રી સુનીલ કોઠારી દ્વારા નૃત્ય અંગેની લેખમાળામાં પણ એટલી જ સૂઝ, સૂક્ષ્મ ટેકનિક અને અદ્યતન કલાજગતથી વાકેફ રહીને જે લખાણ આવે છે તે પ્રશંસાને પાત્ર છે. આ લેખમાળા ચાલુ રહે અને નૃત્યકલા જગતથી ગુજરાતને વાકેફગાર કરાવાય તે ઉચિત છે.

'કુમાર'નો કોઈ પણ વિભાગ શક્ય વિગતથી ભરપૂર હોય છે. તે માટે જેટલા ધન્યવાદ અપાય તેટલા ઓછા.

(ભાવનગર) —વિરમશી શાહ

ડિસેમ્બર અંકમાં શ્રી નરોત્તમ પલાણ લખે છે કે વૃક્ષનું નામ 'આંબલી'; ફળનું 'આમલી'. આ વાત બરાબર નથી. વૃક્ષ અને ફળ બંને માટે આંબલી અને આમલી એ બંને શબ્દો વપરાય છે એ ગુજરાત વિદ્યાપીઠનો શબ્દકોશ જોવાથી ખાતરી થશે. સંસ્કૃત શબ્દ 'આમ્લિકા' છે 'આમલી' શબ્દ સંસ્કૃત 'આમ્લિકા'ની વધારે નજીકનો છે.

ડૉ. સાન્તાપાઉના મૂળ અંગ્રેજી ગ્રંથનું નૅશનલ બુક ટ્રસ્ટ માટે મેં જ ભાષાંતર (ગુજરાતી) કર્યું છે તે જાણ ખાતર. અંગ્રેજી 'ટૅમરિન્ડ' શબ્દ તમર-ઈ-હિન્દ ઉપરથી જ બન્યો છે.

(વડોદરા) —ચન્દ્રવદન હીરાલાલ પાઠક

આજ જે ગતિથી બધું બદલાતું જાય છે એમાં કોઈને માર્મિક તત્ત્વની પડી નથી. આજની બદલાતી પરિસ્થિતિ એક પ્રક્રિયા નથી પરંતુ સ્વંસવૃત્તિમાંથી ઉત્પન્ન થયેલા દંભનું પુનરાવર્તન છે. આજે શિક્ષણ ભાવના વગરનું કોરું છે.

આપણે ત્યાં કોઈ પણ કળાનું જ્ઞાન પ્રાપ્ત કરનારને અન્ય કળાઓનું સામાન્ય જ્ઞાન આવશ્યક હતું, હોવું જોઈએ. સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર, શિલ્પ અંગે આપણી પરંપરાનો પદ્ધતિસરનો અભ્યાસ ખૂબ સમય અને પરિશ્રમ માગી લે છે. આ બધું કર્યા પછી જે

નવેમ્બર અંકમાં મેઘાણીને કલાપીની કૃતિ 'સાકીને ઠપકો' ગમતી હોવાનો ઉલ્લેખ કરેલો છે અને તેથી કલાપીની એ મૂળ કૃતિ વાંચવાની ઇચ્છા મારા જેવા ઘણા વાચકોને થઈ હશે. 'કલાપીનો કેકારવ' મેળવીને વાંચવાની મારા જેવા સામાન્ય વાચકો માટે તક નહિ હોવાથી એ કૃતિ 'કુમાર'માં છાપી ન શકાય ?

(ખરેડી-ધોરાજી) ઈસ્માઈલ એન. પારેજિયા

સાકી, જે શરાબ મ્હને દીધો દિલદારને દીધો નહીં;
સાકી, જે નશો મુજને ચડ્યો દિલદારને ય ચડ્યો નહીં!

મુજ ચશ્મમાં ચરખો ફરે, કદમે બદન લથડી પડે;
દિલદાર તો મલક્યા કરે, નકી યારને પાયો નહીં!

આશક અને માશૂકને, પાવો એક જામે ને શીશે;
પાવો એક હાથે સાકીએ, ઈનસાફ ત્હેં કીધો નહીં!

મ્હારી ગઈ શરમે બધી, દિલદાર હુજ મહીં હજી;
ત્હારી બની ખાલી શીશી, પાવા ય ત્હેં રાખ્યો નહીં!

સરખાં બને બન્ને જરા, ત્યાં તો શરાબીની મઝા;
ઉલટી કરી ત્હેં તો સજા, નયને સનમ ખેલી નહીં!

મુજ ખૂન આ કૂદી રહે, દિલદારનું થંડું બને;
મુજને ચડે ત્યાં ઊતરે, કાંઈ મઝા આવી નહીં!

આ રાત પહેલી વસ્લની, માશૂકના ઇનકારની;
ત્યાં બેવફી ત્હેં કરી, તુજ જામ કાં ફૂટ્યું નહીં!

ના રોશની ગાલે ચડી, જરી ના લબે સુરખી પડી;
ઘેરી બની ના આંખડી, દિલ યારનું જામ્યું નહીં!

આ પ્હોર ચાર જ રાતના, કંઈ વાયદા વીત્યે મળ્યા;
કંઈ હોંશથી જિગરે જડ્યા, તેની કદર તુંને નહીં!

ના ખેંચ આશક તો કરે, માશૂકને પાવો પડે;
ના સાકીએ પીવો ઘટે, ત્હેં કાયદો પાળ્યો નહીં!

જોઈ સનમને રૂબરૂ, ઘેલો હતો પૂરો જ હું;
પાયો ફરી, પીતો ય તું, પણ યારને પાયો નહીં!

આ વાય ફજર તણી હવા, મુજ રાત વીતી મુફતમાં;
દિલદાર આ ઉઠે જવા, એ બે શુકન બોલી નહીં!

જો આવશે કો દી સનમ, તો લાવશે આંહીં કદમ;
તું રાખજે--ભાઈ! રહમ, ગફલત ઘટે આવી નહીં!

પરિપક્વતા આવે તે પછી પરિશ્રમ દ્વારા કાંઈક નવું થાય તો એમાં ભારતીય સંસ્કારની ઝાંખી થાય. પરંતુ આજનું વાતાવરણ અને શિક્ષણ આને સાકાર થવા દેતાં નથી, કોઈ કરતું ય નથી.

હમણાં જ એક મૂર્ધન્ય વિદ્વાનનું વ્યાખ્યાન સાંભળ્યું. કવિ કાલિદાસ અને તેની કૃતિઓ પર હતું. સમસ્ત કાલિદાસનું સાહિત્ય જાણે ઘોળીને પી ગયા ન હોય! અને સારા સંસ્કૃત સાહિત્ય સાથે એનું તુલનાત્મક અધ્યયન આધુનિક સાહિત્યનું કરવાની એમનીક્ષમતાઅદ્ભુત હતી. મહાકવિ કાલિદાસના સાહિત્યમાં ખૂબ ખૂબ ભરેલું છે. એમાં વેદ ઉપનિષદના સિદ્ધાંતો પણ છે, એમાં સમાજશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, માનસશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર ઈત્યાદિ ભરેલાં છે અને કાવ્યોની પંક્તિઓમાં એવા એવા સંકેત આપ્યા હોય છે કે જે સમજતાં આપણને એની મહત્તાનો, જ્ઞાનનો અને સંશોધનની શક્તિનો ખયાલ આવે.

(વારાણસી) —વાસુદેવ સ્માર્ત

∞

'ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ' એ વિભાગ 'કુમાર'માં શરૂ થતાં આનંદ અનુભવ્યો. 'કુમાર'નાં પાનાં ઉપર ક્રિકેટની આ માહિતી રોચક શૈલીમાં વાંચવી એ સુભાગ્ય ગણાય.

વર્ષો પહેલાં વિજય મરચન્ટ અને વિનુ માકડના ફોટો સાથે બનેનો પરિચય રજૂ થયેલો તેની આજે યાદ આવે છે. ક્રિકેટનાં પાસાંની વિગત અને સમજણ સાથે આજના ક્રિકેટના આપણા નવા આગેવાન ખેલાડીઓ અંગે ક્રમશઃ માહિતીસભર લેખો અધિકારી વ્યક્તિની કલમે મળે તે યોગ્ય લેખાશે.

બે સૂચન: (૧) મૅચ જોવા આવનાર પ્રેક્ષકોમાંના મોટા ભાગના ક્રિકેટ વિષે ઠીક ઠીક સમજણ ધરાવે છે. બીજા અમુક જ થોડા ટકા ક્રિકેટ બાબતમાં બેસમજ અને અજાણ હોય છે. અલબત્ત ક્રિકેટ અને કૉમેન્ટરી વિષયે ફીલ્ડિંગ, બોલિંગ, બૅટિંગ કે ફીલ્ડ પ્લેઇસિંગ અંગે અસ્પષ્ટ અને અધૂરી સમજવાળા કેટલાક 'રસિકો' હોય છે, છતાં આપે 'ઘંટ' અને 'બૉલની હૅાલિંગ'ના દાખલા આપ્યા છે તે આત્યંતિક લાગ્યા અને તે રમૂજ માટે અપાયા છે એમ માનવું ઠીક લાગે છે. (૨) આકૃતિઓનો ક્રમ આકૃતિ નીચે જ દર્શાવાશે તો શિખાઉ રસિકને વધુ સરળતા થશે.

શ્રી ભરતભાઈ ભટ્ટને આ વિભાગ સંભાળવા બદલ અને 'કુમાર'ને વિષયની રજૂઆત બદલ અભિનંદન.

(બારેજા) —આચાર્ય અ. મો. ડાભી

વાર્ષિક વાઙ્મય સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી વર્ષોવર્ષ થતી વાર્ષિક વાઙ્મય સમીક્ષાનું કાર્ય ઈ. સ. ૧૯૭૨ના વર્ષ માટે નીચે પ્રમાણે સોંપવામાં આવ્યું છે: કાવ્યો: શ્રી બાલમુકુંદ દવે તથા શ્રી પિનાકિન્ ઠાકોર; નવલકથા: શ્રી ઈશ્વર પેટલીકર; નવલિકા-નાટકો: શ્રી પ્રેમશંકર હ. ભટ્ટ; ભાષા અને મધ્યકાલીન સાહિત્ય: શ્રી કેશવરામ કા. શાસ્ત્રી; ઇતિહાસસંશોધન: ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી; વિવેચન: શ્રી યશવંત શુકલ, શ્રી અનંતરાય મ. રાવળ અને ડૉ. મધુસૂદન હી. પારેખ. આથી સર્વ ગ્રંથપ્રકાશકોને વિનતિ કે પોતાનાં ૧૯૭૨ના વર્ષનાં પ્રકાશનો ગુજરાત સાહિત્ય સભા, બેલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા પાસે, અમદાવાદને મોકલાવી ઉપકૃત કરે.

દ્વિમાસિક ફોટોગ્રાફી હરીફાઈમાં ફોટો મોકલવાની છેલ્લી તારીખ: ૨૮ ફેબ્રુઆરી ૧૯૭૩

હરીફાઈનો ચિત્રવિષય: ગામની શેરી

વિન્ધ્યાચળ અને વિન્ધ્યપાદ (સાતપુડા) પર્વતોના પાશમાંથી મુક્ત થઇને મહાનદી નર્મદા દક્ષિણ ગુજરાતના ફળદ્રુપ મેદાનમાં જ્યાં પ્રવેશ કરે છે ત્યાં, નર્મદાની ઉત્તરે મરાઠા કાળનો કિલ્લો ધરાવતું ગરડેશ્વર (ગરુડેશ્વર) નામે એક ગામ છે. તેની નજીક દોઢેક માઈલ દૂર અખ્તેશ્વર (અક્ષતેશ્વર) છે. 'નર્મદાના કંકર એટલા શંકર' વાળી કહેવત તો જાણીતી છે. એ મુજબ નર્મદાને બંને કાંઠે દર બે ચાર માઈલને અંતરે શિવમંદિરો છે, જેમાંનાં અમુક તો બહુ પ્રાચીન છે.

નર્મદાકિનારે શિવમંદિરો બંધાયાની પરંપરા ગુપ્ત કાળથી વધુ જૂની જણાતી નથી. સોલંકી કાળની પૂર્વેનાં મંદિરો આમાં દેખાતાં નથી. ગુજરાતની બહાર પણ નર્મદાકાંઠે બહુબહુ તો સાતમા-આઠમા સૈકા જેટલાં જૂનાં મંદિરો મળ્યાં છે. આનું એક મુખ્ય કારણ એ છે કે દક્ષિણમાં જતાં મુસ્લિમ સૈન્યે એ નર્મદા ઓળંગતાં માર્ગમાં આવતાં મંદિરોનો નાશ કરવાની એકપણ તક જતી કરી નહિ હોય.

ગુજરાતમાં સોલંકી કાળની પૂર્વે લિંગપૂજા ઉપરાંત શિવમૂર્તિ રૂપે પણ શંકરની પૂજા પ્રચલિત હતી. જેમાં બહુધા ઉમા-મહેશ્વર સ્વરૂપની પ્રતિમાઓ જ વિશેષ મળી છે.



ઉમા-મહેશ્વર

અખ્તેશ્વરના શિવમંદિરમાંથી કેટલીક બહુ પ્રાચીન પ્રતિમાઓ મળી છે, જેમાંની એક તો ચોથા-પાંચમા સૈકા જેટલી જૂની છે. આટલી પ્રાચીન પ્રતિમાઓ ગુજરાતમાં ભાગ્યે મળી છે. ત્યાંથી જ મળેલી આ બીજી પ્રતિમા આઠમા-નવમા સૈકાના સુંદર શિલ્પાંકનના એક ઉત્કૃષ્ટ ઉદાહરણ રૂપ છે. ઉમા-મહેશ્વરની બીજી પ્રતિમાઓ પણ ગુજરાતમાં મળી છે, પણ આટલી સુંદર તો આ પ્રથમ જ છે. —અમૃતલાલ વ. પંડ્યા



વસંતનાં પંખી (કલાકાર: શ્યાવક્ષ ચાવડા) પૂર બહારમાં ખીલેલી વનરાજિની વચ્ચે ટહુકતાં પંખીનું આબેહૂબ આલેખન કરવાને બદલે, મન પર પડેલી વનરાજિની રંગભભક અને આકૃતિ લીલાની છાપને જ આલેખતું ચિત્ર. વાસ્તવદર્શી આલેખનમાં આવતી ફોટોગ્રાફીની કૃત્રિમતાનો ભાવ ટાળીને પોતાની અનુભૂતિને અવનવા રૂપે વ્યક્ત કરવા મથતા કલાકારોએ આલેખનાની આવી નાનાવિધ પદ્ધતિઓ અજમાવી છે; અને યથાર્થ દર્શનથી કંટાળતા માનવમનને પણ આવાં નવનવીન નિરૂપણ પ્રસન્નકર બની રહે છે. (કલાકારના સૌજન્યથી)

ઇન્દ્રગોપ / રાજેન્દ્ર શાહ

· મિશ્ર ·

કયાંથી અહીં?
　આ તૃણનીલ વીથિએ
　લલાટમાં ઉજ્જવલ કંકુનો તવ
　સદા ય જે સોહત ચાંદલો તે!
આભામહીં રક્તિમ
　ચારુ તારું મર્માળુ ન્યાળું સ્મિત
　ને વહે કશો
　આનંદ મારાં પુલકંત અંગમાં!

—કેટકેટલી વાતે પરોવે!
　–પણ
　વેણુ કે નહિ વિચારની વિસ્તૃતિ
　અર્થહીન,
　લગાર કૈં ઇંગિત છે પ્રપૂર્ણ.
　(જેવું લહું આ તરુ એક બીજમાં.)
એકાન્ત શું કાનનનું ભર્યું ભર્યું!
લે...,
　એણે
　તો ચાલવા માંડ્યું...
સમીર-વીચિમાં
　હિલ્લોળતા આ હરિયાળ અંચલે.
–સૌભાગ્ય જાણે ધરતીનું શોભતું!

ઇન્કાર / 'શિલ્પિન' થાનકી

એકલો ચાલું, સહારો ના ખપે,
માર્ગ છો ભૂલું, સિતારો ના ખપે.
પાનખરને આવકારું હર્ષથી,
કાયમી કેવળ બહારો ના ખપે,
વેગળી મન્ઝિલ રહે મન્ઝૂર છે,
રાહમાં એકે ઉતારો ના ખપે.
સાગરે ડૂબવું ભલે મઝધારમાં–
સાવ પાસે હો કિનારો, ના ખપે.

આવ! / પ્રિયકાન્ત મણિયાર

· ગાન ·

તરસ્યા કંઠને તોષવા માટે
　હાથ જોડીને ખોબલો ધરું જલની ધારે આવ!
નિબિડ તિમિર ઘટ્ટ ઘેરાયું
　વીજળી વેગે અલપઝલપ મેઘને ક્યારે આવ!
વાયરાનું આ વ્હાણુ છે ખાલી
　લંગર છોડયું–છેલછબીલી થઈને સુગંધ આવ!

એક અંગરખું ફૂમતિયાળું ઝડકે આવ્યું
　સોયદોરાનો લઇને સંબંધ આવ!
લઈને સંદેશ મેં જ મેલેલું
　એ જ તે પેલા પારેવાની પાંખે પાંખે આવ!
કાંઇ મળે ના મેળ તો પછી
　ટપક ટપક થઈને આંસુ મુજની આંખે આવ!

તડકો / ધીરેન્દ્ર શુકલ

· ગઝલ ·

સૂરજની અધખોલી બારીમાંથી જુએ તડકો;
ધરતીના આંગણમાં રમવા કૂદકો મારે તડકો.
તિરાડમાંથી ઘરમાં છાનો ડોકાયે છે તડકો,
ઉપાલંભ આપીને અટકે સૂતા જનને તડકો.
દાદાજીની ખાટે બેસે હળવે રહીને તડકો,
દાદીમાની પાટે ઝૂલે સળિયા પકડી તડકો,
છાયા સાથે સંતાકુકડી રમતો નટખટ તડકો,
થાકે ત્યારે ઝાડ નીચે શીલા પર સૂએ તડકો.
ઊંચીનીચી અગાશીએથી નગર નિહાળે તડકો.
બપોરના ચૂપચાપ બની રસ્તા પર રઝળે તડકો.
વૃક્ષોનાં પર્ણોની રેખા અવલોકે છે તડકો,
ફૂલોનાં હૈયામાં ઊતરી ધડકન સુણે તડકો.
ખાલી ગાડે પાછળ બેસી ખેતર જાયે તડકો,
ઝૂકીઝૂકીને હળવે હળવે ચાસ નીરખતો તડકો.
સંધ્યા સમયે આળસ મરડી લાંબો થાયે તડકો,
રાતે છાને પગલે જાતો નિજ આવાસે તડકો.

ત્રણ હાઇકુ

મધુકુંજ પટેલ

આ જલબિંદુ
આખો સૂરજ ઝીલે
તો ય હલકું.

રસ્તાની રજ
લાખો મણનો ભાર
વહન કરે.

છોડ ઉપર
એક પુષ્પ ખીલીને
બાગ ભરી દે.

હાઇકુ

આહમદ મકરાણી

ટગલી ડાળે
પાંદડાં પીળાં; સોમાં
મૂળિયાં ભીનાં.

ઇન્દ્રગોપ: ચોમાસામાં નજરે પડતા નાના લાલ મખમલી જીવડા ઇન્દ્રગોપને જોઈને થએલી સૌંદર્યની આનંદ-અનુભૂતિનું પ્રશિષ્ટ બાનીમાં આલેખન. હરિયાળા વસ્ત્રધારિણી ધરાના ભાલમાં શોભતા ચાંદલા જેવા એ ઇન્દ્રગોપમાં કવિને જાણે એક પ્રપૂર્ણ ઇંગિત-સંકેત–લાગે છે: એક નાના બીજમાં આખું વૃક્ષ સમાયું હોય છે તેમ. આવા વિચારમાં કવિ છે ત્યાં ઇન્દ્રગોપના ચાલવા માંડવાથી એમની આનંદ સમાધિ તૂટે છે. નાજુક ને સૂક્ષ્મ ભાવનું કાવ્ય. આવ: અનાગતની આરાધના કરી તેને વિવિધ સ્વરૂપે આવવાનું ઈજન આપતી કાવ્યકૃતિ, 'મેઘનો ક્યારો', 'સોયદોરાના સંબંધ'ની જેમ આવવું જેવી કલ્પનાઓ મધુર નાવીન્યનો આસ્વાદ આપે છે, તો અંતિમ બે પંક્તિઓમાં વેદના ઠાલવતાં નિજ આંસુઓમાં પણ એ અગમ્યની ઝાંખી માટેની ઝંખના તીવ્રતર બની છે. ઈન્કાર: જીવનપથ પર આફતોને આમંત્રીને પણ એકલા અને અડગ ચાલવાની ખુમારી દાખવતી ગઝલ. તડકો: કેટલીક સરસ કલ્પનાઓથી કરેલા સજીવારોપણથી મંડિત ગઝલ.

અશફાકઉલ્લાખાં

લેખક
મનહર ડી. શાહ
રવીન્દ્ર અંધારિયા

'રા...મ! રા...મ...'

તાવના ઘેનમાં પુત્રને રામ રામ પોકારતો સાંભળી માતાપિતા સમસમી રહ્યાં હતાં. કાફરોની સાથે રખડતો થઈ દીકરો અલ્લાહને ભૂલીને હિન્દુ દેવને યાદ કરવા લાગે એ મુસ્લિમ વડીલોને કઈ રીતે મંજૂર હોય?

'એમ નહિ બેટા, ખુદાનું નામ લે. એ પરવરદિગાર જ તારું ભલું કરશે.'

પણ ઘેનમાં તડપતો પુત્ર રામની રટણા છોડતો નહોતો. એવામાં એનો એક મિત્ર આવી ચડચો. અશફાકની રટણા એ સમજી ગયો. માતાપિતાને એણે ફોડ પાડચો કે એ ભગવાનને નહિ, એના દિલોજાન દોસ્ત રામપ્રસાદને સંભારી રહ્યો છે. એને બોલાવો.

આર્યસમાજમાં કોઈ ગયું ને રામપ્રસાદ અશફાક પાસે દોડી આવ્યા.

'રામ, તુમ આ ગયે?' અશફાકને આનંદ થયો અને થોડી વાર પછી તો શાંતિથી લેટી રહ્યો. વડીલો આ હિન્દુ-મુસ્લિમની અઝીઝી જોઈ જ રહ્યાં.

અંગ્રેજો સામેનાં ક્રાંતિકારી આંદોલનોમાં ફના થઈ જનારા વતનપરસ્તોમાં આ અશફાક—અશફાકઉલ્લાખાં પહેલા જ મુસ્લિમ હતા. રામપ્રસાદ 'બિસ્મિલ'ના એ ગાઢ મિત્ર. પિતા મહમદ શફીકઉલ્લાખાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર હતા. ખાધેપીધે સુખી એ કુટુંબમાં પિતા જે કંઈ કમાતા એ પત્ની બેગમ મઝહર ઉન્નિસાને આપી દેતા. ઉદાર દિલની એ માતા ઘરખર્ચ ઉપરાંતની આવકને યતીમ બાળકો ને નિરાધાર સ્ત્રીઓમાં બાંટી દેતી. ઘરમાં બેચાર નોકરાણીઓ પણ પોષાતી. આ બેગમ મઝહરને વાચનનો શૉખ હતો. ઘરમાં અનેક ઉર્દૂ પુસ્તકો હતાં. અખબારો પણ આવતાં. અશફાક સૌથી નાનો પુત્ર હોઈ માને વધુ વહાલો હતો, ને દીકરો પણ માતાને એટલું જ ચાહતો. શેરીનાં તોફાનોમાં દીકરાની કોઈ ફરિયાદો લાવે ત્યારે મા એમને કંઈ ને કંઈ આપીને રાજી કરી પાછા વાળતી. પોતાના પુત્રને કોઈ શાપે એ એનાથી સહન થતું નહિ.

માનો વાચનનો શૉખ અશફાકમાં પણ ઊતર્યો. ઘરમાં જે કંઈ પુસ્તકો હતાં તે બધાં એણે વાંચી નાખ્યાં. પણ એમાં શાળાનો અભ્યાસ બગડતો. મદરેસામાં મૌલવી સાહેબ કાન પકડાવીને ઊઠબેસ કરાવે તો એને એ કસરત ગણી વધાવી લે! અને એમ પણ એનું ખડતલપણું ઘડાતું ગયું. તરવાનો અને ઘોડેસવારીનો પણ એને શૉખ. ઘરનું સુખ અને આવા ખડતલપણાથી બચપણથી જ એનો દેહ દેખાવડો, સુગઠિત ને મજબૂત બન્યો હતો. ભાવુક પણ એવો જ. અને એટલે જ વીર પુરુષોનાં ચરિત્રોમાંથી પ્રેરણા પામી દેશને ખાતર, લોકોને ખાતર, અંગ્રેજોની ગુલામીમાંથી છૂટવાને ખાતરની ભાવનામાંથી એની દેશભક્તિ કેળવાઈ અને દઢચરિત જવાન વતનને ખાતર, કુરબાન થઈ જવા થનગનવા લાગ્યો.

દેશમાં અસહકારનું આંદોલન ફરી વળ્યું ત્યારે અભ્યાસ છોડી એણે એમાં ઝુકાવ્યું. પણ ચૌરીચૌરાના બનાવ પછી ગાંધીજીએ એ આંદોલન સંકેલી લીધું ત્યારે એ તરવરિયા યુવાનને કંઈક નિરાશા પણ થઈ. દેશભક્તિની પોતાની ઉત્કૃષ્ટ ભાવનાથી પ્રેરાઈ એણે ક્રાંતિકારી-દળની ખોજમાં નજર દોડાવવા માંડી. મૈનપુર કાવતરા કેસના આરોપીઓનાં નામ સાંભળ્યાં ત્યારે એમાંના એક, પોતાના જ ગામ શાહજહાંપુરના રામપ્રસાદ બિસ્મિલનું નામ જાણી એમને મળવા તલપાપડ બની રહ્યા. પણ ત્યારે રામપ્રસાદ ફરાર થઈ ગએલા આરોપી હતા. એમને મળવું ત્યારે શક્ય નહોતું. અંતે શાહી ઢંઢેરા બાદ જ્યારે બધા આરોપી છૂટી ગયા અને રામપ્રસાદ પરનું વૉરંટ પાછું ખેંચાયું ત્યારે એ શાહજહાંપુરમાં પાછા ફરેલા રામપ્રસાદને પહેલી વાર મળ્યા. ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાવાની પોતાની ઇચ્છા એમણે એમને કહી. પણ ત્યારે રામપ્રસાદ એ પઠાણ યુવાન અંગે હજી નિશ્ચિત ન હતા. અલબત્ત, અશફાકની નિર્મળતા ને સચ્ચાઇએ એમના પર પ્રભાવ તો પાડચો જ હતો. એવામાં શાહજહાંપુરમાં જ કોમી દંગલ ફાટી નીકળ્યું. અશફાકે ખરા દિલથી એ રમખાણમાં શાંતિ સ્થાપવા પ્રયત્નો કર્યા અને હિંદુ-મુસલમાનનું એક સંયુક્ત સરઘસ કાઢીને ગામમાં એકતાનો નારો ફેલાવ્યો. રામપ્રસાદને એનામાં હવે પૂરી શ્રદ્ધા બેસી ગઈ. બંને જણની દોસ્તી જામતી ગઈ. ખાવું-બેસવું-ઊઠવું બધું એક બની ગયું. એક આર્યસમાજી અને એક મુસલમાનની એ જિગરજાન દોસ્તી એક થાળીમાં ખાવા જેટલી ગાઢ બની ગઈ.

આર્યસમાજના મંદિરમાં અશફાકની અવરજવર અશફાકનાં સગાંસ્નેહીઓને ખટક્તી. રખેને એ મુસલમાન મટી કાફર થઈ જશે એવો એમને ડર હતો. પણ અશફાકની ધર્મભાવના એવી સંકુચિત નહોતી. મઝહબને એ પોતાની વતનપરસ્તીમાં આડખીલી રૂપ બનાવવા હરગીઝ તૈયાર નહોતા. દેશની આઝાદી એમને માટે સર્વોચ્ચ ફરજ હતી. અશફાકના પાછલા દિવસોના એક સાથી શચીન્દ્રનાથ બક્ષીએ એમને વિષે કહ્યું છે કે 'હું તો કટ્ટર નાસ્તિક હતો. ઈશ્વર કે અલ્લાહને ભાંડવાનું પણ ચૂકતો નહિ, પરંતુ અશફાક એવા સહૃદયી હતા કે એમની સાથે દિવસો સુધી રહેવા છતાં કદી અમારી વચ્ચે એ બાબત ચર્ચા થઈ નહોતી. જ્યારે એ જ સમયે અમારા સાથી શચીન્દ્રનાથ સાન્યાલ અને ગોવિંદચરણ કાર વચ્ચે વારંવાર ધર્મ અને ઈશ્વર અંગે ચર્ચાઓ ચાલ્યા કરતી.' ખુદ રામપ્રસાદે પણ લખ્યું છે કે, 'સૌને અમારી બંનેની મહોબત જોઇને નવાઈ લાગતી. દળના જ કેટલાક સાથીઓને પણ અશફાક પર વહેમ રહેતો, છતાં એની પરવાહ કર્યા વિના કે બીજી બાજુ પોતાની કોમના ઉપાલંભો છતાં એ બધાથી નિર્લેપ રહી અશફાકે પોતાની દેશભક્તિની દઢતા છેવટ સુધી જાળવી રાખી હતી. હું જે કંઈ હિન્દીમાં લખતો તે મુસલમાનો પણ વાંચી શકે એટલા સારુ ઉર્દૂમાં પણ લખવા અશફાક મને આગ્રહ કરતો. આટલા જ ખાતર અશફાક પોતે પણ હિન્દી શીખ્યા.'

અશફાકના દરિયાવ દિલમાં હિન્દુ-મુસ્લિમ સરિતાઓ એક થઈ સમાઈ ગઈ હતી. દેશભક્તિ જ એને મન બુલંદતર મજહબ હતો. ક્રાંતિની ચળવળમાં બીજા મુસલમાનો પણ જોડાય એ એમની મોટી ખ્વાહિશ હતી. મંદિર-મસ્જિદ વચ્ચે એમને મન કોઈ ભેદ નહોતો. શાહજહાંપુરમાં જ એક કોમી રમખાણ વખતે તેઓ રામપ્રસાદ સાથે આર્યસમાજમાં બેઠા હતા ત્યારે થોડા મુસલમાનોનું ટોળું ત્યાં હુમલો લઈ આવેલું. ખબર પડતાં જ અશફાક પિસ્તોલ લઈ બહાર ધસી ગયા ને પડકારીને કહ્યું: 'હું પોતે કટ્ટર મુસલમાન છું, પણ આ મંદિરની ઈંટઇંટ મને પ્યારી છે. મારે મન મંદિર-મસ્જિદમાં કોઈ ફર્ક નથી. ખબરદાર, કોઇએ આ મંદિર ભણી કાંકરી પણ ફેંકી તો! એ મારી ગોળીનું નિશાન બની જશે. તમારે લડવું જ હોય તો બહાર બીજે જઈ લડી લો, પણ અહીં તો નહિ જ.' અને એમના પડછંદ આકર્ષક વ્યક્તિત્વ અને નિખાલસ દઢતાનો પ્રભાવ નાકામિયાબ ન ગયો. ટોળું કંઈ પણ ગરબડ કર્યા વિના પાછું ફરી ગયું.

અશફાકની એ મનભર દઢતા અને સ્વસ્થતા દળમાં પણ ઘણી વાર પ્રેરણા રૂપ બની રહેતી. એમના આકર્ષક વ્યક્તિત્વનો પ્રભાવ ક્રાંતિકારીઓને ઘણી વાર ઉગારી લેતો. અનેકની વચ્ચે એ અલગ તરી આવતા.

ચોરીચોરાના બનાવ પછી સંકેલાઇ ગએલી અસહકારની લડત બાદના નિષ્ક્રિય ગાળામાં વતનની આઝાદી માટે થનગનતા નવયુવાનોનું 'હિંદુસ્તાન રીપબ્લિકન એસોસીએશન' નામે જે નવું સંગઠન રચાયું તેમાં ભગતસિંહ વગેરેના પુરોગામી, આઝાદીના મતવાલાઓમાંના એક, ને એકમાત્ર મુસ્લિમ, બુલંદખયાલ શાયર, પાક અને નેક વતનપરસ્ત શહીદ


શહીદ શાયર 'હસરત' અશફાકઉલ્લાખાં

એમના મોટા ભાઈ ભોપાલ રાજ્યમાં ઊંચા હોદ્દા પર હતા, એટલે એમને બંદૂક રાખવાની છૂટ હતી. ક્રાંતિકારીઓ એનો લાભ લેતા. ખુલ્લે આમ બંદૂક લઇને નીકળવામાં જોખમ હોય ત્યારે અશફાકના હાથમાં એ સોંપી દઈ સૌ એની આસપાસ વીંટળાઇને ભરબજારે બિધડક ચાલી નીકળતા. એ વખતે કોઈ નવાબજાદા જેમ એ ચાલતા ને કોઇને એમના પર શંકા યે આવતી નહિ. માનસિક સ્વસ્થતા સાથે પોણા બસો રતલની એમની પઠાણી પડછંદ કાયામાં તાકાત પણ એવી જ હતી. એક વેળા ૫૫-૫૬ માઈલ ચાલીને બધા સાથીઓ ને ખુદ રામપ્રસાદ પણ થાકીને ઢીલા પડી ગએલા ત્યારે અશફાક પર એની કોઈ અસર જ જણાતી નહોતી.

પૈસાની ખેંચ તો ક્રાંતિકારીઓને સતત રહેતી જ. પણ નાનીનાની ધાડ પાડવામાં ખાસ કંઈ મળતું નહિ ને ક્યારેક નિર્દોષો માર્યા જતા. વળી, બીજા લેભાગુઓ પણ ક્રાંતિકારીઓના નામે ચરી ખાતા, જેથી દળ વિષે લોકોમાં અણગમો કે ગેરસમજ ફેલાવાનો પણ ભય હતો. એટલે એ માર્ગ પડતો મૂકવાની જરૂર સૌને સમજાવા લાગી હતી. આ જ અરસામાં પરદેશથી કિંમતી પિસ્તોલો આવ્યાની જાણ થઈ. ખાવાના યે સાંસા હતા ત્યાં એ હથિયારો ખરીદવાનાં નાણાં ક્યાંથી કાઢવાં? દિન-બ-દિન એમની આર્થિક ભીંસ વધી રહી. અંતે રામપ્રસાદે 'મારવો તો મીર' ગણીને સરકારી તિજોરી જ લૂટવાનો પ્રસ્તાવ મૂક્યો. ગુપ્ત સભા મળી અને કાકોરીની ધાડની યોજના રજૂ થઈ. પોતાના વડીલ ભાઈ સમા રામપ્રસાદના આ પ્રસ્તાવનો અશફાકે જ વિરોધ કર્યો: 'આપણું દળ હજી પૂરતું સંગઠિત નથી, અને આપણી પાસે પૂરાં સાધનો પણ નથી. એમાં જો આપણે આ ધાડ પાડીશું તો એનો અર્થ ખુદ સરકારને પડકાર્યા બરાબર થશે. આવો પડકાર આપવા જેટલા આપણે સંગીન સ્થિતિમાં નથી, એટલે આ મુશ્કેલીમાં આપણે થોડા જ વખતમાં છિન્નભિન્ન થઈ જઈશું. આથી મને આ માર્ગ વ્યવહારુ નથી લાગતો.'

પણ બીજા સાથીઓ અને રામપ્રસાદ તથા મન્મથનાથ ગુપ્તે પણ યોજનાની તરફેણ કરી ને બહુમતિથી ધાડ પાડવાનું નક્કી થયું. છતાં પણ અશફાકે પોતાનો મત જારી રાખેલો. નવમી ઑગસ્ટ ૧૯૨૫ના દિવસે દસ ક્રાંતિકારીઓ કાકોરી સ્ટેશન તરફ ઊપડ્યા ત્યારે પણ અશફાક માર્ગમાં રામપ્રસાદને પાછા ફરવા સમજાવી રહ્યા હતા. છેવટ રામપ્રસાદે શચીન્દ્રનાથ બક્ષીને એક તરફ બોલાવીને કહ્યું કે 'અશફાકને સમજાવો કે એના વિરોધથી બીજા સાથીઓમાં એમની નિષ્ઠા અંગે ગેરસમજ ફેલાય છે.' શચીન્દ્રનાથે અશફાકને આ કહ્યા પછી યે પોતાના અભિપ્રાયને અશફાક વળગી રહ્યા, પણ છેવટ બહુમતિના નિર્ણયને સ્વીકારી લઈ તેઓ ફરજ બજાવવા તૈયાર થઈ ગયા. એમનો વિરોધ ખરેખર ભયપ્રેરિત નહોતો જ. વિવેકબુદ્ધિનો એ અવાજ હતો અને પછીના ઇતિહાસે એ અવાજ સાચો હતો તે પુરવાર કરી આપ્યું હતું.

કાકોરીનો એ બનાવ તો જાણીતો છે. સરકારી નાણાં લઈ જતી ટ્રેન રોકીને ક્રાંતિકારીઓએ ગાર્ડના ડબ્બામાંથી તિજોરી બહાર કાઢી. બીજાઓ જ્યારે ચોકી કરતા હતા ત્યારે ચાર જુવાનો છીણી હથોડો લઈ એ તિજોરી તોડવા મથી રહ્યા હતા. સમય બહુ જ ઓછો હતો અને તિજોરી ધાર્યા કરતાં વધુ મજબૂત નીકળી. એકએક ક્ષણ કિંમતી હતી. હથોડા ઝીકનારા ઢીલા પડતા હતા એ જોઈ ચોકી ભરતા અશફાકે પોતાની પિસ્તોલ એક સાથીના હાથમાં સોંપી ને ઘણ ઉપાડ્યો. એ મજબૂત પઠાણના ઘા પડવા લાગતાં આખરે તિજોરી તૂટી ને અંદરથી પૈસાની કોથળીઓ કાઢી સૌ લખનૌ તરફ નાસી ગયા.

ક્રાંતિકારીઓની આ હિંમતથી સરકાર ચોંકી ઊઠી. બગાવતીઓની ધરપકડ માટે દોડાદોડી ચાલી. અશફાક પર વૉરંટ નીકળ્યું, પણ પોલીસને હાથતાળી દઈ તે છટકી ગયા એટલું જ નહિ, પોતાના ઘરથી અર્ધા જ માઈલ દૂર એક શેરડીના ખેતરમાં છુપાઈ રહ્યા. એમના ભાઈની બંદૂક જપ્ત થઈ. બેત્રણ દિવસ પછી શાહજહાંપુરના બધા સાથીઓ પકડાઈ ગયાની જાણ થતાં તે ત્યાંથી બીજા સાથી ને સહારાની શોધમાં બનારસ પહોંચ્યા, જ્યાં ક્રાંતિકારીઓનો મોટો અડ્ડો હતો. પણ ત્યાંથી યે ઘણા પકડાઈ ગયા હતા ને બીજા ફરાર થઈ ગયા હતા. ત્યાંથી તે બિહાર પહોંચ્યા ને એક સાથીની મદદથી ડાલ્ટનગંજના એક્ઝિક્યુટિવ એન્જિનીઅરના દફતરમાં મથુરાના એક કાયસ્થ તરીકે નોકરીમાં લાગી ગયા.

આ પહેલાં લાહોરના સુપ્રસિદ્ધ ક્રાંતિકારી કેદારનાથ સહગલે એમને પોતાના એક પરિચિત અમલદારની સહાયથી જો પરદેશ નાસી જવું હોય તો સરહદ ઓળંગવાની વ્યવસ્થા કરી આપવાનો પ્રસ્તાવ મૂકેલો, પણ જવાબમાં અશફાકે કહેલું: 'હું હિંદુસ્તાન છોડવા નથી ઇચ્છતો. મારા જેવા એકાદ મુસલમાનને પણ દેશ ખાતર કુરબાન થવા દો.'

ડાલ્ટનગંજના એના ઉપરી એન્જિનીઅર તો સદ્‌ભાગ્યે શાયરીના આશક નીકળ્યા. એમને ખબર પડી કે પોતાનો આ નવો કર્મચારી પણ શાયરી કરે છે ત્યારે એને બહુ આનંદ થયો. સ્થાનિક મુશાયરાઓમાં એ અશફાકને પણ સામેલ કરવા લાગ્યા, અને અશફાકની શાયરી પર થતાં વખાણને પોતાની વાહવાહ ગણી ખુશ થઈને એણે અશફાકનો પગાર પણ વધારી આપ્યો.

ડાલ્ટનગંજમાં અશફાકે બંગાળી ભાષા શીખી લીધી એટલું જ નહિ બંગાળી ગીતો ગાવાની ફાવટ પણ કેળવી લેવા સાથે એ ભાષાના સાહિત્ય દ્વારા હિન્દુ સંસ્કૃતિ વિષે ઘણું સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું. આઠ દસ મહિનાની એ નોકરી દરમિયાન શાયરી અને શિકારના એકધારા ક્રમથી એમના થનગનતા જીવને ધીરેધીરે કંટાળો આવવા લાગ્યો એટલે આખરે નોકરી છોડી દઈ, દિલ્હી જઈ, ઈજનેરીના અભ્યાસ માટે પરદેશ જવાના બહાના નીચે તેઓ પાસપોર્ટ મેળવવા પ્રયત્ન કરવા લાગ્યા. એ જ અરસામાં શાહજહાંપુરનો એક જૂનો સહાધ્યાયી અને જાતભાઈ એમને મળી ગયો. અશફાકને એ પોતાને ઘેર લઈ ગયો અને એમને જમાડ્યા. મોડી રાત્રે ત્યાંથી પાછા ફરી પોતાને ઉતારે આવ્યા ને બીજે જ દિવસે સવારે—૮મી સપ્ટેમ્બર ૧૯૨૬ના રોજ એમની ધરપકડ કરવામાં આવી. અશફાકને માટે જાહેર થએલા બે હજાર રૂપિયાના સરકારી ઈનામની લાલચે પેલા મિત્રે એમને પકડાવી દીધા!

ગિરફતારી પછી અશફાકને લખનૌ લઈ જઈ ત્યાં શચીન્દ્રનાથ બક્ષી સાથે એમના પર જુદો મુકદ્દમો દાખલ કરવામાં આવ્યો. આ કેસ દરમિયાન ત્યાંના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ખાનસાહેબે એમની પાસેથી માહિતી કઢાવવા તથા એમને સમજાવવા એક વાર કહ્યું: '...તું તો મુસલમાન છો. હું પણ મુસલમાન છું. તારી ગિરફતારીથી મને દુઃખ થાય છે. તું રામપ્રસાદ વગેરે હિન્દુઓના આ ફિતુરમાં ક્યાં ફસાયો? એ લોકો તો હિન્દુ રાજ સ્થાપવા માગે છે. તું ખાનદાન, ભણેલોગણેલો મુસલમાન કાફરોની જાળમાં શા માટે લપટાય છે?'

આ સાંભળતાં જ અશફાક લાલચોળ થઈ ગયા: 'બસ કરો; બહુ થયું. ફરી આવું ન બોલશો. હકીકત તો એ છે કે પંડિતજી (રામપ્રસાદ) વગેરે સૌથી પહેલાં સાચા હિંદુસ્તાની છે. હિંદુ રાજ કે શીખ રાજ કે એવા કોઈ કોમવાદમાં તેઓ માનતા જ નથી. અને છતાં પણ આમ કહો છો એ ખરું હોય તો પણ હું એટલું કહી દઉં કે અંગ્રેજોના રાજ્ય કરતાં હું એમનું હિંદુ રાજ વધુ પસંદ કરીશ. મારા માનનીય સાથીઓને આપે કાફર કહ્યા એ માટે હું આપને એક જ શરતે માફ કરવા તૈયાર છું કે વધુ કંઈ પણ કહ્યા વિના આપ ચૂપચાપ પાછા સિધાવી જાઓ.'

મુકદ્દમો ચાલ્યો ત્યારે પણ, ફાંસીનો ગાળિયો માથે લટકતો હોવા છતાં, અશફાકે અજબ ધૈર્ય અને હિંમત દાખવી હતી. જાણે આ કેસ સાથે પોતાને કંઈ જ લેવાદેવા ન હોય તેવી એમની બેફિકર રીતભાતથી સરકારી અમલદારો અને મુકદ્દમો સાંભળવા આવતા લોકો પણ દંગ બની જતા. જેલમાં પણ એમનો મનમોજી ને આનંદી સ્વભાવ જારી રહેલો. એમને ગુસ્સે થતાં તો કોઈએ જોયા જ ન હતા. એક વાર સરકારી વકીલ પંડિત જગતનારાયણ મુલ્લા એમને કેદખાનામાં મળવા આવ્યા ત્યારે અશફાકે એક શેર રચી કાઢ્યો:

'ચલો ચલો યારો, રિંગ થીએટર ભી હમ દીખાએં તુમકો
જો ચંદ્ર ટુકડોં પર સીમોજર કે નયા તમાશા દીખા રહે હૈં'

રોજના ૫૦૦ રૂપિયાના સરકારી દરમાયા પર ક્રાંતિકારીઓ વિરુદ્ધ કેસ લડી રહેલા પં. જગતનારાયણ પર એમાં કટાક્ષ હતો. રિંગ થીએટરમાં એ અદાલત બેસતી હતી.

એમના મુકદ્દમા દરમિયાન જ કાકોરી કેસનો ફેંસલો આવી ગયો. પં. રામપ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્ર લાહિડી ને રોશનસિંહને ફાંસી મળી, બીજાઓને પણ ઓછીવત્તી સજા થઈ. અશફાકને માટે પણ ફાંસી સ્પષ્ટ હતી. એના બનેવી અબ્દુલ કાદિર રીટાયર્ડ ડેપ્યુટી કલેક્ટર હતા. એના પોતાના પણ ઘણા સંબંધીઓએ સરકારની સેવા કરી હતી. એટલે કાકોરી કાવતરા માટે ખાસ નિમાએલા સી. આઈ. ડી. ઑફિસર ખાનબહાદુર તસદ્દુકહુસેને અશફાકને ઉગારી લેવા એમના વકીલ કૃપાશંકર હજેલાને બોલાવીને કહ્યું: 'આ ગુમરાહ નવજવાનને બચાવી લેવો જોઈએ. કાકોરીનો મુખ્ય કેસ પતી ગયો છે એટલે જો અશફાક માફી માગી લે તો એને મોતની સજામાંથી ઉગારી લેવાય, અને બીજી જે સજા થાય તેમાંથી એ પછી ઘટાડો કરાવી શકાય. એટલે તમે એને સમજાવો.'

હજેલાને ખાતરી હતી કે અશફાક આ પ્રસ્તાવ મંજૂર નહિ જ કરે. છતાં એમણે અશફાકને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ જવાબ એમણે ધારેલો એવો જ મળ્યો. નિરાશા વ્યક્ત કરીને અશફાકે કહ્યું: 'હજેલાસાહબ, આપ જાણો છો કે કેટલી જિદ કરીને મેં આપને મારા વકીલ બનાવ્યા છે. બીજા અનેક સુપ્રસિદ્ધ મુસ્લિમ વકીલો માટે કેસ લડવા તૈયાર હતા, પણ મને વિશ્વાસ હતો કે આપ મારી ભાવનાઓ સમજી શકશો. મને ખયાલ પણ નહોતો કે આપ જેવી વ્યક્તિ મને ફાંસીમાંથી બચવા માટે પસ્તાવો જાહેર કરવાનું કહેશે. મારા માટે એ અસંભવ છે. દેશને ખાતર મેં જે કંઈ કર્યું છે એનો મને બિલકુલ પસ્તાવો નથી. વતનને માટે કુરબાન થઈ જવા હું તૈયાર જ છું.'

ફેંસલાને દિવસે ધોએલાં સ્વચ્છ વસ્ત્રો પહેરી અશફાક કોર્ટમાં ઉત્સાહથી આવ્યા. અન્ય સજાઓ ઉપરાંત, કાકોરી અને બિચપુર લૂટ કેસ માટે એમને ફાંસીની અને શચીન્દ્રનાથ બક્ષીને કાળા પાણીની સજા થઈ. ખૂબ સ્વસ્થતા અને પ્રસન્નતાથી અશફાકે સજાને વધાવી લીધી. એ વખતે હજેલાની બાજુમાં બેઠેલા ચંદ્રભાણ ગુપ્તે દિલગીરી વ્યક્ત કરી તે સાંભળી જઈ અશફાકે કહ્યું: 'આમાં અફસોસ કરવાની શી જરૂર છે? આ દિવસ માટે તો અમે હમેશાં તૈયાર જ હતા. માત્ર એક વાતનું દુઃખ રહી ગયું.' હજેલાએ એ કઈ વાત તે પૂછ્યું ત્યારે એમણે કહ્યું:

'માત્ર બે મહિના પહેલાં મને જેલમાં 'બી' કલાસ મળ્યો હતો. ભોજનની વ્યવસ્થા સારી હતી એટલે એ પછી મારું વજન પણ વધ્યું હતું. આ જોઈને જેલરસાહેબે કહેલું કે જેલમાં આવ્યા પછી કોઈ કેદીનું આટલું વજન વધતું મેં જોયું નથી. હા, એક કેદી છે જેનું વજન તમારા કરતાં ૬-૭ રતલ વધારે છે. ત્યારે મેં એમને વચન આપ્યું હતું કે હું હજી વજન વધારીને એ આંક વટાવી જઈશ. પણ હવે મને કાળી કોટડીમાં રાખવામાં આવશે એટલે એ કદાચ નહિ બને. જો એકાદ અઠવાડિયા પછી આ ચુકાદો આવ્યો હોત તો હું પેલો રેકોર્ડ તોડી બતાવત!'

પણ ક્રાંતિવીરો બધામાં ફાંસીની સજા જાણે એક ગૌરવરૂપ હતી. અશફાક ઉલ્લાખાંને ફાંસી મળી અને શચીન્દ્રનાથ બક્ષીને કાળા પાણી, એનો બક્ષીજીને રંજ થયો. એ દિવસ યાદ કરતાં એમણે લખ્યું છે: 'અશફાક મારા કરતાં દોઢેક વર્ષ મોટા હતા, પણ પાર્ટીના સંગઠનનો અનુભવ મને વધારે હોઈ તેઓ મને હમેશાં મોટા ગણી રોજબરોજના પ્રશ્નોમાં મારી સલાહ લેતા. પણ જ્યારે એમને ફાંસી મળી ત્યારે તેઓ જાણે મારાથી એકાએક મોટા થઈ ગયા એવું મને લાગ્યું... મારી તો મતિ જ મૂંઝાઈ ગઈ... ગળગળા સાદે હું આટલું જ બોલી શક્યો કે એક જ યાત્રાનાં જુદાંજુદાં ફળ ન મળવાં જોઈએ... મને પણ ફાંસી જ મળવી જોઈએ. મારું ગળું રૂંધાઈ ગયું. અશફાકે મને આશ્વાસન આપી ધીરજ ધરવા કહ્યું. એમની એ વેળાની સ્વસ્થતા અજબ હતી.'

એ પછી અશફાકે ઇન્સ્પેક્ટર ખૈરાતનબીને ઈશારત કરી બોલાવ્યા. પ્રથમ તો એ ખમચાયા, પણ ફરી બોલાવતાં તે આવ્યા. અશફાકે બહુ નમ્રતાથી એમને કહ્યું: 'આ કેસ દરમિયાન મારાથી આપને દુઃખ લાગે

એવું કંઈ ભાલાઈ ગયું હોય તો એ માટે માફી માગું છું. આપના પ્રત્યે મને કોઈ દ્વેષ નથી, આપે આપની ફરજ જ બજાવી છે!' આટલું કહી હસતા હસતા દેશભક્તિનું ગીત ગણગણતા તેઓ જેલખાનામાં ઊપડી ગયા.

પછી તો અપીલો અને દયા-પ્રાર્થનાનું કામ ચાલ્યું. અલબત્ત, અશફાક આ માટે સહેજ પણ તૈયાર ન હતા. ખુદાવંદ કરીમ સિવાય કોઈની યે દયા માગવામાં એ માનતા નહોતા. છતાં સાથી મિત્રો અને ખાસ તો રામપ્રસાદના આગ્રહથી તેઓ તૈયાર થયા. પરંતુ એમની અપીલ ઊડી ગઈ. હજેલા છેક પ્રિવી કાઉન્સિલમાં અપીલ દાખલ કરવા માટે એમને જેલમાં મળવા ગયા. અશફાકે અંગ્રેજ સરકારને આપવાની પોતે તૈયાર કરેલી અપીલ એમને વંચાવી. એમાં એમણે બધા જ ગુનાઓ પોતાને શિરે લઈ લઈને રામપ્રસાદ બિસ્મિલને મુક્ત કરી દેવા માટે પૂરો પ્રયત્ન કર્યો હતો. આથી તો તેઓ વધુ ગુનેગાર ગણાશે અને એથી પ્રિવી કાઉન્સિલમાં કરવાની અપીલ પર માઠી અસર પડશે એમ જ્યારે કહ્યું ત્યારે અશફાકે જવાબ આપ્યો: 'હજેલા સાહેબ, મેં આપને હમેશાં કહ્યું છે કે હું તો સૈનિક છું અને રામપ્રસાદ અમારા નેતા છે. તેઓ સાચા દેશભક્ત અને બુદ્ધિશાળી છે. કોઈ પણ રીતે મારા મરવાથી તેઓ છૂટી જાય તો અમારા દળને માટે એ એક ઉત્તમ બાબત બનશે.'

હજેલાએ એમને આમ કરતાં વારવા પ્રયત્ન કર્યો પણ એમણે તો એ અપીલ રવાના કરી દીધી. નિશ્ચિત મોત વહોરી લઈને એમણે પોતાની દોસ્તી અને નેતા પ્રત્યેની વફાદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડયું છે.

એ અરસામાં લખનૌથી 'હમદમ' નામે એક ઉર્દૂ દૈનિક પ્રકટ થતું હતું. 'હસરત વારસી'ના તખલ્લુસથી અશફાક એમાં જેલમાં લખેલી ગજલો મોકલતા. એમની શાયરીમાં પણ દેશદાઝ જ નીતરે છે:

અપને હાથોં હી સે સર અપના કટાના હૈ હમેં
માદરે હિન્દ પૈ ફિર ભેંટ ચઢાના હૈ હમેં.
કિસ તરહ મરતે હૈં યહ શેરે વતન ભારત પર
યે તમાશા હૈ જો દુનિયા કો દિખાના હૈ હમેં.
બહરે જુલ્મખાર અવાદિસ હો ક્યા ડર હૈ 'હસરત'
કૌમ કી નાવ કિનારે સે લગાના હૈ હમેં.

વક્ત ગુલશન પે પડા થા તો લહૂ હમને દિયા
અબ બહાર આઈ તો કહતે હૈ તેરા કામ નહિ.
તેરે અન્દાઝ તગાફુલ કા સહારા લે કર
તેરી ફિતરત ન બદલ દૂં તો મેરા નામ નહિ.

દેશની આઝાદીની એમને તો પૂરી શ્રદ્ધા હતી:

કભી વો દિન ભી આયેગા જબ અપના રાજ દેખેંગે
જબ અપની હી જમીં હોગી જબ અપના આસમાં હોગા.

શહીદો કે મજારોં પર લગેંગે હર બરસ મેલે
વતન પર મરનેવાલોં કા યહી બાકી નિશાં હોગા.



અંતિમ દર્શન

'કુમાર'ના કનકપર્વ અંગે

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સુવર્ણચન્દ્રક તથા અન્ય પારિતોષિકો

જેમના તરફથી 'કુમાર'ના ૫૦૦મા અંકમાં પ્રકટ થએલા શ્રેષ્ઠ સર્જન માટે સુવર્ણચંદ્રક તથા અન્ય કૃતિઓ માટે બીજાં ત્રણ પારિતોષિકો જાહેર થયાં હતાં, તથા જેમણે લાગટ પાંચ વર્ષ સુધી વિવિધ શ્રેષ્ઠ કૃતિઓ માટે રૂ. ૫૧નાં પારિતોષિકો આપ્યાં હતાં તે મૉમ્બાસા નિવાસી પણ હવે ભારતસ્થિત શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તરફથી 'કુમાર'ના આ કનકપર્વ અંગે નીચેનાં ચાર પારિતોષિકો આપવામાં આવશે.

૧) ૬૦૦મા ખાસ અંકમાં જે શ્રેષ્ઠ સાહિત્યસર્જન હોય તેના લેખકને સુવર્ણચન્દ્રક

૨) કનકપર્વના આ વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ચિત્રના સર્જકને રૂ. ૫૧)

૩) આ વર્ષના શ્રેષ્ઠ ગદ્યલેખના લેખકને રૂ. ૫૧)

૪) આ વર્ષની શ્રેષ્ઠ વાર્તાના લેખકને રૂ. ૫૧)

શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો અમે આભાર માનીએ છીએ અને સૌ સર્જકોને 'કુમાર'માં આમંત્રીએ છીએ.

છતાં એમને એક રંજ પણ સદા ખટકતો રહ્યો હતો-દેશબાંધવો ક્રાંતિકારીઓને ખુલ્લી મદદ ન કરે તો કંઈ નહિ, પણ કમ સે કમ સહાનુભૂતિ દર્શાવે કે તેમની સાથે સારો વર્તાવ તો રાખે:

સુનાએ ગમકી કિસેક હાની, હમેં તો અપને સતા રહે હૈં
હંમેશા સુબહોશામ દિલ પર સિતમ કે ખંજર ચલા રહે હૈં.
ન કોઈ ઈંગ્લિશ, ન કોઈ જર્મન, ન કોઈ રશિયન, ન કોઈ ટર્કી
મિટાનેવાલે હૈં અપને હિન્દી જો આજ હમ કો મિટા રહે હૈં.

પણ એ વસવસા છતાં એમની ભાવનાને આંચ આવવા દીધી નથી:

અય માતૃભૂમિ તેરી સેવા કિયા કરુંગા
ફાંસી મિલે મુઝે યા હો જન્મકેદ મેરી
બેડા બજાબજા કર તેરા ભજન કરુંગા.

અને એ ભાવના દઢીભૂત કર્યા પછી:

કુછ આરઝૂ નહીં હૈ, હૈ આરઝૂ તો હૈ યહ
રખ દે કોઈ જરા સી ખાકે વતન કફન પે.

જેલમાંથી માતાને પત્ર લખતાં કહ્યું: 'મા, મોત અને જિંદગી એક જ રાહનાં રાહબર છે. જે જન્મ્યો છે તેનું જરૂર એક દિવસ મોત થશે... તે વિષે શોક કરવો વ્યર્થ છે ..મારી જિંદગી બચાવવા હું તાજનો સાક્ષી બની શકયો હોત...શું તે આવવાવાળા યુગ માટે અભિમાનનું કારણ બની શકે? આવનારી પેઢી માટે આદર્શ બની શકે? કદી નહિ.

'મને વિશ્વાસ છે અને આનંદ છે કે આવતી પેઢી મને ડરપોક કે કાયર નહિ જ કહે...મર્યા પછી આપણને લોકો યાદ કરે એ માટે આપણે મંદિર-મસ્જિદ કે તળાવ-કૂવા યા નિશાળો બંધાવીએ છીએ. મારી જિંદાદિલી ને સચ્ચાઈને પણ લોકો નહિ ભૂલે. તમારે અભિમાન લેવું જોઈએ કે તમારો લાડલો બેટો શહાદતને વર્યો છે...'

જેલમાં કૃપાશંકર હજેલા અને એમના મોટા ભાઈ રિયાસતઉલ્લાખાં

सह वीर्यं करवावहै

શિવકુમાર જોષી

જ્યારે કાચબો-કાચબી બંને મળીને જાતે જ અગ્નિને ઠારી નાખે છે

'કોઈ દિવસ નહિ ને આજે કંઈ તમે બીડું ઝડપ્યું!...હવે રહેવા દો, કહું છું. પીડા ઊલટાની વધશે...ઓ રે! ના કહું છું...વિના આવડતે આવું કામ...ઊભા થાવ, તમે તો ચોળીને ચીકણું કરો છો! સાચેસાચ.......ઓહ! ....અરે! ...આ હા...! ....હાશ....હાશ! વાહ...વાહ રે! તમારા હાથમાં આટલી કુમાશ છે એ તો મારે માટે નવો જ અનુભવ! આ કળતર સહન થતું નો'તું...હાશ!—ને મનોમન વાસના જાગતી: ક્યારેક કિશોરને થોડી ફુરસદ મળે ને મારી ભાભીએ મોકલેલું આ તેલ હળવે હાથે માલિશ કરી આપે તો થોડી રાહત થાય. પણ જીભ જ નો'તી ઊપડતી. હાશ! એવું સારું લાગ્યું!...જીભ જ ન ઊપડે. થાય કે તમને ક્યાં હેરાન કરું પાછા. મારું તો આ રોજનું થયું. મારે જ એ ભોગવવાનું રહ્યું...એય! ચૂપ કેમ છો? કહું છું, કે આમ માથું નીચું રાખી મારો બખડાટ સાંભળ્યે જાવ છો, ને આમ નવા નિશાળિયાની જેમ પત્નીની સેવા આગળ ધપાવ્યે જાવ છો...હા હા, નિષ્ઠાપૂર્વક, પણ એ બધું જાણે...જાણે...'

'ગોખેલું લાગે છે, ઊર્મિ?'

'કેટલે વખતે આ ચાર શબ્દો ઉચ્ચાર્યા!'

'મેં પૂછ્યું, આ બધું ગોખેલું લાગે છે, નહિ?'

'સાચો જવાબ ખપશે?' મારા હાથમાંથી માલિશ કરવાના તેલની શીશી સેરવી લઇ, બાજુમાં પડેલા નૅપકિનથી તેલવાળા મારા હાથ લૂછી નાખતાં ઊર્મિલાએ મારી નજરમાં એની મજાકભરી દૃષ્ટિ ગોઠવી દેતાં પૂછ્યું.

'નહિ ખપે...' મારાથી બોલી જવાયું. પણ ઑફિસેથી પાછા ફરતાં મનોમન ગાંઠ વાળી હતી તે યાદ આવી, ને વળી સુધારી લેતાં મેં આગળ લંબાવ્યું: 'તો પણ સાંભળીશ. સાચથી ભાંગી ભાગીને તે ક્યાં સુધી...'

'કવિતા કરવા ન બેસશો પાછા. પોતાનો બચાવ કરવા માટે કવિતાનો –સુડો પોએટ્રીનો આશ્રય લેવાની જરૂર નથી. વાત એમ છે, સ્વામીનાથ...'

'પ્રાર્થન હવે મોટો થયો. ઝબકીને જાગશે તો માતાપિતાનું આ નવું સ્વરૂપ જોઈને...'

'હબકી જશે? ના, હોં. એને બહુબહુ તો રમૂજ થશે. હમણાં હમણાંથી લક્ષ્મણનાં કાર્ટૂન રસ–રમૂજપૂર્વક વાંચતો થયો છે...શું એમ હાથ ધરીને બેઠા છો? એક વાર તો તેલવાળા હાથ લૂછ્યા! તમને થયું છે શું આજે? ચૂપચાપ સવારના સ્ટેટ્સમૅનના લીડરપેઈજના શબ્દો ઉકેલતાં ઉકેલતાં ઝોકે ચડવાનું છોડીને એકાએક પત્નીની સેવા કરવાનું સૂઝ્યું?'

'તું કહેવા જતી હતી તે જ કહે ને ઊર્મિ.'

'એની જ આ પ્રસ્તાવના હતી. ટુ બી સીરિયસ, જુઓ કિશોર, તમારો આ વલણપલટો તે હૃદયપલટો નથી લાગતો. ક્યાંકથી ઉછીનું લઈ આવ્યા હો ને પોતાનું છે એમ બતાવવા આગ્રહી હો...અરે, પણ તમને થયું શું?'

ઊર્મિલાએ મારા મર્મસ્થાન ઉપર આબાદ તીર માર્યું. હું સ્તબ્ધ બની એની સામે જોતો રહ્યો, લગભગ અનિમેષ નયને. થોડી ક્ષણો પછી માંડ માંડ બોલ્યો: 'વાત તારી સાચી છે, ઊર્મિ....'

'ક્યાંથી ઉછીનું લાવ્યા?' સહજ ભાવે એણે પૂછ્યું. એના શબ્દમાંથી કટાક્ષ નીતરી ગયો હતો. 'વર્ષો પહેલાં તમે આવું વલણ બતાવ્યું હોત તો વિશ્વાસ પડત. ચાલીસી વટાવ્યા પછી સાધારણ રીતે પુરુષ થોડો વધુ વ્યવહારુ, થોડો વધુ નિરુત્સાહી બની જાય છે! તું—ઓહ સૉરી, તમે એમાંના નથી એમ મારી જાતને મનાવવા મથતી હતી. પછી તો એવો પ્રયત્ન પણ છોડી દીધો...કંઈ કહેવું હતું?'

'હા, નહિ કહું ત્યાં સુધી ચેન નહિ પડે.'

ઊર્મિલાએ દુખતા ઢીંચણ ઉપર ગરમ કાપડનો પાટો લપેટવા માંડ્યો. મારી અણઆવડતની વધુ ખાતરી આપતાં મેં એમાં મદદ કરવા માંડી.

'આજે એક દૃશ્ય જોયું, ઊર્મિ. રોજ કરતાં ઑફિસેથી વહેલો છૂટ્યો હતો. ત્રણ વાગ્યે પાવર-કટ શરૂ થયો. અરધો-પોણો કલાક રાહ જોઈ, પણ કોઈએ કહ્યું કે બીજા બે કલાક પંખા લાઈટની આશા ન રાખશો. એટલે થયું કે.'

'મૅટિની શોમાં ધૂસી જઉં?'

'ના ઊર્મિ, પ્લીઝ... મનુભાઈએ લિફ્ટ આપી. કહે, ચાલો ઘેર. કૉફી પીને પછી જજો. વર્ષો થઇ ગયાં... રમા તમને યાદ કરે છે.'

'એટલે કે મનુ–રમાનું પ્રસન્ન દાંપત્ય જોઈને આવ્યા છો?'

'એમના ઘરમાં તો પ્રવેશવાનું યે ન બન્યું. સીડી ચડતો હતો ત્યાં ધીરેધીરે લાકડીને ટેકે પગથિયાં ચડતી, શ્વાસ ખાવા થોભતી લવંગીને મેં જોઈ.'

'લવંગી! યુ મીન લવંગી પારેખ? કેમ છે એને?...તેં સાચે જ એને પગથિયાં ચડતી જોઈ?'

'મને તો યાદ જ ન હતું કે લવંગી ને વિનય મનુભાઈની બાજુના ફ્લૅટમાં જ રહે છે. યાદ છે એ લવંગી?'

'લવંગી તે શેં ભુલાય? શી એની અદા! શો એનો ઠસ્સો! એ કપડું પહેરે ને કપડું શોભી ઊઠે એવી તો વસ્ત્રો પહેરવાની એની ચીવટ! બિચારી!'

'હં હં, ઊર્મિ! ભૂલેચૂકે ય એની હાજરીમાં એ શબ્દ ન ઉચ્ચારી બેસીશ.'

'પણ આટલી સરખી ઉંમરે આવો રોગ! જ્યારે મને ખબર પડી કે લવંગીને પૅરૅલિસિસનો ઍટૅક આવ્યો છે ને અરધું અંગ... પણ તમે તો કહો છો કે તમે એને સીડી ચડતી જોઈ!'

'મને એણે જોયો. કહે: કિશોરભાઈ, તમે અહીં? અમારે ત્યાં? વિનયનું કામ હતું?...ના પાડું કઇ રીતે? મેં કહ્યું: મનુભાઈને ત્યાં થઈને આવું છું. તો કહે, ના આજે તો મારે ત્યાં જ ચાલો. મનુભાઈને અને રમાબહેનને પણ હું બોલાવી લઉં છું....મારા હાથની કૉફી પીવડાવું...'

'લવંગીના હાથની કૉફી?! એટલે કે એ ઊભી થઈને જાતે કૉફી પણ બનાવે છે, એમ?'

'કૉફી જ નહિ; લવંગી કહે છે કે આવા પગે, માત્ર એક બાઈની મદદથી, પાર્ટી હોય તો પચાસ માણસની રસોઈ પણ એ પાર પાડી શકે છે.'

'તમે શી વાત કરો છો! પણ એનું તો ડાબું અંગ રહી ગયું હતું ને?'

'એની તો વાત માંડીને બેઠો છું, ઊર્મિ. મનુભાઈ પણ, કપડાં બદલીને આવું છું એમ કહીને, પોતાના ફ્લૅટમાં ગયા. લવંગીએ બારણું ખોલ્યું ને હું એમના બેઠકખંડમાં પ્રવેશ્યો. ઊર્મિ, તારી ચીવટ તો પ્રૉવર્બીઅલ છે. ચોખ્ખાઈ માટેની તારી ચિકાશથી ઘણીવાર હું ને પ્રાર્થન થાકી જઈએ છીએ. પરંતુ લવંગીનું ઘર! આટલી સુઘડ—સાદી છતાં સુઘડ સજાવટ અને વ્યવસ્થિત ગોઠવણી કલકત્તામાં ભાગ્યે જ જોવા મળે છે. એને સહેજ શ્વાસ ચડ્યો હતો. મેં કહ્યું: તમને આવું દર્દ થયું તો પછી ભોંય તળિએ કોઈ ફ્લૅટ રાખી લીધો હોત તો? તો લવંગી કહે: ના રે, આ ત્રણ દાદરાએ તો મારી તપશ્ચર્યામાં ખૂબ અગત્યનો ફાળો આપ્યો છે. ડિટરમિનેશન, યુ સી કિશોરભાઈ! આ સીડી ચડવી જ છે, કોઈના ય ટેકા વિના! ઈટ વૉઝ અ બૅટલ! એ યુદ્ધ હતું; હજી ચાલુ જ છે. નેવું ટકા તો વિજય મેળવી લીધો છે! ઊર્મિ, એના મુખ ઉપર શો આત્મવિશ્વાસ મેં જોયો! તમે એના પગ સામે ન જુઓ, એને લાકડીના ટેકે ચાલતી ન

सह वीर्यं करवावहै

શિવકુમાર જોષી

જ્યારે કાચબો-કાચબી બંને મળીને જાતે જ અગ્નિને ઠારી નાખે છે

'કોઈ દિવસ નહિ ને આજે કંઈ તમે બીડું ઝડપ્યું !...હવે રહેવા દો, કહું છું. પીડા ઊલટાની વધશે...ઓ રે! ના કહું છું...વિના આવડતે આવું કામ...ઊભા થાવ, તમે તો ચોળીને ચીકણું કરો છો! સાચેસાચ.......ઓહ ! ....અરે ! ...આ હા...! ....હાશ....હાશ! વાહ...વાહ રે ! તમારા હાથમાં આટલી કુમાશ છે એ તો મારે માટે નવો જ અનુભવ ! આ કળતર સહન થતું નો'તું...હાશ!—ને મનોમન વાસના જાગતી: ક્યારેક કિશોરને થોડી ફુરસદ મળે ને મારી ભાભીએ મોકલેલું આ તેલ હળવે હાથે માલિશ કરી આપે તો થોડી રાહત થાય. પણ જીભ જ નો'તી ઊપડતી. હાશ ! એવું સારું લાગ્યું !...જીભ જ ન ઊપડે. થાય કે તમને ક્યાં હેરાન કરું પાછા. મારું તો આ રોજનું થયું. મારે જ એ ભોગવવાનું રહ્યું...એય ! ચૂપ કેમ છો ? કહું છું, કે આમ માથું નીચું રાખી મારો બબડાટ સાંભળ્યે જાવ છો, ને આમ નવા નિશાળિયાની જેમ પત્નીની સેવા આગળ ધપાવ્યે જાવ છો...હા હા, નિષ્ઠાપૂર્વક, પણ એ બધું જાણે...જાણે...'

'ગોખેલું લાગે છે, ઊર્મિ ?'

'કેટલે વખતે આ ચાર શબ્દો ઉચ્ચાર્યા !'

'મેં પૂછ્યું, આ બધું ગોખેલું લાગે છે, નહિ ?'

'સાચો જવાબ ખપશે ?' મારા હાથમાંથી માલિશ કરવાના તેલની શીશી સેરવી લઇ, બાજુમાં પડેલા નૅપકિનથી તેલવાળા મારા હાથ લૂછી નાખતાં ઊર્મિલાએ મારી નજરમાં એની મજાકભરી દૃષ્ટિ ગોઠવી દેતાં પૂછ્યું.

'નહિ ખપે...' મારાથી બોલી જવાયું. પણ ઑફિસેથી પાછા ફરતાં મનોમન ગાંઠ વાળી હતી તે યાદ આવી, ને વળી સુધારી લેતાં મેં આગળ લંબાવ્યું : 'તો પણ સાંભળીશ. સાચથી ભાગી ભાગીને તે ક્યાં સુધી...'

'કવિતા કરવા ન બેસશો પાછા. પોતાનો બચાવ કરવા માટે કવિતાનો –સુડો પોએટ્રીનો આશ્રય લેવાની જરૂર નથી. વાત એમ છે, સ્વામીનાથ...'

'પ્રાર્થન હવે મોટો થયો. ઝબકીને જાગશે તો માતાપિતાનું આ નવું સ્વરૂપ જોઈને...'

'હબકી જશે ? ના, હોં. એને બહુબહુ તો રમૂજ થશે. હમણાં હમણાંથી લક્ષ્મણનાં કાર્ટૂન રસ-રમૂજપૂર્વક વાંચતો થયો છે...શું એમ હાથ ધરીને બેઠા છો ? એક વાર તો તેલવાળા હાથ લૂછ્યા ! તમને થયું છે શું આજે ? ચૂપચાપ સવારના સ્ટેટ્સમૅનના લીડરપેઇજના શબ્દો ઉકેલતાં ઉકેલતાં ઝોકે ચડવાનું છોડીને એકાએક પત્નીની સેવા કરવાનું સૂઝ્યું ?'

'તું કહેવા જતી હતી તે જ કહે ને ઊર્મિ.'

'એની જ આ પ્રસ્તાવના હતી. ટૂંકી સીરિયસ, જુઓ કિશોર, તમારો આ વલણપલટો તે હૃદયપલટો નથી લાગતો. ક્યાંકથી ઉછીનું લઈ આવ્યા હો ને પોતાનું છે એમ બતાવવા આગ્રહી હો...અરે, પણ તમને થયું શું ?'

ઊર્મિલાએ મારા મર્મસ્થાન ઉપર આબાદ તીર માર્યું. હું સ્તબ્ધ બની એની સામે જોતો રહ્યો, લગભગ અનિમેષ નયને. થોડી ક્ષણો પછી માંડ માંડ બોલ્યો : 'વાત તારી સાચી છે, ઊર્મિ....'

'ક્યાંથી ઉછીનું લાવ્યા ?' સહજ ભારે એણે પૂછ્યું. એના શબ્દમાંથી કટાક્ષ નીતરી ગયો હતો. 'વર્ષો પહેલાં તમે આવું વલણ બતાવ્યું હોત તો વિશ્વાસ પડત. ચાલીસી વટાવ્યા પછી સાધારણ રીતે પુરુષ થોડો વધુ વ્યવહારુ, થોડો વધુ નિરુત્સાહી બની જાય છે ! તું—ઓહ સૉરી, તમે એમાંના નથી એમ મારી જાતને મનાવવા મથતી હતી. પછી તો એવો પ્રયત્ન પણ છોડી દીધો...કંઈ કહેવું હતું ?'

'હા, નહિ કહું ત્યાં સુધી ચેન નહિ પડે.'

ઊર્મિલાએ દુખતા ઢીંચણ ઉપર ગરમ કાપડનો પાટો લપેટવા માંડયો. મારી અણઆવડતની વધુ ખાતરી આપતાં મેં એમાં મદદ કરવા માંડી.

'આજે એક દૃશ્ય જોયું, ઊર્મિ. રોજ કરતાં ઑફિસેથી વહેલો છૂટયો હતો. ત્રણ વાગ્યે પાવર-કટ શરૂ થયો. અરધો-પોણો કલાક રાહ જોઈ, પણ કોઈએ કહ્યું કે બીજા બે કલાક પંખાલાઈટની આશા ન રાખશો. એટલે થયું કે.'

'મૅટિની શોમાં ઘૂસી જઉં ?'

'ના ઊર્મિ, પ્લીઝ... મનુભાઈએ લિફ્ટ આપી. કહે, ચાલો ઘેર. કૉફી પીને પછી જજો. વર્ષો થઇ ગયાં... રમા તમને યાદ કરે છે.'

'એટલે કે મનુ-રમાનું પ્રસન્ન દાંપત્ય જોઈને આવ્યા છો ?'

'એમના ઘરમાં તો પ્રવેશવાનું યે ન બન્યું. સીડી ચડતો હતો ત્યાં ધીરેધીરે લાકડીને ટેકે પગથિયાં ચડતી, શ્વાસ ખાવા થોભતી લવંગીને મેં જોઈ.'

'લવંગી ! યુ મીન લવંગી પારેખ ? કેમ છે એને ?...તેં સાચે જ એને પગથિયાં ચડતી જોઈ ?'

'મને તો યાદ જ ન હતું કે લવંગી ને વિનય મનુભાઈની બાજુના ફ્લૅટમાં જ રહે છે. યાદ છે એ લવંગી ?'

'લવંગી તે શેં ભુલાય ? શી એની અદા ! શો એનો ઠસ્સો ! એ કપડું પહેરે ને કપડું શોભી ઊઠે એવી તો વસ્ત્રો પહેરવાની એની ચીવટ ! બિચારી !'

'હં હં, ઊર્મિ ! ભૂલેચૂકે ય એની હાજરીમાં એ શબ્દ ન ઉચ્ચારી બેસીશ.'

'પણ આટલી સરખી ઉંમરે આવો રોગ ! જ્યારે મને ખબર પડી કે લવંગીને પૅરૅલિસિસનો ઍટૅક આવ્યો છે ને અરધું અંગ... પણ તમે તો કહો છો કે તમે એને સીડી ચડતી જોઈ!'

'મને એણે જોયો. કહે : કિશોરભાઈ, તમે અહીં ? અમારે ત્યાં ? વિનયનું કામ હતું ?...ના પાડું કઇ રીતે ? મેં કહ્યું : મનુભાઈને ત્યાં થઈને આવું છું. તો કહે, ના આજે તો મારે ત્યાં જ ચાલો. મનુભાઈને અને રમાબહેનને પણ હું બોલાવી લઉં છું....મારા હાથની કૉફી પીવડાવું...'

'લવંગીના હાથની કૉફી ? ! એટલે કે એ ઊભી થઈને જાતે કૉફી પણ બનાવે છે, એમ ?'

'કૉફી જ નહિ; લવંગી કહે છે કે આવા પગે, માત્ર એક બાઈની મદદથી, પાર્ટી હોય તો પચાસ માણસની રસોઈ પણ એ પાર પાડી શકે છે.'

'તમે શી વાત કરો છો ! પણ એનું તો ડાબું અંગ રહી ગયું હતું ને ?'

'એની તો વાત માંડીને બેઠો છું, ઊર્મિ. મનુભાઈ પણ, કપડાં બદલીને આવું છું એમ કહીને, પોતાના ફ્લૅટમાં ગયા. લવંગીએ બારણું ખોલ્યું ને હું એમના બેઠકખંડમાં પ્રવેશ્યો. ઊર્મિ, તારી ચીવટ તો પ્રૉવર્બીઅલ છે. ચોખ્ખાઈ માટેની તારી ચિકાશથી ઘણીવાર હું ને પ્રાર્થન થાકી જઈએ છીએ. પરંતુ લવંગીનું ઘર ! આટલી સુઘડ—સાદી છતાં સુઘડ સજાવટ અને વ્યવસ્થિત ગોઠવણી કલકત્તામાં ભાગ્યે જ જોવા મળે છે. એને સહેજ શ્વાસ ચડયો હતો. મેં કહ્યું : તમને આવું દર્દ થયું તો પછી ભોંય તળિએ કોઈ ફ્લૅટ રાખી લીધો હોત તો ? તો લવંગી કહે : ના રે, આ ત્રણ દાદરાએ તો મારી તપશ્ચર્યામાં ખૂબ અગત્યનો ફાળો આપ્યો છે. ડિટરમિનેશન, યુ સી કિશોરભાઈ ! આ સીડી ચડવી જ છે, કોઈના ય ટેકા વિના ! ઈટ વૉઝ અ બૅટલ ! એ યુદ્ધ હતું; હજી ચાલુ જ છે. નેવું ટકા તો વિજય મેળવી લીધો છે ! ઊર્મિ, એના મુખ ઉપર શો આત્મવિશ્વાસ મેં જોયો ! તમે એના પગ સામે ન જુઓ, એને લાકડીના ટેકે ચાલતી ન

જુઓ, તો તમને થાય કે આ તો એ જ લવંગી, એ જ છટા, એ જ તેજસ્વી નજર, એ જ પ્રસન્નમધુર હાસ્ય, એ જ આત્મવિશ્વાસ વ્યક્ત કરતી વાણી...વાતવાતમાં મારાથી પુછાઈ ગયું : લવંગી, તમારા વૉર્ડરોબની શી અવસ્થા છે? તો કહે : એણે ક્યારે ય નિસાસા નથી નાખ્યા કિશોરભાઈ. તમે માનશો? હમણાં મુંબાઈ ગઈ હતી. વળી પાછી એક ફૅશન-પૅરેડ! ઑર્ગેનાઈઝરે મને આગ્રહ કર્યો ને મેં નવી સ્ટાઈલનો ઘરારા-ડ્રેસ સજાવ્યો. ઍન્ડ આઈ વન ધ પ્રાઈઝ! નૉટ આઉટ ઑવ સિમ્પથી. નિર્ણાયકો કહે કે તમે આ મુસ્લિમ સ્ટાઈલને ફરીથી જીવતદાન આપી રહ્યાં છો....'

'જરા માંડીને વાત કરોને કિશોર.'

'આઇ વિશ કે મનુભાઈનું ટેઈપ રેકૉર્ડર હું માગી લાવ્યો હોત. એ અવાજ ઝીલી લેવા જેવો હતો. પોતાની આવી માંદગી માટે જરા યે ફરિયાદનો અણસારો નહિ. કહે કે કિશોરભાઈ, ઈટ ઈઝ ઈન ધ ગેઈમ! એના તો પાછા કોન્વેન્ટના અંગ્રેજી ઉચ્ચારો! શરૂઆતમાં તો દર ત્રીજું વાક્ય અંગ્રેજીમાં ઉચ્ચારે. પણ પછી મારાં ખાદીનાં કપડાં સામે નજર જાય ને કશી કલ્પના કરી હસીને ક્ષમા માગે: અંગ્રેજીમાં હાંક્યે જવાની ભૂરી આદત છે! શું થાય? વિનયની કૉસ્મૉપૉલિટન સોસાએટીમાં હરવાફરવાની ટેવને કારણે, એ એક હૅબિટ—ટેવ પડી ગઈ છે.'

'તે આવે શરીરે એ પાર્ટીઓમાં જાય પણ ખરી? સંકોચ ન થાય?'

'મેં પણ એવો પ્રશ્ન પૂછી નાખ્યો. તો કહે: વિનય મને માફ ન કરે. બીમારીની શરૂઆતમાં તો પ્રશ્ન જ ન હતો. બરાબર સવા વરસ તો ઑસ્પિટલમાં ગાળ્યું... સૌ પહેલાં તો ડૉક્ટરે હાથ ધોઈ નાખ્યા હતા. વર્ડિક્ટ જેવું બોલેલા: આ બહેન નહિ જીવે...કોઈ બેદરકાર ડૉક્ટરે સામાન્ય શરદીને દૂર કરવા માટે ઈન્જેક્શન આપ્યું ને...વાત એમ હતી કિશોરભાઈ, અમે લાંબા પ્રવાસે નીકળવાનાં હતાં. ગળું બળતું હતું. તાવની પણ સહેજ બીક લાગતી હતી. થયું કે પ્રિવેન્શન ઈઝ બેટર ધૅન ક્યૉર...એટલે ચાલો ડૉક્ટરની સલાહ લઈએ. ઊર્મિ, તારી જેમ ડૉક્ટર પાસે જવાની એણે આળસ કરી હોત તો એને આવો રોગ ન આવત.'

'મને કૉમ્પ્લિમેન્ટસ પછી આપજો. પહેલાં વાત પૂરી કરો.'

'એ ધમાલીઆ ડૉક્ટરે લવંગીને થાપા ઉપર ઈન્જેક્શન આપ્યું. પણ એની સોય કોઇ એવા સેન્સિટિવ તંતુ ઉપર લાગી ગઈ, અથવા તો સોય બરાબર સ્ટરિલાઈઝ નહિ કરી હોય, ગમે તેમ, પણ મિનિટોની વાતમાં કાળી વેદના શરૂ થઈ. થાપાનો એ અંશ જાણે શરીરમાંથી કોઇ ઊતરડી લેતું હોય ને, એવી વેદના!' 'ઓ મા!...હં હં, પછી?'

'ઘરનાં બધાં ભેગાં થઈ ગયાં. ડૉક્ટરે મધરાત વીતી ગઈ હોવાથી પોતાની ભૂલ સમજવા કે સુધારવા દર્દીને મળવાની ના કહેવડાવી... પ્રવાસની બધી યોજના અભરાઈએ, ને મોટી ઑસ્પિટલમાં તાબડતોબ લવંગીને દાખલ કરવામાં આવી.'

વાત કરતાં મારું ગળું સુકાતું હતું. ઊર્મિલા પોતાનું દુઃખ તો ક્યારની ભૂલી ગઈ હતી. એની નજરમાં કશી અપેક્ષા આવીને બેસી ગઈ હતી. એકસાથે એ લવંગીની યાતના ને મારા અવાજમાંથી પ્રગટ થતા આશાના સૂરને સાંભળીને ઝીલી લેવા મથતી હતી. બે સપ્તક પર વાગતી એ તર્જ બસૂરી ન બની જાય એની કાળજી રાખવાની જવાબદારી મને કોઈએ સોંપી હોય એટલી હદે ઓતપ્રોત થઇને હું વાત વિસ્તારી રહ્યો હતો.

ત્રણચાર ઘૂંટડા પાણી ગળે ઉતારીને મેં લવંગીની વાત આગળ ચલાવી: 'ઑસ્પિટલના ડૉક્ટરોને ખાતરી થઈ કે આ દર્દી હારી જવા નથી માગતી, જીવવા માગે છે. ને માત્ર દર્દી જ નહિ, એના પતિ પણ બધાં જ કામકાજ પડતાં મૂકીને પત્નીની સારવારમાં લાગી ગયા છે, મિનિટે મિનિટનો સારવારનો કાર્યક્રમ ચીવટપૂર્વક પાર ઉતારે છે! ત્યારે ઑસ્પિટલના સ્ટાફ—ડૉક્ટરો નર્સો વૉર્ડબૉય્ઝ બધાં—ને પાનો ચડ્યો. એ સૌએ જાણે લવંગીની સામેનો આ પડકાર ઝીલી લીધો...

ઊર્મિ! આવા જીવલેણ દર્દમાં સપડાએલી યુવતી આવું હસી શકે?—એનું આશ્ચર્ય ઑસ્પિટલનો સ્ટાફ અનુભવતો હતો. રોજ સાંજે વિનય મોટો થર્મૉસ ભરીને કૉફી લઈ આવે. લવંગીના રૂમમાં ડૉક્ટરો ને નર્સો પણ સાંજની કૉફી-સૅન્ડવિચની એ મહેફિલ ન ચૂકે, કારણ કે એ મિનિટોમાં લવંગીની વાતો સાંભળવી તે પણ એક ટ્રીટ હતી.'

'પણ આવો આત્મવિશ્વાસ એનામાં કઈ રીતે પ્રકટ્યો હશે? એનું કોઈ કારણ તમને સમજાય છે? પહેરવા-ઓઢવાની ને પ્રવાસોની શૉખીન લવંગી આ રીતે મહિનાઓ સુધી ઑસ્પિટલમાં ક્યા ભરોસે...'

ઊર્મિલા પોતાનો પ્રશ્ન પૂરો કરે તે પહેલાં, કદાચ યોગ્ય જવાબ આપ્યા સિવાય રહી જઈશ એવી અધીરાઈથી, હું બોલી ઊઠ્યો: 'સારી યે આ ઘટનાનું કેન્દ્ર, એના આવા ભરોસાનું બળ તો એ પતિ-પત્ની વચ્ચેનો નાનોસરખો સંવાદ છે, ઊર્મિ.'...

'બોલી નાખોને કિશોર!'

'એમ નહિ, ઊર્મિ. ચાલ, આપણે આપણી કસોટી કરીએ. માની લે કે તું લવંગી છે અને હું છું વિનય.' 'ઓ મા! ના, હોં.'

'ધાર કે તું આવી જીવલેણ બીમારીમાં પટકાઈ હોય, તો મને તું શું કહે? મને-એટલે કે અઠ્ઠાવીસ-ઓગણત્રીસ વર્ષના તરવરતા જુવાનને, જે તંદુરસ્ત છે, દેખાવડો છે, ધનિક છે, સફળ કારકિર્દીનું જે ગૌરવ અનુભવી શકે એવો છે.' 'કહું?' 'કહેને!'

'હું ચૂપચાપ આપઘાત કરી લઉં...જસ્ટ અ મિનિટ, કિશોર! મારી શોચનીય અવસ્થાના ભારથી અકળાઈને નહિ, પણ તારી—તમારી જિંદગીને વેડફી ન દેવા માટે. એટલે કે કશાય કામની હું ન રહી હોઉં પછી તારાં—તમારાં...'

'તું-તમેમાંથી છૂટીને ઊર્મિ, આજે તો આપણે નિખાલસ બનીને વાતો કરીએ... હં, પછી?'

'તારા જીવનમાં ભારરૂપ થવાને બદલે તારો માર્ગ મોકળો કરી આપું.'

મારાથી નિસાસો નખાઈ ગયો. આ તે કેવી સ્ત્રીઓ! ઊર્મિ અને લવંગી બન્ને એક માટીમાંથી ઘડાઈ ન હતી, છતાં જીવનમાં અગત્યના નિર્ણય લેવાની ક્ષણ આવે ત્યારે બન્નેના ઉદ્‌ગારો લગભગ સમાન! નિસાસો ઓલવાઈ ગયો ને ત્યાં આશ્ચર્ય પ્રકટ્યું. એ બોલ્યે જતી હતી: 'વિશ્વાસ નથી પડતો કિશોર? કેમ ચૂપ થઈ ગયા?'

'તારામાં અને લવંગીમાં થોડો તાત્ત્વિક ફરક છે, ઊર્મિ. વિનયને મુક્ત કરવાનો એને પણ ખયાલ આવ્યો, પરંતુ જુદી રીતે.' 'એટલે?'

'એણે વિનયને સૂચવ્યું: આવી પત્નીથી તારો જન્મારો શેં વીતશે? અને તારી પાસે તો સબળ કારણ છે. ઉપરાંત હું તને ખાતરી આપું છું કે હું મારો ડિફેન્સ નહિ કરું. એકસપાર્ટી ડીસિશન તરત આવશે...'

'ઓ રે! એટલે કે એણે વિનયને સૂચવ્યું કે છૂટાછેડા લઇ લે?! મૂરખ નહિ તો! સેન્ટિમેન્ટલ ફૂલ!'

'સેન્ટિમેન્ટલ ફૂલ તો તમે બન્ને ગણાઓ. અને કદાચ વિનયને તું સુપર સેન્ટિમેન્ટલ ગણે તો નવાઈ નહિ. લવંગી કહે: મેં બોલતાં તો બોલી નાખ્યું; પણ કિશોરભાઈ, વિનયની એ નજર! ઓ બાપરે! જિંદગીમાં એવી તીખી વેધક નજર મેં ક્યારે ય જોઈ નથી. મને લાગ્યું કે આ કરતાં તો એણે મને બેચાર ચોલ ચોડી દીધી હોત તો સારું...મને હચમચાવીને કહે, લવંગી! તું શું એમ માને છે કે આ તારી એકલીની લડાઈ છે? પરણ્યાં ત્યારે તું હજારોમાં એક મૂઠ ઊંચી લાગતી હતી. મુંબાઈના તાલેવંતોની કંઈક રૂપાળી છોકરીઓનાં માગાં આવ્યાં તે બધાંને ન ગણકારીને મેં આ લવંગીને લાઈફ પાર્ટનર બનાવવાનો નિર્ણય કર્યો હતો. ટુ મીન યુ વેર નૉટ ધી અધર હાફ! સાથેસાથ તું મારી બેટરહાફ છે, ને તું આ શું બોલે છે? નથિંગ ડૂઇંગ! આ યુદ્ધ જીતવાનું જ છે. ઍલાઈઝ તરીકે મને હાર ખપતી નથી; અને તને હું નહિ હારવા દઉં.'

'શી વાત કરો છો?' ઊર્મિની આંખો ભીની બન્યે જતી હતી. મેં ફરીથી બે ઘૂંટડા પાણી ગળે ઉતાર્યું: 'લવંગીએ પછી રોજ ચૌદથી પંદર કલાક એક્સરસાઈઝ શરૂ કરી. કહે કે પરસેવો નીતરી જાય, થાક તો એવો ચડે કે બધા નિર્ણયો રદબાતલ કરવાનું મન થાય. પણ વિનય જેનું નામ! મને ધમકાવે, રોવડાવે, વહાલ કરે...ને એના મુખમાં એક જ મંત્ર: તમે ખાદીવાળા પેલો બોલો છો ને, સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ...કોણ જાણે ક્યાંથી એ શીખી લાવ્યો હશે તે અંગ્રેજીને બદલે આવુંઆવું મને સંભળાવે અને...મારી છાતી ગજગજ ફૂલે! મારો તે કેવો વર!...'

'શું થયું કિશોર? મારી સામે એ રીતે કેમ જુઓ છો?'

'ઊર્મિ, તારી આંખમાં પણ એવી શ્રદ્ધા, એવું વહાલ જોવા આતુર છું...હસી નાખીશ નહિ. મહેરબાની કરજે એ, ઊર્મિ! પત્નીની નજરમાં પતિ માટે એવો ભાવ! વિનયની વાતો કરતાંકરતાં, જરા યે ગળગળી થયા સિવાય, ઊંડી પ્રસન્નતા અને આહ્લાદપૂર્વક એ બોલ્યે જતી હતી: મારો તે કેવો વર! વિનયનો સાથ હોય નહિ ને હું આમ આજે તમારી સામે વાતો કરતી બેઠી ન હોઉં.'

'વાત પૂરી થઈ કિશોર?' 'લગભગ'.

'લગભગ એટલે કે હજી કંઈ બાકી છે? કહે ને! ન કહે તો મારા સમ. અચકાય છે શા માટે?'

'**મ**નુભાઈ-રમાબહેન તો પછી દેખાયાં જ નહિ. અને અમે અમારી વાતોમાં એમની તપાસ પણ ન કરી. એણે સૂચવ્યું: કિશોરભાઈ આવો, મારું ઘર જુઓ. ગમે તે મિનિટે વિનય આવી પહોંચશે. પછી કૉફી સાથે ગરમગરમ નાસ્તો પણ બન્નેને પીરસીશ. ઊર્મિ! એણે લગભગ મારા ગાઈડની જેમ વર્તવા માંડ્યું. પોતાની એક પછી એક સિદ્ધિનું પ્રદર્શન કરતી હોય તે રીતે જરા યે નહિ. કોઈ પણ ગૃહિણી પોતાના સંસારની અનોખી સજાવટ બતાવતાં ગૌરવ અનુભવે - સહજ ભાવે એ રીતે, એક પછી એક ઓરડા, બેઠકખંડ...રસોડું-ડાઇનિંગ રૂમ તો લગભગ સળંગ હતાં. વિનયે રસોડાની ભીંત તોડાવી નાખી હતી-રસોઈ કરતી લવંગીને બેઠકખંડમાંથી પોતે જોઈ શકે તે માટે. પછી એનો શયનખંડ જોયો, અને મારી નજર એના એક ખૂણામાં પડેલી સામગ્રીથી સ્તબ્ધ બની ગઈ! લવંગી એ આશ્ચર્યભાવ કળી ગઈ. એના મુખ ઉપર લોહી ધસી આવ્યું ને કંઈક શરમાતાં મને પૂછ્યું: 'તે કેમ તમને ખબર નથી?' 'શાની ખબર?'

'શાની ખબર?' 'હં હં બોલને, શાની ખબર?'

'ત્યાં પારણું હતું ..કોઈ બાળકે વેરવિખેર કરેલાં જાતજાતનાં રમકડાં હતાં.' 'એટલે કે!'

'લવંગી કહે તમે બેઠા જ છો ને, હમણાં બાઈ કનિકાને લઇને આવશે. એને તો છ મહિના થયા.'

'લવંગીને...દીકરી છે? છ મહિનાની?!'

'મને કહે: ચાર ચાર વર્ષ સુધી મારી પાસે એનાથી એ રીતે ફરકાય એમ ન હતું. ને એમાં મારી અવળચંડાઇ ઓછી ન હતી. એમ, કે આવી અપંગ રોગી સ્ત્રી વળી એવી જવાબદારી માટે યોગ્ય ગણાય કે કેમ? તો એ કહે, લવંગી તું પૂર્ણ સ્ત્રી છે એ વાતનો તારે પોતાને ભરોસો કેળવવાનો છે, ને આપણો સંસાર પણ સંપૂર્ણ છે એની પ્રતીતિ આપણે મેળવવાની છે. તું પત્ની છે, સાથી છે, મા છે. સ્ત્રીત્વની બધી જ બાજુઓથી સમૃદ્ધ છે. હસો છો કિશોરભાઈ? હા હા, એ પણ પેલા મંત્રનું પરિણામ! અમારા જીવનમાં ભરપટ્ટે આનંદ છે કિશોરભાઈ. એનો એ જીવંત પુરાવો છે. અમે ત્રણે પાર્કમાં ગયાં હતાં. બાઈ કનિકાને લઇને આવતી જ હશે. ઉમ્મીદ તો છે કે છ-આઠ મહિનામાં હું જ એને લઇને સીડી ચડીશ—ત્રણે ત્રણ સીડી!'

મારી નજર નિરાંતે સૂતેલા પ્રાયન ઉપર પડી. ત્યાંથી સરીને ચૂપચાપ બેસી રહેલી ઊર્મિ ઉપર, ને ત્યાંથી ખસીને માલિશ કરવાના તેલની બાટલી ઉપર, નેપકિન ઉપર.

એકાએક ઊર્મિલા બોલી ઊઠી: 'શા વિચારમાં પડી ગયો કિશોર?'

'કંઈ નહિ.' મેં જવાબ ટાળ્યો.

'નિખાલસ થવાની આજ આપણે એકબીજાને ખાતરી આપી છે.' એણે મને ટાઈટ કૉર્નરમાં મૂકી દીધો.

'બોલો-બોલ કિશોર. અચકાઈશ નહિ. નહિ બોલે, એમ? મનોમન અદેખાઈ થાય છે ને?' 'હેં?'

'વિનયની અદેખાઈ, ખરું ને?'

'તેં કયી રીતે જાણ્યું? તો પછી તને પણ...?'

'ધત્તારી! મને લવંગીની અદેખાઈ આવે છે, એમ? અરે રામ! ન તેં — ન તમે લવંગીને પૂરી ઓળખી, ન આ ઊર્મિલાને.' □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૫

કૃશતા

આયુર્વેદમાં જે આઠ નિંદિત પુરુષનું વર્ણન છે, તેમાં એક છે અતિ કૃશ. જેનામાં માંસનો બિલકુલ અપચય થએલો જોવા મળે છે, ગાલમાં ખાડા, છાતીની એકેએક પાંસળી છૂટી, ને ઊંડું પેટ, એ કૃશતાનાં લક્ષણો છે. સ્વભાવ ચીડિયો, નકામી પારકી ચિંતા કરવાની ટેવ, બળતણાવેડા, વારંવાર ઉપવાસ એકટાંણાં કરવાં, અલ્પ નિદ્રા, અપૂરતા પોષણવાળો આહાર અને વધુ મહેનત, એ બધું કૃશતાને પ્રેરે છે. કૃશ વ્યક્તિની પ્રતિભા પડતી નથી. આયુર્વેદમાં એને 'સદાતુરા' વ્યક્તિ કહે છે.

ચિકિત્સા

૧) રોજ નિયમિત રીતે અરધાથી પોણો કલાક તલના તેલનું માલિશ કરવું આવા રોગી માટે ઉત્તમ છે. માંસ વધારવા માટે માષ-તેલ, અશ્વગંધા-તેલનું માલિશ પણ લાભપ્રદ છે.

૨) પૌષ્ટિક આહાર ખાવો. સ્વભાવ શાંત રાખવો. પૂરતાં ઊંઘ-આરામ લેવાં. ખોટી ચિંતા છોડી દેવી.

૩) અશ્વગંધા શ્રેષ્ઠ માંસ-વર્ધક છે. તેનો ક્ષીરપાક આ રીતે બનાવી રોજ પીવો: રાત્રે પાશેર પાણીમાં એક તોલો અશ્વગંધા નાખી રાખી મૂકવું. સવારે તેમાં પાશેર દૂધ અને જોઈતી ખાંડ નાખી ઉકાળવું. પાણી બળી જતાં ઉતારી ઠંડું પડવા દઈ પછી ખાઈ જવું. આ પ્રયોગ કરવાથી વજન તુરત વધવા લાગશે.

૪) સારી ભૂખ લાગે, ખોરાક પચી જાય, સરસ ઊંઘ આવે, શરીરને પોષણ મળે તે માટે અશ્વગંધારિષ્ટ, દ્રાક્ષાસવ અને દશમૂલારિષ્ટનું મિશ્રણ રોજ બે ચમચા સવાર-સાંજ પીવું.

૫) માંસાહારીઓ માટે માંસરસનું સેવન પણ ઉપયોગી છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા



કસુંબલ રંગ

ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

લેખક : કનુભાઈ જાની

૭ શબ્દપ્રવૃત્તિની શરૂઆત

કલકત્તામાં તો આ કૃતિઓ એક એવું માનસિક વાતાવરણ ઊભું કરતી હતી, જેના દબાણ નીચે વ્યવસાય કઠતો હતો. વારંવાર એ છોડવાની વૃત્તિ થવા લાગી. જો કે આ બધું કિશોરકુમાર માટેનું સાહિત્ય વાંચતાં સમય લાગતો નહિ ને તરત ચિત્તે એ રહી જતું. 'ડોશીમાની વાતો'નું તો ટાંચણ પણ થોડું કર્યું હતું. એને તેઓએ 'મારા લેખકજીવનની વહેલી પરોઢેનું સર્જન' કહ્યું છે, તો 'કુરબાનીની કથાઓ'ને પણ 'લેખનને વ્યવસાયલેખે અપનાવ્યા પૂર્વે ઘૂંટેલ પ્રથમાક્ષરો'-કહ્યા છે. એનું મૂળ 'કથા ઓ કાહિની'નું રવીન્દ્રનાથનું પુસ્તક તો વાંચ્યું એવું જ ગમ્યું ને મનમાં જડાયું. કવિનું 'નાટયકવિતા' ય વાંચ્યું. ઊડઊડ થવાનો તલસાટ વધવા લાગ્યો.

એમાં દ્વિજેન્દ્રલાલ રાયનાં નાટકોનો ફાળો પણ ખરો. 'પાષાણી' નબળું લાગ્યું. ગૌતમને મળેલું મહત્ત્વ કઠયું. ચિત્તમાં ફરિયાદ ઊઠી: 'અહલ્યાને શિયળભ્રષ્ટ ચીતરી. કઠોર ગૌતમને ક્ષમાવીર બનાવીને એની સતી સ્ત્રી પર શીદ બધું કલંક ઉતાર્યું?' (કૌમુદી', માઘ ૧૯૮૪, પૃ. ૬૧.) પણ 'શાહજહાં' ખૂબ ગમ્યું. 'રાણા પ્રતાપ' ત્યારે સ્ટાર થીએટરમાં ભજવાતું હતું. 'એ નાટકે હજારો પ્રેક્ષકોના પ્રાણમાં દેશાત્મબોધનો મહામંત્ર ફૂંકી દીધો અને તે વખતે બંગાળામાં "સ્વદેશી" આંદોલન'નો' જે એક પ્રચંડ વિપ્લવ જાગી ઊઠયો, તેની પાછળ "રાણો પ્રતાપ" નાટકનું જબ્બર ઊર્મિબલ અગોચરપણે ઊભું હતું.' (કૌમુદી', માઘ '૮૩, પૃ. ૧૦૯.) 'સીતા'નો અંત તો અત્યંત આહ્લાદક હતો. અરણ્ય જીવનનું અદમ્ય આકર્ષણ સીતાને અયોધ્યામાં ય રહે છે એનું કેવું સુંદર આલેખન! ને છેલ્લું દશ્ય? સીતા પૃથ્વીમાં સમાય છે તે ધરતીકમ્પને કારણે!

ચિત્તમાં આ કાવ્ય, કથા, નાટક, લોકસંગીત, સાહિત્ય—અને કામગીરી કારખાનાની! એ બે વિરોધી સ્થિતિ ઉત્તરોત્તર વધુ ને વધુ કઠવા લાગી. દેશહિત ને લોકકલ્યાણ અર્થે જીવન આપવું જોઈએ એ ભાવ પણ ઉત્કટ હતો. જીવણભાઈએ પૂરો ભરોસો મૂકી આખા કારખાનાની જવાબદારી સોંપી હતી. એ ઋણના સતત સ્મરણથી ખેંચ્યે જતા હતા. પણ પોતાની આંતરિક શક્તિઓનો જેમાં લોકાર્થે વિનિયોગ પણ થઈ શકે એવો એ વ્યવસાય નહોતો. એવા વ્યવસાયમાં જોડાયા વિના ચાલે નહિ એ સ્પષ્ટ થતું ગયું. જબ્બર મંથન જાગ્યું. એમાંથી એક સૂર વારંવાર ઊઠવા લાગ્યો: કાઠિયાવાડ પાછા જવું જ જોઈએ. કાઠિયાવાડ બોલાવે છે...કાઠિયાવાડ...કાઠિયાવાડ...કાઠિયાવાડ થવા લાગ્યું. એ અવાજ ઝાઝો સમય દાબ્યો દબાય એવો નહોતો. નિર્ણય કરવો જ રહ્યો. કર્યો. સાથીઓને જણાવ્યો. 'ત્યાં શું કરશો?'

'ખેતી, સ્વદેશીનો વેપાર, કંઈ નહિ તો કલમ ચલાવીને કમાઈશ.'

સાથીઓએ વાર્યા: 'ગુજરાતમાં કલમ ઉપર જીવવાના એવા કયા સંજોગો છે કે આ હજારેક ને એથી યે વધારેના પગાર સુધી લઈ જનાર નોકરીને વિના કારણે લાત મારો છો?' પણ એ માત્ર ધૂન નહોતી કે ઊભરો નહોતો; જીવનની દિશાનું દુર્નિવાર ખેંચાણ હતું.

બસ, લખી નાખ્યું મુરબ્બી મિત્રને, તા. ૧૮-૯-૧૯૨૧ને રોજ: 'હું આવું છું.' એ પેલો જાણીતો પત્ર. કશુંક આશ્ચર્યકર, અકલ્પ્ય બનવાનું હોય, એમના નિર્ણયે ભાવિ જાણે ભેદાયું હોય ને મહીંથી અગોચર રણકાર ઊઠયો હોય, એમ આખો મિજાજ ફરી ગયો! મિત્રને લખે છે:

'આજ લખ્યા જ કરું. મારા જીવનની એક નાની સરખી લીટી સમજાવવા આજ ઊલટાવી પલટાવીને લખ્યા જ કરું. પણ સ્પષ્ટ નહિ કરી શકું. હું જુદા દેશની વાણી બોલું છું. તમે એ ન પણ સમજી શકો.

અંધારું થતું જાય છે. ગોધૂલિનો વખત થઈ ગયો. વગડામાંથી પશુઓ પાછાં આવે છે. એના કંઠની ટોકરીનો ગંભીર અવાજ કાને પડે છે મંદિરમાં ઝાલર વાગવા લાગી. હું પણ એકાદ બે માસમાં પાછો આવું છું. ધરાઈને આવું છું. જીવનની આ ગોધૂલિને સમયે-અંધકાર ને પ્રકાશની મારામારીને વખતે મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે. હું રસ્તો નહિ ભૂલું. એના સાદને હું ઓળખું છું. હું બંધુહીન નથી એમ કહેવા દેજો. વધુ શું?—લિ. હું આવું છું.' ('મેઘાણી ગ્રંથ. ૧'માંથી)

એ પ્રયાણને જ પોતાનું નામ કરી દીધું. એમાં નિર્ણયની મક્કમતા છે, તો 'હું રસ્તો નહિ ભૂલું'માં રસ્તો મળ્યાની પ્રતીતિ છે.

આ નિર્ણયની જાણ એમણે જીવણલાલભાઈને પણ કરી. એમને દુ:ખ થયું. છતાં નિર્ણયફેર કરવાનું કોઈ કારણ નહોતું. કામદારોના મોટા સમૂહે એમના પ્રિય પધડીબાબુને વિદાય આપી. સ્ટેશને આંસુ ને ફૂલની માળાઓવાળો મોટો સમુદાય ભેળો થયો હતો. કલકત્તા છોડયું-૧૯૨૧ના નવેમ્બર-ડિસેમ્બરના અરસામાં.

સાથે શું હતું? બંગાળી ભાષા-સાહિત્ય.સંગીતના સંસ્કારો,'ઠાકુરમાર ઝુલી' ને 'ઠાકુરદાદા-ર ઝુલી', 'કથા ઓ કાહિની', ટાગોર ને દ્વિજેન્દ્રના નાટકો વગેરેના સંસ્કારો, વિલાયતની મુસાફરીના અનુભવો, શાન્તિનિકેતનનાં સ્મરણો,દિનેશચંદ્રનાં લોકસાહિત્યનાં વ્યાખ્યાનોના સંસ્કારો

છોડયું એ સારું થયું? ઉમાશંકરભાઈ જેવા કહે છે હા. 'સારું થયું સૌરાષ્ટ્રમાં દટાઈ ગયા હોત તો ય વતનની જે ખેંચ એમણે વેગળે અનુભવી એ ન મળત. દુન્યવી સફળતા ય જોઈ લીધી, નહિ તો એના ઓરતા રહી જાત. બંગાળી સાહિત્યનો પરિચય થયો તો લોકસાહિત્ય લોકપ્રિયબનાવવામાં—સમજાવવામાં અંગ્રેજી-સંસ્કૃતસાહિત્યના સંસ્કારે સાથે એ ય કામ લાગ્યો. સંસારની કપરી શાળામાં ઘડાયા પછી સાહિત્યમાં પડયા એ ય બહુ સારું થયું.' ('મેઘાણી ગ્રંથ-૧' પૃ. ૮).

તો, એ ઠીક ન થયું કહેનાર પણ નીકળે: 'ઘણાનું, બલ્કે બધાય માનવું છે કે ઝવેરચન્દભાઈ કલકત્તાની વ્યાપારી પેઢીમાંથી રાણપુ આવ્યા તેથી ગુજરાતી સાહિત્યને એક ચિરસ્મરણીય લાભ થયો છે (લાભ થયો છે તે તો દેખીતું જ છે) પણ એમની સાથેના મારા લાંબ સંપર્ક દરમિયાન, એમનાં વિધવિધ સ્વરૂપો અને આવિર્ભાવોનાં અવલોકન અને અભ્યાસ દ્વારા એક છાપ મારા મન ઉપર એવી જ સદ ઊઠયા કરી છે કે ઝવેરભાઈ કલકત્તાની વ્યાપારી પેઢીમાં જ રહ્યા હોત અથવા તો, ઓછામાં ઓછું, જ્યાં રાતદહાડો ઊંધું માથું નાખીને ઢરઢરડ કર્યા જ કરવાનું હતું એવો તે વખતના પત્રકારનો ધંધો તેમણે

(અનુસંધાન પૃષ્ઠ ૫૧)

ભરતનાટ્યમ્ નૃત્ય-શૈલીની સમજ આપતી લેખમાળા (૮)


માર્ગમ્

લેખક · સુનીલ કોઠારી


આપણે નૃત્ત, નૃત્ય અને ભાવાભિનય, તેમાં સમાવિષ્ટ હસ્તમુદ્રાઓ, તેની સાંકેતિક ભાષા, અભિનયને પરિપોષક તેનો વિનિયોગ આદિ જોઈ ગયા. હવે સાંપ્રત સમયમાં જે ઢબે ભરતનાટ્યમ્ કાર્યક્રમ-માર્ગમ્ રજૂ થાય છે તે જોઈએ. આ રીતે કાર્યક્રમનું આયોજન ૨૦૦ વર્ષ પૂર્વે ચાર વિખ્યાત સંગીતકાર બંધુઓ-ચિન્નૈયા, પોન્નૈયા, શિવાનંદ અને વાડીવેલુએ કર્યાનું મનાય છે. તે ચારે ય બંધુઓ તાંજોરના રાજદરબારમાં સંમાન્ય વિદ્વાન અને સંગીતકાર હતા.

ભરતનાટ્યમ્ એ સતત વિકાસશીલ અને વિકાસોન્મુખ કળા રહી છે. ભરતમુનિ પ્રબોધ્યા સિદ્ધાંતો અનુસાર જ આજે ય તે રજૂ થાય છે તેવું કહેવાને બદલે આજે તેની રજૂઆતમાં ભરતમુનિ પ્રબોધ્યા સિદ્ધાંતોનો વિનિયોગ થાય છે એમ કહેવું સયુક્તિક લેખાશે. તેની રજૂઆત સ્થળ કાળ સમય અનુસાર બદલાતી રહી છે. મૂળે ધાર્મિક ઉદ્‌ગમને કારણે તેનું અંતસ્તત્ત્વ (content) ધર્મકથાનકવાળું રહ્યું છે. રાજ્યાશ્રય મળ્યા પછી તેમાં આશ્રયદાતા રાજવીનાં ગુણગાન પણ થવા લાગ્યાં. પરંતુ તેના નૃત્ત અને નૃત્ય પરના ઝોકવાળા સ્વરૂપનું ઘડતર પેલા ચાર સંગીતકાર નૃત્યજ્ઞ સંકલનકાર બંધુઓએ કર્યું હોવાનું માનવાને કારણ છે.

ભરતનાટ્યમ્ નૃત્યનો વિકાસ, તેનું આયોજન સંકલન વગેરે કર્ણાટકી સંગીતના તેવા ફેરફારો સાથે સંલગ્ન રહ્યું છે. તાંજોર પર શાસન કરતા અચ્યુતપ્પા નાયક રાજવી (ઈ. સ. ૧૫૭૨-૧૬૧૪)ના સમયથી તેના સ્વરૂપમાં ફેરફારો થતા જોવા મળે છે. તેમના ઉત્તરાધિકારીઓ



અલારિપુ : માર્ગમ્ (એટલે કે ભરતનાટ્યમ્ નૃત્યપ્રયોગના કાર્યક્રમ)નો પ્રારંભ હમેશાં અલારિપુથી થાય છે. ભાવનિરપેક્ષ (પ્રસન્નતા સિવાય ચહેરા પર અન્ય કોઈ પણ ભાવ વિનાનો) અલંકારાત્મક આ નૃત્તપ્રયોગ અત્યંત ટૂંકો પણ અંતર્હિત સૌંદર્યથી યુક્ત હોય છે. ડાબી-જમણી તરફનાં તેનાં સપ્રમાણ ગતિચલનો, નૃત્ત-હસ્તોના વિનિયોગની પુનરાવૃત્તિ વગેરેથી તેની સંકલના મનોહારી ગતિશીલ કલ્પન રજૂ કરે છે. તાલ-લયાશ્રયી આ નૃત્તના કેટલાક અંગવિન્યાસ અહીં આપ્યા છે. (કે. એમ્બ્રોઝના 'ક્લાસિકલ ડાન્સિઝ ઍન્ડ કૉસ્ચ્યુમ્સ ઑવ ઇંડિયા'માંથી.)



જતિસ્વરમનાં કેટલાંક ચલનો

જતિસ્વરમ્ એટલે જતિ (મૃદંગના તાલબદ્ધ તોડા) અને કોઈ પણ નિશ્ચિત રાગમાં રજૂ થતી સ્વરાવલિનું સુંદર ગતિશીલ નૃત્ત-સંકલન. અલારિપ્પુ પછી એ રજૂ થાય છે. વિલંબિત ને દ્રુત લયમાં રજૂ થતાં એનાં લલિત હસ્તચલનો, ગ્રીવાનાં સુંદર ચલનો, તાલબદ્ધ પાદાઘાત ઈત્યાદિના સામંજસ્યપૂર્ણ સંકલનથી આ પ્રયોગ અત્યંત નયનરમ્ય બની રહે છે. અહીં ડાબી બાજુથી અનુક્રમે એનાં કેટલાંક અંગચલનો દર્શાવાયાં છે જેમાં (૧) પ્રારંભમાં નર્તકી પતાક હસ્ત સાથે સ્થિર ઊભી રહી ગ્રીવાનાં સુંદર ચલનોથી આરંભ કરે છે, પછી લલિત હસ્તચલન સાથે પાદાઘાત આરંભી નૃત્તમાં સ્વરતાલયુક્ત ગતિ આણી (૨-૩-૪) ઉત્તરોત્તર અટપટાં તાલઆવર્તનો (૫-૬) સાથે તીરમાનમ્ કરી નૃત્તનું આ પ્રારંભિક એકમ પૂરું કરે છે. નૃત્તતાલના આવા પ્રત્યેક એકમ બાદ નર્તકી વિવિધ રીતે તીરમાનમ્ દ્વારા તેની પૂર્ણાહુતિ કરી નવા એકમનો આરંભ કરે છે (બીજી હારમાં ૭-૮-૯-૧૦). પછી ફરી જુદી રીતે તીરમાનમ્ કરી (૧૧-૧૨) એ એકમ પૂરું કરે છે. જતિસ્વરમનાં એમ આગળ વધતાં (ત્રીજી હારની આકૃતિઓ મુજબ) વધુ અટપટાં આવર્તનો સાથે એ જ રાગની સ્વરરચના અને તાલનાં સુંદર સ્વરૂપો એમાં તાદૃશ થાય છે.

રઘુનાથ નાયક અને વિજયરાઘવુલુ નાયક (૧૬૧૪-૧૬૭૩)ના સમયમાં વિખ્યાત સંગીતગ્રંથ 'ચતુર્દંડિ પ્રકાશિકા'ના કર્તા વિદ્વાન વેંકટામખી થઈ ગયા. તેમનો, કવિ ક્ષેત્રય્યા અને નારાયણ સ્વામીનો કર્ણાટકી સંગીતના વિકાસમાં જે ફાળો છે તે નાનોસૂનો ન ગણી શકાય. તેમની રચનાઓ બંદીશો વગેરેથી કર્ણાટકી સંગીત સમૃદ્ધ થયું છે.

આ વિકાસ પ્રતાપસિંહ અને તેના વારસ તુલજાજી (૧૭૪૧-૧૭૮૭) ના સમયમાં ફૂલ્યોફાલ્યો. આ અરસામાં જ મહાન વેંકટરામશાસ્ત્રીએ મેલટ્ટૂર ગામે ભાગવતમેલા (જુઓ 'કુમાર' અંક ૫૬૦-ઑગ. ૧૯૭૦) નૃત્ય-નાટ્યોની ઊંચી પરિપાટી સાધી. તાંજોર દરબારમાં આ અરસામાં જ ભરતનાટ્યમના મહાન પંડિત મહાદેવ અણ્ણાવી બિરાજતા હતા. તેમણે ભરતનાટ્યમ્ સ્વરૂપને સંમાર્જ્યું અને સંસ્કાર્યું. ચિન્નૈયા, પોન્નૈયા, શિવાનંદ અને વાડીવેળુ એ ચારે બંધુઓના પિતા સુબ્બારાયન નટ્ટુવનાર પણ તાંજોર રાજવીના કૃપાપાત્ર હતા. આ બધા નિષ્ણાતો તેમના સમકાલીન કવિ ભક્ત સંતો જોડે ચર્ચાવિનિમય કરતા અને કળાસ્વરૂપ નક્કી કરતા. સંગીતક્ષેત્રે વિખ્યાત દિક્ષિતાર અને શ્યામાશાસ્ત્રી જેવા તજ્જ્ઞોની સહાય લેતા. આ વિનિમયના ફલસ્વરૂપ ભરતનાટ્યમનું એક ચોક્કસ સ્વરૂપ ઘડાતું આવ્યું અને તે પ્રક્રિયા ચિન્નૈયા વગેરે બંધુઓના સમયમાં પણ ચાલુ રહી. કહેવાય છે કે આજે આપણે જે સ્વરૂપે ભરતનાટ્યમ નૃત્ય જોઈએ છીએ તેના ક્રમની સંકલના તેમણે જ કરી છે. તે ક્રમમાં તાર્કિક સુસંગતિ અને ઉત્તરોત્તર ભાવનો વિકાસ જોઈ શકાય છે. પરિણામે આ નૃત્ય પ્રકારનું સુગ્રથિત સ્વરૂપ પ્રાપ્ત થયું છે.

સાધારણતયા ભરતનાટ્યમ્ નૃત્ય કાર્યક્રમ આ પ્રમાણે હોય છે: અલારિપ્પુ, જતિસ્વરમ્, શબ્દમ્, વર્ણમ્, પદમ્, તિલ્લાના ને શ્લોકમ્. આ સિવાય પણ અભિનય-વિભાગમાં અભિનયક્ષમ ગીતો, પદ, ઊર્મિકાવ્યો



ર્ણમ્: જતિસ્વરમ્માં પહેલાં નૃત્તથી અને પછી શબ્દમ્થી અભિનય રજૂ થયા બાદ ભરતનાટયમ્ કાર્યક્રમનો સૌથી અઘરો, અટપટો અને ...સક પ્રયોગ તે વર્ણમ્. નૃત્ત અને નૃત્યનું તેમાં સંતુલન હોય છે અને તેના દ્વારા અમુક સાહિત્યકૃતિને સાભિનય રજૂ કરાય છે. ભાવ, રાગ અને તાલના સુંદર સમન્વયવાળા આ દીર્ઘ પ્રયોગની આઠ સુંદર અંગભંગિઓ અહીં દર્શાવી છે.

...રેનો ઉપયોગ કરી શકાય છે. સાંપ્રત કાળમાં મુખ્યતઃ આ ક્રમને અનુ-...રવામાં આવે છે, જો કે હવે બદલાતી અભિરુચિ અનુસાર અને ભરત-...ટયમ્ ઉપરાંત પણ અન્ય શાસ્ત્રીય શૈલીનાં નૃત્યો એક જ કાર્યક્રમમાં ...ૂ થતાં કોઈ ભરતનાટયમ્ ઉપર્યુક્ત ક્રમમાં જ રજૂ થતું નથી. પરંતુ ...રળતા ખાતર ને આ પ્રયોગો સમજવા આપણે તે ક્રમને જ અનુસરીશું.

અલારિપ્પુ

પરદો ઊપડે તે પહેલાં વાદકો વિનાયક-સ્તુતિ રજૂ કરે છે. તે દ્વારા ભક્તિભાવનું એક ઉચિત વાતાવરણ સર્જાય છે. ત્યાર બાદ કાર્યક્રમની શરૂ-આત અલારિપ્પુથી થાય છે. અલારિપ્પુ એ નૃત્તનો પ્રકાર છે. તેમાં કશા ભાવાભિનયની અપેક્ષા હોતી નથી. પરંતુ તેની સંકલનામાં નૃત્યગુરુઓએ આશ્ચર્યજનક ગતિચલનો પ્રયોજ્યાં છે. વળી તે અત્યંત ટૂંકો પ્રયોગ હોવા-થી અને પ્રારંભે થતો હોવાથી ઘણીવાર તેના આ અંતર્હિત સૌંદર્યનો ખ્યાલ દર્શકો કરી શકતા નથી. અલારિપ્પુમાં જમણી તરફ તેમ જ ડાબી તરફ સમપ્રમાણ ગતિચલનો પ્રયોજાય છે. તેમાં ગતિશીલ સ્થાપત્યને જોઈ શકાય—

જ્યારે જીવન મૂલ્યો બદલાય છે...

પહેલાં એમ કહેવાતું

"અષ્ટપુત્રા ભવ"

હવે—

"બસ બે બાળકો જ બસ છે"



જીવન તો વહેતી સરિતા છે
એને કોઈ ચોક્કસ સ્થળે સ્થગિત
કરી શકાય નહીં...
જમાનો બદલાય એમ જૂનાં મૂલ્યો
બદલાય છે—

નવા મૂલ્યાંકન સ્વીકારી
જીવનને વિશેષ અર્થસભર બનાવો...

કુટુંબ નિયોજન

વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો

છે. નૃત્ત હસ્તોનો વિનિયોગ અને તેની પુનરાવૃત્તિ રસનાં પરિપોષક છે. સંગીતજ્ઞ સોમનાથનું એક વિધાન છે કે રાગમાં પુનરુચ્ચારણને કારણે રસનું પ્રમાણ વધે છે, તેમ અલારિપ્પુમાં પણ આ પુનરાવર્તનને કારણે એક સપ્રમાણ સંકલના જોવા મળે છે. ઊભાં, બેઠાં, આગળ વધતાં જમણી બાજુ, ડાબી બાજુ વગેરેમાં થતાં પુનરાવર્તનોથી એક મનોહારી ગતિશીલ કલ્પન રચાય છે. ભૌમિતિક આકારોની રચના, વર્તુળ, અર્ધવર્તુળ, ત્રિકોણ, હસ્ત વડે રચાતા વિવિધ આકારો વગેરેથી તેના સૌંદર્યમાં ઓપ આવે છે. આ નૃત્તસંકલના એવી તો ચાતુરીથી અને તર્કથી કરવામાં આવી છે કે તેને પ્રત્યેક વાર જોતાં તે નવીનતર ભાસે છે. આમ, નૃત્તવિચારને ગુરુઓએ અલારિપ્પુમાં વિકસાવ્યો છે. સરળ અને સ્વયંસ્ફૂર્ત લાગતો આ પ્રયોગ ગુરુઓની કલાસૂઝનો ઉત્તમ નમૂનો છે.

અલારિપ્પુમાં બોલ નિશ્ચિત હોય છે. જેમ કે – તામધિત્તા તં તં ઈત્યાદિ. હમણાંહમણાં અલારિપ્પુ રજૂ થતું હોય ત્યારે પશ્ચાદભૂમાં કોઈ પ્રાર્થના પણ ગવાતી હોય છે. તેનાથી અલારિપ્પુના સ્વરૂપને જોઈએ તેવો ઉઠાવ મળતો નથી. કારણ, નૃત્ત તો તાલલયાશ્રય હોય છે એટલે ગીત-પ્રાર્થના તેની સંગતમાં ગવાતાં એક માનસિક અવરોધ ઊભો થાય છે. તેના સાદા સ્વયંસ્ફૂર્ત સ્વરૂપને જાળવી રાખવું વધુ હિતાવહ છે.

જતિસ્વરમ્

અલારિપ્પુ પછી જતિસ્વરમ્ રજૂ થાય છે. જતિસ્વરમ્માં જતિ અને સ્વર બન્નેનો સુમેળ જોવા મળે છે. નૃત્ત કે મૃદંગનાં તાલબદ્ધ સંકલનો (તોડાઓ) તે જતિ. તેની જોડે કોઈપણ નિશ્ચિત રાગમાં ગવાતી સ્વરાવલિ-સ્વરોની રચના દ્વારા જતિસ્વરમ્ પ્રયોગ રચાય છે. આ પણ નૃત્તનો પ્રકાર છે ને એમાં કશું ભાવનિરૂપણ હોતું નથી. જતિસ્વરમ્ની નૃત્તસંકલનામાં વિલંબિત અને દ્રુત લયમાં લલિત હસ્તચલનો જોવા મળે છે. ગ્રીવાનાં સુંદર ચલનો, તાલબદ્ધ પાદાઘાત ઇત્યાદિનું સામંજસ્યપૂર્ણ સંકલન હોય છે. કલ્યાણી, વસન્તા, ભૈરવી ઇત્યાદિ રાગોમાં જતિસ્વરમ્ ઘણાં લોકપ્રિય છે. તીસ્ર એકમ તાલમાં તેનાં ચલનો નયનરમ્ય લાગે છે.

શબ્દમ્

જતિસ્વરમ્ પછી શબ્દમ્ રજૂ થાય છે. આ પ્રયોગથી ભરતનાટ્યમ્માં અભિનય રજૂ થવા લાગે છે. શબ્દમ્માં રાગ અને તાલ નિશ્ચિત હોય છે. રાગ કાંબોજી અને તાલ મિશ્ર ચાપુ. આ બોલ–'તા તૈયા તૈયુમ્ તત તામ્ તધણ ધન્ધણ તધીમી ધીન્ ધિમિ તકીટ તત ઝાંણું તનામ્' ગવાય છે. ત્યાર પછી જે ઈષ્ટદેવની સ્તુતિરૂપે શબ્દમ્ રચાયું હોય તે કૃતિ ગવાય છે. સંસ્કૃતમાં યશોગીત તરીકે જે પ્રકાર પ્રચલિત થયો હતો તે પ્રકારનો અહીં ગુરુઓએ ઉપયોગ કર્યો છે. તેમાં પ્રભુની અથવા રાજાની સ્તુતિ હોય. તેનું વસ્તુ તે તે ઈષ્ટદેવનાં કે રાજવીનાં ગુણકીર્તનનું અથવા તેમણે કરેલાં વિશિષ્ટ કાર્યો, પરાક્રમો વિષેનું હોય છે. તેને અંતે 'સલામુરે' શબ્દોથી નર્તકી તે શબ્દમ્ પૂરું કરે છે. આ શબ્દોને બદલે હવે 'નમોસ્તુતે' શબ્દો દ્વારા તેનું સંમાર્જન કરવામાં આવ્યું છે. સલામુરે સ્પષ્ટપણે રાજદરબારની અને મુસ્લિમ અસર સૂચવે છે. કલાક્ષેત્રમાં રુક્મિણીદેવીએ આવી કૃતિઓને મઠારી તેને ઈષ્ટદેવતાના યશોગીત તરીકે રજૂ કરી છે તે ઉચિત છે. મેલટ્ટૂર ગામના સંગીતજ્ઞ વાગ્ગેયકારોએ અનેક શબ્દમ્ની રચના કરી છે. કેટલાંક શબ્દમ્ કાંબોજી સિવાય રાગમાલિકામાં પણ રચાયાં છે. પણ બહુધા શબ્દમ્ની રજૂઆત કાંબોજી રાગમાં જ જોવા મળે છે. આ પ્રયોગમાં હસ્તાભિનય, મુખાભિનય, આંગિકાભિનય ઇત્યાદિ દ્વારા શબ્દમ્ના ભાવને વ્યક્ત કરીને નૃત્યાંગના આપણને હવે પછી આવનાર અટપટા પ્રયોગ વર્ણમ્ માટે તૈયાર કરે છે.

વર્ણમ્

ભરતનાટ્યમ્ કાર્યક્રમનો સૌથી અઘરો અટપટો તથા નૃત્યાંગનાની કસોટીરૂપ ને સૌથી રસિક કોઈ નૃત્યપ્રયોગ હોય તો તે છે વર્ણમ્. વર્ણમ્માં નૃત્યાંગના પોતાનાં શિક્ષા, કૌશલ, સંચારી ભાવ, તૈયારી બધું બતાવી શકે છે. આ પ્રયોગ લગભગ કલાકેક જેટલો દીર્ઘ હોય છે. પણ હવેનાં વર્ણમ્ બહુબહુ તો વીસ કે ત્રીસ મિનિટમાં તો આટોપી લેવામાં આવે છે. જો કે દક્ષિણ ભારતમાં મદ્રાસ જેવાં શહેરોમાં અને અન્યત્ર જ્યાં રસિક વર્ગ આ પ્રયોગની ખૂબીઓ સમજી શકે છે ત્યાં નૃત્યાંગના તેને સંપૂર્ણરૂપે લંબાવીને પણ રજૂ કરે છે.

વર્ણમ્માં નૃત્ત અને નૃત્ય બન્નેનું સંતુલન જોવા મળે છે. જે સાહિત્યકૃતિ અભિનય દ્વારા રજૂ કરવામાં આવે છે તેની ટૂકોને (પંક્તિઓને) નૃત્ત દ્વારા સાંકળી લેવામાં આવે છે. શરૂઆતમાં તીરમાનમ્ રજૂ થાય છે. તીરમાનમ્ પછી પદ્ય ગવાય છે. અને તેને અનુરૂપ ભાવાભિનયથી નૃત્ય રજૂ કરવામાં આવે છે. પછી વળી તીરમાનમ્ કે નૃત્ત રજૂ થાય છે. ત્યાર બાદ પદ્ય ગવાય છે. એમ નૃત્ત નૃત્ય સહિત કૃતિ ટોચ (climex) પર પહોંચે છે અને ભાવ રાગ અને તાલનો સુંદર સમન્વય રચાય છે. મોટા ભાગનાં વર્ણમ્ કોઇ દેવને અનુલક્ષીને જ હોય છે. નાયિકા પ્રભુમિલન માટે તરસતી હોય છે અને તેની સખી દ્વારા સંદેશો પાઠવે છે અથવા જાતે જ દેવને ઉદ્બોધન કરે છે. મુખ્યત્વે કૃષ્ણ અને શિવને ઉદ્બોધીને રચાયેલાં વર્ણમ્ ઘણાં લોકપ્રિય છે. આ સિવાય પણ તાંજોર રાજવીઓના સમય દરમિયાન સરફોજી મહારાજ, શિવાજી મહારાજ વગેરેને સંબોધન કરતાં અથવા તેમના માનમાં રચાયેલાં વર્ણમ્ પણ પ્રચલિત છે.

વર્ણમ્માં બે મુખ્ય વિભાગ છે. પહેલા વિભાગમાં પલ્લવી, અનુપલ્લવી અને ચીટસ્વરમ્ અને તદનુસારનું પદ્ય સાહિત્ય રજૂ થાય છે. જ્યારે બીજા વિભાગમાં ચરણમ્ અને ત્રણ કે ચાર સ્વરાવલિઓ સ્વરમ્ને અનુલક્ષીને કાવ્યસાહિત્ય રજૂ થાય છે. આ સમગ્ર સંકલના અટપટી અને ઉત્તરોત્તર વિકાસશીલ હોઈ રસને પરિપોષક નીવડે છે. તેમાં આવતાં તીરમાનમ્ અલંકૃત તોડા, ત્રણે લયમાં થતું તેનું પુનરાવર્તન, પદ્યને અનુસાર ભાવનિરૂપણ, પછી નૃત્ત, વળી ભાવ, પછી સ્વરવિભાગ અને અંતે સમાપન નૃત્યની એક વિશિષ્ટ આકૃતિ રચે છે. નૃત્યાંગના પોતાના મનોધર્મ અનુસાર ભાવને પરિપોષક સંચારી ભાવો દ્વારા રસનિષ્પત્તિમાં રંગ વાળી શકે છે. મહાન નર્તકી બાલાસરસ્વતી કે સદ્ગત મયલાપોર ગૌરીઅમ્માની, પોતાની કલ્પના અનુસાર સાહિત્યને અનુકૂળ ઉત્તમ કલ્પનો દ્વારા સંચારી ભાવોથી એક આગવું વિશ્વ ખડું કરીને ભાવકોને રસતરબોળ કરી દેવાની શક્તિ માટે વિખ્યાત છે.

વર્ણમ્માં તાનવર્ણમ્ પણ રજૂ થતાં હોય છે. તે મુખ્યત્વે સંગીતસમારંભોમાં ગાવાની બંદીશો કે કૃતિઓ હોય છે. તેમાં પદવર્ણમ્ ચૌકવર્ણમ્ની અપેક્ષાએ અભિનય પણ અલ્પ હોય છે. તાનવર્ણમ્ની સંકલના મોટે ભાગે મધ્ય અને દ્રુત લયમાં હોય છે એટલે તેમાં તાલને અવકાશ રહે છે. પણ અભિનયને કશો અવકાશ હોતો નથી. વર્ણમ્ની મઝા તો નૃત્ત નૃત્યના સુમેળમાં અને નૃત્યાંગના કઈ રીતે અભિનયને વિકસાવે છે તે જોવામાં છે. મોટે ભાગે આપણને જે જોવા મળે છે તે પદવર્ણમ્ કે ચૌકવર્ણમ્ હોય છે જેમાં સાહિત્યને યોગ્ય ઉઠાવ અને પ્રાધાન્ય મળે છે. વર્ણમ્ તામિલ અને તેલુગુ બન્ને ભાષામાં રચાયાં હોય છે. જે રાગમાં સંકલિત થયાં હોય છે તે રાગથી પણ તે ઓળખાય છે, જેમ કે ખમાસ વર્ણમ્, તોડીવર્ણમ્ વગેરે. ખમાસ રાગમાં વર્ણમ્ છે બૃહદીશ્વર મંદિર (તાંજોર)ના અધિષ્ઠાતા દેવ શિવનું. તેમાં નાયિકા પોતાની સખીને પ્રિયતમને તેડી લાવવાનું કહે છે. પછી દેવનાં ગુણગાન ગાતાં કહે છે કે તેના પ્રિયતમ સામાન્ય પુરુષ જેવા નથી. સમસ્તભૂમિ પર રાજ્ય કરતા બૃહદીશ્વર સ્વામીને પોતે ઝંખે છે. તેવું કહી વિવિધ સંચારી ભાવોથી તે પોતાના પ્રિયતમનું વર્ણન કરે છે.

આ દીર્ઘસૂત્રી પ્રયોગ પછી નૃત્યાંગનાને અને દર્શકોને પણ વિશ્રાંતિ મળે એ સારુ મધ્યાંતરની વ્યવસ્થા કરવામાં આવે છે. (ચાલુ)

અનુસંધાન] **કસુંબલ રંગ** [પૃ. ૪૯થી

સ્વીકાર્યો ન હોત તો, તો કદાચ, કદાચ, ગુજરાતને તેમના દ્વારા મળ્યું છે તેથી યે વધુ ચિરંજીવ ને સત્ત્વશીલ સાહિત્ય મળ્યું હોત! ઝવેરભાઈમાં રહેલી સર્જકપ્રતિભાના વિકાસઅર્થે જે સંજોગો એમને સાંપડ્યા, તેના કરતાં ઘણા જ વધારે સારા, વધારે અનુકૂળ સંજોગોના એ હકદાર હતા.' (કરસનદાસ માણેક; 'નચિકેતા' ઑક્ટોબર '૭૨, પૃ. ૭).

પણ સંજોગોનો તો 'ખરેખરો ફોક કરવો': 'હોત' ને 'તો'ની ભાષા મિથ્યાવિલાસ છે. થવાનું હતું તે જ થયું. ના, કર્યું;—એમણે એ થવા દીધું. દિશા પારખીને પુરુષાર્થ કરવા માંડ્યા—એવો કે પછીનું આખું જીવન ફરી ગયું.

મેઘાણીભાઈએ કલકત્તા છોડ્યું. એ કેવળ તરંગ કે તુક્કો નહોતો. 'વેપાર કે કેવળ અર્થોપાર્જન તો નહિ જ'—એ માત્ર નકારાત્મક વલણ નહોતું. મંથન પછીનો મક્કમ નિર્ધાર હતો. એ એકાએક લેવાયો નહોતો. મિત્રો સાથે રૂબરૂ ને પત્ર દ્વારા એ વિષે વિચારણા કરી હતી. ઈ. ૧૯૨૦-ના જાન્યુઆરીમાં રંગૂનથી પાછા ફરેલા કપિલભાઈ કલકત્તામાં મેઘાણીને મળેલા ત્યારે પણ કહેલું: 'અહીંઆં હું જીવન ગાળવા માગતો નથી. બહુ તો દોઢબે વરસ ખેંચું. એટલું ય લાંબું ન થાત. પણ જીવણલાલભાઈ સાથે વિલાયત જઈ આવ્યો. અને ત્યાંનાં કારખાનાંઓની સાથે અમુક પ્રકારનો કૉન્ટ્રૅક્ટ કરેલ છે એમાં હું સામેલ હતો, માટે મારે રોકાવું ઘટે; નહિ તો એથી ય વહેલો આ છોડી કાઠિયાવાડમાં ચાલ્યો આવું...હવે તો પાછા આવીને લોકસાહિત્ય એકઠું કરવાની મુરાદ છે. હડાળામાં બાપુશ્રી પાસેથી આપણે ઘણી વાર્તાઓ ને બીજું કાઠિયાવાડી સાહિત્ય વગેરે બહુ સાંભળ્યાં છે. મને લાગે છે કે એ પ્રદેશ ઘણો વિશાળ છે. પણ એ બધું એકઠું કરવું જોઈએ. અહીંઆંથી પણ મેં ઠીકઠીક સાહિત્ય મેળવ્યું છે. નાટકો જોયાં છે...એ બધું ગુજરાતને આપી શકાય. આ બધા મનોરથો છે.' ('સ્ત્રીજીવન', જૂન ૧૯૪૭, પૃ. ૫૩૪) આ મનોરથોનો લોક પ્રગટ થઈને જાણે ગાતો હતો:

'હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં!'

દાદાજીનો દેશ- વતન બગસરા-તો સાંકડો! બે બાજુનાં મકાનોની ભીંસ વચ્ચે ચેપાઈને ચીંદરડી જેવું થઈ ગએલું મકાન. નીચે સાંકડી ઓશરી. એમાં પાણીઆરું. માંદાં બહેન લાભુબહેનનો ખાટલો. રાજરોગ. મરણપથારી. અંધારું. પણ હવે ઘરની કે દેશની સંકડાશ નડે એમ નહોતી. ઊપડ્યા તો હતા કલકત્તાથી કાઠિયાવાડ, પણ એમને એક દેશ જડી ગયો હતો. ત્યાં પહોંચી જવાનો સાદ એમને સંભળાયો હતો. એમણે તા. ૧૮–૯–૧૯૨૧ના પત્રમાં મિત્રને ચોખવટ કરી જ હતી: 'હું જુદા દેશની વાણી બોલું છું. તમે એ ન પણ સમજી શકો.' એ જુદા દેશનું દર્શન એમને થવા માંડ્યું હતું. એ દેશના વિસ્તારનો કોઈ પાર નહોતો. ત્યાં પવનોનાં ગીતો ઝીલતી નદીઓ હતી, સાત સાગરની પાર નાગકન્યાના મહેલો હતા, એમાંની કન્યાની આંખે મોતી ઝરતાં હતાં, પાંખાળા ઘોડા હતા ને પ્રેમથી પોઢાડતી પરીઓ હતી. ત્યાં પહોંચવામાં ય શું?

સાત વાદળ વીંધીને વહાણ લઈ જશું,
ત્રીશ કોટિ તારાની સાથ ખેલશું,
ચંદ્ર-સૂરજ ખીસામાં ચાર મેલશું,
હાં રે દોસ્ત! હાલો ચાંદરણાંના દેશમાં!

રંગદર્શી સ્વભાવને એ કલ્પનાલોકમાં પહોંચવું તો સહેલું હતું. આ નક્કર ધરતીના નક્કર પ્રશ્નો અણીદાર પાણાની જેમ ખૂંચે એવા હતા. વ્યવસાયનો દેશ શોધવાનો હતો. એની મથામણનો પાર નહોતો. એ બાબતમાં લગભગ દિશાશૂન્ય જેવી સ્થિતિ હતી! કારણ સ્પષ્ટ હતું: મનોરથોને ગોઠે તેવો વ્યવસાય શોધવો હતો. જીવનકાર્યનો આદર્શલોક ને ધારણપોષણનો વ્યવસાયલોક એ બે લોકને જાળવવા-ભેળવવા હતા. આમાંથી પહેલો તો જડી ગયો હતો—જીવનકાર્ય મળી ગયું હતું; હવે વ્યવસાયક્ષેત્ર શોધીને એને આની સાથે જોડી દેવું હતું. ચિત્ત જ્યાં ચાલ્યું હતું ત્યાં ચરણોને વાળવાં હતાં. એ ખાતર તો જીવણલાલ શેઠ જેવાની અર્થસમ્પન્ન હૂંફ છોડીને અહીં દાદાજીના દેશમાં પચ્ચીસ વર્ષને ઉંબરે પહોંચેલો જુવાન આવી પૂગ્યો હતો.

બગસરાના એ નવ-દસ માસના વસવાટમાં એકસાથે અનેક ઘટના-ચક્રો ચાલુ થઈ ગયાં હતાં: મિત્રો-સ્નેહીઓ સાથે વ્યવસાયની ચર્ચા-વિચારણા ને એ માટે ભાવનગર, વડિયા વગેરે સ્થળે થતા ટૂંકા પ્રવાસો; સ્નેહી-સગાંએ પાડેલી ફરજને કારણે લગ્ન માટેની તજવીજ ને એ માટેના ટૂંકા પ્રવાસો; સાહિત્યનું વાચન-લેખન; મિત્ર લાલચંદભાઈ જેવાએ ગોઠવેલાં વ્યાખ્યાનો માટે વાચન-લેખન, ગાન-ટાંચણ; દરબાર સાહેબ પાસે હડાળાના આંટા-ફેરા ને લોકસાહિત્યનો લાગતો નાદ; ટાગોર-દ્વિજેન્દ્ર-દક્ષિણારંજનની કૃતિઓના આરંભેલા અનુવાદો-રૂપાન્તરો; એમાં વાજસુરવાળાને ત્યાં સાંભળેલા લોકસાહિત્યના પુરાતા રંગો—આમ એકસાથે નાનીનાની છતાં અગત્યની એટલી બધી ઘટનાઓ એ નવદસ માસમાં મંડાઈ ગઈ હતી કે એની આનુપૂર્વી માંડવા જતાં જીવનની મૂળ સુંદર જટિલ આકૃતિનું આલેખન કદાચ વિકૃત બની જાય. જોકે અમસ્તું યે જીવન પરનાં—એટલે જળ પરનાં વર્તુળોના પરિઘ એકબીજાને ક્યાંક્યાં–ક્યારેક્યારે છેદતાં-ભેદતાં, ક્યાંથી-ક્યારે ઊઠ્યા-ફેલાયા એનું ચોક્કસ યથાતથ આલેખન શક્ય છે ખરું? જીવનનું શબ્દમાં પુનરાલેખન અ-શક્ય છે. જે થાય તે રેખાઓ કે રંગોમાંનું ચિત્રણ. એ ચિત્રો ક્યારેક સ્થિત તો ક્યારેક ગતિયુક્ત; ક્યારેક મૂક તો ક્યારેક બોલકાં કે બોલતાં; ક્યારેક એકાકી તો ક્યારેક હારમાળામાં આવતાં. બાકી, જીવન તો જે વહ્યું તે વણપકડ્યું જ રહેવાનું. એટલે ચરિત્રકારે એ પકડદાવમાં પડવાને બદલે પોતાને ઉચિત અગ્રતાક્રમ—વિવેક ને વિગતો કે હકીકતોને આધારે—ઊભો કરવો પડે. મેઘાણીભાઈનો બગસરામાંનો આ નવદસ માસનો વસવાટ શબ્દપ્રવૃત્તિ, વ્યવસાયશોધની પ્રવૃત્તિ, લગ્નપ્રવૃત્તિ, વ્યાખ્યાનપ્રવૃત્તિ વગેરેમાં ગયો. એમાંથી શબ્દપ્રવૃત્તિની વાત પહેલી કરીશું?

કલકત્તાના વસવાટથી દષ્ટિ પલટાઈ હતી. રવીન્દ્રકાવ્યનિકષ પર હવે કલાપી–સાગર–નરસિંહરાવ વગેરેનાં કાવ્યો ઊણાં ઊતરતાં હતાં. નાનાલાલનાં કાવ્યોનું પણ એવું આકર્ષણ રહ્યું નહોતું. દ્વિજેન્દ્રનાં નાટકો ને દિનેશચંદ્રનાં અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો, બંગાળી ગીતો-ઢાળો ને દક્ષિણારંજનની લોકવાર્તાના સંસ્કારો ચિત્ત પર તાજા હતા. એની ઉપર દરબાર સાહેબ વાજસુર વાળાને ત્યાંના લોકસાહિત્યના સંસ્કારો પડતા હતા.

બગસરામાં જે સમય મળે તેમાં 'ઠાકુરમા-ર ઝૂલી'ની વાતોનું રૂપાન્તર થતું હતું-'ડોશીમાની વાતો'ને નામે. હડાળાની વાતો ને આ બંગાળી વાતોનું રંગદર્શી મિશ્રણ થતું હતું. 'દાદાજીની વાતો' ('ઠાકુરદા-ર ઝૂલી'). ની તૈયારી પણ વચમાં વચમાં થતી હતી. પણ 'ડોશીમાની વાતો' તો લગભગ આખું તૈયાર થયું. રવીન્દ્રનાથનું 'કથા ઓ કાહિની' અને 'નાટ્ય કવિતા' વંચાતાં હતાં. એમાંના પ્રસંગોને ગુજરાતીમાં 'છૂટી શૈલીએ', 'સ્વતંત્ર રંગપૂરણી કરવાની હિંમત' સાથે આલેખવાની શરૂઆત કરી હતી. મિત્રો મળતા ત્યારે એમને એ સંભળાવતા. એ રૂપાન્તર ગદ્યમાં થતું હતું. રવીન્દ્રનાથનાં ગીતો પણ મનમાં ગુંજતાં હતાં ને કાવ્યરૂપાન્તર માટે એમને લલચાવતાં હતાં. કાવ્ય વહેતું નહોતું થયું, પણ કલ્પનાનાં ઉડ્ડયનો શરૂ થયાં હતાં. કપિલભાઈ લખે છે: કાવ્યસ્રોત વહેવા માંડ્યો હતો—ફક્ત ઝરણાના સ્વરૂપે...બગસરાની મારી એ દિવસોની એક મુસાફરી દરમિયાન મને એમણે કહેલું એક વાક્ય યાદ આવે છે. એમના ઘરમાં નીચેની નાનકડી ચટાઈ પર અમે બેઠા હતા. સામે પાણીઆરું હતું. ગોળામાંથી ઝમતું પાણી ટીપેટીપે નીચે પડતું હતું અને એમાંથી એક સ્વર સંભળાતો હતો. કાવ્ય માટે પ્રેરણા સંબંધી ચર્ચા કરતાં એમણે

કહ્યું : હવે તો આ પાણીનાં ટીપાં પણ કોઈક સર્જન માટે પ્રેરણા આપે છે.' (કપિલભાઈ કૃત અપ્રસિદ્ધ મેઘાણીચરિત્ર, પ્રકરણ ૭)

'દીવડો ઝાંખો બળે' તો કલકત્તામાં જ રચાયું હતું; પછી રવીન્દ્રનાથના 'માતૃવત્સલ' પરથી બગસરામાં રચ્યું 'પેલા વાદળમાં વસનાર...' એ એમનું પહેલું ગીતરૂપાન્તર અને સંખ્યાક્રમે બીજું ગીત. ત્યાર બાદ સ્વતંત્ર રચના થઈ 'દાદાજીના દેશમાં'. કેટલીક બંગાળી બાળવાતોનું રૂપાન્તર કર્યું. એકબે વાતો-લેખો સ્વતંત્ર પણ લખ્યાં. પણ લેખનનો આરંભ બાળસાહિત્યથી કર્યો.

પહેલું ગીતરૂપાન્તર 'મા-ઘેલો બાળક' શીર્ષક આપીને શ્રી ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલને અમદાવાદ મોકલ્યું 'બાલમિત્ર'માં પ્રસિદ્ધિ માટે. એ નવા આરંભાએલા માસિકમાં, ત્યારે માત્ર તેર જ વર્ષનાં વિનોદિનીબહેન જેવાં તો લખતાં જ, પણ નરસિંહરાવ, નાનાલાલ, હિં. ગ. અંજારિયા ને કાલેલકર પણ લખતા. બચુભાઈ રાવત, ગિરજાશંકર ભ. બધેકા, દેશળજી પરમાર, ગૌરીશંકર ગો. જોશી (ધૂમકેતુ) પણ એમાં લખતા.

ગુજરાતમાં બાળમાસિકો તો આ પહેલાં પણ હતાં. ઈ. ૧૮૮૨માં અમદાવાદની શ્રી બાળ-જ્ઞાનવર્ધક સભાએ 'બાળ-જ્ઞાનવર્ધક' માસિક બે વર્ષ ચલાવેલું. વડોદરેથી શ્રી મહાશંકર લલ્લુભાઈએ ઈ. ૧૯૧૨માં 'બાલ-શિક્ષક' શરૂ કરેલું. એ જ વર્ષે શ્રેયઃસાધક વર્ગે 'બાળકોનો બંધુ' આરંભેલું, તે ચાર અંકોથી બંધ પડી ગએલું. તે પછી એક દાયકે---સં. ૧૯૭૭ના કાર્તિકમાં મુંબાઈથી શ્રી કમલાકાન્તે 'બાલજીવન' પ્રગટ કરેલું. આ સિવાય 'સુન્દરી સુબોધ' અને 'સ્ત્રીબોધ' જેવાંમાં બાળવિભાગો આવતા. છતાં 'બાળકો વિષેનું' નહિ પણ 'બાળકો માટેનું', એમને જ્ઞાન અને આનંદ બન્ને આપે તેવું, અંગ્રેજી 'માઈ મૅગૅઝીન'ની કોટિનું એક માસિક કાઢવા કલકત્તાના જીવણલાલ મોતીચંદે 'ચરોતર એડ્યુકેશન સોસાએટી'ને રૂપિયા છ હજારનું દાન કરેલું એ અનુસાર 'છથી સોળ વર્ષનાં છોકરા-છોકરીઓ'ની સેવા કરવાની ઉમેદ થી 'બાલમિત્ર' ઑગસ્ટ ૧૯૨૧માં નીકળેલું. એના તંત્રી શ્રી ડાહ્યાભાઈ ઉપર ઝવેરચંદે પોતાની પહેલી કૃતિ 'મા-ઘેલો બાળક' મોકલેલી તે એના પાંચમા અંકમાં (ડિસેમ્બર ૧૯૨૧, પૃ. ૧૨૯) છપાઈ. એમની એ પહેલી મુદ્રિત કાવ્યકૃતિ. એ છપાઈ એટલે લેખ મોકલ્યો : 'આપણા નાના નાના પાડોશી.' પહેલા વર્ષના આઠમા અંકમાં–માર્ચ ૧૯૨૨માં–એ લેખ છપાયો. એમાં ભમરીના જીવનનું ચિત્ર આપ્યું છે. માર્ચના અંકમાં ભમરી વિષે તો એપ્રિલમાં કરોળિયા વિષેનો લેખ—'આપણા ઘરમાં એક કારીગર'—આવ્યો. એમાં કરોળિયાએ પુલ બાંધ્યો એની વાત બહુ રસિક રીતે મૂકી છે. એક બંગાળી લેખ પરથી લખ્યો 'ભાઈ-બહેન'. એ બે હપ્તે છપાયો. અગિયારમા અંકમાં–જૂન ૧૯૨૨માં છપાયું 'દાદાજીના દેશમાં' એ ગીત.

એ ગીતમાં જે સૃષ્ટિની વાત છે તે 'ડોશીમાની વાતો' ને 'દાદાજીની વાતોમાં'ની સૃષ્ટિ. 'શુદ્ધ બલદાયી કલ્પનાના વિહાર'વાળી એ વાતો 'છટાદાર ચારણી જોશ'વાળી વાણીમાં ઉતારવાનો પ્રયત્ન એમણે કર્યો છે. આવી પંદર વાતો 'ડોશીમાની વાતો'ને નામે એમણે આ બગસરાવાસ દરમિયાન લખી રાખી. એમના 'લેખકજીવનની વહેલી પરોડ'નું એ સર્જન છે. એ ગાળામાં બગસરામાં જ, પુસ્તકાકારે પ્રથમ પ્રકાશિત થનાર 'કુરબાનીની કથાઓ' લખાઈ. રવીન્દ્રનાથકૃત કથાગીતોમાંથી વીસનાં ગદ્ય-રૂપાન્તરોનો એ સંગ્રહ છે. મૂળ બંગાળી 'કથા' ઈ. ૧૯૦૦માં પ્રસિદ્ધ થયું હતું. ત્યાર બાદ ચાર વર્ષે મોહિનીચન્દ્ર સેન સંપાદિત કાવ્યગ્રંથમાં 'કાહિની' પછીની કૃતિઓ પ્રસિદ્ધ થઈ જે, 'કથા ઓ કાહિની' નામે ઈ. ૧૯૧૦માં પ્રસિદ્ધ થઈ. એમાં રવીન્દ્રનાથે શીખ, રાજપૂત, બૌદ્ધ, મરાઠા ઇત્યાદિ તવારીખોમાંથી સ્વાર્પણના ને ત્યાગના સુંદર ભાવનાપ્રસંગો વીણી લઈ, પોતાનાં ઓજસ્વી કથાગીતો+બૅલેડ-રૂપે આલેખ્યાં છે.' એમાંની કથાઓમાંથી રવીન્દ્રનાથે બૌદ્ધ કથાઓ રાજેન્દ્રલાલ મિત્રે લખેલા નેપાળી બૌદ્ધ સાહિત્ય વિષેના અંગ્રેજી ગ્રંથમાંથી, રાજપૂત કથાઓ ટૉડકૃત 'રાજસ્થાન'માંથી, શીખ કથાઓ એકાદબે અંગ્રેજી શીખ ઇતિહાસમાંથી અને વૈષ્ણવ કથાઓ 'ભક્તમાળ'માંથી લીધી છે, ને પોતાને અનુરૂપ ઘાટ આપવા ફેરફાર પણ કર્યો છે. મેઘાણીભાઈએ પણ ફેરફાર કર્યો છે. ક્યાંક તો જરાઅમથા ફેરથી પણ કૃતિનું હાર્દ જ ફરી ગયું છે! પણ એ ચર્ચા કૃતિની પ્રસિદ્ધિની વાત આવે ત્યારે કરીશું. અહીં તો એ નવદસ માસના ગાળામાં શું કર્યું તે જોઈ લઈએ.

'કથા ઓ કાહિની'નો અનુવાદ 'સમર્પણની કથાઓ' નામે ઈ. ૧૯૨૮માં શ્રી નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે પણ કર્યો છે—મેઘાણીભાઈની પછી. એમણે મૂળની ૩૪માંથી ૩૦ કથાઓ આપી છે.

મૂળ કૃતિમાં બે વિભાગો છે: 'કથા' અને 'કાહિની'. 'કથા'માં ૨૫ કૃતિઓ છે અને 'કાહિની'માં ૯. આમાંથી અઢારનો અને 'નાટ્ય-કવિતા'માંથી બેનો એમ વીસનો મુક્ત ગદ્યાનુવાદ બગસરાવાસ દરમિયાન મેઘાણીએ પૂરો કર્યો. આ રીતે બે પુસ્તકોની સામગ્રી તૈયાર થઈ—'ડોશીમાની વાતો'ની અને 'કુરબાનીની કથાઓ'ની. વધારામાં 'દાદાજીની વાતો'ની થોડીક તૈયારી થઈ હતી તે આપણે જોયું.

એ ગાળામાં જ 'ઉમા' નામે કશુંક લખાયાનો ઉલ્લેખ શ્રી ગુણવન્તરાય આચાર્ય કરે છે. શ્રી ગિરધરભાઈ સંતોકરામ શુક્લ ને મેઘાણીભાઈ વચ્ચેના મિલનનું ચિત્ર તેઓ દોરે છે: 'કેમ, હમણાં શું ચાલે છે? કેટલીક શાહી બગાડી ને કેટલાક કાગળ મોંઘા કર્યા' ગિરધરભાઈએ પૂછ્યું.

'તમે દવા બગાડો; હું શાહી બગાડું'.

'ના, ના. એ તો ઠીક. પણ હમણાં શું લખો છો?'

' "ઉમા" પૂરું કર્યું.'

શ્રી ગુણવન્તરાય લખે છે: 'આજ આ સંવાદ મને અક્ષરેઅક્ષર યાદ આવે છે.' ('સ્ત્રીજીવન' જૂન ૧૯૪૭, પૃ. ૩૬૮).

'ઉમા' તે પાછળથી 'દરિયાપીરની દીકરી' નામે 'રંગ છે બારોટ'માં પ્રસિદ્ધ થએલી વાર્તા, એમ હું માનું છું. 'રંગ છે 'બારોટ'ના પ્રવેશકમાં મેઘાણીભાઈએ પોતે નોંધ્યા પ્રમાણે એ જ કાળે એ વાર્તા સંભળાઈ–લખાઈ, અને મુખ્ય પાત્ર 'ઉમા' છે, એ મારી માન્યતાનાં કારણો. વાર્તા આ લેખ સાથેના ચોકડામાં આપી છે.

મેઘાણીભાઈએ લખેલી–ઉતારેલી–આરંભની એ લોકકથા. એ વિષે મેઘાણીભાઈ લખે છે: 'સોરઠી સાહિત્યના જેને મેં મારા દીક્ષાદાતા માન્યા છે તે હડાળા દરબારશ્રી વાજસુર વાળાએ છેક ૧૯૨૧–૨૨માં એમના ગઢમાં આ વાર્તા એમની પ્રવાહબદ્ધ, સમતોલ, નિરાડમ્બરી શૈલીમાં કહી હતી. મેં તે લખી કાઢી હતી. લખાણ તેમણે વાંચ્યું ને સુધાર્યું હતું. દુહાવાળો કાવ્યભાગ તો તેમણે જ લખીને મોકલ્યો હતો.' ('રંગ છે બારોટ,' આ. ૩, પ્રવેશક પૃ. ૫)

આમ, ઝવેરચંદની કલમ ચાલતી હતી તેની જાણ હવે સ્નેહીઓને થઈ ચૂકી હતી. તેમાં ય દરબારસાહેબ વાજસુર વાળા એમની શક્તિ પારખી ગયા હતા. તે, આ ગાળાનો–ને આપણા સાહિત્યના ઇતિહાસમાં દલપતરામ ને ફૉર્બ્સના મિલન જેવો જ—અગત્યનો બનાવ. હડાળાની અવરજવર વધી હતી. 'ભિન્નભિન્ન જાતના સાહિત્યના સંસ્કાર'થી 'ભીતરની ભોંયમાં...રસનાં ઝરણાં વહ્યાં કરતાં' હતાં તે એ 'પાણીકળો'—જેને મેઘાણીભાઈએ પોતાનો 'સોરઠી સાહિત્યનો દીક્ષાદાતા' કહ્યો છે–કળી ગયો હતો, એટલે મન મૂકીને વરસતો હતો: 'મારા એ વૃદ્ધ વડીલ-મિત્ર પેલા કથાવાર્તાના કોઠાર ગઢવી સામતભાઈને યાદ કરી મને પોતાની શાંત શૈલીએ માંગડા ભૂતની, ચાપરાજ વાળાની, એવી કંઈ કંઈ વાર્તાઓ કહે, દુહા ટાંકતા જાય, વીસરાએલી કોઈ પંક્તિને પકડવા જીર્ણ સ્મૃતિનાં ગીચ જંગલો શોધવા લાગે. એકેકે દુહા ઉપર એની રસના ને કલ્પના ક્યાં લગી વળુંભી રહે!'(વર્મા-પરમાર સંપાદિત 'ઝ. મે.' પૃ. ૪૩)

ઉમા : દરિયાપીરની દીકરી

સિંગળ દીપની રાણી મીણલદે પર મોહેલા તાંત્રિકે મોકલેલું તેલ રાણીએ માથે ન નાખ્યું, ને બચી ગઈ; પણ સાતે ય રાણીઓમા એકમાત્ર માનીતી બનવા લોભાઈ ને મંત્રેલું પૂતળું લીધું; એ લીધા પછી 'જેવી હું તેવી બીજી છ યે; મારે એમને દુઃખી ન કરવી' એ વિચારે પૂતળું સાગરમાં પધરાવડાવ્યું. પણ એથી તો દરિયાપીર જાતે આવ્યા ને સાત દિવસ સુધી એનો સંગ કર્યો. આઠમે દિ' એમનો ને રાજાનો બેયનો ભેટો રાણીવાસમાં થઈ ગયો! રાણી લજવાઈ. એમને આગળ વધતા અટકાવવા તેત્રીશ કોટિ દેવતાની આણ દીધી. દેવ પાછા તો વળ્યા, પણ કહેતા ગયા: 'તારે પેટ દીકરી જન્મશે. એનું નામ પાડજો ઉમા. દીકરીનાં લગ્ન વખતે મને નોતરું દેવું ભૂલીશ મા...'

દીકરી તો મોટી થઈ. લગ્ન લેવાયાં. ભુલાઈ ગએલો દરિયાપીર કોપ્યો. રાણી પામી ગઈ. ચારણને કંકોતરી આપવા મોકલ્યો. કંકોતરી દરિયાપીરને તે ક્યાં આપવી?! ભય-આશ્ચર્યનો ભર્યો ચારણ ગયો. ત્યાં દરિયાકાંઠે દીઠું એક સરોવર! માંહી કમળો મઘમઘે. અલૌકિક દૃશ્ય. કાંઠે કીમતી વસ્ત્રાભૂષણો વિસર્જિત કરીને અપ્સરાઓ નહાય. પીઠ ફેરવીને એણે સાગર કોર કંકોતરી ફગાવી. સાગરમાંથી નીકળેલા એક હાથે એ ઝીલી લીધી. પાણીમાંથી અવાજ સંભળાણો. એમાં આદેશ હતો: 'જો, ઓલ્યા સરોવરમાં અપ્સરાઉં સ્નાન કરે છે. ને કાંઠે તેનાં વસ્ત્રાભૂષણો પડયાં છે. તેમાંથી તમને ઠીક લાગે તે એક ઉપાડી લ્યો. જાવ, ઝપટ કરો.'

ચારણની મનોવ્યથા રજૂ કરતાં વાર્તાકાર દરબાર સાહેબ મરમમાં મરકતા મેઘાણીભાઈને વાત સંભળાવે છે:

'ઓય મારા બાપ! આ ડીંડવાણું તો જો, ડીંડવાણું! કોકની દીકરીનાં લગન, એમાં દરિયાને ઘેર ઓછવ! ને આ દરિયાપીર પણ પારકે પાદર માવજીભાઈ કાંધાળા! કોકનાં ઘરાણાં ચોરીને પેરામણી દેવી! એમાં વચ્ચે કાંધ મારવો છે ગઢવાને. પારકી બલા ગઢવાને વોરવી! સૌને એક ગઢવો ઠીક હાથમાં આવ્યો છે. ગઢવા! જાવ કંકોતરી લઈને! ગઢવા! ગોતી કાઢો દરિયાપીરને! ગઢવા! લૂંટી આવો કોકનાં ઘરેણાં!'

બબડતો બબડતો ચારણ સરોવરની પાળે પહોંચ્યો. મારે વાલે કરી છે ને કાંઈ! નાતી બાયડીઉંનાં લૂગડાં ચૂંથવાનાં! કાંઈ કામો! કાંઈ રૂડો કામો ગઢવાને ભળાવ્યો છે! રતનાગરને તળિયે નંગના ભારા ને ભારા પડ્યા છે. એમાંથી દોથોક દેતાં શું ભાલાં વાગતાં'તાં? જાત છે ને દેવદેવલાંની! આફતનાં પડીકાં છે બાપ! રૂઠ્યાય વસમા ને રૂઠ્યાય વસમા!' ('રંગ છે બારોટ.' ૩ પૃ. ૯૮)

દરિયાપીરને ઉતાવળ હતી દીકરીને પેરામણીમાં રત્ન આપવાની; ઘડાવીને હાર કરાવવાનો સમય નહોતો. એટલે તૈયાર હારની લૂંટ કરાવડાવી. પણ કાંઠે પડેલાં વસ્ત્રાભૂષણોમાંથી એક હાર લઈને જેવો ગઢવો દોડવા ગયો એવી એક અપ્સરા પાછળ પડી. દરિયાપીરે ગઢવાને બચાવ્યો; પણ અપ્સરાએ શાપ આપ્યો: 'એ હાર કોઈ સુવાગણ નાર પહેરી રહી. પેરશે દુવાગણ'.

ઉમા પરણી અચળા ખીચી નામે રાજકુમારને. પેલો હાર છે એના ગળામાં. રાત પડી. દેવડીએ ચડી. આંખો મળી. અચળે એક રાજરીતની યાદ સાંખલ કુળની ઉમાને દેવડાવી: હે ઉમાદે!

> ખાંતે ખીચી બોલિયો, 'સાંભળ સાંખલી નાર!
> મારા પગની મોજડી ઉમાદે ઉતાર!'
> મરકી ઉમા બોલિયાં, ગોરી ભીને ગાત્ર:
> 'તારા પગની મોજડી (કાં) દાસી ઉતારે કાં પાત્ર.'

બહુ મનાવી, પણ ઉમાએ મમત ન મેલી. અચળે ઉમાનો ત્યાગ કર્યો. એની પ્રિય સખી ચારણકન્યા જુમાએ એને સાથ આપ્યો. જુમા બીન વગાડે, ભજન ગાય, એમ કાળ વહ્યે જાય. પણ એક વાર જુમા દૂર વિદેશે, ને વસંતલ વાયુ વાયો. અંતરના બંધ તૂટ્યા. ઉમાએ જુમાને તેડાવી:

> ઉમા કાગળ લખી મોકલે, 'જુમા ઓરેરી આવ!
> થારો ગુણ મેં જાણશાં, મારો રૂડો નાવ મનાવ!'

એ આવી, ને આખરે યુક્તિથી અચળો જે મેવાડી રાણીને પરણેલો એ જ આ હાર માગે અને બદલામાં પતિને ઉમા પાસે મોકલે એમ ગોઠવ્યું. અચળાએ એ જાણ્યું ત્યારે બોલી ઊઠયો: 'આ હાહા! હારની બદલીમાં મેવાડી રાણી, તમે તમારો પિયુ માગ્યો દીધો છે! ત્યારે તો હવે ભરમ ભાંગી ગયો. તમારે હાર પહેરવાના વધુ કોડ હતા! ભલે, તો હવે જાવ, ને એ હાર જ પહેરો–

> મેવાડી જા મેવાડમાં! ઊંટે ભરીને ભાર;
> અચળો ઉમાનો રિયો, તારે રહિયો હાર.

પાછળ દેખાતા નાનકડા કૃષ્ણમંદિરવાળી એ હડાળાના દરબારગઢની ઓસરી પર રાત્રીની શાંતિમાં નાનકડી મિજલસ જામી હોય. બાપુ સિતાર સંભળાવતા હોય, કે શૌર્ય-સ્વાર્પણ ખાનદાનીની કે ભક્તિની કે 'દરિયાપીરની દીકરી' જેવી અદ્દભુત રસની કોઈ વાત માંડી બેઠા હોય, કે કલાપી સંબંધી કોઈ સ્મરણ ઉખેળતા હોય. ક્યારેક હડાળાના ચારણ જલાભાઈ ભગત પાસે વાત મંડાવતા હોય. એ એવી સરસ રીતે વાતો કહે કે તમે ઉતારી લો તો સંઘેડાઉતાર સાહિત્યિક છટાવાળી વાર્તા મળે.

એ જલાભાઈના કાકા સામતભાઈ ગઢવી હડાળામાં દરબારસાહેબ પાસે હતા. જબરા વાર્તાકાર. 'દરિયાપીરની દીકરી'વાળી વારતા મૂળ એમણે દરબારસાહેબને સંભળાવેલી. એમનો વારસો ગગુભાઈમાં ઊતરેલો. પણ દરબારસાહેબ કહે છે: 'ગગુભાઈ પોતાના કથનની વીર-કરુણ ઊર્મિઓમાં પોતે પણ ઘસડાઈ જાય છે. એ કલાકારની ન્યૂનતા છે. સામતભાઈ વાતો માંડતા ત્યારે પોતાના શ્રોતાઓને વિવિધ રસે ઉલ્લસિત કરતા જતા, રડાવતા, હસાવતા, શૌર્યનો પાનો ચડાવતા, છતાં પોતે તો પૂર્ણ સ્વસ્થતાથી નિરૂપણ કર્યે જતા. ગળામાં રુદ્રાક્ષના પારાની મોટી એક માળા પહેરતા. તેને હાથમાં ઝાલી અકેક પારો ટપટપ પડતો મૂકતા જાય ને વાર્તાને આગળ ચલાવતા આવે. એ માળાના પારાની ગતિ સિવાય અન્ય કોઈ પણ ગતિ કે હલનચલન એ સામતભાઈના વાર્તાકથનને ટાણે, કલાક બે કલાક કે ચાર કલાક થાય તે છતાં ય, એના દેહમાં–અરે આંખમાં યે ચાલતું નહોતું. એવા પૂરા પાવરધા કલાકાર હતા સામતભાઈ, કે જેના પરથી કલાપીએ ગોહિલ વીર હમીરજી નામના પોતાના કાવ્યમાં ગઢવીનું પાત્ર આલેખ્યું છે.' ('પરકમ્મા' આ૦૨, પ્રકરણ-૮) આ સાંભળતા મેઘાણીભાઈને આદર્શ વાર્તાકથનનો પાઠ પણ મળતો હતો; ચારણો ને ચારણી પરંપરાનો પ્રત્યક્ષ પરિચય થતો હતો.

તેમાં ય આરંભે જ પરિચય થયો નખશિખ શુદ્ધ ચારણી સંસ્કારોવાળા, સનાળીની નીલશાખાના ભક્તકવિ કશીઆભાઈના વસ્તારના એ જલાભાઈનો ને ગગુભાઈનો. ગગુભાઈના સ્વતંત્ર ને નિકટના પરિચયમાં તો આવ્યા ત્રણેક વરસ પછી; ને પછી તો પાંચ સાત વર્ષે એ સંપર્ક એવો

સતત રહ્યો કે મેઘાણીભાઈએ એમને વારંવાર યાદ કર્યા છે. એમના જીવનમાં ચારણપ્રવેશ એ જાણે એક એવી મોટી ઘટના હતી કે એ વિગતે જોવા-સમજવા, 'ચારણ'ના નમૂના લેખે પણ, ગગુભાઈનું મેઘાણીએ કરેલું આલેખન વાંચ્યા વિના ન ચાલે: 'રાત્રિ અને દિવસ અમે ભેળા રહ્યા, ભેળાં ખાધાં ને પીધાં. રસધારની કઈક વાતો, કઈક ટુચકા, બહારવટિયાના-કઈક કિસ્સા એ ગગુભાઈની પ્રસાદી છે. હું તો જોડાજોડ લોકગીતો ને ભજનો પણ ભેગાં કરતો. ઝમકદાર ડિંગળ-વાણીના ઉપાસક ચારણોને સુકુમાર સ્ત્રીગીતો, લોકગીતો પ્રત્યે જે હાંસીભર્યો અણગમો હોય છે તે ગગુભાઈમાં ન મળે. હું કોઈક સ્ત્રીગીતનું પૂછું. પોતાને આવડે નહિ, એટલે દીકરાને બોલાવે: "કાનજી, આમ જો. ઝવેરભાઈને ફલાણું ગીત જોવે છે. હવેથી આપણે રસ્તે જે કોઈ મળે તેને, ઢેઢ મળે તો તો ઢેઢને ય, ઊભો રાખી પૂછવું કે એલા ફલાણું ગીત બોલ. એ બોલે એટલે આપણે લખી લેવું. સમજ્યો ને કાનજી? ઢેઢ મળે તો ઢેઢને પણ પૂછવું ને આ ઝવેરભાઈને માટે ગીતો કઢાવવાં."

શેણી-વિજાણંદની વાત મેળવવા અને એ પ્રેમકથાની લીલાભૂમિ ગોરવીઆળી ગામ જોવા ગગુભાઈ મને સાથે લઈ ગએલા ..ગોરવીઆળીમાં જેને ઘેર ગયા હતા તે ચારણ શેણીના બાપઘરનો વંશજ હતો. એના મનથી તો શેણી-આઈ એ કોઈ દેવી બની ગઈ હતી...બાજરાના પોંકનો દૂધમાં ડોયેલો ભુકો એ મારું ત્યાંની રાતનું વાળું હતું...

ગગુભાઈ વિધવિધ સરદારોના દાયરામાં બેસનાર અને સ્વભાવે સારગ્રાહી, એટલે કઈક તુક્કા-કિસ્સા ભેગા કરે. કાદુ મકરાણીના બહારવટામાં સામિલ ચૌદ વર્ષના છોકરા ગુલમહમદ જમાદારની ભાળ એમણે મને આપેલી. કહેતા કે "ઝવેરભાઈ! ગુલાબના ગોટા જેવો છે હો!" ને નીકળ્યું પણ ગુલાબ જ. વાઘેરોના બહારવટામાં "હમ નૈ હટેગા!" એવી હાકલ કરીને ઊભા રહેનાર આરબજુવાનની વાત પણ એણે કરેલી... ...વર્ણનો પણ એનાં લાક્ષણિક હતાં. સિંહને આમ વર્ણવે: "ભૂહરી લટાળો, પોણા પોણા હાથની ઝાડચું, થાળી જેવડા પંજા, સાડા અગિયાર હાથ લાંબો, ગોળા જેવડું માથું, ગેંડાની ઢાલ જેવડી છાતી, ...આવે તેની ઘડીએ ત્રણક ગાડાં ધૂડ ઊડે...ઘે, ઘે, ઘે કરતો ધખીને આવ્યો. એક લા નાખી, બીજી લા, ને ત્રીજી લાએ તો ભુક્કા!" સાંઢિયાને ગગુભાઈ વર્ણવે ત્યારે; "જમી પર લા બળતી જતી હોય એવા છબ્યા ન છબ્યા પગ માંડતો, નિંડોળીને પંદરેક હાથ માથે ઝફ કરતો, ડોક અસવારના ખોળામાં નાખી દેતો, ત્રણેક ગાઉ માથે જાતો ને રણકે,' ('પરકમ્મા', પ્ર.૮)"

કેટલા નવા શબ્દપ્રયોગો આવી વાતોથી મળતા હતા! એમના ગદ્યઘડતરમાં આ વાર્તાકારોના સંસ્કારો પણ પડચા છે. પ્રયોગશીલ માનસ. નવું કંઈ સાંભળે કે વાપરે. આરંભમાં જ આ વર્ણન સાંભળીને એક બહારવટિયાની વાર્તામાં વાપર્યું. ઉત્સાહથી દરબારસાહેબને એ વાર્તા વાંચવા આપી. દરબારસાહેબ હસી પડચા! 'કાં ભાઈ?...' કહે, 'ભાઈ, બહારવટિયાનો સાંઢિયો રણકે નહિ. એ જો અવાજ કરે તો તો થઈ રહ્યું ના! મોત જ આવે ના!' ('પરકમ્મા', પ્ર. ૮).

આમ આવા અનેક પ્રયોગોના ઔચિત્ય વિષે સજાગ રાખનાર ત્યાં હતો. એટલે તાલીમ બે ય રીતે ચાલતી હતી. વળી વાતો કઢાવવાની રીતમાં ય દરબારસાહેબ દૃષ્ટાંત પૂરું પાડતા. બરાબર મોકો જોઈ ને 'આ હવેના જમાનામાં, ગગુભા, ઈ મરદ, ને ઈ ઘોડાં, ને ઈ બધું ક્યાં રિયું છે!' કહીને મમરો એવો મૂકે કે ગગુભા આપમેળે વાત માંડી બેસે. પછી એવું વાતાવરણ ખડું કરે કે બધું ભૂલી જવાય. એક વાર વાત કહેતાં એવું વાતાવરણ જમાવ્યું કે મોગલો જાણે ત્રાટક્યા છે ને હિંદવાણને સાથોસાથ લઈ જાય છે એવી પ્રતીતિ થતાં, એક લાલામા' રાજ ઊભા થઈ જતાં કહે: 'અરે! રોકો, રોકો! આ લઈ હાલ્યા!'

એ પ્રસંગ નિરૂપતો એક ચહેરો યાદ આવે છે. રૂપાળો, પાતળ સોટી જેવો દેહ, ચળકતી આંખો, હસતું મોં, નિખાલસતા-શબ્દમાં ને વર્તનમાં. કોઈ માને નહિ કે કાળુ વાંકનો આ ભાઈ હશે. દરબારસાહેબન પુત્રીના એ પુત્ર ભાઈ શેલાર વાંક તા. ૧૮-૧૦-'૫૮ને રોજ વડિયામ મારી સમક્ષ જૂની વાતો સંભારતા બેઠા હતા: 'મેઘાણીભાઈના કહેવાથ ઈ ગગુભા કાઠીઓનો ઇતિહાસ ભેળો કરવા નીકળેલા. ચાર માસ સુધ ઘેર કાંઈ ખબર જ નહિ કે પછી ખબર પડી; ચિત્તભ્રમ થઈ ગએલા! પોત જ પોતાને ચાકુ મારેલું! એવી સ્થિતિમાં ગુજરી ગએલા. એમના દ દીકરા—કાનજીભાઈ ને કરણદાન. બેય વારતા કરે છે. ગગુભાનો વારસે ઊતર્યો છે. એક વોરાજીમાં તલાટી હતા ને બીજા વડિયાના સનાળીમાં ગગુભાઈએ "ઘોડી ને ઘોડેસવાર"ની વાત મેઘાણીભાઈને સંભળાવેલ ત્યારે હું હાજર. નાનો હતો...મારાં મા પાસે મેઘાણીભાઈ લગ્નગીતે ગવડાવે. એની એ લાજ ન રાખતાં. દરબારગઢમાં ગમે ત્યાં જવાન મેઘાણીભાઈને છૂટ.'

આવા અનેકોની સાથે કેવો નાતો બાંધીને મેઘાણીએ કેમ સામગ્ર એકઠી કરી છે એની રસભરી વાત એમણે પોતે જ 'લોકસાહિત્યના શો ધનની આત્મકથા' જેવાં 'પરકમ્મા' ને 'છેલ્લું પ્રયાણ'માં કરી છે. (ચાલુ

વાર્તાઓ માટેનાં ચાર પારિતોષિકો

હમણાં હમણાં કેટલાક વાચકોએ પત્રોથી તો કેટલાકે રૂબરૂમાં 'કુમાર'ના વાર્તાવિભાગ માટે અસંતોષ વ્યક્ત કર્યો છે—જોકે ગુજરાતી સામયિકોમાં વિશિષ્ટ ભાત પાડી રહેલી લઘુકથાની અમારી માળા માટે પ્રોત્સાહક અભિપ્રાય પણ આપ્યો છે; છતાં બીજી તરફથી સાહસકથાઓ, અને ખાસ કરીને ઐતિહાસિક વાર્તાઓની 'કુમાર'ની ઊણપ તરફ અમારું ધ્યાન દોર્યું છે, અને એ માટે 'કુમારે' જ એ ઊણપ પૂરવાનું માથે લેવું જોઈએ એવી અપેક્ષા પ્રકટ કરી છે. આ બંને વાત અમે માથે ચડાવીએ છીએ અને એમાં લેખકોનો સહકાર માનીએ છીએ.

૧ વિકરાળ પ્રાણીના સામનાની કે જીવસટોસટના સાહસની કથા માટે 'એક સજ્જન' તરફનું રૂ. ૨૫નું પારિતોષિક તો અમારી પાસે અકબંધ પડચું છે. લગભગ બે વર્ષ થયા છતાં એ દિશાની એકે વાર્તા અમને મળી નથી. આનો અમને ખેદ છે.

ઉપર્યુક્ત પારિતોષિક ઉપરાંત અમારા તરફથી ત્રીસ ત્રીસ રૂપિયાનાં બીજાં બે પારિતોષિકો અમે જાહેર કરીએ છીએ.

૨ રૂ. ૩૦નું એક પારિતોષિક વર્ષ દરમિયાન શ્રેષ્ઠ નીવડનાર પરાક્રમકથા, ડિટેકટિવ કથા કે વિજ્ઞાનવાર્તા માટે અપાશે અને

૩ રૂ. ૩૦નું બીજું પારિતોષિક ખાસ શ્રેષ્ઠ ઐતિહાસિક નવલિકા માટે અમારા તરફથી અપાશે આ ઉપરાંત—

૪ 'કુમાર'માં આવેલી વર્ષની શ્રેષ્ઠ ટૂંકી વાર્તા માટેનું રૂ. ૩૦નું વર્ષોવર્ષ અમારા તરફથી અપાતું પારિતોષિક તો ચાલુ જ રહે છે. આશા છે કે લેખકો તરફથી ઉત્સાહપૂર્વકનો સહકાર મળશે.

દ્રૌપદી વસ્ત્રહરણનો પ્રસંગ મહાભારતમાં પાછળથી ઉમેરાયો હોવાની એક શંકા છે. 'જો એમ જ હોય તો તેને આવી રીતે ન મૂકી શકાય?

દ્યૂત, દ્રૌપદી અને દુઃશાસન

લેખક • રવીન્દ્ર ચં. ભટ્ટ

દુર્યોધન તરફથી યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું આમંત્રણ છે. સત્યનો આગ્રહ, અને જે રમતમાં એ આગ્રહને રાખવાની કે રખાવવાની મુશ્કેલી એ દ્યૂતની રમતનો શોખ,—એ બન્નેનો અજબ, અસામાન્ય મેળ યુધિષ્ઠિરમાં છે; અને તેથી સામાન્ય લાગણીઓને ઉશ્કેરે એવી એ રમતમાં પણ કૌશલ્યથી, છટછાટથી રમીને હરીફને સત્યને માર્ગે સાત્ત્વિક રાખવાની એમને હોંશ છે.

તેથી દુર્યોધનનું આમંત્રણ એમણે સ્વીકારી લીધું. તેમાં એક બીજું કારણ પણ છે. સામે પક્ષે રમવામાં દુર્યોધનના મામા શકુનિ હોવાની એમને ખાતરી છે. અને શકુનિ વિષે એમણે સાંભળ્યું છે કે ભલે એનામાં પ્રબળ આત્મશક્તિ ન હોય, અને બીજા ઉપર વશીકરણ કરવાનો આંખનો જાદુ ન હોય, તો પણ દ્યૂતના પાસા ઉપર તો જરૂર એ પોતાની કોઈ અજબ આત્મશક્તિ આંખ દ્વારા કેંદ્રિત કરીને ધારેલા દાણા પાડી શકે છે! એની ખાતરી કરવાની આવી સરસ તક બીજી ક્યારે મળવાની?

એમણે નાના ભાઈઓને વાત કરી. શકુનિની એક જ દિશામાં ખીલેલી એ અજબ શક્તિની વાત તો એ ભાઈઓએ પણ સાંભળી છે. હસ્તિનાપુરમાં અને હસ્તિનાપુરની બહાર પણ કોણે એ નથી સાંભળી? નાના ભાઈઓને પણ એવા એ વિચિત્ર ખેલાડીને રમતા જોવાની હોંશ જાગી. તેઓએ મોટા ભાઈને આમંત્રણ સ્વીકારી લેવાની સલાહ આપીને સૂચવ્યું કે પોતાને બધાને હોડમાં મૂકવા, જેથી બધા રમત પડએ ઉપસ્થિત રહીને શકુનિની શક્તિઓ વિષે ખાતરી કરી શકે. પછી આગળ ઉપર શું કરવું તે જોયું જશે. યુધિષ્ઠિર કબૂલ થયા. દ્રૌપદી પાસે ન ગયા.

એ જ વખતે, આવતાં કોઈ અમંગળનાં એંધાણમાં, દ્રૌપદી અત્યંત અસ્વસ્થ અવસ્થામાં પોતાના ખંડની ઉત્તરની બારીએ ઊતરતાં વાદળોને સંતપ્ત થઈને જોઈ રહી હતી.

દ્યૂતની રમત સાથે કૌરવો તરફથી બંધાએલ નવો ક્રીડાખંડ જોવાનું પણ પાંડવોને આમંત્રણ હોવાથી, બધા સાથે દ્રૌપદીને લઈ હસ્તિનાપુર ગયા. બધો ઔપચારિક વિધિ પતી ગયા પછી દ્યૂતની રમત શરૂ થઈ. દુર્યોધન અને યુધિષ્ઠિર રમવા બેઠા. ત્યાં તે વખતે ધૃતરાષ્ટ્ર વિદુર, દ્રોણાચાર્ય, કર્ણ, દુઃશાસન બધા જ ઉપસ્થિત હતા. નહોતા એક ભીષ્મ પિતામહ. કૌરવો-પાંડવો વચ્ચે જે અંતર પડતું જતું હતું અને પોતાની તથા પછીની પેઢીઓ વચ્ચે જે ભેદો પડતા જતા હતા તેમાં ભવિષ્યનું એક અનિવાર્ય સામાજિક પરિબળ જોતાં, ધીરેધીરે, કંઈક તટસ્થ, કંઈક ઉદાસ, કંઈક અસ્વસ્થ ને કંઈક ઉદ્વિગ્ન થતા જતા એ પિતામહે પોતાના જ ખંડમાં એકલા અધ્યયન માટે રહેવાનું ઉચિત ગણ્યું હતું. ધૃતરાષ્ટ્રે તો કચવાતા મને જ, અને દુર્યોધનની શેહ નીચે જ, દ્યૂત માટે યુધિષ્ઠિરને બોલાવવાની અને રમત વખતે હાજર રહેવાની હા પાડી હતી. દ્રોણાચાર્યને દ્યૂતમાં રસ નહોતો, પણ પાંડવોને જોવાથી, કોણ જાણે કેમ, એમના બ્રાહ્મણ જીવને સારુ લાગતું હતું, એટલે એ ત્યાં હાજર હતા.

દુર્યોધન વતી શકુનિમામા પાસા નાખે એમ નક્કી થયું. યુધિષ્ઠિરે તે સ્વીકારી લીધું; એટલું જ નહિ, પહેલા જ દાવમાં ભીમને હોડમાં મૂકી એમણે શકુનિની આંખો અને દુર્યોધનના હોઠ પહોળા કરી દીધા!

'ભીમ?!'—જાણે કોઈ ઝેરી કાળોતરો હોડમાં મુકાયો હોય તેમ, આમ તો અંતરના આવેગોને કુશળતાથી ઢાંકનારા શકુનિ, એ એક જ નામ મોટેથી બોલીને પહેલે જ ધડાકે ઉઘાડા પડી ગયા. 'ભીમ?!!' રમત જાણે સાવ અણધાર્યો વળાંક લેતી હોય એમ એકીસાથે ક્રોધ અને નિરાશામાં દુર્યોધન બરાડી ઉઠયો. મામા-ભાણેજ બન્નેને યુધિષ્ઠિરને હરાવી, એની સંપત્તિ મેળવી લઈ, પાંડવોને રઝળતા કરી દેવાની ગણત્રી ધૂળધાણી થતી દેખાઈ.

'કેમ? એમાં ખોટું શું છે?' યુધિષ્ઠિર ધીરેધીરે દુર્યોધનને સ્વસ્થતાથી પૂછી રહ્યા: 'ભીમ તને તારા ભાઈ કરતાં દુશ્મન જેવો વધારે લાગતો આવ્યો છે. ભીમ-અર્જુન, મારા બધા જ ભાઈઓ, મારે મન મારી સ્થૂળ સંપત્તિ કરતાં પણ વધારે મૂલ્યવાન છે. તારા મામા તો એના કૌશલ્યથી મને હરાવવાના જ છે. એક જ દાવમાં આમ હું એ સંપત્તિ ગુમાવીશ અને તું તારો દુશ્મન મેળવીશ. એનાથી રૂડુ શું?'

ઝડપથી કેટલીક ગણત્રી કરીને શકુનિ પાછા ગાંધારના સ્વસ્થ ગણત્રીબાજ ખેલાડી થઈ ગયા. એની કોણી સહેજ જ દુર્યોધનને અડી. દુર્યોધને યુધિષ્ઠિરની હોડ સ્વીકારી લીધી. પાસા ફેંકાયા. યુધિષ્ઠિર હાર્યા અને ભીમને ત્યાં કૌરવપક્ષે આવીને બેસવું પડ્યું.

'હવે?' જીતેલા શકુનિએ ફરી પાસા હાથમાં લીધા.

'અર્જુન'. યુધિષ્ઠિર સ્પષ્ટ બોલ્યા.

શકુનિએ પાસા હાથમાં લીધા. નજીક આવેલા ભીમે પોતાનું બધું ધ્યાન એના પર કેન્દ્રિત કર્યું ને એકાએક ખડખડાટ હસી પડ્યો. પોતાની સમગ્ર આત્મશક્તિથી, આંખની તાકાત અને હસ્તકૌશલ્યથી રમતમાં એકાગ્ર થયેલા શકુનિ આ ઘોઘરા ખડખડાટ હાસ્યથી ચલિત થઈ ગયા ને એમણે ભીમ સામે જોયું. ભીમને જોઈતી તક મળી ગઈ અને એણે સામી નજર માંડી. કોઈ અજબ અમાનુષી તત્ત્વથી એણે શકુનિની આંખો ચમકતી જોઈ. જે જોતું હતું એની ખાતરી થતાં એણે નજર ફેરવી લીધી.

'મને માફ કરજે, ભાઈ દુર્યોધન.' એણે હળવે સાદે કહ્યું: 'મારે આમ ન હસવું જોઈએ. મને વિચાર આવ્યો કે ગદાયુદ્ધમાં આપણે ઊતર્યા હોઈએ અને તારે બદલે શકુનિમામા ગદા ફેરવે તો શું થાય?'

ભીમના આ વાક્યથી સમગ્ર સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. કર્ણ અને દુઃશાસન પણ હસી પડ્યા. કેવળ ન હસ્યા મામા શકુનિ અને ભાણેજ દુર્યોધન. ભીમનો કટાક્ષ એ બન્નેને હાડોહાડ ઊતરી ગયો.

'પાસા ફેંકો. રમત ચાલુ રાખો' યુધિષ્ઠિરે સૂચન કર્યું.

શકુનિ સંપૂર્ણ અસ્વસ્થ થઈ ગયા હતા. પાસાવાળો કેવળ એમનો હાથ જ નહોતો ધ્રૂજતો—સમગ્ર શરીર કંપતું હતું. એમણે પાસા ફેંક્યા પણ તે પહેલાં તો પેલું અમાનુષી તેજ એમની આંખમાંથી ચાલ્યું ગયું હતું. અને પાસા તેથી જાણે બીજાના હોય એમ આડાઅવળા ગણતરી વગરના પડ્યા. દુર્યોધન સ્તબ્ધ થઈ ગયો.

'ભીમને હું છૂટો કરું છું.' કોઈ બીજી ગણતરી કરતાં ઊંડેથી શકુનિ બોલ્યા. ભીમે પોતાનું સ્થાન છોડ્યું. શકુનિએ દુર્યોધનને કાનમાં કંઈક કહ્યું અને દુર્યોધને પ્રસ્તાવ મૂક્યો.

'યુધિષ્ઠિર, તમારા ચારે ભાઈઓ તો તમારે મન સરખા છે અને તમારી બધી સંપત્તિથી વિશેષ છે. આપણી રમત ખોટી લંબાવવાને બદલે બધાને સાથે હોડમાં મૂકોને. જીતો તો અમે તમારા દાસ થઈને રહીશું. હારો તો ભાઈઓ અને બધી સંપત્તિ ગુમાવ્યા બરાબર ગણવું.'

યુધિષ્ઠિર વિચારમાં પડી ગયા. રમત ધાર્યા કરતાં જુદું સ્વરૂપ લેશે એમ એમને લાગ્યું. શકુનિના અસામાન્ય અમાનુષી કૌશલ્ય સામે એમને પોતાની લાચારી દેખાઈ. પણ ઠીકઠીક અવસ્થ થઈ ગએલો એ ખેલાડી કદાચ ધાર્યો દાવ ન રમી શકે, એ આશાએ એમણે હા પાડી.

પણ શકુનિ ધાર્યા દાવ રમી શક્યા અને જીતાઈ ગએલા ચાર ભાઈઓને દુર્યોધને એક તરફ બેસવાની ફરજ પાડી.

'હજી તમે સ્વતંત્ર છો, યુધિષ્ઠિર.' દુર્યોધને યુધિષ્ઠિરને પાનો ચડાવવા કહ્યું: 'જીતીને બધું પાછું મેળવી શકો છો. દાવ તો, અમે જીત્યા હોવાથી, અમારો જ આવે. પણ તમારું ભાગ્ય જોર કરતું હોય તો?'

યુધિષ્ઠિરને અટખેપટખેના બધા—બહુ જ નજીકના એવા ભાઈઓ અને વડીલો, દૂરદૂરના લાગવા માંડ્યા. પોતાનામાંની સાત્ત્વિક વૃત્તિઓ આ રમતની ગૂંચમાં એમને સાથેસાથે ગૂંચવાતી, દબાઈ જતી લાગી અને એમનાથી ઉતાવળમાં, અંદરથી જોર કરતી રાજસી વૃત્તિને લીધે 'ભલે' એમ બોલાઈ ગયું, પાસા ફેંકાયા અને એ હાર્યા.

હવે રમત પૂરી થઈ એમ સૂચવવા કૌરવ પક્ષે આવી બેસવા યુધિષ્ઠિર ઊભા થવા જતા હતા તે જ ક્ષણે દુર્યોધનના ચંચળ ચિત્તમાં એક ચમકારો થયો. એને અજબ અદ્ભુત, અભિમાની અને અલબેલી એવી દ્રૌપદી યાદ આવી. એક જ દાવમાં એને જીતી લેવાની તક એને દેખાઈ ને યુધિષ્ઠિરને હાથથી જ ઈશારો કરતાં એ બોલ્યો: 'બેસો, યુધિષ્ઠિર; હજી તમારી પાસે એક મૂલ્યવાન વસ્તુ છે: તમારી પત્ની દ્રૌપદી. એને દાવમાં મૂકો. તમને પાંચેને, એટલે એક જ દાવમાં તમને બધાને, ને સાથેસાથે તમારી બધી સંપત્તિને મુક્ત કરે એવી! બોલો પાસા ફેંકીએ?'

ભાઈઓ જીતાયા એટલે પત્ની પણ જીતાઈ એમ સમજતા શકુનિ દુર્યોધનના આ અણધાર્યા પ્રસ્તાવથી જરીક જ મૂંઝાયા, પણ રમત તો એમને એને મેલે માર્ગ આગળ વધતી દેખાઈ જ, અને તેથી આનંદ અનુભવતા, યુધિષ્ઠિરના જવાબની રાહ જોતાં એમણે પાસા હાથમાં લીધા.

પોતે સ્વયં હાર્યા પછી રમી જ કેમ શકે, એમ સમજતા યુધિષ્ઠિરને આમાં જીતવાનો સામે પક્ષેથી આવતો ને તેથી સ્વીકાર્ય એવો રસ્તો દેખાયો. એમને લાગ્યું કે દ્રૌપદી જેવી સ્ત્રીનું સત્ત્વ કદાચ શકુનિના કેવળ તામસી તત્ત્વ ઉપર વિજય મેળવે, ને તેથી તેમણે હા પાડી.

પણ ના, ત્યાં તે વખતે એ ક્રીડાખંડમાં એટલું બધું અશુભ ભેગું થયું હતું, કે જે કંઈ થોડું શુભ હતું તેને, અને પરોક્ષ રીતે એક મેલી રમતના સાધન તરીકે, હાજર નહિ તેમ આવતી એક સ્ત્રીના સત્ત્વને, દાબતું તે ફરી એક વખત વિજયી નીવડ્યું. સભા સ્તબ્ધ થઈ ગઈ!

'હાં-આ-આ-આ!' દુર્યોધનથી વિજયના ઘેનમાં, સંતોષમાં અને દ્રૌપદીને મેળવી ચૂક્યાની એ ક્ષણમાં એક લાંબી તીવ્ર બૂમ પડાઈ ગઈ.

અંધ ધૃતરાષ્ટ્રને આંખના અંધારામાં પણ અશુભ આગળ ને આગળ સ્પષ્ટ દેખાયું. બ્રાહ્મણ દ્રોણાચાર્ય ક્ષત્રિયો વચ્ચે યુદ્ધને બદલે દ્યૂતને આમ ગંભીર અને મેલી રીતે રમાતું જોઈ પોતાની જાતને કોઈ ઊંડી ખીણમાં જાણે કે ઊતરતા અનુભવી રહ્યા. કર્ણ, દુઃશાસન, વિદુર અને બીજા સૌ હવે શું થાય છે તે સાંભળવા ઊંચાનીચા થઈ રહ્યા.

'જાઓ, વિદુર!' દુર્યોધનની લાંબી તીવ્ર બૂમ આજ્ઞામાં ફેરવાઈ: 'હમણાં જ જઈને દ્રૌપદીને અહીં લઈ આવો.'

અદબ વાળી બેઠેલા વિદુર એમ ને એમ બેસી રહ્યા. પ્રશ્નાર્થમાં, ક્રોધમાં દુર્યોધન એને જોઈ રહ્યો અને જરા મોટેથી બોલ્યો: 'સાંભળ્યું નહિ? મેં તમને કહ્યું ને, કે દ્રૌપદીને લાવી હાજર કરો?'

'સાંભળ્યું' વિદુરે બહુ જ સ્વસ્થતાથી કહ્યું: 'પણ તમે જેમ મારી એકેએક વાત કે સલાહ સાંભળીને આજ સુધી અવગણતા આવ્યા છો તેમ આજે તમારી આજ્ઞાને સાંભળીને હું પણ અવગણું છું. હું નહિ જઈ શકું.'

'પ્રથિકમિ!' વધારે ગુસ્સે થએલા દુર્યોધને ત્રાડ પાડીને પોતાના સારથિને બોલાવ્યો. અને તે આવ્યો કે તરત જ એને દ્રૌપદી પાસે જઈ બધી વાત કહેવા અને તેડી લાવવા મોકલ્યો.

પ્રથિકમિ દુર્યોધનનો સંદેશો લઈને દ્રૌપદી પાસે ગયો તો ખરો, પણ ત્યાંથી તેને લાવવાને બદલે સામો એનો એક એવો સંદેશો લઈને દ્યૂતસભામાં પાછો ફર્યો કે જે સાંભળીને સમસ્ત સભામાં સનસનાટી પ્રસરી ગઈ, અને જીતમાં પણ કંઈક ગુમાવનો હોય એમ દુર્યોધનને લાગ્યું.

'દુઃશાસન!' એણે ફરી ત્રાડ મારી. હાર્યો જુગારી બમણું રમે એમ કહેવાય છે, પણ અહીં તો જીતેલો જુગારી કોઈ નવા પ્રકાર રમતમાં બમણા ક્રોધથી ખેંચાતો જતો હતો. 'જા, દ્રૌપદીને જલ્દી લઈ આવ. ન આવે તો ખેંચીને લાવ.'

દુઃશાસન ત્વરાથી ગયો. અસામાન્ય બળવાળો, ગદાયુદ્ધમાં કુશળ દુઃશાસન આમ એક રીતે તો દુર્યોધનની જ આવૃત્તિ હતો. પણ મહત્ત્વાકાંક્ષા, ઈર્ષ્યા, ક્રોધ અને અહં દુર્યોધનને સતાવતાં હતાં તે તે નહોતાં સતાવતાં. જીવનમાં આવતી ગમતી ક્ષણોને માણી લેવામાં જ માનતો, ને ન ગમતી ક્ષણોને ટાળવાનો જ પ્રયત્ન કરતો. એવા પ્રયત્નોમાં એના ચારિત્ર્યનાં અનેક નબળાં-સબળાં પાસાં દેખાતાં. આજે એ અસામાન્ય સુંદર સ્ત્રીને ખેંચી લાવવાની હોંશમાં તે ત્વરાથી ગયો.

તે જ ત્વરાથી દ્રૌપદી, તેને આવેશમાં આવતો જોઈ ઊભી થઈ સામે ગઈ, અને તેથી આશ્ચર્યમાં અટકી સ્તબ્ધ થઈ ગએલા એ ગદાયુદ્ધ પ્રવીણને પૂછી રહી: 'ચાલો; મને ત્યાં દ્યૂતસભામાં બોલાવવા આવ્યા છો ને? ચાલો! પુરુષો ત્યાં સ્ત્રીઓને હોડમાં મૂકે છે. તે શું એવી નિર્બળ બેઠાડુ રમતમાં પણ તેઓ અતિશય નિર્બળ થઈ ગયા છે? ચાલો.'

દ્રૌપદીએ દૃઢ મક્કમ પગલાં માંડ્યાં અને પાછળ, એને ખેંચવાને બદલે એ લાભ ગુમાવતો, ખેંચાતો, ખચકાતો દુઃશાસન ચાલ્યો.

દ્રૌપદી, આમ તો ક્યારની યે ઉદ્વેગ અનુભવતી પ્રથિકમિ પાસેથી બધું જાણ્યા પછી વધારે ઉદ્વિગ્ન થઈ ગઈ હતી, અને તેને ક્રોધમાં સંદેશો આપી પાછો કાઢવામાં પોતાના ઉદ્વેગનો પ્રત્યાઘાત જ કામમાં આવ્યો હતો. દરમિયાન સ્વસ્થ થવા માટે પ્રયત્ન કરવાની થોડી ક્ષણો તેને મળી ગઈ હતી. પણ પછી તો સ્ત્રીસહજ કલ્પનાથી એ સમજી ગઈ હતી કે હવે તો કદાચ ખેંચાતા જવું પડશે; અને તેથી બધી શરમને, બધા અંતરના ભાવોને અને એક અનુભવાતી ભયની લાગણીને દાબતી દબાવતી સામેથી જ જવાને તૈયાર થઈ, એ દ્રુપદદુહિતા, કૃષ્ણા પાંચાલી-પાંડવોની પત્ની એક પછી એક પગલાં દ્યૂતસભા તરફ માંડતી ગઈ. પાછળ એની ચાલને જોતો, એના સમગ્ર શરીરને જોતો, એના છૂટા કેશકલાપને આમતેમ અથડાતો જોતો દુઃશાસન ખેંચાતો જતો હતો.

દ્યૂતસભાનાં પગથિયાં આવે તે પહેલાં જ એકાએક એ અટક્યો, એક ક્ષણમાત્ર જ એ અટક્યો. એ ક્ષણમાં સૌન્દર્યદર્શન કરતી એની આંખો પણ જરીક અટકી અજંપો દેખાડી રહી. પોતાના શરીરબળને, ગદાયુદ્ધકૌશલ્યને ને પોતાની બધી ગમતી લાગણીઓને ભુલાવતો એક નવો જ વિચાર એના ચિત્તમાં ક્યાંક ઊંડેઊંડે ઉદ્ભવી એના અંતરને આંબી ગયો. પણ પછી તો તરત જ એ વિચારને દાબતો એ આગળ વધ્યો અને દ્રૌપદીની આગળ થઈ જઈ સભામાં પહેલો દાખલ થયો.

પાછળ, અંદર પ્રવેશતાં જ દ્રૌપદી લજ્જા અનુભવી રહી. વડીલો, પાંડવો અને દુર્યોધન-શકુનિ સાથે અનેક પુરુષોને જોતાં એ નારીથી નીચું જોવાઈ ગયું. પણ પછી તો તરત જ, એક પછી એક પગલું આગળ માંડતી, પ્રણામમાં નમી ગએલા મુખને ખુમારીમાં ઊંચું કરવાનો પ્રયત્ન કરતી હોય તેમ કંઈક ટટાર થતી, ધૃતરાષ્ટ્ર ઉપરથી, દુર્યોધન-શકુનિ ઉપરથી, દ્યૂત અને દ્યૂતના પાસા ઉપરથી, પાંડવો ઉપરથી નજર નાખતી ને પાછી ખેંચતી, ઊંડાણમાંથી બોલતી હોય તેમ, અને છતાં એ દબાતા શબ્દો સભાના થાંભલે થાંભલે અથડાઈ પડઘો થઈ ઘેરા થતા હોય એમ, અરધી અદબમાં, અરધી પ્રશ્નાર્થમાં, જમણો હાથ જાણે કે વળી ગયો હોય તેમ હડપચી ઉપર રાખી, પ્રથિકમિ દ્વારા પુછાવેલું એ ફરી સૌને પૂછી રહી: 'મને શા માટે અહીં બોલાવી છે? મને કોણે હોડમાં મૂકી? જેણે મૂકી તેણે પોતે જ એ નિર્ણય લીધેલો કે કોઈએ એને સૂચન કરેલું? પોતે હાર્યા પછી કે પહેલાં? અને હાર્યા પછી મૂકી હોય તો દ્યૂતની રમતમાં એમ થઈ શકે છે?'

સભા સ્તબ્ધ થઈ સાંભળી રહી. દ્યૂતની રમતનાં સૂક્ષ્મ પાસાં એક મસામાન્ય સ્ત્રી એવી છટામાં પૂછી રહી હતી કે એને જોવા સિવાય ોકોઈ કાંઈ ન કરી શક્યાં. ધૃતરાષ્ટ્રની અંધ આંખો સમક્ષ એક સ્ત્રીનું ાત્વિક રૂપ આકાર લેતું ગયું અને એ પણ ખળભળી ઊઠયા. પણ શનિએ તરત જ એ પ્રશ્નોને ઉપાડી લીધા અને જવાબ આપ્યો: 'પાંડવો ાર્યા એટલે તમે-એમનાં પત્ની અમારાથી જિતાઈ ગયાં ગણાઓ.'

'જે વસ્તુ જિતાઈ છે એને પાછી હોડમાં મૂકી શકાય?' દ્રૌપદી રફથી ફરી એક વધુ પ્રશ્ન એ જ રીતે દબાતો રણકતો આવ્યો.

'જડ વસ્તુ નહિ.' શકુનિએ જવાબ આપ્યો: 'પણ પુરુષો રમતા ાય ત્યારે સ્ત્રી ને ચાકરો જેવી ચેતન વસ્તુ માટે અપવાદ રાખી શકાય.'

'તો પછી ચાકરો હજી શું, મારી જેમ જિતાઈ ગયા હોવા છતાં ોડમાં ફરી મુકાવવાના બાકી છે?'

'ના' શકુનિએ ઉતાવળમાં જરા ઊંચે સાદે જવાબ આપ્યો: 'ચાકરોને અમે જડની જેમ જિતાએલા જ ગણી લીધા છે.'

'એ બધાને કેમ અહીં બોલાવવામાં નથી આવ્યા?'

શકુનિ ચિડાયા. દ્યૂતની ચર્ચામાં–અરે, કોઈ પણ વિષયની ચર્ચામાં એમને રસ નહોતો. અને અહીં એક સ્ત્રી, જે રમતમાં પોતે કુશળ તે રમતની ચર્ચામાં, એને ફસાવી રહી હતી! પણ તેનાથી વધારે તો દુર્યોધન ચિડાયો. એનો ક્રોધ તો ક્યારનો વધતો જ જતો હતો. એણે ાડ નાખી: 'બસ કર, દ્રૌપદી! ચાકરોની પંચાત તારે એક ગુલામડીએ રવાની જરૂર નથી. ચાલો પાંડવો, તમે અમારા દાસ છો. તમે સૌ તમારાં ઉત્તરીય ઉતારી આપો. અને દુઃશાસન, તું દ્રૌપદીનું વસ્ત્ર ઉતારી લે.'

પાંડવોએ પોતપોતાનાં ઉત્તરીય ઉતારી આપ્યાં, પણ દુર્યોધનના એ ાબ્દો સાંભળતાં જ ભય ને લજ્જામાં પોતાનામાં જ સમાઈ જવાનો યત્ન કરતી હોય તેમ પોતાની જાતને વધારે સંકોરતી, પોતાનાં વસ્ત્રોને ધુ સંકોરતી, અદબ વાળતી, ટટાર રહેવાનો પ્રયત્ન કરતી, શું થશે ને શું હિ એની કલ્પનામાં ધ્રુજારી અનુભવતી, આંખ મીંચી, ત્યાં અનેક તાપી ને પામર પુરુષો વચ્ચે પાંચાલી તો એમ ને એમ ઊભી રહી ગઈ.

દુઃશાસન એક જ છલંગ મારી એની પાસે પહોંચી ગયો અને એના પહોળા કસાએલા હાથમાં એ નિઃસહાય નારીનું વસ્ત્ર છૂટે નહિ એવી પકડમાં આવી ગયું.

અંધ ધૃતરાષ્ટ્ર, ત્યારે, જાણે કે બધું જોવાતું હોય એમ આંખ મીંચી સમસમી રહ્યા. એ કંઈ કહેવા જાય, કરવા જાય, ત્યાં સભાના મિજાજને પરખી ગએલા ડાહ્યા વિદુરે નીચું જોઈ જઈ એમને હાથના સહેજ ઈશારાથી અટકાવી દીધા.

દ્રોણાચાર્ય અરધા ઊભા થઈ ગયા; ને પછી નિસાસો નાખી પાછા બેસી ગયા. થોડે જ દૂર એક તરફ લાચાર પાંડવોને અને બીજી તરફ શિષ્ય નહિ પણ સ્વામી લાગતા દુર્યોધનને જોતાં જ એ મુખ ફેરવી ગયા.

દુઃશાસને દ્રૌપદીના વસ્ત્રને એક ઝાટકો માર્યો અને ત્યાં જ ફરી વખત, પેલા સભામાં દ્રૌપદીને લઇને દાખલ થતી વખતના વિચારે એના મગજમાં ઝાટકો માર્યો. દ્રૌપદી અંદર ને અંદર ઊંડી ઊતરતી એક અજબ માનવી જે ત્યાં હાજર નહોતો એનું સ્મરણ કરી રહી.

દુઃશાસનના મગજમાંથી એટલી વારમાં તો પેલો વિચાર એના અંતઃકરણને આંબી ગયો અને એનો હાથ સ્થિર થઈ ગયો. એની સમગ્ર ચેતના સ્થિર થઈ ગઈ. એની આંખમાં કોઈ જુદી જ ઝાંય આવી ગઈ. અને કોઈ ને કંઈ સમજ પડે તે પહેલાં તો દ્રૌપદીના વસ્ત્રને ખેંચતો હોય એવો દેખાવ કરતો, પણ ખરી રીતે તો ખૂબીથી એના શરીર ઉપર જ પાછું લઈ જતો, એ દ્રૌપદીની નજીક પહોંચી ગયો; અને એના કાનમાં, કોઈ સાંભળે નહિ એમ કહેવા લાગ્યો: 'ભાભી! તમે મારાં ભાભી છો! હું તો સામાન્ય માણસ. નારીઓને નિઃવસ્ત્ર જોવાની ઇચ્છા કેટલીયે વાર મને થઈ હશે. પણ મૂંઝાશો નહિ. આજે મારાથી એવું થઈ નહિ શકે. આટલા બધામાં તમે એકલાં! તમને હું નહિ બચાવું તો કોણ બચાવશે?'

પોતાની નિર્બળતા અને ચારિત્ર્યની એક ખૂણેથી ઊંડી આવતી સબળતાને આમ સાથે જ દેખાડતો દુઃશાસન બોલતો રહ્યો: અને કોઈ અજબ માનવીના સ્મરણમાં જે ખોવાઈ ગઈ હતી તે દ્રૌપદી એ દુઃશાસનને આમ સાંભળતાં, ઓળખતાં, તે સ્મરણ ગાઢ અને મધુરું થતાં, વાળેલી અદબમાં જ આશ્ચર્ય અને અહોભાવનો ફેરફાર દેખાડતી, અત્યાર સુધી બીડેલા રાખેલા હોઠને પ્રથમવાર સહેજ જ, સ્વાભાવિક, પોતાના સૌન્દર્યને અને સ્વસ્થ થતા ચિત્તને પ્રકટ કરતી રેખાઓમાં ધીરે ધીરે ઉઘાડી રહી.

દુઃશાસન ઘડીક એનાથી દૂર જતો, ઘડીક પાસે આવતો, એનું વસ્ત્ર ખેંચતો, પાછું ખૂબીથી ઓઢાડતો, બોલતો જ રહ્યો. કોઈ ન સાંભળે તેમ, કેવળ દ્રૌપદી સાંભળે તેમ, બીજા સૌને થાક અને હાંફ દેખાડતો; 'અમારા ગદાયુદ્ધમાં થાકી જવાનો ડોળ કરવાનો હોય છે. એ હું આજે કરીશ અને તમારું વસ્ત્ર મારાથી ખેંચાતું નથી એવો દેખાવ કરી તમારી આસપાસ એવી રીતે ફરતો રહીશ કે ખેંચેલું વસ્ત્ર પાછું તમારા ઉપર જ આવશે અને બધાને લાગશે કે જાણે જાદુ થાય છે!'

દુઃશાસન, દુર્યોધનનો નાનો ભાઇ, એક સામાન્ય કૌરવ, વૃત્તિઓમાં જ રાચનારો, પણ અત્યારે દ્રૌપદીનો દિયર એમ જ કરતો રહ્યો; અને એને થાકતો, હાંફતો એક નારીને નિઃવસ્ત્ર કરવામાં નિષ્ફળ થતો જોતાં કોઈ અદૃશ્ય, સર્વજ્ઞ, સર્વવ્યાપક તત્ત્વ સભામાં આવી ગયું હોય તેમ બધા ગભરાટ અનુભવતા સ્તબ્ધ થઈ આમતેમ એકબીજાને જોવા લાગ્યા.

દ્રૌપદીના હોઠ સૌન્દર્યમાં ઊઘડતા જ ગયા. અને એના ચિત્તમાં જે સ્મરણ દુર્યોધનનો દુષ્ટ હુકમ થતાં જાગી ગયું હતું તે તેને દુઃશાસના અણધાર્યા વર્તનથી સરસ રીતે પરિણામ ધારણ કરતું સમજાઈ ગયું! એ મોટા ક્રીડાખંડથી ઘણે દૂર, એ ક્રીડાખંડમાંના હાજર એ બધાથી જુદું જ, અસામાન્ય, કોઈ દિવસ ભુલાય નહિ એવું વ્યક્તિત્વ ધરાવનાર, પાંડવોના મિત્ર, અને કૌરવો પણ જેની મૈત્રી ઇચ્છે એવા શ્રી કૃષ્ણ તેને યાદ આવી ગયા હતા. એક નમતી સાંજે, અનેક કસોટીઓમાંથી પસાર થતા પાંડવોની વાત નીકળતાં એમણે કેવી સરસ રીતે ધીરે ધીરે મોટા ભાઇ નાની બહેનને કહેતા હોય, પિતા પુત્રીને કહેતા હોય, ગુરુ અધિકારી શિષ્યાને કહેતા હોય તેમ કહ્યું હતું! 'કૃષ્ણા, સુખે જે સહવાસી અને દુઃખે જે કોઈ પણ પ્રકારનું કષ્ટ દેનાર એ બન્નેમાં મને તો ઈશ્વરનું તત્ત્વ દેખાય છે. અને બહેન, તું પણ એમ જીવનને જોતી જા. દુઃખમાં કષ્ટ દેનાર તો આપણી કસોટી કરે છે; અને તેમાં, તેથી તો, પરમકૃપાળુ પરમેશ્વરના તત્ત્વને વિશેષ જોવું જોઈએ. એવે વખતે વિવેકપૂર્વક કષ્ટને સમજી, યોગ્ય કર્મ કે વર્તનથી અને ધીરજથી એનો અંત લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને કંઈ ન થઈ શકે તો સાચી શ્રદ્ધા પણ કષ્ટ સમયે દુષ્ટ લાગતી વ્યક્તિઓમાં આપણને તે ઈશ્વરનું તત્ત્વ કોઈ ને કોઈ રીતે દેખાડી જ દે છે.'

દ્રૌપદીનું મુખ એની મૂળ, સ્વસ્થ, શાંત, સૌન્દર્યરેખાઓ ધરી રહ્યું. 'કેટલી સાચી વાત!' એ વિચારી રહી. દુઃશાસને એને ઉગારી લીધી હતી!

દ્રૌપદીને પડખે જ હાંફતો, એક નાની ચીસ પાડતો, દ્રૌપદીનું વસ્ત્ર છોડી દુઃશાસન બેસી ગયો, અને સભામાં ગભરાટ વધી ગયો! દુર્યોધન-શકુનિ એકબીજાનું મુખ જોવા લાગ્યા.

અને અત્યાર સુધી અસ્વસ્થ મૌન ધારી બેસી રહેલા ધૃતરાષ્ટ્ર બોલી ઊઠયા: 'વહુ બેટા! દ્રૌપદી! અહીં મારી પાસે આવો તો! સૌના વતી હું તમારી ક્ષમા માગી લઉં છું. અને યુધિષ્ઠિર તું તો અજાતશત્રુ છે. બધું ભૂલી જઈ ક્ષમા આપી દે; અને તારી પત્ની, તારા ભાઈઓ તારી સંપત્તિ બધું જ પાછું લઈ, જેવો આવ્યો હતો તેવો સ્વતંત્ર સુખેથી પાછો ઈન્દ્રપ્રસ્થ જા.' □

લેખક
ડૉ. સુશ્રુત પટેલ

○ દસમો ગ્રહ

બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ (પ્રજાપતિ), નેપ્ચ્યુન (વરુણ) અને પ્લૂટો (યમ)—બરાબર આ ક્રમમાં, સૂર્યને કેન્દ્રમાં રાખી આ નવ ગ્રહો તેની આસપાસ પોતાની ભ્રમણકક્ષામાં રહી પ્રદક્ષિણા કરે છે. આ નવ મોટા (મુખ્ય) ગ્રહો છે એ હકીકત જાણીતી છે. આ ઉપરાંત, મંગળ અને ગુરુ વચ્ચે અનિયમિત આકારના અનેક નાના ગ્રહો વિખરાએલા છે. એમાંના કેટલાકોને તો નામ પણ આપેલાં છે. પણ સમૂહમાં એ બધાને 'લઘુ-ગ્રહ' (minor-planets) કહે છે. બહુધા એમને 'તારાના આકારના' (asteroids) કે પછી 'ગ્રહના આકારના' (planctoids) જેવા ગેર માર્ગે દોરનારા નામે જ પિછાણવામાં આવે છે. અત્યાર સુધીમાં આવા આશરે ૨૦૦૦ જેટલા લઘુ-ગ્રહો નોંધી શકાયા છે, અને દર વર્ષે એમાં ઉમેરો થતો જાય છે. એક અંદાજ મુજબ એમની કુલ સંખ્યા ૧,૦૦,૦૦૦ જેટલી હોવી જોઇએ.*

ઈ. ૧૯૩૦માં ટૉમ બૉ (Clyde William Tombaugh) નામે અમેરિકન ખગોળજ્ઞે સૂર્ય પરિવારના છેલ્લા પ્લુટો નામના નવમા ગ્રહની શોધ કરી. એને ય આજે ૪૩ વર્ષનાં વહાણાં વાયાં છે, તેમ છતાં પણ વૈજ્ઞાનિકો એની યે પેલી પાર દસમો ગ્રહ હોવા અંગેની પોતાની માન્યતાનો કેડો મૂકી શકયા નથી. એનું મુખ્ય કારણ ઈ. ૧૮૪૬માં શોધાએલો આઠમો ગ્રહ નેપ્ચ્યુન છે. આ નેપ્ચ્યુનના પ્રદક્ષિણા-પથ (orbit)માં જે થોડીક અનિયમિતતા જણાઈ છે, એ આ દલીલનું મુખ્ય લક્ષ્ય બની છે. કેટલાક ખગોળજ્ઞો એવું માને છે કે કોઈ ભેદી એવા દસમા ગ્રહનું ગુરુત્વાકર્ષણીય ખેંચાણ આ માટે જવાબદાર હોવું જોઈએ. જો કે આવો દસમો ગ્રહ શોધવા અંગેના અત્યાર સુધીના સઘળા પ્રયત્નો નિષ્ફળ જ ગયા છે.

પ્રાચીન ભારતમાં આપણે રાહુ-કેતુ સહિત કુલ નવ ગ્રહો ગણ્યા છે, ને મજાકમાં જમાઈને 'દસમો ગ્રહ' ગણતા. પણ હવે કૉમ્પ્યુટર વડે એ જમાઈરાજનું સ્થાન લઈ જનારો દસમો ગ્રહ છે એવી, મે '૭૨ના પ્રથમ અઠવાડિયામાં કૅલિફોર્નિયા યુનિવર્સિટીના લૉરેન્સ લીવરમોર પ્રયોગશાળાના જૉસેફ બ્રાડી (Joseph L. Brady) નામના ખગોળશાસ્ત્રીએ 'ધી ઍસ્ટ્રોનૉમિકલ સોસાએટી ઑવ ધ પૅસિફિક' નામના સામયિકમાં. જેની દીર્ઘ કાળથી શોધ ચાલી રહેલી એ દસમા ગ્રહની શોધ થયાની જાહેરાત તાજેતરમાં કરી છે; એટલું જ નહિ, એનું સૂર્યથી અંતર તેમજ અવકાશમાં એના સ્થાન અંગેની માહિતી પણ એ લેખમાં રજૂ થઈ છે. આ 'શોધ', સામાન્ય રીતે બને છે તેમ, ફોટોગ્રાફિક પ્લેટના બારીક નિરીક્ષણથી નથી કરાઈ, પણ હેલીના ધૂમકેતુના આગમનના સૂક્ષ્મ પરીક્ષણ બાદ કરવામાં આવી છે.

આ ધૂમકેતુ દર ૭૬ વર્ષે નિયમિતપણે દેખાય છે. એડમંડ હેલી એ બહુ સદીઓથી દેખાતો હોવાનાં પ્રમાણ મળ્યાં છે. છેક ઈ. સ. પૂર્વે ૨૪૦ વર્ષ પહેલાં એ દેખાયો હોવાની નોંધ પ્રાપ્ત થઈ છે. આ પછી એ કુલ ૨૮ વાર દેખાયાની નોંધ મળે છે. છેલ્લે એ ૧૯૧૦માં દેખાએલો હોવાથી હવે પછી એ ૧૯૮૬માં જ્યારે સૂર્યના સાન્નિધ્યમાં આવશે ત્યારે ફરી દેખાશે એવી ગણતરી છે.

આ હેલી-કેતુનાં છેક ૧૭૦૦ વર્ષો અગાઉનાં ઐતિહાસિક અવલોકનો ચીવટથી તપાસતાં બ્રાડીને એના આગમનના સમયમાં એક વિચિત્ર અનિયમિતતા જોવા મળી. દરેક વખતે હેલીનો ધૂમકેતુ સૂર્યની પાસે જતી વખતે, એના પૂર્વે ગણતરી દ્વારા નિર્ધારિત કરેલા દિવસ કરતાં કાં તો ચાર દિવસ વહેલો યા તો ચાર દિવસ મોડો પહોંચતો હતો. આ ફરકનો અર્થ એવો થયો કે તેની ગતિવિધિ ઉપર કોઈ અજાણ્યું બળ અસર કરતું હોવું જ જોઈએ, એટલે કે એના માર્ગને અધવચ્ચે કોઈ મોટો પિંડ આકર્ષતો કે વિકર્ષતો હોવો જોઈએ. શું પ્લૂટોની પેલી પાર આવેલા કોઈ અજાણ્યા ગ્રહના ગુરુત્વાકર્ષણીય ખેંચાણને લીધે આમ થતું હશે?

હા. ચાર વર્ષના અભ્યાસબાદ બ્રાડીએ આવો હકારમાં ઉત્તર આપ્યો. એ પછી તો ગણકયંત્ર દ્વારા આ દસમા ગ્રહ અંગે વધુ માહિતી મેળવાઈ.

એ ગણતરી મુજબ એનું કદ શનિ કરતાં ત્રણ ગણું મોટું જણાયું છે ને એ રીતે નવો ગ્રહ સૂર્ય-મંડળમાં કદની દૃષ્ટિએ બીજું સ્થાન ધરાવે છે. સૌથી દૂરના પ્લૂટોથી પણ બમણે અંતરે એટલે કે સૂર્યથી આશરે ૬ અબજ (અમેરિકન બિલિયન) માઈલ જેટલો દૂર છે. સૂર્યની આસપાસ એક પરિક્રમ્મા કરતાં એ ૪૬૪ વર્ષો જેટલો સમય લે છે; અને એની કક્ષાનું તલ (plane of its orbit) અન્ય ગ્રહોની સામાન્ય ભ્રમણકક્ષાના તલ સાથે આશરે ૬૦ અંશનો કોણ બનાવે છે. વધુ આશ્ચર્યની વાત એ છે કે આ ગ્રહની ગતિ પ્રતિગામી (અવળી) છે; એટલે કે સૂર્યની તો આસપાસ અન્ય ગ્રહો કરતાં અવળી દિશામાં તે ભ્રમણ કરે છે!

આ શોધમાં સંશયી વૈજ્ઞાનિકો માટે બ્રાડીએ કૉમ્પ્યુટર દ્વારા વધારાની ગણતરીઓ પણ કરી રાખી છે. જો કે આ ગ્રહ હજુ સુધી કૅમેરામાં ઝડપાયો નથી કે નજરે નિહાળાયો નથી; એનું અસ્તિત્વ માત્ર કૉમ્પ્યુટરથી જ જાણી શકાયું છે.

આ નવો ગ્રહ ન દેખાવાનાં બે કારણો છે. સૂરજથી એ એટલા બધા અંતરે છે કે બહુ ઓછી માત્રામાં જ સૂર્યના પ્રકાશનું પરિવર્તન કરી શકે છે; એટલે ઝટ દેખી ન શકાય. આ ઉપરાંત બ્રાડીની ગણતરીઓ દર્શાવે છે કે એનું સ્થાન હાલમાં શર્મિષ્ઠા (Cassiopeia) નામના તારામંડળ (constellation)માં છે. આ તારામંડળમાં આમે ય તે સંખ્યાબંધ તારાઓ એકઠા થએલા છે, જેમાં આ દસમો ગ્રહ અલગ તારવવો મુશ્કેલ છે.

પ્રથમ ગણિતના નિયમથી કે ગણતરીઓ દ્વારા કોઈ પદાર્થની શોધ થાય અને પાછળથી એનું અસ્તિત્વ સાંપડે એવી બીના ખગોળશાસ્ત્રમાં કાંઈ નવી નથી. લઘુગ્રહોની શોધ તેમજ નેપ્ચ્યુનની શોધ આ રીતે જ થએલી. દસમા ગ્રહની કલ્પના પણ એક દિવસ નક્કર સત્ય તરીકે સ્વીકારાશે એ બાબત બ્રાડી ઘણા આશાવંત છે.

જ્યોતિષશાસ્ત્રીઓની ભાષામાં વાત કરીએ તો બીજા ગ્રહોની બાર રાશિઓમાં આ નવો ગ્રહ ફરતો નથી. આપણા રાશિચક્રની નજરે જોતાં તે મીન રાશિના છેલ્લા ભાગ સાથે સીધમાં આવે. વિચિત્ર રાશિ-ગોચર ધરાવતા આ દસમા ગ્રહનું, કદની દૃષ્ટિએ, ફલજ્યોતિષીય મહત્વ ગુરુથી સહેજ જ ઓછું અંકાય.

ટૂંક સમયમાં જ આ જમાઈરાજ આપણા વિજ્ઞાનનાં પાઠયપુસ્તકોમાં પણ સ્થાન પામે તો નવાઈ નહિ.

*આમાંના મોટા ભાગનાની શોધ ફોટોગ્રાફીની સહાયથી થઈ છે. એમાં મોટામાં મોટા સીરસ-Ceres-નો વ્યાસ ૪૮૦ માઈલ જેટલો છે. બાકીના ઘણાખરા ૫૦થી યે ઓછા માઈલના વ્યાસવાળા છે. જો કે મોટા ભાગના લઘુ ગ્રહો મંગળ અને ગુરુની ભ્રમણકક્ષા વચ્ચેના અવકાશમાં રહી સૂર્યની પ્રદક્ષિણા કરે છે, પણ કેટલાક પૃથ્વી અને મંગળની વચ્ચે યે આવી જાય છે. કદમાં એ એટલા બધા નાના છે કે એને ગ્રહ કહી ન શકાય. અરે એ બધાને એકઠા કરીએ તો યે આપણા ચંદ્ર જેટલું દળ પણ માંડ થાય. ગઈ સદીના અંતમાં જ્યારે એ શોધાતા ગયા ત્યારે વિજ્ઞાનીઓ એમના ટચૂકડા કદથી કંઈક નિરાશ પણ થયા ને એમને નામ પણ સ્ત્રીવાચક આપ્યાં (જેમકે ઑલિમ્પસ, સીરસ, પૅલાસ, વેસ્ટા, જ્યુનો વગેરે) આ બધી ગ્રીક પૌરાણિક દેવીઓ છે. ફોટોગ્રાફીની શોધ પછી તો એની સહાયથી સંખ્યાબંધ લઘુગ્રહો મળી આવ્યા. આમાંનો એક ઇરૉસ ઈ. ૧૯૧૭માં પૃથ્વીથી ૧,૦૦,૦૦૦ માઈલ જેટલો નજીક આવી ગયો હતો. ત્યારે એનો આકાર કસરત કરવાના ડમ્બેલ જેવો હતો ને પોતાની ધરીની આસપાસ એ પાંચ કલાક ને સત્તર મિનિટમાં એક ચક્ર પૂરું કરતો હતો. —સં.

ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ

લેખક
ભરત ના. ભટ્ટ



પુલ શૉટ

હૂક શૉટને મળતો આવતો આ શૉટ ટૂંકી પિચવાળા બૉલ માટે જ છે. ફેર એ છે કે આ શૉટ ઑફ સ્ટમ્પ પરના કે તેની બહારના બૉલને ઑન સાઇડ તરફ ફેરવી લેગ અમ્પાયર તરફ કે મિડ વિકેટ તરફ મોકલવા માટે વપરાય છે. (આકૃતિ ૨૦)

'ગુડ મૉર્નિંગ લિસનર્સ!' રમતનો બીજો દિવસ આરંભાય છે: 'ઈન કમ્સ રાઘવન. મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ પૉકૉક. એ શૉર્ટ પિચ ફૉર વિચ પૉકૉક કમ્સ આઉટ ટુ ડ્રાઈવ. બટ મિસિઝ ઈટ કમ્પ્લીટલી. એન્જિનીઅર અપીલ્સ ફૉર સ્ટમ્પ્સ વિચ લેગ અમ્પાયર* અપહેલ્ડ ઍન્ડ પૉકૉક ઈઝ આઉટ ફૉર 7 ઍન્ડ વિથ ધીઝ ઇંગ્લૅન્ડ વેર ઑલ આઉટ ફૉર 247 મેઈડ ઈન 342 મિનિટ્સ.'

આપણે ત્યાં આખા દિવસની રમત ૩૩૦ મિનિટની હોય છે. (લંચ પહેલાં ૧૨૦ મિ૦, લંચ અને ટી વચ્ચે ૧૨૦ મિ૦ અને ટી પછી ૯૦ મિ૦). ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ વગેરે સ્થળે એક દિવસમાં ૩૬૦ મિ. (છ કલાક)ની રમત હોય છે. એક ટીમ આઉટ થાય પછી બીજી ટીમે ૧૦ મિનિટમાં મેદાનમાં આવી જવું જોઈએ.

ભારતનો દાવ લેવા ગાવસ્કર અને પાર્કર મેદાને પડશે. લેવિસ ઍટેકિંગ ફીલ્ડ ગોઠવશે ને આર્નોલ્ડ બોલિંગ સંભાળશે.

'ઈન કમ્સ આર્નોલ્ડ. મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ ગાવસ્કર. એ હાફ-વૉલી આઉટ સાઈડ ધી ઑફસ્ટમ્પ, ફૉર વિચ ગાવસ્કર સ્ટેપ્સ આઉટ ટુ ટેઈક ઈટ ઑન ફૂલ ટૉસ ઍન્ડ ડ્રાઈવ્ઝ ઈટ થ્રુ ધ કવર્સ બિટ્વીન સિલી મિડ ઑન ધૅટ ઈઝ એમિસ ઍન્ડ ગલી ધૅટ ઈઝ ગ્રેગ. બોથ ફીલ્ડર્સ આર ચેઝિંગ ઈટ. મીનવ્હાઈલ બૅટ્સમેન ટેઈક વન, ધે ટર્ન ફૉર સેકન્ડ. ગ્રેગ સ્ટીલ ચેઝિંગ, બટ એટલાસ્ટ બૉલ ક્રૉસીઝ ધ બાઉન્ડ્રી× સો ગાવસ્કર ઓપન્સ હિઝ એકાઉન્ટ વિથ એ ફૉર.' ફીલ્ડરો કેમ દોડાદોડી કરે છે તેનું સુંદર ને ગતિમય ચિત્ર કૉમેન્ટેટરો રજૂ કરશે ને તેથી રમતની રસાકસીને આપણે પણ અનુભવી શકીશું.

આર્નોલ્ડની સાથે ઓપનિંગ બોલર તરીકે ગ્રેગ આવશે અને તે પાર્કર સામે બોલિંગ કરશે. પાર્કર માટે આ ટેસ્ટ ડેબ્યૂ છે, એટલે તેને વિશે પણ કૉમેન્ટેટર બોલશે અને મૅચ આગળ ચાલશે.

'ઈન કમ્સ ગ્રેગ, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ પાર્કર. એ શૉર્ટ પિચ લિટલ આઉટ સાઈડ ધી ઑફ સ્ટમ્પ. રામનાથ લીનિંગ ફૉરવર્ડ ઍન્ડ પુશિઝ ઈટ બિટ્વીન સિલી મિડ ઑન ઍન્ડ ગલી. બોથ ધ ફીલ્ડર્સ ચેઝિંગ ઈટ ઍન્ડ રામનાથ ટેઈક્સ વન. સ્ટીલ ધે ચેઝિંગ ઈટ ઍન્ડ ધે ટર્ન ફૉર સેકન્ડ. સો પાર્કર હૅઝ ઓપન્ડ હિઝ એકાઉન્ટ વિથ ટુ રન્સ.' બૉલને પુશ કરવો એટલે ડિફેન્સિવ સ્ટ્રોક કરતાં થોડો વધુ ફોર્સ આપી ઑન કે ઑફ બાજુ દડાને ધકેલી દેવો તે. જો ડિફેન્સિવ ફીલ્ડિંગ ગોઠવાઈ હોય ને બધા ફીલ્ડરો ઠીક ઠીક દૂર હોય તો આવા પુશ કરીને ઝડપી રન લેવામાં આવે. જો બહુ કડક અને આક્રમક ફીલ્ડિંગ ગોઠવી હોય તો જોખમી શૉટ ન મારતાં બે ફીલ્ડરો વચ્ચેના ગૅપ શોધી, ત્યાંથી દડો થોડે દૂર દોડવી દેવામાં આવે ને ઝડપી રન લેવાય. એટલું ખરું કે પુશ કરેલો બૉલ સીધો ફીલ્ડરની દિશામાં ન જવો જોઈએ.


ચાલો, આર્નોલ્ડની બોલિંગ નિહાળીએ. 'ઈન કમ્સ આર્નોલ્ડ, અગેઈન ટુ ગાવસ્કર. ધિસ ટાઈમ એન ઈનસ્વિંગર વિચ, ગાવસ્કર વૉચીઝ કેરફૂલી ઍન્ડ પુશિઝ ઈટ ટૉવર્ડ્ઝ ગલી. નો રન.' અહીં ઈનસ્વિંગર શબ્દ આવ્યો તે સમજવા જેવો છે. જેમ સ્પિનરો બૉલને સ્પિન કરવા ઉપરાંત પણ બીજી વિવિધ યુક્તિઓ વાપરે છે તેમ ફાસ્ટ બોલર પણ, તેની ઝડપ પોતે જ એક જબરું શસ્ત્ર હોવા છતાં, બૅટ્સમૅનને છેતરવાની યુક્તિ વાપરતા હોય છે. આ યુક્તિ એટલે બૉલને હવામાં કે પિચ પડ્યા પછી સ્વિંગ કરવો તે. સ્વિંગ (અથવા સ્વર્વ) એટલે બૉલ હવામાં જતો હોય એ દરમિયાન પોતાની દિશામાં ફેરફાર કરે તે. સ્વિંગ બે પ્રકારના હોય છે: આઉટસ્વિંગ અને ઈનસ્વિંગ. તે બંનેના પણ 'બાઉ સ્વિંગર' અને 'લેઈટ સ્વિંગર' એવા બે પેટા પ્રકાર છે. આ બધું વધુ સ્પષ્ટ સમજવા માટે પાછળની આકૃતિ નં. ૧૮ નિહાળો.

આગળ ચાલીએ. 'ઈન કમ્સ આર્નોલ્ડ, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ ગાવસ્કર. એ બમ્પર; ઍન્ડ ગાવસ્કર વેરી કૅરેફ્ટલી હૂક્સ ઈટ ફૉર 4.' બમ્પર અથવા બાઉન્સર એ ઝડપી બોલરનું એક બીજું શસ્ત્ર છે. તેમાં બૉલ પિચ પડ્યા પછી બૅટ્સમૅનની છાતી કે ખભા જેટલો ઊંચો ઊછળે છે. આથી, બૅટ્સમૅન આવડતવાળો હોય તો, આ જ બૉલનો બરાબર લાભ લઈ રન કરી શકે. એક વૈવિધ્ય માટે પણ બમ્પર નાખવાનું ઉપયોગી થાય જ. ૧૯૫૯-૬૦ની ઈંગ્લૅન્ડ-વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની સીરીઝમાં વેસ્લી હૉલ અને ટ્રુમૅનને કારણે 'બમ્પર યુદ્ધ' સારું ચાલેલું. એક ટેસ્ટમાં હૉલે ખૂબ બમ્પર નાખી ઈંગ્લૅન્ડના બૅટ્સમૅનોને ગભરાવ્યા, એટલે પછી સામેથી ટ્રુમૅને પણ બમ્પર નાખવા માંડ્યા. સોબર્સ સામે જ્યારે તેણે બમ્પર નાખ્યા ત્યારે સોબર્સે પહેલા બૉલમાં છગ્ગો અને બીજા બેમાં ચોગ્ગા ફટકાર્યા, એટલે ટ્રુમૅને બમ્પર બંધ કરી દીધા. હાલમાં સ્નો આ માટે જાણીતા છે, ને ડગ વૉલ્ટર્સ જેવા બૅટ્સમૅનની કારકિર્દી સ્નોના બમ્પર સામે જ ઝાંખી પડી ગઈ.

આવા ઊંચા બૉલને 'હૂક' નામે ઓળખાતા ફટકા મરાતા હોય છે. હૂક એ ટૂંકી પિચના, લેગ સ્ટમ્પ પરના કે તેની બહારના ફાસ્ટ કે બમ્પર બૉલને મારવાનો શૉટ છે. તેમાં શરીરને વિકેટની આડું લઈ જઈ, બૅટને જમીન તરફ નમેલું રાખી આડું ઘુમાવવાનું, અને બૉલને સ્ક્વેર લેગ તરફ મોકલવાનો. બીજો પણ એક આવો ફટકો આવે છે જેને 'પુલ' કહે છે. આ પણ ટૂંકી પિચવાળા બૉલ માટેનો જ શૉટ છે; પરંતુ આ શૉટ ઑફ સ્ટમ્પ પરના કે તેની બહારના બૉલને ઑન સાઈડ તરફ ફેરવવા માટેનો શૉટ છે. અન્યથા આની બધી જ પ્રક્રિયા હૂક શૉટને મળતી આવે છે. પરંતુ આ શૉટ બહુ ઝડપી બૉલ માટે નથી વપરાતો. 'પુલ' શૉટથી બૉલ લેગ અમ્પાયર તરફ મિડ વિકેટ તરફ જતો હોય છે. આ બંને શૉટ

* ક્રિકેટમાં બે અમ્પાયરો હોય છે તે આપણે જાણીએ છીએ. એક લેગ અમ્પાયર હોય છે. જે સ્ક્વેર લેગના સ્થાન પાસે ઊભા રહે છે. તેનું કામ બૅટ્સમૅનની વિકેટ પર સ્ટમ્પ આઉટ કે રન આઉટનો નિર્ણય આપવાનું છે. બીજા અમ્પાયર તે મુખ્ય અમ્પાયર કે જે બોલરની વિકેટની પાછળ ઊભા રહે છે. રમતને લગતા અન્ય બધા નિર્ણયો આ મુખ્ય અમ્પાયર આપે છે. જરૂર પડતાં બન્ને અમ્પાયરો સલાહ-અભિપ્રાયની આપલે કરી શકે છે. ઓવર બદલાતાં લેગ અમ્પાયર મુખ્ય અમ્પાયર બની જાય ને મુખ્ય અમ્પાયર લેગ અમ્પાયર બની જાય—આ ક્રમ ચાલ્યા કરે.

× 'બાઉન્ડ્રી' માટે ફેન્સ (Fence), રોપ (Rope) વગેરે શબ્દો પણ વપરાય છે. છગ્ગા માટે 'ઓવરબાઉન્ડ્રી' કે 'સિક્સર' અને 'બાઉન્ડ્રી' માટે 'ફૉર' એ તો પ્રચલિત શબ્દો છે જ.



આ. ૧૮. સ્વિંગ થતા બૉલ. આ આકૃતિ ઉપરથી દેખાય એમ દોરેલી છે. ડાબી બાજુના ત્રણ ત્રણ ટપકાં એ બૅટ્સમૅનની વિકેટ અને જમણી બાજુનાં ત્રણત્રણ ટપકાં એ બૉલરની વિકેટ છે. अ અને क ઈન-સ્વિંગર બૉલની ગતિરેખા દર્શાવે છે અને क ड આઉટ સ્વિંગર બૉલની. ઈનસ્વિંગર બૉલ બૅટ્સમૅન તરફ જાય ને જો બૅટ્સમૅન ચૂકે તો ક્લીન બોલ્ડ થાય. આઉટ-સ્વિંગર બૉલ બૅટ્સમૅનથી દૂર સરકે છે. આમાં બૉલ બૅટની બહારની કોરને અથડાઈને કૅચની શક્યતા ઊભી કરે છે. સ્વિંગના બે પ્રકાર પણ આમાં જોવા મળે છે. अ અને क એ અનુક્રમે આખી ફ્લાઈટ દરમિયાન હવામાં બાઉ (Bow) ઈન-સ્વિંગર અને બાઉ આઉટ-સ્વિંગર છે. ब અને क એ અનુક્રમે હૂક અથવા લેટ-પોતાની ફ્લાઈટને અંતે સ્વિંગ થતા ઈનસ્વિંગર અને આઉટ સ્વિંગર છે. સ્વિંગને સ્વર્વ (Swerve) પણ કહે છે.

સમજવા માટે આકૃતિ નં. ૧૯ અને ૨૦ જુઓ.

આગળ ચાલીએ. 'ઈન કમ્સ ગ્રેગ, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ પાર્કર. એ મીડિયમ પેસ બોલર, ગ્રેગ હેડ અ ગ્રેટ સક્સેસ અગેઈન્સ્ટ ઑસ્ટ્રેલિયા.' મીડિયમ પેસ બોલર એટલે મધ્યમ ઝડપે બૉલ ફેંકે છે તે. તેની પાસે ઝડપી બોલરની ખતરનાક ગતિ પણ નથી ને સ્પિનરોની તરકીબો પણ નથી. છતાં મધ્યમ ઝડપી બોલરનું મૂલ્ય છે. આવા બોલરનું મુખ્ય શસ્ત્ર છે ઍક્યુરસી. મધ્યમ ઝડપી બોલરનો ઉપયોગ બે રીતે છે. જ્યારે પિચ ફાસ્ટ બોલરોના બૉલને ઠંડા પાડી દેતી હોય કે ઝડપી બોલરો થાક્યા હોય ને સ્પિનરો માટે પિચ નકામી હોય ત્યારે આ બોલરો પોતાની ઍક્યુરસીથી પરિણામ લાવે. બીજી બાજુ જ્યારે બૅટ્સમૅને ઝડપી અને સ્પિન બોલિંગ બંને પર કાબૂ મેળવ્યો હોય ત્યારે એક વૈવિધ્ય લાવીને પણ આવા બોલર સફળ થઈ શકે. આથી મુખ્યત્વે આવા મધ્યમ ઝડપી બોલરોનો ઉપયોગ વચ્ચે વચ્ચે 'ચેઈન્જ બોલર' તરીકે થતો હોય છે. ડી ઑલિવેરા, વોલ્ટર્સ, કેન મકાઈ એ બધા આ પ્રકારના બોલરો છે.

મેચ આગળ ચાલે છે: 'ઈન કમ્સ ગ્રેગ, અગેઈન ટુ પાર્કર. એ ગુડલેંગ્થ બૉલ, ઑન ધ મિડલ સ્ટમ્પ. ઓહ! પાર્કર ઈઝ આઉટ: હી પ્લેઈડ ઈટ ડીફેન્સિવલી ઑફ ધ બૅક ફૂટ, બટ હી વેન્ટ બૅક સો મચ ધૅટ બૅટ બ્રોક ધ વિકેટ ઍન્ડ સો પાર્કર ઈઝ આઉટ. હિટ વિકેટ, બો. ગ્રેગ 26. ઇન્ડિયા 62 ફોર વન નાઉ.' હિટ વિકેટ એટલે બૅટ્સમૅન બૅટથી કે પોતાના શરીરના કોઈ પણ ભાગથી સ્ટમ્પને અડી જાય અને જો ચકલાં (બેઈલ્સ) પડી જાય તો તે હિટ વિકેટ (વિકેટને જાતે ટક્કર મારવા)ને કારણે આઉટ થયો કહેવાય. ભારતના જાણીતા ખેલાડી સી. જી. બોરડે ૧૯૫૮-૫૯ની ભારત ને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની સીરીઝની છેલ્લી ટેસ્ટમાં રમતા હતા. પહેલા દાવમાં તેમણે ૧૦૯ રન કર્યા ને બીજા દાવમાં ૯૬ રન કર્યા ત્યાં હૉલના બોલિંગમાં 'હિટ વિકેટ' આઉટ થઈ ગયા હતા ને બંને દાવમાં સદી નોંધાવવાનો યશ ચૂક્યા હતા.

લંચ પછી આપણે કૉમેન્ટરી શરૂ કરીશું એટલે 'વેલકમ લિસનર્સ! પેટ ૬૦ ('કુમાર' અંક ૫૯૦)

લંચ ઇન્ડિયા વેર 80 ફોર વન. ગાવસ્કર ઑન 40 ઍન્ડ વાડેકર ઑન 9. સિચ્યુએશન ઍટ પ્રેઝન્ટ ઈઝ: ઇન્ડિયા 125 ફોર વન...સ્ટિલ ડ્રિન્ક્સ ઈઝ ઑન ધ ફીલ્ડ, ઍન્ડ સો લેટ મી ગિવ યુ ધ રીપોર્ટ ઑવ વન અવર્સ પ્લે આફ્ટર લંચ' અને પછી કૉમેન્ટેટર આપણને લંચ પછીના કલાકની રમતનો ચિતાર આપશે. અહીં 'ડ્રિન્ક' શબ્દનો ઉપયોગ થયો. સામાન્ય રીતે બે-બે કલાકની સેશનો હોય ત્યારે બરાબર વચ્ચે, એટલે એક કલાક પછી ખેલાડીઓને ફ્રૂટા વગેરે આપવામાં આવે. બંને ટીમોના બારમા ખેલાડીઓ આ પીણું લઈને મેદાન વચ્ચે જ જાય. આ પીણું એટલે જ 'ડ્રિન્ક'. બધા પીણું પી લે એટલે રમત શરૂ થાય: 'યેસ, ધ ડ્રિન્ક ઈઝ ઑફ ધ ફીલ્ડ નાઉ, ઍન્ડ પ્લે ઈઝ અબાઉટ ટુ બી રીઝ્યૂમ'.

'ઈન કમ્સ પોકોક, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ વાડેકર. ઑન ઑફ બ્રેક બટ અ લેગ બ્રેક ટુ ધ લેફ્ટ હૅન્ડર. વાડેકર હિટ્સ ઈટ ટુ ધ લેગ ગાવસ્કર, હુ બૅકિંગ અપ વેલ કૉલ્સ ફોર અ રન ઍન્ડ ધે રન વન. ગાવસ્કર ટર્ન્સ ફોર સેકન્ડ. બટ ઓહ! બૉલ ઈઝ ઈન ધ હૅન્ડ્ઝ ઑવ ડેનેર બિહાઈન્ડ ધ લેગ અમ્પાયર ઍન્ડ ગાવસ્કર ઈઝ હાફ વે ટુ ધ વિકેટ વ્હાઈલ વાડેકર ઈઝ સ્ટિલ ઍટ ધ બોલર્સ ઍન્ડ સિગ્નલિંગ 'નો'. ગાવસ્કર ટર્ન્સ બૅક ઈન હરી. ડેનેસ થ્રોઝ ધ બૉલ ઍન્ડ હિટ્સ ધ સ્ટમ્પ્સ ડાઈરેક્ટલી વિથ એ ફાસ્ટ ઍન્ડ ઍક્યુરેટ થ્રો. સો ગાવસ્કર ઈઝ રન આઉટ ફોર 62. 'રનિંગ બિટવીન ધ વિકેટ' એ એક કળા છે ને તેમાં પરસ્પર જરા પણ જો ગેરસમજ થાય તો આવું પરિણામ આવે. ઑસ્ટ્રેલિયન ખેલાડીઓની આ કળા અનુકરણીય છે. તેના ભૂતપૂર્વ ઓપનર્સ લૉરી અને સિમ્પસન તો આમાં બહુ કુશળ હતા. હૉબ્સ અને સટક્લિફ પણ આમાં અત્યંત કુશળ હતા. ઝડપી અને ટૂંકા રન લેવા ને છતાં રન આઉટ ન થવું તે શીખવા જેવું છે. ગાવસ્કરે તો ઉતાવળ કરી, પણ ઘણી વાર બીજી રીતે પણ ગોટાળો થાય. એક દાખલો યાદ આવે છે: ઈ. ૧૯૬૫-૬૬ની ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની સીરીઝ ચાલી રહી હતી એડીલેઈડ ખાતેની ચોથી ટેસ્ટમાં કાઉડ્રી અને બૅરિંગ્ટન ઇંગ્લૅન્ડનો દાવ લઈ રહ્યા હતા ને ૩૩ રનમાં ઇંગ્લૅન્ડની ત્રણ વિકેટો પડી ગઈ હોવાથી 'રીકવરી'ની જરૂર હતી. આ વખતે એક ઘટના બની. બૅરિંગ્ટને બૉલને ફટકો માર્યો ને વિકેટકીપરે કંઈક બૂમ પાડી. સામે છેડે ઊભેલા કાઉડ્રીને થયું કે બૅરિંગ્ટને રન માટે બૂમ પાડી છે, એટલે તે ક્રિઝ છોડી દોડ્યા ને રન આઉટ થયા. પણ બૅટ્સમૅનો રન આઉટ થાય ત્યારે કેવી રસાકસી થાય છે તે માણવા માટે તો ૧૯૬૦-૬૧ના બ્રિસ્બેન ખાતેની ઑસ્ટ્રેલિયા-વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની 'ટાઈ' ટેસ્ટનો રિપોર્ટ વાંચવા જેવો છે.

આગળ ચાલીએ: 'નેક્સ્ટ બૉલ ફ્રૉમ પોકોક ટુ સરદેસાઈ, ધન્યુ કમર. સરદેસાઈ કમ્સ આઉટ ઍન્ડ ડ્રાઈવ્ઝ ઈટ ઑન ધી ઑન સાઈડ ફોર ટુ સરદેસાઈ'ઝ ફૂટવર્ક ઈઝ વેરી ગુડ; એસ્પેશ્યલી અગેઈન્સ્ટ સ્પિન બોલિંગ. ફૂટવર્ક શબ્દ આ રીતે ઘણી વાર કાને પડશે. ફૂટવર્ક એટલે વિવિધ શૉટને અનુરૂપ પગની હિલચાલ. જુદાજુદા શૉટ માટે પગની હિલચાલમાં જો બૅટ્સમૅન વધુ ચોક્કસ અને ઝડપી તેનું ફૂટવર્ક સારું ગણાય. બૅટિંગની કળામાં અને બૅટ્સમૅનની સફળતામાં આ બાબત પાયામાં રહેલી છે. બ્રેડમૅન અને હૉબ્સનું ફૂટવર્ક પૂર્ણ સાચું (પર્ફેક્ટ) અને ઝડપી હતું. આજે ઑસ્ટ્રેલિયાના સુકાની ઈયાન ચૅપલનું ફૂટવર્ક બહુ પ્રખ્યાત છે.

આપણે પાછા મૅચમાં જઈએ. ટી પછીની સેશન ચાલે છે: 'ધસ ઈટ ઈઝ સેકન્ડ ન્યૂ બૉલ ટેકિન બાઈ એમ.સી.સી.ઝ સ્કિપર લેવિસ. ઇન્ડિયા ઈઝ ઑન 206 ફોર ફોર. લાસ્ટ મૅન આઉટ વોઝ વિશ્વનાથ ફોર 20. વાડેકર સ્ટિલ ધેર વિથ 18 ટુ હિઝ ક્રેડિટ.' હવે નવો બૉલ આવતાં પાછા આર્નોલ્ડ અને ગ્રેગ બોલિંગ કરશે ને તેમને અનુરૂપ ફીલ્ડિંગ ગોઠવાશે. 'ઈન કમ્સ આર્નોલ્ડ ફોર ધ ફર્સ્ટ ટાઈમ વિથ ધ સેકન્ડ ન્યૂ બૉલ. હી બોલ્સ ટુ સોલ્કર આઉટ સાઈડ ધી ઑફ સ્ટમ્પ ફોર અ લેફ્ટ હૅન્ડર.

વિચ સોલ્કર સ્ક્વેર કટ્સ પાવરફૂલી. ગલી ફીલ્ડર ડાઈવ્ઝ ટુ સ્ટૉપ ઈટ બટ ડિડ નૉટ કનેક્ટ ઍન્ડ બૉલ ક્રૉસ્ડ ધ બાઉન્ડ્રી. 'ટુ ડાઈવ' એટલે શુદ્ધ ગુજરાતીમાં તો 'ફલકલિયો મારવો', પણ અહીં બૉલને અટકાવવા કે નીચો કૅચ પકડવા જમીન પર કે હવામાં પડતું મૂકવું તે થાય. નજીક રહેતા ફીલ્ડરોને માટે આ બાબત ખૂબ જ જરૂરી છે. ડાઈવ ન કરતાં જો વાંકા વળી, શરીરને સાચવીને કરવા જઇએ તો મોડા જ પડીએ.


આગળ ચાલીએ: 'ઈન કમ્સ આર્નોલ્ડ અગેઈન. એ હાફ વૉલી. ઓહ! હી ઈઝ આઉટ કોટ એટ સિલી મિડ ઑન. ઓહ! નો?' આમ કૉમેન્ટેટરને આશ્ચર્ય થશે, ત્યાં બાજુમાંથી તેના સાથી ફોડ પાડશે કે સિલી મિડ ઑનના ફીલ્ડરે જે કૅચ પકડ્યો એ કૅચ નહોતો પણ બમ્પ એટલે બૉલ લગભગ બૅટની સાથેસાથે (જરાક જ મોડો) જમીન પર અથડાય ને તે પછી ઊછળે તે. આમાં ઝિલાએલો બૉલ સ્વાભાવિક રીતે જ કૅચ ન ગણાય.

હવે ગ્રેગ બૉલિંગમાં આવશે. 'ઈન કમ્સ ગ્રેગ, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ વાડેકર. આઉટ સાઈડ ધ લેગ સ્ટમ્પ, લિટલ ઓવર પિચ, ફૉર વિચ વાડેકર ગોઝ બૅક ઍન્ડ વેરી નીટલી ગ્લાન્સીસ ઈટ પાસ ધ લેગ સ્લિપ. થર્ડ મૅન રનિંગ એક્રોસ ઍન્ડ જસ્ટ સ્ટૉપ્સ ઈટ ઈન સાઈડ ધ બાઉન્ડ્રી ઍન્ડ થ્રોઝ ઈટ ટુ ધ વિકેટકીપર. ધ રન ટુ.' ગ્લાન્સ એ લેગ સાઈડના કે લેગ સ્ટમ્પ પર આવતા બૉલ માટેનો શૉટ છે. આ શૉટમાં બીજું કાંઈ ખાસ કરવાનું હોતું નથી. બૉલની લાઈનમાં સીધા ઊભા રહી બૅટને બૉલની સીધમાં બરાબર ઊભું રાખવું અને તેને એવો ખૂણો આપવાનો કે બૉલ તેની સાથે અથડાતાં થોડો ફંટાય અને લેગ સ્લિપની બહારથી બાઉન્ડ્રી તરફ જાય. આ શૉટમાં તાકાત ન વાપરવાની હોવાથી ઝડપી બૉલિંગ સામે જ રનની વધુ શક્યતા રહે છે. બૉલની લાઈન પારખવાની ખૂબ જ ચોકસાઈ માગી લેતો આ ફટકો જોખમી પણ એવો જ છે. એમ કહેવાય છે કે આ ફટકો ભારતના ઇંગ્લૅન્ડ તરફથી રમતા વિખ્યાત ખેલાડી જામ રણજિતસિંહે શોધ્યો હતો. કોઈ એક ક્રિકેટરે આ પર કૉમેન્ટ કરતાં કહેલું 'તેમણે એ ફટકો શોધીને અનેક વાર તેમાં આઉટ થવાનું વહોરી લીધેલું.' ત્યારે એક જાણીતા ક્રિકેટરે તેનો સરસ જવાબ આપેલો કે 'જો રણજીએ એ શૉટ ન શોધ્યો હોત તો તેમને આઉટ કરવા એ એક મોટો પ્રશ્ન બની રહેત!'

ગ્લાન્સનો શૉટ બૅકફૂટથી પણ રમાય છે ને ફૉરવર્ડ જઈને પણ રમાય છે. આ શૉટને સ્પષ્ટ સમજવા માટે સાથેની આકૃતિ નં. ૧૯ જોઈએ.

હવે બીજા દિવસની રમત પૂરી થવા આવી છે. ભારતે ચાર વિકેટના ભોગે ૨૩૧ રન કર્યા છે. હજી બે-એક ઓવરનો સમય બાકી છે. રમત ચાલુ છે: 'ઈન કમ્સ આર્નોલ્ડ, થિસ ટાઈમ ટુ વાડેકર. ઓહ! વાડેકર ઈઝ આઉટ! કોટ ઍટ સ્લિપ બાય રૂપ. એ ગુડલૅંગ્થ ફાસ્ટ બૉલ ઑન ધી ઑફ સ્ટમ્પ ફૉર ધ લેફ્ટ હૅન્ડર. એ લિટલ આઉટ સ્વિંગર ટુ હિમ. વાડેકર ટ્રાઈડ ટુ ડ્રાઈવ ઈન ધી ઑફ. બૉલ ટુક ધી આઉટસાઈડ એજ ઑફ ધ બૅટ ઍન્ડ વેન્ટ નીઅર ધ ફાસ્ટ સ્લિપ વ્હેર ગ્રેહામ રૂપ, ઑલ્વેઝ ઍલર્ટ ડાઈવ્ડ ટુ હિઝ લેફ્ટ લિટલ ફૉરવર્ડ ઍન્ડ ટુક એ વન હૅન્ડેડ કૅચ. સો વાડેકર ઈઝ આઉટ ફૉર વેલ મેઈડ ૭૩, વિચ કેઈમ ઈન ૨૪૫ મિનિટ્સ.'

આપણે સૌ જાણીએ છીએ કે ફીલ્ડિંગમાં અમુક જગ્યાઓ માટે ખાસ નિષ્ણાતો હોય છે. સામાન્ય રીતે ફીલ્ડિંગના ત્રણ વિભાગો પાડી શકાય જેમાં ખાસ આવડતવાળા ફીલ્ડરો જોઇએ: ૧) સ્લિપ, ૨) ક્લોઝ ઈન ફીલ્ડ અને ૩) આઉટ ફીલ્ડ. અહીં જેણે વાડેકરનો કૅચ પકડ્યો તે ગ્રેહામ રૂપ એક આશાસ્પદ સ્લિપ ફીલ્ડર છે. તીક્ષ્ણ નજર, ત્વરિત હલનચલન અને ચોક્કસ જજમેન્ટ એ આ માટે બહુ જ આવશ્યક છે. આપણા સુકાની વાડેકર પોતે પણ સારા સ્લિપ ફીલ્ડર છે. ઑસ્ટ્રેલિયન સુકાની ઈયાન ચૅપલ અત્યારે જગવિખ્યાત સ્લિપ ફીલ્ડર છે, પરંતુ ગ્રેહામ રૂપને માટે જો કોઈ આદર્શ સ્લિપ ફીલ્ડર હોય તો તે ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની રૉબર્ટ બૅટ્લી સિમ્પસન. તેમણે માત્ર ૫૨ (બાવન) ટેસ્ટમાં ૯૯ કૅચ પકડ્યા છે. હૅમન્ડ, હાર્વે, કાઉડ્રી વગેરે પણ જાણીતા સ્લિપ ફીલ્ડરો હતા. ઇંગ્લૅન્ડના એક ખેલાડી, ફિલ શાર્પ, એટલા સારા સ્લિપ ફીલ્ડર છે કે અનેક ક્રિકેટ વિવેચકો એમ માને છે કે માત્ર સ્લિપ ફીલ્ડિંગ માટે પણ તેમને ઇંગ્લૅન્ડની ટીમમાં કાયમી સ્થાન મળવું જોઇએ.


ગ્લાન્સ ◁ (આકૃતિ ૨૧)


હૂક શૉટ ◁ (આકૃતિ ૧૯)

હૂક શૉટ (આ. ૧૯) એ ટૂંકી પિચના લેગ સ્ટમ્પ પરના કે તેની બહારના ફાસ્ટ કે બમ્પર બૉલને મારવાનો શૉટ છે. આમાં બૅટ્સમૅન શરીરને વિકેટની આડું લઈ જઈ ને બૅટને જમણી તરફ આડું ઢળેલું રાખી ઘુમાવીને બૉલને સ્ક્વેર લેગ આસપાસની જગ્યાએ મોકલે છે. ◖ ગ્લાન્સ (આ. ૨૧) કેમ રમાય તે બતાવતી બૅકફૂટ ગ્લાન્સની આ આકૃતિ છે. શરીરને લેગસાઈડ તરફ ફેરવી, ડાબા પગને પાછળ લઈ જઈ, જમણા પગને અને બૅટને બૉલની લાઈનમાં બરાબર સીધાં રાખી બૉલને લૉંગલેગ તરફ સેરવી દેવામાં આવે છે.

આવું જ મહત્ત્વ ક્લોઝ ઈન (વિકેટની નજીકની) ફીલ્ડિંગનું છે. ખાસ કરીને વિકેટની સામેના અને બાજુના ભાગમાં સ્લિપ કરતાં આમાં હલનચલન થોડું વધુ કરવું પડે, પણ સ્લિપ જેટલા આકસ્મિક કૅચ અહીં ન આવે. આમાં એક બીજું જોખમ છે: બૉલ વાગવાનું. ભારતના સોલ્કર, સુરતી, ઇંગ્લૅન્ડના માઈક સ્મિથ, ઑસ્ટ્રેલિયાના રેડપાથ વગેરે આ પ્રકારની ફીલ્ડિંગમાં ખૂબ જાણીતા થએલા.

ત્રીજું તે, આઉટ ફીલ્ડનું પાસું. દૂરની જગ્યાઓએ ઊભા રહી ઠીક-ઠીક જગ્યા કવર કરવી ને દોડીને કૅચ કરવા એ આમાં મહત્ત્વનું કામ હોય છે. સારી એવી દોડ અને તાકાત, રનિંગ કૅચનું જજમેન્ટ અને ઝડપી, ધાર્યો અને દૂર સુધી થ્રો કરવાની આવડત આમાં ખૂબ જ જરૂરી હોય છે. ઑસ્ટ્રેલિયાના પૉલ શીહાન, ભારતના પટૌડી, આબિદ અલી ને સુરતી, વેસ્ટ ઇન્ડીઝના ક્લાઈવ લૉઈડ વગેરે આ પ્રકારની ફીલ્ડિંગ માટે જાણીતા છે. સાઉથ આફ્રિકાના કોલિન બ્લૅન્ડ તો આ માટે સર્વકાલીન શ્રેષ્ઠ ગણાય છે. પૉલૉકની બૅટિંગ જોવા આવનારના જેટલી જ સંખ્યા બ્લૅન્ડની ફીલ્ડિંગ અને તેના થ્રો જોવા આવનારની હોય છે. ગ્રેડમૅન અને હૉબ્સ દૂરથી થ્રો પહોંચાડવા માટે ખૂબ જાણીતા હતા. ગ્રેડમૅનની પહેલી જ સિરીઝમાં તેના થ્રોનો પરિચય ન હોવાથી હૉબ્સ રનનો લોભ કરવા જતાં રનઆઉટ થએલા. તે વખતે તેમને કલ્પના નહિ હોય કે આ જુવાનિયો બૅટિંગ અને ફીલ્ડિંગમાં બરાબર તેમની જ હરીફાઈ કરશે. એ પણ નોંધવું જોઇએ કે ઑસ્ટ્રેલિયાના એક ખૂબ આશાસ્પદ બૅટ્સમૅન બૅરી શેપર્ડ, કહે છે કે, પોતાની નબળી ફીલ્ડિંગને કારણે ટેસ્ટ ટીમમાં કાયમી સ્થાન ન મેળવી શક્યા. પણ આપણે ગ્રેહામ રૂપની વાતમાંથી ફીલ્ડિંગની વાતોમાં બહુ ઊંડા ઊતરી ગયા.

વાડેકર આઉટ થયા ત્યારે દિવસની રમત બંધ થવાને માંડ આઠ-

દસ મિનિટની વાર રહી એટલે બૅટિંગ ક્રમમાં એન્જિનીઅરનો વારો હોવા છતાં બેદી આવશે. 'નાઉ નેક્સ્ટ મૅન ઈન ઈઝ નૉટ એન્જિનીઅર બટ બેદી, ધ નાઈટ વૉચમૅન. બેદી, લાઈક પ્રસન્ના, ઈઝ અ સકસેસ ફુલ નાઈટ વૉચમૅન, ઍન્ડ સો વાડેકર રાઈટલી સિલેક્ટસ હિમ ફૉર ધૅટ જૉબ.' નાઈટ વૉચમૅન એટલે દિવસના અંત ભાગમાં વિકેટ પડે તો માન્ય (રેકગ્નાઇઝ્ડ) બૅટ્સમૅનનો ક્રમ હોય તેને બદલે પૂંછડિયા (ટેઈલ એન્ડર્સ)માંથી એકને બૅટિંગ કરવા મોકલવો તે. જાણે તે રાત્રિની વિકેટનો સંરક્ષક! આમ ગોઠવવાનું પ્રયોજન એ કે મહત્ત્વનો બૅટ્સમૅન એ થોડા સમયમાં સેટલ થાય ન થાય ત્યાં રમત પૂરી થાય, ને સંભવ છે કે બીજે દિવસે રમત આરંભાય ત્યારે ફરી સેટલ થતાં પહેલાં જ આઉટ થઈ જાય. આમ થોડા સમય માટે તેની એકાગ્રતાને નુકસાન પહોંચાડવું અને એ રીતે સારા બૅટ્સમૅનને સસ્તામાં ખોવો કોને પોસાય? આથી ટેઈલ એન્ડર્સને મોકલે, જે સાંજનો સમય પસાર કરી નાખે ને બીજે દિવસે પણ થોડો સમય રમી લે. આમાં ડિફેન્સિવ ગેઈમ પર પકડ હોવી જોઈએ. આથી બધા જ ટેઈલ એન્ડર્સ આમાં ન ચાલે. આપણે ત્યાં પ્રસન્ના તથા બેદીને આ ફાવે છે. ચંદ્રશેખર ન ચાલે. ઈ. ૧૯૬૯-માં દિલ્હી ખાતેની ટેસ્ટમાં આપણે ઑસ્ટ્રેલિયા સામે ૭ વિકેટ જીત્યા ત્યારે આપણા બીજા દાવમાં નાઈટ વૉચમૅન તરીકે બેદીએ ઘણો મહત્ત્વનો ફાળો આપેલો. ઇંગ્લૅન્ડના જાણીતા ફાસ્ટ બોલર હેરૉલ્ડ લારવૂડે એક વાર નાઈટ વૉચમૅન તરીકે આવીને બીજે દિવસે ૯૮ રન કરેલા!

બીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે ભારતે પાંચ વિકેટે ૨૩૬ રન કર્યા હતા. ત્રીજા દિવસની રમત શરૂ થયાં થોડો સમય ગયો છે ત્યાં આપણે કાને પડે છે: 'ઈન કમ્સ આર્નોલ્ડ, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ બેદી. લિટલ આઉટસાઈડ ધ લેગ સ્ટમ્પ, બેદી ટ્રાઈઝ ટુ ટર્ન ઈટ ટુ ધ લેગ, મિસિઝ ઍન્ડ બૉલ હિટ્સ ધ પૅડ. ધેર ઈઝ ઍન અપીલ ફૉર એલ.બી. ડબલ્યુ. ફ્રૉમ ફીલ્ડર્સ બટ નેગેટિવ્ડ બાઈ ધી અમ્પાયર. બૅક ટુ ધ બોલર.' ક્રિકેટમાં એક વિચિત્રતા છે. બૅટ્સમૅન કોઈ પણ રીતે આઉટ થતો હોય તો તે માટે ફીલ્ડરે, બોલરે કે કોઇએ અમ્પાયરને અપીલ કરવી જ જોઇએ. ક્લીન બોલ્ડમાં તો ઠીક, પણ એલ.બી. ડબલ્યુ, રન આઉટ, સ્ટમ્પ્ડ આઉટ, કૅચ આઉટ વગેરે બધામાં જો અપીલ ન કરવામાં આવે તો ત્યાં સુધી અમ્પાયર આઉટ ન આપે. અપીલ થયા પછી અમ્પાયર તેને નકારે (નૅગેટિવ્ડ) તો અપીલ નકામી: તે સ્વીકારે (અપહોલ્ડ કરે) તો બૅટ્સમૅન આઉટ.

'નેક્સ્ટ બૉલ ટુ બેદી, ઑન ધ લેગ સ્ટમ્પ. ધિસ ટાઈમ સેઇમ સ્ટ્રૉક બાય બેદી ઍન્ડ અગેઈન હિટ્સ ધ પૅડ ઍન્ડ અ લાઉડ અપીલ બાઈ ધ બોલર ઍન્ડ અધર્સ. યેસ, અમ્પાયર અપહેલ્ડ ઈટ ધિસ ટાઈમ ઍન્ડ બેદી ઈઝ આઉટ, એલ.બી. ડબલ્યુ. બો. આર્નોલ્ડ ફૉર 11'. એલ.બી. ડબલ્યુ એટલે લેગ બિફોર વિકેટ. જે પગે બૉલ અથડાયો તે પગ સ્ટમ્પની આડો હતો ને જો તે આડો ન હોત તો બૉલ સ્ટમ્પને અથડાત, આ સિદ્ધાંત પર એલ. બી.ડબલ્યુ. આઉટ અપાય છે. મૂળ નિયમ તો એવો છે કે સ્ટમ્પ પર જતો બૉલ શરીરના કોઈ પણ ભાગથી રોકાય તો એલ.બી. ડબલ્યુ. અપાય. એલ.બી. ડબલ્યુ. એટલે લેગ બીટ્વીન વિકેટ્સ પણ કહેવાય છે, કારણ કે સામાન્ય સમજણ એવી છે કે પગ જો બે વિકેટની વચ્ચે હોય તો જ તે વિકેટની આડો ગણી શકાય.

બેદી આઉટ થયા એટલે એન્જિનીઅર દાવમાં આવ્યા અને ભારતનો દાવ આગળ ચાલ્યો. એમ ત્રીજા દિવસના ટી ટાઈમ પહેલાં થોડી વારે ૩૯૭ રનમાં ભારતનો પ્રથમ દાવ પૂરો થયો.

ઇંગ્લૅન્ડનો બીજો દાવ આવ્યો ને ફરી પહેલા પ્રમાણે બધું ગોઠવાયું. દાવ શરૂ થયો: 'ઈન કમ્સ આબિદઅલી, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ વૂડ. ડિફેન્સિવલી ફૉરવર્ડ ઍન્ડ નો રન'. બીજો બૉલ નાખવાની તૈયારી ચાલે છે ને આબિદ દોડે છે ત્યાં વૂડ એકદમ બૅટ ખભે મૂકી વિકેટની બાજુમાં ચાલ્યા જાય છે. તેમને કાંઈક ફરિયાદ છે: 'યેસ હી હેઝ અ કમ્પલેઈન અગેઈન્સ્ટ ધ સ્પેક્ટેટર્સ હૂ સ્ટૅન્ડ ઈન ફ્રન્ટ ઑવ ધ સાઈટ સ્ક્રીન' સાઈટ સ્ક્રીન એટલે સામસામી બંને જે વિકેટો હોય છે તે બંનેની પાછળ, બાઉન્ડ્રીની બહાર, એક એક મોટો સફેદ પરદો હોય છે. આ પરદાની પાછળ ઊંચા સ્ટૅન્ડમાં પ્રેક્ષકો બેઠા હોય, પણ પરદાની આગળ કોઈ ન બેસી શકે. બૅટ્સમૅનને માટે બોલરના ઍક્શન અને તેના હાથમાંથી છૂટેલો બૉલ એ બધું બરાબર નીરખવું બહુ જરૂરી હોય છે. આ માટે એકસરખી અને સફેદ બૅકગ્રાઉન્ડ જોઇએ. તે માટે આ પરદા રાખવામાં આવ્યા હોય છે. અહીં એ પરદાની આડે લોકો આવ્યા એટલે દડો બરાબર ન દેખાય, તેથી વૂડે બૅટિંગ આગળ ન ચલાવ્યું. અમ્પાયર લોકોને દૂર કરશે ને રમત આગળ ચાલશે.

ઇંગ્લૅન્ડના બીજા દાવને કલાકેક થયો છે ને ત્રીજા દિવસની સાંજ આવી રહી છે. રમત ચાલુ છે: 'ઇન કમ્સ રાઘવન, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ એમિસ, બટ સડનલી એમિસ લીવ્ઝ ધ ક્રિઝ ઍન્ડ હી ઈઝ સિગ્નલિંગ ટૉવર્ડ્ઝ પૅવેલિયન ફૉર સમથિંગ. યેસ હી હૅઝ સમ ટ્રબલ વિથ ધ બૅટ.' તેમને બૅટ બદલાવવું છે એટલે બારમા ખેલાડી બકેન્શૉ નવું બૅટ આપી જશે ને રમત આગળ ચાલશે. એક કિસ્સો યાદ આવે છે: ઈ. ૧૯૬૫ની ભારત ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની સીરીઝમાં દિલ્હી ખાતે ચોથી ટેસ્ટમાં ન્યૂ ઝીલૅન્ડના સુકાની જ્હૉન રીડ વૅંકટરાઘવન સામે દાવ લઈ રહ્યા હતા, ને અચાનક તેમના બૅટમાં તેમને કાંઈક ખામી લાગી; એટલે રમત અટકાવી બીજું બૅટ મંગાવ્યું. બૅટ આવી ગયું એટલે રમત શરૂ થઈ અને પહેલા જ બૉલે રીડ બોલ્ડ થયા! જૂના બૅટ સાથે બારમો ખેલાડી હજી તો પૅવેલિયન પાસે પહોંચ્યો ત્યાં નવા બૅટ સાથે રીડે પણ એ જ રસ્તો લીધો! બૅટ્સમૅનને પગે બાંધેલા પૅડમાં કંઈ તક્લીફ હોય કે ગ્લવ્ઝ (હાથનાં મોજાં)માં કાંઈ મુશ્કેલી હોય તો રમત અટકાવી એ નવાં સાધનો મંગાવી શકે, યા સરખું ગોઠવી શકે.

એક દિવસની રજા પછી હવે તો ચોથા દિવસની રમત ચાલે છે. ઇંગ્લૅન્ડના ચાર વિકેટે ૧૨૫ રન થયા છે. આપણે કાને પડે છે: 'ઈન કમ્સ શેખર મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ ફ્લેચર. યે...સ...હી ઈઝ આઉટ! કૉટ બાઈ સોલ્કર ઍટ સિલી મિડ ઑન ફૉર 13.' ફ્લેચર આઉટ થતાં નવા બૅટ્સમૅન આવશે: 'ધી નેક્સ્ટ મૅન ઈઝ સ્કિપર લેવિસ. હી ઈઝ ટેઇકિંગ ગાર્ડ ફ્રૉમ ધી અમ્પાયર. નાઉ હી ઇઝ લુકિંગ રાઉન્ડ ટુ સી ધ ફીલ્ડ પ્લેસિંગ, ઍન્ડ ઈઝ નાઉ રેડી ટુ ટેઈક સ્ટ્રાઈક. શેખર અગેઈન કમિંગ ઈન ઍન્ડ બોલ્સ ટુ લેવિસ. ઓહ! લેવિસ ઇઝ ક્લીન બોલ્ડ! અ ગૂગલી બૉલ, અ લિટલ ફાસ્ટર વિચ લેવિસ ડિડ નૉટ રીડ કરેક્ટલી ઍન્ડ વૉઝ ક્લી. . બોલ્ડ. હી ઈઝ બોલ્ડ બાઈ ધ વેરી ફર્સ્ટ બૉલ હી રીસીવ્ડ.'

ઉપરાઉપરી બે વિકેટો પડતાં વાતાવરણ ઠીકઠીક ગરમ થઈ જશે અને એવા વાતાવરણ વચ્ચે ઍલન નૉટ દાવ લેવા આવશે. ઈન અ વેરી એક્સાઇટિંગ ઍટમસ્ફીઅર ધ ન્યૂ મૅન ઈન ઈઝ ઍલન નૉટ. શેખર ટૂક ટુ વિકેટ્સ ઈન ટુ બૉલ્સ ઍન્ડ હી હૅઝ અ ચાન્સ ફૉર 'હૅટ ટ્રિક'. આ 'હૅટ ટ્રિક' શબ્દ દુનિયામાં ઠીકઠીક જાણીતો છે. હૅટ ટ્રિક એટલે એક જ બોલર ઉપરાઉપરી ત્રણ બૉલમાં ત્રણ વિકેટો લે તે. આવી સિદ્ધિને હૅટ ટ્રિકના નામથી ઓળખવામાં આવે છે. એવું પણ બને કે એક ઓવરના બે બૉલે કોઈ બોલરે બે વિકેટો લીધી અને એ પછીની પોતાની બીજી જ ઓવરના પ્રથમ બૉલમાં જ તે ત્રીજી વિકેટ લે તો તે પણ હૅટ ટ્રિક ગણાય. ચંદ્રશેખર હવે પ્રથમ જ બૉલમાં નૉટને પણ આઉટ કરે તો તેમને હૅટ ટ્રિક મળે. વાતાવરણ ગરમ છે ને નૉટ હજી બરાબર તૈયારી કરે છે ત્યાં મર્ચન્ટનો અવાજ કાને પડશે. 'વેલ, આનંદજી ડોસા, કૅન યુ ટેલ મી હાઉ મેની હૅટ ટ્રિક્સ હૅવ બીન પરફૉર્મ્ડ સો

('કુમાર' અંક ૫૯૦)

ફાર ઈન ટેસ્ટ ક્રિકેટ?' મર્ચન્ટને આવી સુટેવ છે. કાંઈક નવીન બને એટલે જૂના વિક્રમો આણુંદજી ડોસાને પૂછે, ને વળી પોતે પણ પોતાનાં સંભારણાં ટાંકે. આણુંદજી ડોસા પાસે ઉત્તર તૈયાર જ હોય, એટલે કહેશે: 'યેસ, ધેર વેર સિક્સ્ટીન હૅટ ટ્રિક્સ પરફોર્મ્ડ બાઈ ફોર્ટીન બોલર્સ સો ફાર ઈન ટેસ્ટ ક્રિકેટ.' ચાલો જોઈએ ચંદ્રશેખર હેટ્રિક મેળવે છે કે નહિ?

'ઈન કમ્સ શેખર મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ નૉટ, નૉટ વેરી કેરફુલી પ્લેઈઝ ઈટ ડિફેન્સિવલી ફૉરવર્ડ ઍન્ડ ધસ હી પ્રિવેન્ટ્સ ધ હૅટ ટ્રિક.' ઓવર પૂરી થશે એટલે ઍલન નૉટ અને બીજો નોટ આઉટ બૅટ્સમૅન ગ્રૅહામ રૂપ પિચની વચ્ચે ભેગા થઈ મસલત કરશે. 'ધ ટુ બૅટ્સમૅન હેવ લેફ્ટ ધ ક્રીઝ ઍન્ડ આર એડવાઇઝિંગ ઈચ અધર ઈન ધ મિડલ ઑવ ધ પિચ.' જ્યારે કટોકટી હોય ત્યારે ઓવર બદલાતી વખતે બંને બૅટ્સમૅનો પિચ વચ્ચે મળીને મસલત કરી શકે ને એકબીજાને સલાહ આપી શકે.

ઇંગ્લૅન્ડના બીજા દાવમાં ૧૨૫ રનમાં છ વિકેટો પડી ગઈ છે. રમત આગળ ચાલે છે ત્યાં મર્ચન્ટનો અવાજ કાને પડે છે: 'આઈ રીક્વેસ્ટ ધ સ્પેક્ટેટર્સ ટુ ટોન ડાઉન ધેઅર ટ્રાન્ઝિસ્ટર્સ. ધેઅર લાઉડ વૉલ્યુમ ડિસ્ટર્બ્સ ધ પ્લેઅર્સ.' આમ કહી તેઓ આ માટે ખૂબ આગ્રહ કરી સમજાવશે. બને છે એવું કે સ્ટેડિયમમાં બેઠેલા ઘણા પ્રેક્ષકો પોતાની સાથે ટ્રાન્ઝિસ્ટર લાવીને કૉમેન્ટરી પણ સાંભળતા હોય છે. સ્ટેડિયમ આખામાં આવા અનેક ટ્રાન્ઝિસ્ટર્સ ચાલુ હોય એટલે તેનો અવાજ મેદાનમાં ખેલાડીઓ સુધી પહોંચે જ. એક તો આનો ઘોંઘાટ જ બૅટ્સમૅનને તકલીફ ઊભી કરે, ને ઉપરાંત રમત વિષેની કૉમેન્ટેટરની કૉમેન્ટ પણ તેઓને કાને પડતાં તેઓ અસ્વસ્થ થાય. ખેલાડીઓને માનસિક તાણ વગર રમવા દઈ સાચી રમત જોવી હોય તો પ્રેક્ષકોએ મર્ચન્ટની વિનંતીને માન આપવું જ જોઈએ.

ચોથો દિવસ છે એટલે વિકેટ હવે 'લૂઝ' પડી ગઈ છે. તેથી સ્પિનરોનું જોર ચાલે છે. સામાન્ય રીતે મૅચ આરંભાય ત્યારે વિકેટ કડક અને ફાસ્ટ હોય ને તેથી ઝડપી બોલરોને એમાં સારી સફળતા મળે. જેમ જેમ પિચ વપરાતી જાય તેમ તેમ તેનું નક્કરપણું થોડું ઓછું થતું જાય અને તે ઢીલી પડતાં સ્પિનરોને વધુ અનુકૂળ બને. બૉલમાં પણ એવું છે કે ફાસ્ટ બોલર નવો બૉલ જ નાખે અને તે થોડો ઘસાતાં સ્પિનર તેનો ઉપયોગ કરે. નવો બૉલ સ્પિનરને ન ફાવે, ને 'લૂઝ' બૉલમાં ફાસ્ટ બોલરની શક્તિ નકામી જાય. એ પણ ખરું કે નવા ને કડક બૉલે ઓછી તાકાતે વધુ જોરદાર ફટકો મારી શકાય જ્યારે, 'બૉલ લૂઝ' બન્યા પછી ફટકો મારવામાં પણ વધુ તાકાત ખર્ચવી પડે.

મૅચ હવે રસાકસીભરી ભૂમિકાએ પહોંચી છે. ભારતને પોતાનો વિજય નજીક દેખાય છે. 'ઈન કમ્સ રાઘવન, મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ નૉટ. રાઘવન હેડ ફાઉન્ડ અ સ્પૉટ, મેઈડ બાય એન ઇંગ્લિશ ફાસ્ટ બોલર ડયુરિંગ ઇન્ડિયા ઈઝ ફર્સ્ટ ઇનિંગ્સ, ઍન્ડ ટર્ન્સ ધ બૉલ વેરી શાર્પલી.' સ્પિનરો ઘણી વાર કોઈ ઝડપી બોલરે કે બૅટ્સમૅનથી પિચ પર નાનો એવો ખાડો પડી ગયો હોય તો ત્યાં જ વારંવાર બૉલ નાખી બૉલને વધુ ટર્ન આપે. ઑસ્ટ્રેલિયાના જાણીતા લેગ સ્પિનર અને ભૂતપૂર્વ સુકાની રિચી બેનોએ ઇંગ્લૅન્ડ સામેની ઈ. ૧૯૬૧ની સીરીઝની ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતેની ચોથી ટેસ્ટમાં આવું કરેલું. ઇંગ્લૅન્ડને મૅચ જીતવા માટે ૨૫૬ રન કરવાના હતા ને એક વિકેટે તેમણે ૧૫૦ રન કર્યા હતા. આ ભૂમિકાએ બેનોએ બોલિંગ સંભાળી અને આગલા બોલરના પગની નિશાનીઓનો લાભ લઈ ઇંગ્લૅન્ડને ૨૦૧ રનમાં ખખડાવી નાખ્યું.

ઇંગ્લૅન્ડની ટીમ હવે તો ઇનિંગ્સની હારમાંથી બચે છે કે નહિ એ જ જોવાનું છે. નૉટની મદદથી ઇંગ્લૅન્ડ આખરે ૧૬૭ રન કરે છે ને ઇનિંગ્સની હારમાંથી બચે છે. ભારતે હવે જીતવા માટે ૧૮ રન કરવાના છે. આપણે કાને શબ્દો પડે છે: 'યેસ, ગાવસ્કર હિટ્સ ધ વિનિંગ રન. બાય હિટિંગ આર્નોલ્ડ ટુ ધ કવર બાઉન્ડ્રી, ઍન્ડ સો ધ મૅચ ઈઝ ઓવર વિથ ઇન્ડિયા વિનિંગ ઈટ બાઈ ટેન વિકેટ્સ ટુ ટેઈક લીડ ઈન ધ સીરીઝ બાય-1, ધ પ્લેઅર્સ આર રનિંગ ટૉવર્ડ્ઝ ધ પૅવિલિયન વિથ ધી અમ્પાયર્સ, ઍન્ડ ધ ક્રાઉડ ઈઝ રોરિંગ! અ વેરી એક્સાઈટિંગ ઍન્ડ જૉયફૂલ ફિનિશ!' આ પછી સમગ્ર મૅચની વિવેચના થશે. અને શક્ય હશે તો બંને ટીમોના સુકાનીઓને રેડિયો પર થોડું બોલવા નિમંત્રણ અપાશે. સ્ટેડિયમમાંથી મેદની આનંદોલ્લાસ સાથે બહાર નીકળતી હશે, અને કૉમેન્ટેટર પણ રજા લેતાં કહેશે: 'ઍન્ડ સો વિથ ધી એન્ડ ઑવ ધ મૅચ વી ઑલ્સો ક્લોઝ ધ કૉમેન્ટરી. ગુડ બાઈ એવરીબડી! નાઉ વી આર ગોઈંગ બૅક ટુ ધ સ્ટુડિયો.'

અને ક્રિકેટ રસિકો, 'લેટ અસ ઑલ્સો ક્લોઝ ધિસ કૉમેન્ટરી વિથ ધ હોપ ધૅટ વી શૅલ હીઅર વેરી એક્સાઈટિંગ ઍન્ડ ઈન્ટરેસ્ટિંગ કૉમેન્ટરીઝ ઑવ ટેસ્ટ મૅચિઝ ઈન ફ્યૂચર ઍન્ડ વિલ ફૉલો ધેમ અપ મોર ઈન્ટેલિજેન્ટલી.' □

કેટલાક પારિભાષિક શબ્દોની સમજણ આ લેખમાં આપવાની રહી ગએલી તે અહીં આપી છે.

કટર: આ પણ બોલરની એક યુક્તિ જ છે. કટર એટલે એવો બૉલ કે જે હવામાં એક તરફ ગતિ કરે ને પિચ પડયા પછી ઊલટી દિશા પકડે. દા. ત. ઑફ-કટર બૉલ એટલે જે હવામાં આઉટ સ્વિંગ (બૅટ્સમૅનથી દૂર જતો) થાય છે, પણ પિચ પડયા પછી ઑફ-બ્રેક થાય છે. એટલે કે બૅટ્સમૅનની તરફ વળે છે. આથી ઊલટું, લેગ-કટર બૉલ હવામાં ઈન-સ્વિંગ થાય છે પણ પિચ પડયા પછી લેગબ્રેક થઈને દિશા બદલે છે.

ગો વિથ હિઝ આર્મ: ઘણી વાર 'બૉલ ગોઝ વિથ હિઝ આર્મ' એવો પ્રયોગ કાને પડે છે. આ પ્રયોગ એવા પ્રકારના બૉલ માટે વપરાય છે કે જે જમણેરી બોલરે ફેંક્યો છે ને જે એ જમણા હાથની દિશામાં જતો લાગે છે. અર્થાત્ જમણેરી બોલરનો બૉલ 'ગોઝ વિથ હિઝ આર્મ' હોય તો તે આઉટ-સ્વિંગર હોય. ડાબેરી બોલર માટે પણ જો આવો જ પ્રયોગ થાય તો તે બૉલ ઈન-સ્વિંગર સમજવો.

પેઈસ અને શીમ બોલર: ઝડપી કે મધ્યમ ઝડપી બોલરને પેઈસ બોલર પણ કહે છે. સીમ બોલર એટલે જે બૉલને સારો સ્વિંગ કે 'કટ' કરી શકે.

બ્લૉક હૉલ: બૅટ્સમૅને દાવ આરંભતા પહેલાં અમ્પાયર પાસેથી ગાર્ડ લઈને જે નિશાની કરી હોય તેને 'બ્લૉક હૉલ' કહે છે.

ચૉપ: બૉલને ચૉપ કર્યો એટલે બૉલને 'લેઈટ કટ' કર્યો. જ્યારે બૅટને ઉપરની બાજુથી નીચે તરફ લઈ જઇ બૉલની ઉપર મારી તેને દાબીને ફટકારવામાં આવે છે ત્યારે ચૉપ શબ્દ વપરાય છે.

કાઉ શૉટ: એવો શૉટ કે જેમાં બૉલને ઑફથી લેગ તરફ ફેરવવા માટે તેની ફ્લાઇટથી આડું બૅટ ફેરવવામાં આવે. એક રીતે 'સ્વીપ'નું આ બીજું નામ છે.

ક્રીઝ: ત્રણ પ્રકારની હોય છે. (૧) સ્ટમ્પની સીધમાં બંને બાજુ જે લીટી દોરવામાં આવે છે તેને બોલિંગ ક્રીઝ કહે છે. આની કુલ લંબાઈ ૮ ફૂટ અને ૮ ઇંચ હોય છે ને તે સ્ટમ્પની બન્ને બાજુ સરખે ભાગે વહેંચાય છે આ ક્રીઝની આગળ એક પગ ને પાછળ બીજો પગ એમ રાખીને જ બોલરે બોલિંગ કરવું જોઈએ. (૨) રીટર્ન ક્રીઝ: બોલિંગ ક્રીઝના બંને છેડે, બોલિંગ ક્રીઝથી કાટખૂણે અને પિચથી ઊલટી દિશામાં જે લીટી દોરવામાં આવે છે તે. તેની લંબાઈ અનિશ્ચિત હોય છે. (૩) પૉપિંગ ક્રીઝ: બોલિંગ ક્રીઝ અને સ્ટમ્પથી ચાર ફૂટના અંતરે વિકેટથી પિચ બાજુના ભાગે દોરાતી રેખા. તેની લંબાઈ અનિશ્ચિત છે. બૅટ્સમૅને સ્ટમ્પ આઉટ કે રનઆઉટમાંથી બચવા માટે આ રેખાને સીમા ગણવાની હોય છે.

શૂટર: એવા પ્રકારનો બૉલ જે પિચ પડયા પછી ઊછળતો નથી.

ચંદ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની જુગલબંધી–૯....માતાજીનાં દર્શન

કિંગનું સંગીત અને ડાન્સ કલેક્શન

ત્યારે આ 'માતાજી' કોણ? પણ એમ સીધા જવાબ દે તો તે આશા પુતલી નહિ. ભેદભરમ તે કેવા વળી? તેના એક સંગીતકાર મિત્ર મસ્સમોટી ગાડી લઈને આવ્યા અને બધું ધાડું રાત્રે ન્યૂ યૉર્કના અનેક પુલો વટાવી મૅનહટ્ટન બંદરને કાંડે પહોંચ્યું; અને ત્યાંથી ગાડી સહિત બધાં ચડયાં ફેરી (બોટ) ઉપર સ્ટૅટન આઈલૅન્ડ જવા. હું તો ચકળવકળ જોયા કરું! જ્યાં બારેમાસ દિવાળી ને ઝગારા મારતી રોશની, ત્યાં મને વળી દિશા–ડિરેકશનનું શું ભાન? એમ્પાયર સ્ટેઈટ બિલ્ડિંગથી એ ઊંચું ટ્રેઈડ સેન્ટર માટેનું એક બિલ્ડિંગ બંધાતું હતું. ઊંચી ડોકે જુઓ તો ડોક ખડી જાય ને પંદર દા'ડા દુઃખે! પણ ફેરીમાંથી મૅનહટ્ટન ટાપુની સ્કાઈલાઈન જોવી એ એક લ્હાવો! ત્યાં આશા ગાજી: 'નમ! વાંકો વળ! જો પેલાં માતાજી—એટલે સ્ટૅચ્યુ ઑવ લિબર્ટી!' જે જોવા કેનેડી એરપોર્ટ પર ઊંચો નીચો થતો હતો તે અહીં દરિયા વચાળ! રાત્રે તેણે હાથમાં ઉપાડેલી મશાલમાં અજવાળું!

તેને તરીને ફેરી પહોંચી સ્ટૅટન આઈલૅન્ડ! ત્યાંના એક થીએટરમાં બી. બી. કિંગ ગાવાના હતા. એનું તો ભારે મોટું નામ! પણ તેને ય અમારી આશા તો 'હાઈ કિંગ!' કહી 'કેમ છો?' ઢબે બોલાવે! શું સમજો છો સાહેબ? એ જમાત જ અલગ! થીએટર પાસે પહોંચતાં જ જે ટોળી જોવા મળી કે આપણે ઠંડાગાર! આપણે અહીં ફૅશનમાં વાળ વધારી જાણેલા! અને ત્યાં તો બાપજન્મારાની પ્રથા હોય તેમ બધા જ લાંબા વાળવાળા! પાર વિનાના, ગૂંચળાંવાળા! ગમે તેમ કાપેલા, વાંકડિયા, ફુગ્ગો ફુલાવી માથે વિગ મૂકી હોય તેવા, આપણે ત્યાં ચિરપરિચિત સત્ય સાંઈબાબાના વાંકડિયા વાળ જોઈએ છીએ તેવા... અને બધા ભાતભાતના પોશાકમાં: ચીંથરેહાલ, સ્વેટર પહેરેલા, કાંડે ચામડાનાં ચાર્મ્સ પહેરેલાં, લેધરના જૅકેટવાળા, ચરસ, મારીજુઆના ને ગાંજાનો કેફ કરનારા... અરે, જોઈને ઠરી જાઓ તેવા–ગુંડા જેવા લાગે; તે ય એક બે ને ત્રણ ક્યાંક કોઈ ફૅટ લગાવે ને છરો ભોંકી બેસે તેવી ઘાતકી નજરવાળા! વાંચેલું, સાંભળેલું, પણ બાપ જન્મારે નજરે નહિ દીઠેલું! પણ આ દેખાવે ઘાતકી નશો કરેલી આંખોવાળા એ બધા જ સંગીતરસિયા! એમને સંગીતનો જ નાદ! એ સંગીત સાંભળી માંડે ડોલવા, ડોકાં ધુણાવવા; પછી શરીર ધ્રૂણવા માંડે; ચપટી વગાડે, પગ પછાડે ને બધાં સમૂહરૂપ થઈ, હાથ ઊંચા કરી ઝૂલવા માંડે! માની શકાય નહિ તેટલાં શાંતિપ્રિય! છોકરા ને છોકરીઓ ભેગાં! નિગ્રો ગાયક બી. બી. કિંગ ગાય તે તો મોટો બનાવ! થીએટર ચિક્કાર! આંખ અંજાઈ જાય ને મગજ ચકરાવે ચડે તેવી સાઈકેડેલિક લાઈટો ઘૂમે! અમે જઈ આગલી હરોળમાં બી. બી. કિંગનાં માનવંતાં મહેમાન તરીકે ગોઠવાયાં!

બી. બી. કિંગે આવીને જે ગાયું છે! અહીં કોણ સમજે—ભગાભાઈ?! પણ એ માણસ પાક્કો જાદુગર! એનાં ગીતો પૂરાં થાય ને બધાં હર્ષની કિકિયારી કરે! ધ્રૂણવા માંડે! 'They get very high on his music.'—આશા કહે. આ 'high' એટલે આપણે જેને સમાધિ કહીએ તે! અઢી ત્રણ કલાક એ બધું ચાલ્યું. કાન ફાડી નાખે તેવા તાળીના અવાજો, હર્ષની કિકિયારીઓ ને છેલ્લે આખોય પ્રેક્ષકગણ ઊભો થઈ તેની જોડે જાણે ડોલવા લાગ્યો. તેના શરીરને આંબવા બધાં મથવા લાગ્યા. પેલી આર્કલાઇટો, સાઈકેડેલિક લાઇટસો, બૅન્ડના, રૉકના અવાજો અને એ સર્વની ઉપર બી. બી. કિંગ ગાતો જાય. જે જે તેને પહોંચી શકે તેની જોડે હાથ મેળવતો જાય. આગળ તો રીતસરનું સમૂહ-નૃત્ય—બધાંએ ડોલવું જ શરૂ કરી દીધેલું. બ્લ્યૂઝ, સ્પિરિચ્યુઅલ્સ, સ્ટૉલ મ્યૂઝિક, (નામ આપો તે—તેનો કેફ નજરે જોયો ને કાને સાંભળ્યો ન હોત (સંગીતની આ અસરથી વંચિત રહી જાત. એ દૃશ્યો હજી ભુલાતાં નથ

કાર્યક્રમ પત્યે બૅક સ્ટેઈજ પર બી. બી. કિંગને મળવા ગયાં. હેતર તે આશાને ભેટયો. આશાએ તેના કંઠનાં મોંફાટ વખાણ કર્યાં. તો પે(શરમાઈને કહે: 'બાઈ! તું ગળાંફાડ ગાનારી! તું સમજદાર! આમ મ શરમાવ મા!' આવાં અરસપરસ માનનાં દૃશ્યો જોઈ મારી આંખમ પાણી આવી ગયાં! આ જ આશા? જેની આટઆટલી કદર ન્યૂ યૉર્કમ થાય. ને તે મુંબાઈ હતી ત્યારે માત્ર 'આર્ટ ફેસ્ટિવલ' વિના ક્યાંયે તેન આમ કોઈએ કદર નહિ કરેલી.

રાતના ત્રણેક વાગ્યે બધો મેળો વિખરાયો. પણ ન્યૂ યૉર્કમાં રા ને દિવસના વળી ભેદ કેવા? સ્ટૅટન આઈલૅન્ડથી પાછા મૅનહટ્ટન ફય ત્યારે સવાર પડવામાં હતી. આશા કહે કે હવે નાસ્તો કરવા જઈએ એટલે તેના સંગીતરસિયાં મિત્રો અમને ચાઈનીઝ વિભાગમાં—ચાઈન ટાઉનમાં—લઈ ગયાં! અહીં જાણે ચીનનો જ વિસ્તાર! સંસ્કૃતિ તમાર જાણે બદલાઈ ગઈ! ચાઈના ટાઉન પર લખવા બેસીએ તો પાનાં ભરાય

હું થાકીને લોથ થઈ ગએલો તે મોટરમાં જ ઝોકાવા લાગ્યો. સવા ઘરે પહોંચી સૂતો તે બપોરના બેએ ઊઠયો! જોઉં તો આશા સજીધજી તૈયાર. ક્યાં જવાનું? તો બાઈને ઍપૉઈન્ટમેન્ટસ ને મારા થાકનો પા નહિ. એટલે તેને મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટમાં મળવાનું કહી પાછ પથારીએ પડયો. ચારેક વાગ્યે ટેલિફોનની ઘંટડીએ જાગ્યો. પ્રૉવીડેન્સથ મીનળનો ફોન. ચાંદામામાએ દિવાળી–નવા વરસની મુબારકબાદી, સાલ મુબારક વગેરે કહ્યું. મારે હજી ત્યાં જવાને બે દિવસની વાર હતી.

ટેડ શૅાનના જન્મદિવસના કાર્યક્રમમાંની હાજરી વિષે આગળ (જુઓ અંક ૫૭૯) જોઈ ગયા છીએ. એ ન્યૂ યૉર્ક પબ્લિક લાયબ્રેરીની એક શાખા 'ડાન્સ કલેકશન' વિભાગ, લિંકન સેન્ટરમાં. ઓહોહો! શો ત્યાંનો નૃત્ય વિષયક વિભાગ! પુસ્તકો, ચોપનિયાં, છાપાંની કાપલીઓ, ફોટાઓ ને નેગેટિવોનો સંગ્રહ, પ્રોગ્રામ બુક્સ, પબ્લિસિટી મટીરીઅલ, પોશાકોન સંગ્રહસ્થાન, પાવલોવાની મોજડીઓ ને સ્પૅનિશ નર્તકોની હાથ-પતા કડીઓ (કાસ્ટાનેટ્સ), બૅલેના સન્નિવેશના સ્કેચો, નૃત્યકારોની જીવન કથનીઓ, તેમનાં બાલેના રિવ્યૂ, તેમણે લખેલા પત્રો, ડાયરીઓ અને.. ગણ્યું ગણાય નહિ એવું એ બધું સાહિત્ય જોઈ હું તો છક્ક થઈ ગયો અને આપણે ત્યાં? સમ ખાવા જેવું નાનકડું મ્યૂઝિયમ હજી હવે સંગીત નાટક અકાદમીએ દિલ્હી ખાતે શરૂ કર્યું છે. પણ ક્યાં રાજા ભોજ ને ક્યાં બચાડી આપણી સંગીત નાટક અકાદમી? આપણે ત્યાં નૃત્યન હજી માઠી દશા છે. જ્યારે અહીં તો માગો તે હાજર. અને હવે કૉમ્પ્યુટરની મદદથી તો રેફરન્સ શોધવાં એટલાં સરળ થઈ પડયાં છે! ધારે કે તમારે આના પાવલોવા કે ઈસાડોરા ડંકને ભજવેલી ભૂમિકાની યાદ જોવી છે; અથવા બૅલેન્શીનનાં બૅલેની યાદી જોઈએ છે. બસ ચાં દાબો કે જે જે તારીખવાર તવારીખ જોઈએ તે કયા વિભાગમાં કયા જોવી તેની માહિતી તમને તરત મળવાની. એ વિભાગને અપટુડેટ રાખવાની 'ડાન્સ કલેકશન' વિભાગની અપૂર્વ તત્પરતા જોઈ મસ્તક માનપૂર્વક ઝૂકી પડે. લાયબ્રેરીઅન તમને હોંશભેર તે તે વિભાગમાં લઈ જાય–ને દસેક મિનિટમાં તો માગો તેટલી માહિતી હાજર કરી દે. અને

અહીં આપણે ત્યાં ? ધારો કે તમારે ઉદયશંકરની જન્મતારીખ જાણવી છે, તેમણે પહેલવહેલા કરેલા બૅલેની રજૂઆત વિષે માહિતી જોઈએ છે, તો લખો સંગીતનાટક અકાદમીને. અઠવાડિયું, બે અઠવાડિયાં, મહિનો રાહ જુઓ! નસીબ પાધરાં હોય તો ટપાલનો ઉત્તર આવે. ને તે ય એવો કે તમે માગેલી માહિતી વિષે તપાસ ચાલે છે, થોડા વખતમાં જણાવીશું. ત્યાં લગીમાં તો વરસ વીતી જાય! બાલાસરસ્વતીની અમુક છબિ જોઈએ છે; મીનાક્ષી સુંદરમ પિલ્લૈનો ફોટો જોઈએ છે;–અલ્લાયો! કશું મળે નહિ! પણ આ બાબતમાં ચાંદામામાએ રંગભૂમિ વિષે ઓછા બળાપા કાઢ્યા છે તે અમે હવે આમ હાયવરાળ કાઢવા બેઠા? સંગીત-ક્ષેત્રે યે એવા જ હાલ છે. પણ આમ સપનાં સેવ્યે શું વળે? આપણી અકાદમીઓ કદી જાગવાની નથી. બાકી, સંગીતનાટક અકાદમીવાળા શું પારી(સ)નું ઓપેરા મ્યૂઝિયમ, મિલાનનું લાસ્કીલાનું, લંડનનું વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ, ને ન્યૂ યૉર્કની પબ્લિક લાયબ્રેરી વિષે નથી જાણતા શું? કે ત્યાં સરકારને મોટે ખર્ચે આંટા નથી મારી આવ્યા? પણ જવા દો, એવી બળતરાઓની વાતો લખીશું તો પાર નહિ આવે. સાંભળ્યું છે કે મુંબાઈમાં 'નૅશનલ સેન્ટર ફૉર પર્ફોર્મિંગ આર્ટ્સવાળા એવી યોજનાઓ વિચારે છે. પણ તે પાર પડે ત્યાં લગીમાં તો આપણા ગુરુઓની એક આખી પેઢી પરલોક સિધાવી ગઈ હશે!

ડાન્સ કલેક્શન વિભાગમાં જુદાં જુદાં મથાળાં હેઠળ નૃત્યનાં અનેક સ્વરૂપોને વણી લેવામાં આવ્યાં છે. સામાજિક, આંતરરાષ્ટ્રીય, પ્રિમિટિવ, લોકનૃત્યો, રાષ્ટ્રીય નૃત્યો ઈત્યાદિ. મેં કૅટલૉગ માગ્યું ત્યારે ઈ. ૧૯૭૧ના વરસના અંત લગીનું હજી તૈયાર થતું હતું. આથી મેં જૂનું કૅટલૉગ માગ્યું તો ૧૯૬૭ના અંતે ત્યાં ૧૩,૮૦૦ પુસ્તકો, ૩,૫૦૦ બૅલેનો પટકથાઓ, ૪,૬૦૦ પ્રિન્ટસ, મૂળનાં ડ્રૉઇંગ. સ્ટેજ ડિઝાઈન, કૉસ્ચ્યુમ–પોશાકોનાં રેખાંકનો; ૪૦,૦૦૦ પ્રોગ્રામ બુક્સ, ૬૦,૦૦૦ ફોટોગ્રાફ્સ, ૩,૫૦,૦૦૦ દૈનિક પત્રોનાં કટિંગ્સ; ૨૬,૮૫૧ મૅન્યુસ્ક્રીપ્સ–હસ્તપ્રતો–ડાન્સ નોટેશન્સના સ્કોર; માઇક્રો ફિલ્મ્સ અન્ય નૃત્યને લગતી ફિલ્મો; અને હાલમાં છેલ્લા ત્રણ દાયકાથી પશ્ચિમમાં પ્રગટ થતાં નૃત્યવિષયક સામયિકો વગેરે થોકબંધ એ વિભાગમાં સંઘરાએલું જણાયું.

આટલું જ નહિ, પરંતુ આ સંગ્રહ વિષે નૃત્યરસિયાં જાણે ને જુએ ને માણે તે માટે વિશિષ્ટ સમારંભો યોજાય. જેમ કે હું જેમાં હાજરી આપી શક્યો તે ટેડ શૉનનો ૮૦મો જન્મદિવસ. તેની ઊજવણી નિમિત્તે ટેડ શૉનની ૫૦ વરસની કારકિર્દીને લગતા ફોટાઓનું એક અસામાન્ય પ્રદર્શન યોજેલું. નૃત્યજગતની જાણીતી વ્યક્તિઓનાં પ્રવચનો ગોઠવાય. પરદેશથી કોઈ મોટી બૅલે મંડળી આવે તો તેને બિરદાવવા તેના દેશની નૃત્યપરંપરાની જાણ કરતું પ્રદર્શન યોજાય. અગાઉ તેવાં 'ફ્રેંચ કોર્ટ અને ઓપેરા બૅલે', 'બ્રિટિશ બૅલે', 'ફેની એલ્સ્બેરની ૧૦૦મી જયંતી', 'ડાન્સ નોટેશન', 'આના પાવલોવા', 'ધ રૉયલ ડૅનિશ બૅલે', 'ટેડ શૉન–ધી અમેરિકન ડાન્સર'—એમ કંઈકંઈ પ્રદર્શનો યોજાઈ ગએલાં. તે ઉપરાંત અમેરિકન નૃત્યકળાને બિરદાવતા 'ધ ન્યૂ યૉર્ક સિટી બૅલે', 'સ્ટ્રાવિન્સ્કી ઍન્ડ ડાન્સ' અને વિખ્યાત રશિયન નર્તકી ગાલીના ઊલાનોવાનાં પ્રદર્શનોને તો લોકો હજી સંભારે છે. આ સંગ્રહોને સતત સમૃદ્ધ કરવામાં અનેક વ્યક્તિઓ ને સંસ્થાઓ સહાય કરે છે. ગૅબ્રીએલ એસ્ટ્રુક–ડાયાગીલેવ આર્કાઈવ્ઝ, લૂઈ બ્રાન્ચ, ઈર્વિંગ ડીઆર્કીન, ડેનીશોન, હાન્યા હોમ, હમ્ફ્રી વીડમાન, લિંકન કસ્ટીંન અને લા મેરી.—આ બધાંના સંગ્રહો વિષે છાપેલાં કૅટલૉગ તૈયાર તેમાંની માહિતી અપ ટુ ડેટ.

આ સિવાય પણ વ્યક્તિગત નૃત્યકારની જીવનકથા અને યાદગાર પ્રસંગો આધુનિક સમય લગી તંતોતંત સચવાય છે. નૉરા કે (૧૯૫૬), એગ્નિસ દ મીલ (૧૯૫૬), કૅથરીન લિટલફ઼ીલ્ડ, ફિલાડેલ્ફીઆ બૅલે વગેરે. વિષે જ્યારે માગો ત્યારે સંપૂર્ણ માહિતી મળી રહે. મનોરંજન ક્ષેત્રના બેતાજ બાદશાહ સોલ હુરૉક (Sol Hurok) જેણે અમેરિકામાં આપણા ઉદયશંકરને રજૂ કરી હિંદુ નૃત્યો પરત્વે સમગ્ર સંસારનું ધ્યાન આકૃષ્ટ કર્યું હતું તેની ઑફિસ તરફથી ડાન્સ ક્લેક્શનમાં પ્રેસ કટિંગની ફાઇલો છેલ્લામાં છેલ્લી માહિતી પૂરી પાડે. તમે છેલ્લા ચાર દાયકાનો ઇતિહાસ પૂછો તો તારીખવાર, પ્રયોગવાર, કલાકારવાર કાઢી આપે! કેવો સહકાર અને કેવી ઊલટ! આટલું પૂરતું ન હોય તેમ સ્થાનિક અનેક મ્યૂઝિયમો અને વ્યક્તિઓ પોતે જે સંગ્રહ રાખે તે પણ કંઈક સમૃદ્ધ થતાં આ 'ડાન્સ ક્લેક્શન' વિભાગને સોંપી દે. મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટે ઈ. ૧૯૫૬માં એવો સંગ્રહ કરવાનું બંધ કર્યું, પરંતુ ત્યાં લગીનો કરેલો સંગ્રહ અભૂતપૂર્વ છે. તે પણ ડાન્સ ક્લેક્શનમાં સોંપ્યો છે. એ આખો યે સંગ્રહ ૧૯૪૦ પૂર્વેનાં વર્ષોની સિલસિલાબંધ માહિતી પૂરી પાડે છે. ખાનગી સંગ્રહો પૈકી ૧૯૬૨માં રૉબર્ટ ડોબિંગે વિખ્યાત રશિયન નર્તકી ગાલીના ઊલાનોવાની આલ્બર્ટ કાહ્ને લીધેલી ૬૦૦૦ નેગેટિવો અહીં ભેટ આપી છે. સંસારભરમાં એકમાત્ર નર્તકી પર કોઈએ અભૂતપૂર્વ અભ્યાસ કર્યો હોય તો તે એ આલ્બર્ટ કાહ્ને કરેલો ગણાય છે. ગાલીના ઊલાનોવાની રોજિંદી જીવન-ઘટમાળ વ્યક્તિ તરીકે, નૃત્યાંગના તરીકે, શિક્ષિકા તરીકે, ઈત્યાદિ તેમાં આવરી લેવાઈ છે. તે વિષે જાણી હું સ્તબ્ધ થઇ ગયો. આપણે ત્યાં દુનિયાભરમાં શ્રેષ્ઠ ગણાએલાં બાલાસરસ્વતી વિષે કોઈએ આવી યોજના સુધ્ધાં વિચારી છે ખરી?

મ્યૂઝિયમ ઑવ ધ પરફૉર્મિંગ આર્ટ્સના આ વિભાગને લિંકન સેન્ટરમાં જોઈ છક્ક થઈ જવાય છે. રૉકેફેલર ફાઉન્ડેશનની ગ્રાન્ટ મળવાથી તેનું કાર્ય અવિરત ચાલુ રહ્યું છે. એ અરસામાં તે ગ્રાન્ટ મળવાનું બંધ થવાની વાત આવી હતી અને આ વિભાગ મુશ્કેલીમાં મુકાવાનું જાણવા મળેલું, કે તરત જ છાપાંઓમાં અસંખ્ય પત્રો પ્રગટ થયા, કમિટીઓ રચાઈ, પબ્લિક અપીલો થઈ અને અંતે આ વિભાગનું કામકાજ વણથંભ્યું, વણઅટક્યું ચાલુ રહે તેવી જોગવાઈ કરવામાં આવી. આનું નામ તે નૃત્ય પરત્વે—તેના ઇતિહાસ પરત્વે પ્રજાનો જીવતો જાગતો પ્રેમ! આપણે ત્યાં તો આવો જુવાળ આવે ત્યારે ખરો. કદાચ કદી યે નહિ આવે. મોડા મોડા પણ આપણે જાગીએ તો ઘણું! (ચાલુ)

છાલો-પાલો-મરી-મસાલો · ૬

ફુદીનો

ચાહ અને ચટણીમાં વપરાતા સોડમદાર ફુદીનાથી તો સૌ જ્ઞાત છે. મૂળ ભૂમધ્ય સમુદ્રની આસપાસના પ્રદેશોનો, પણ આજે તો લગભગ સર્વત્ર જાણીતો આ છોડ ઘરઆંગણે કૂંડામાં પણ વાવી શકાય છે. ઉત્તર ભારતમાં એક બીજી પહાડી જાત પણ થાય છે, જેની વાસ વધુ તીવ્ર હોય છે. એનાં પાન તથા એની સુકવણી બંને વપરાય છે. પુદીન એ એનું સંસ્કૃત નામ. ફુદીનો સ્વાદુ, રુચિકર, હૃદ્ય, ઉષ્ણ, દીપક તથા વાયુ ને કફનો નાશ કરે છે. ઉધરસ, અજીર્ણ, અગ્નિમાંદ્ય, સંગ્રહણી, અતિસાર, કોલેરા, જીર્ણ જ્વર અને કૃમિમાં એ વપરાય છે. બગડેલું ધાવણ સુધારવા સાથે ધાવણના અતિ જોશ વખતે ફુદીનો આપવાથી ફાયદો થાય છે.

તાજો ફુદીનો, ખારેક, મરી, સિંધવ, કાળી દ્રાક્ષ અને જીરુ, એ બધાંની ચટણી બનાવી તેમાં લીંબુ નીચોવીને ખાવાથી મોંમાં રુચિ પેદા થઈ સ્વાદ આવે છે તેમજ પાચનશક્તિ પણ તેજ થાય છે.

ફુદીનો, તુલસી, મરી, આદુ વગેરે ચામાં નાખી પીવાથી વાયુ દૂર થઈ ભૂખ લાગે છે. ફુદીનો ને તુલસીનો ઉકાળો રોજ આવતો તાવ મટાડે છે. આદુ ને ફુદીનાનો રસ ટાઢિયા તાવમાં ગુણ કરે છે. એનો ઉકાળો વાયુ ને શરદીમાં લાભપ્રદ છે. મોતીઝરામાં ફુદીનો, રામતુલસી ને કાળી તુલસીનો રસ કાઢી તેમાં પાવલીભાર સાકર નાખી પીવાથી ફાયદો થાય છે.

ફુદીનાનો રસ નાકમાં પાડવાથી સળેખમમાં ફાયદો થાય છે. વીંછી ડંખ્યો હોય ત્યારે પણ ફુદીનાનાં પાન ચાવવાથી રાહત મળે છે. દાદર પર પણ ફુદીનાનો રસ વારંવાર લગાડવાથી ફાયદો થાય છે. તુલસીની પેઠે ઘેરઘેર ફુદીનો ઉગાડાય એ ઈચ્છનીય છે. **માધવ મો. ચૌધરી**

આયુ, આહાર, ઔષધ અને આરોગ્ય અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી ની સલાહ

૧ ખોરાકમાં ચરબી જરૂરી ખરી? જો એમ હોય તો અમુક રોગમાં તે લેવાની મનાઈ કેમ કરવામાં આવે છે?

ઉ. પોષણની સાથે શરીરને શક્તિની પણ જરૂર છે, જે ચરબી યા ચરબીયુક્ત પદાર્થોમાંથી મળે છે. એક ઔંસ ચરબીમાંથી ૨૭૦ કૅલરી મળે છે. સમતોલ આહારમાં કુલ કૅલરીના ૨૦થી ૨૮ ટકા ચરબી પૂરતી છે. એથી વધુ ચરબી આંતરડામાં ન શોષાવાથી મળ દ્વારા શરીરની બહાર નીકળી જાય છે, તેમ જ શરીરમાં જમા પણ થાય છે. શરીરમાં ચરબીના વધુકા પ્રમાણથી કોલેસ્ટેરોલનું પ્રમાણ વધુ પડતું થઈ જઇને લોહીની નળીઓની કઠણાઈ ('એથેરોસ્કલેરૉસિસ') થાય છે, જેને કારણે રક્તાભિસરણમાં નડતર પેદા થઈ લોહીનું દબાણ વધે છે. કોલેસ્ટેરોલના વધુકા પ્રમાણ સાથે ડાયાબિટિસ અને ગુરદાના રોગ પણ સંકળાએલા છે. હાર્ટ ઍટેક પછી શરીરનું વધારાનું વજન ઘટાડવામાં ખોરાકમાંથી ચરબીનું પ્રમાણ ઘટાડવું ખાસ જરૂરી બને છે.

૨ વજન ઉતારવા માટે ધીમેધીમે ચાવીને ખાવાની સલાહ આપવા પાછળ શું તાત્પર્ય હશે?

ઉ. વજન ઉતારવા માટે ધીમેથી ખાવાનું કહેવા પાછળ માનસિક કારણો પણ રહેલાં છે. ધીમા ખાવાની ટેવ પાડવાથી એક જાતનો સંયમ કેળવાય છે, જે લાંબા ગાળે વજન ઉતારવા માટે પણ ફળદાયી નીવડે છે. વળી, ઝડપથી ખાવા કરતાં ધીમેધીમે ખાવાથી પેટ ભરાયાની વહેલી ખબર પડે છે. ઝડપી ખાનાર સામાન્ય રીતે વધારે હવા ગળે છે. ખોરાકના પાચનની ક્રિયા મોંમાંથી જ શરૂ થાય છે, એટલે ઝડપથી કોળિયા ગળે ઉતારવા એ આમે ય ખાવાની એક ખોટી રીત છે.

૩ મોં બહાર રહેતી જીભ, ત્રાંસી આંખ, અને બેઠેલા ચહેરાથી અમારા સંબંધીનો એક પુત્ર વિચિત્ર જ દેખાય છે. તેનો માનસિક વિકાસ થયો લાગતો નથી. દાક્તરો આને 'મૉંગોલિઝમ'ની સ્થિતિ કહે છે. આ પૂર્વસંસ્કારના લીધે હશે? કે કંઈ બીજું કારણ હશે?

ઉ. વ્યક્તિના જન્મથી માંડીને તેનાં આરોગ્ય, સુખ, ભણતર, માબાપ સુખ વગેરે દરેક બાબતમાં આપણે પૂર્વસંસ્કારને કારણભૂત લેખીએ છીએ; પણ વૈદક વિજ્ઞાનના આધારે સ્પષ્ટ છે કે યુવા વય કરતાં જેમ પ્રજનનક્ષમતા પૂરી થવા આવી હોય એવી ચાળીસ વર્ષ ઉપરની ઉમરવાળ માતાનું બાળક આવું મૉન્ગોલ જન્મે છે. પ્રજનનક્ષમતાના કાળને છે આવી રહેલી સ્ત્રીઓની બીજગ્રંથિમાંથી ખોડવાળો બીજકોષ બહાર પ છે. વળી, ઋતુનિવૃત્તિકાળ સમીપ પહોંચેલી સ્ત્રીઓને અંતઃસ્રાવી ગ્રંથિ ઓના બગાડા પણ હોય છે. આમ મૉન્ગોલ બાળક અવતરવા મા માતાની મોટી વય જવાબદાર લેખાય છે. પણ સ્ત્રીને કોઈ પણ ઉમ મૉન્ગોલ બાળક જન્મે છે એ પણ હકીકત છે. મૉન્ગોલ બાળકને ૪૭ ક્રૉમે સોમ્સ હોય છે જ્યારે સ્વસ્થ બાળકને ૪૬.

શરીરના અબજો કોષોમાં જોડબંધ ગોઠવાએલા તંતુસમ આ ક્રૉમે સોમ્સ આનુવંશિક સંસ્કારનાં તત્ત્વો છે. ગર્ભના વિકાસમાં કોષના વિ ભાજન વખતે ક્રૉમોસોમ્સ પણ તૂટે છે, જુદાં પડે છે અને નવા કોષમ ફરી ગોઠવાતાં જાય છે. આ ક્રિયા વિલક્ષણતાથી ને ચોકસાઈથી થાય છે પણ કદીક સ્ત્રીપુરુષના પ્રજનનકોષમાં ક્રૉમોસોમ્સ અવ્યવસ્થિત બને છે અને એથી આવી અવ્યવસ્થા ફેલાય છે.

મૉન્ગોલિઝમમાં બાળકનું મગજ ખામીભર્યું હોય છે. એથી એને માનસિક વિકાસ મર્યાદિત બને છે. દોઢ વર્ષની વય સુધી એ બોલત નથી, બેસી શકતું નથી, અને ચાલતાં પણ મોડું શીખે છે. તેનાં તન ને મનનો વિકાસ ન થવાથી કુટુંબમાં પણ એ રંજ પેદા કરે છે. બોલતા પણ મોડું શીખે છે. તેની ખાસિયતો મર્યાદિત હોવાથી એને ઉછેરવું સરળ બને છે. નાના બાળક તરીકે એ આકર્ષક તો હોય છે જ. મોટી વયે એનો માનસિક વિકાસ સાત વર્ષના સામાન્ય બાળક જેટલો જણાય છે. કોઈની દેખરેખ તળે તે સાદાં કામ કરી શકે, પણ પોતાની સંભાળ જાતે રાખી શકે એવાં ન હોવાથી એના ઉછેરમાં ખૂબ ધ્યાન રાખવું પડે છે. આવા બાળકને પ્રેમ, કાળજી ને આશ્રયની ખાસ જરૂર છે. એનાં વૃદ્ધિ વિકાસ ધીમાં હોય છે, પણ એ માયાળુ ને સીધું સાદું હોય છે.

[વાચકોને આવા પ્રશ્નો મોકલવાનું આમંત્રણ છે. એક જ પ્રશ્ન ટૂંકમાં મુદ્દાસર લખી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા, ઉમરેઠ)ને મોકલવો.]

ટિકિટ-સંગ્રહ









સ્વાતંત્ર્યની રજતજયંતી નિમિત્તે ભારતે બે ખાસ બહુરંગી ટિકિટો બહાર પાડી. એક રૂા. ૧-૪૫ની જેના પર નવી દિલ્હીના ઇંડિયા ગેટ પરથી ઊડતા જેટ વિમાનોને રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોની ધૂમ્રસેર પાડતાં દર્શાવ્યાં છે. બીજી વીસ પૈસાની ટિકિટ પર અશોક ચક્રની આસપાસનો નાગપાશ લોકશાહીના રક્ષણનો સૂચક છે.

જમણી બાજુ છેડેની બે ટિકિટોમાં ઉપરની ગઈ ૩૦મી ડિસેમ્બરે આપણા જાણીતા વિજ્ઞાની સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈની યાદમાં તેમની છબિ સાથે બહાર પડી. તેમાં પશ્ચાદ્ભૂમાં શાંતિદૂત કપોત સાથે ભારતનું 'રોહિણી' રૉકેટ પણ દર્શાવ્યું છે. બીજી ટિકિટ યુ. એસ. એસ. આર. (રશિયા)ની ૫૦મી જયંતી નિમિત્તની છે જેના પર રશિયાના રાષ્ટ્રધ્વજ સાથે ત્યાંનું ક્રૅમલિન ટાવર બતાવ્યું છે. ભારત અને રશિયાએ એકબીજાના ખાસ પ્રસંગ નિમિત્તે અગાઉ પણ ખાસ ટિકિટો બહાર પાડેલી છે.

(પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર-અમદાવાદ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. **મધુસૂદન પારેખ**ની લેખમાળા

[૨] ૪ સ્કૉટ કવિતા

ચૌદમા સૈકામાં સ્કૉટલૅન્ડે આંતરિક ઝગડાનો—અને કાંઈક જંગાલિયતનો—અનુભવ કરાવવા છતાં તેણે એક મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી: સ્વતંત્રતા! આ ઘટનાએ કવિઓની ચેતનાને ઉત્તેજિત કરી. જ્હૉન બાર્બરે (John Barbur) 'બ્રુસ' (Bruce) રચીને એક નવી દિશા ઉઘાડી આપી. એમાં જણાયું કે સ્કૉટ કવિઓ પાસે આંતરિક ખમીર હતું અને સાથે એક અનોખી કલાસૂઝ હતી.

સ્કૉટલૅન્ડમાં પંદરમા સૈકામાં પહેલા ગણનાપાત્ર કવિ તરીકે રાજા **જેઈમ્સ પહેલા**નું (૧૩૯૪-૧૪૩૭) નામ ગણાવી શકાય. તેની કલમ પર ચૉસરનો પ્રભાવ હતો. જોકે તેના સાહિત્યસર્જન અંગે શંકાઓ ઉદ્ભવી છે, તેમ છતાં 'કિંગ્ઝ ક્વાયર' (King's Quair) તેની કૃતિ મનાય છે. તેમાં તેના જીવનનો રોમાંચક પ્રેમકિસ્સો નિરૂપિત થયો છે. અગિયારમે વર્ષે જેઈમ્સ અંગ્રેજોને હાથે કેદ પકડાયો હતો. ઓગણીસ વર્ષ સુધી તે કેદી રહ્યો. જીવનના સંધ્યાકાળે તેનો હેન્રી ચોથાની ભત્રીજી જોન બોફોર્ટ સાથે પ્રેમસંબંધ થયો. કારાગૃહમાં તેના હૃદય પર પ્રેમનો જાદુ કરી જનારી એ સુંદરીનું તેણે Beautiful enough to madden the world કરીને આકર્ષક વર્ણન કર્યું છે. એની સાથે તે ઈ. ૧૪૨૪માં પરણ્યો. આ સમગ્ર કાવ્યમાં ઊર્મિનો વેગ અને ભાષાની તાજગી પ્રસન્નકર છે. ચૉસરની કલાની અનેક સ્મૃતિઓ—ખાસ કરીને 'ધ નાઈટ્સ ટેઈલ'ની—એમાં સંકળાએલી વિવેચકોએ નિહાળી છે.

રૉબર્ટ હેન્રીસનમાં કલાની કંઈક વિશેષ મૌલિકતા છે. વ્યવસાયે એ શિક્ષક હતો. ચૉસરનો તે પ્રશંસક હોવા છતાં તેની કૃતિઓના અનુકરણમાં પણ તે પોતીકી મૌલિક સૂઝ દાખવે છે. ચૉસરની 'ટ્રૉઈલસ અને ક્રીસીડા' વાંચીને તેને આઘાત થયો. તેનો અંત તેને કાવ્યન્યાયની દૃષ્ટિએ ઉચિત ન લાગ્યો. ટ્રૉઈલસ જેવા વફાદાર પ્રેમીના મૃત્યુ પછી તરલ ક્રીસીડા ડાયોમેડ સાથે સુખચેનમાં જીવી જ કેમ શકે? તેણે એ કાવ્યનો અંત સુધારીને 'ધ ટેસ્ટામેન્ટ ઑવ ક્રીસીડા (The Testament of Cresseid)ની રચના કરી. ડાયોમેડ તેને ત્યજી દે છે. તેને પોતાને કોઢ નીકળે છે. ઘેરઘેર ભીખ માગતી તે ફરે છે. અને એ સમયે વિદ્યમાન ટ્રૉઈલસ તેના સ્વરૂપને ઓળખી શકતો નથી; તેને દાન આપીને તે ચાલ્યો જાય છે. એના ગયા પછી ક્રીસીડાને એ ખુદ ટ્રૉઈલસ હોવાની જાણ થાય છે, તે મૂર્છિત થઈ જાય છે. પછી પોતાનો દેહ જંતુઓને સમર્પતાં પહેલાં તે પોતાનું વસિયતનામું લખે છે: મિલકત કુષ્ઠ રોગીઓને અને ટ્રૉઈલસની પ્રેમભેટ–હીરાની વીંટી–પાછી ટ્રૉઈલસને. તેના મૃત્યુ પછી એ વીંટી ટ્રૉઈલસ જાળવે છે અને તેની ભવ્ય સ્મૃતિ રચે છે. ચૉસર જે શૈલીમાં તેની નાયિકાના દુ:ખ પ્રત્યે અફસોસ પ્રગટ કરે છે તેવી જ શૈલીમાં હેન્રીસન પણ, એને કાવ્યન્યાય આપવાનું વલણ દાખવતો હોવા છતાં, એના દુ:ખ તરફ હમદર્દી વ્યક્ત કરે છે. એની આ કૃતિને રોમાન્સના અકૃત્રિમ અનુસંધાન તરીકે વિવેચકોએ બિરદાવી છે.

હેન્રીસન કેવળ ઊર્મિલ નીતિવાદી નહતો. એની સ્વાભાવિક પ્રસન્નતા અને ટીખળવૃત્તિ એની પ્રાણીકથાઓમાં ખીલે છે. એની વર્ણનશૈલી પણ વિલક્ષણ છે. એ કહે છે: 'એક વૃદ્ધ મને સ્વપ્નમાં મળ્યો. એના જેવો સુંદર બીજો કોઈ મેં જોયો નથી. એ બુઢ્ઢો કહે છે: ભાઈ, હું રોમન છું—મારું નામ ઈસપ (Aesop)!' પછી આ ઈસપ મુખ પર મરમનું ખંધું હાસ્ય ફરકાવતો 'વરુ અને ઘેટું', 'શહેરનો ઉંદર અને ગામનો ઉંદર', 'સિંહ અને ઉંદર' અને એવી રસીલી કથાઓ હેન્રીસનને લખાવે છે. તે કથાઓ પ્રાણીકથાના ઉત્તમ નમૂનારૂપ ગણાઈ છે. વાર્તાવિષય પરિચિત હોવા છતાં સાચો રસ તેની કથનશૈલીમાં છે.

તેની ગ્રામજીવનને લક્ષ કરતી એક નોંધપાત્ર કૃતિ 'રૉબિન અને મૅકીન' (Robene and Makyne) છે. મૅકીને રૉબિન માટે અશ્રુ સાર્યાં તે વ્યર્થ નીવડે છે; રૉબિન તેની સદંતર ઉપેક્ષા કરે છે. પરંતુ તેને મૅકીનના પ્રેમની કિંમત સમજાય છે ત્યારે મૅકીન તેને કટાક્ષ અને ઉપહાસ સિવાય બીજું કંઈ આપી શકે તેમ નથી. સ્કૉટલૅન્ડના કવિઓમાં માતૃભૂમિની ખુશબો પણ સૌથી વિશેષ હેન્રીસનમાં કાવ્યરસિકોએ માણી છે.

વિલિયમ ડન્બારમાં (ઈ. ૧૪૬૦?–૧૫૨૦?) ઊર્મિ કે વિચારનું નાવીન્ય નથી. ચૉસર કે હેન્રીસનની અવલોકનશક્તિ પણ તેનામાં નથી. તેનાં રૂપકો અને કટાક્ષકૃતિઓ મધ્યકાલીન પ્રકારોને અનુસરનારાં છે. તેમ છતાં એની પાસે અદ્ભુત રચનાકૌશલ છે, ઉત્તમ શૈલી છે. એણે ચિત્રોમાં જે રંગ પૂર્યા છે, પંક્તિઓમાં જે ડોલન મૂક્યું છે તે વિવેચક લુઈને અપૂર્વ લાગ્યાં છે.

ડન્બાર પહેલાં તો ધર્મગુરુના વ્યવસાયમાં હતો, પરંતુ એના સુખિયા જીવને એ બહુ અનુકૂળ ન આવ્યો એટલે તે દરબારમાં રહ્યો, અને રાજા જેઈમ્સ ૪થાએ તેનો લંડનને પારી(સ)માં એલચી તરીકે ઉપયોગ કર્યો; ઉપરાંત સ્કૉટલૅન્ડનો રાજકવિ પણ બનાવ્યો. તેની રચનાઓ સેંકડોની સંખ્યામાં—ઘણીખરી ટૂંકી–મળી આવે છે. તેમાં વિષયવૈવિધ્ય અને રચનાકૌશલ આકર્ષક છે. એની કૃતિઓમાં તે એકસાથે વિલાસી (amourist), નીતિવાદી (moralist) અને કટાક્ષકાર (satirist) તરીકે પ્રતીત થાય છે. 'ધ થિસલ ઍન્ડ ધ રોઝ' (The Theissil and the Rois) જેવા રૂપકમાં તે સ્વપ્નની પરંપરા અનુસરતો હોવા છતાં તેણે શબ્દોનો જે ઝળહળાટ પ્રગટ કર્યો છે, તેમાં રૂપકો જે ગતિથી ઊઘડતાં આવે છે તે આશ્ચર્યજનક છે. ઈ. ૧૫૦૩માં સ્કૉટલૅન્ડના રાજા જેઈમ્સ ચોથાનાં લગ્ન ઇંગ્લૅન્ડના રાજા હેન્રી સાતમા (ટ્યૂડર)ની પુત્રી માર્ગરેટ સાથે થયાં તે અવસરને ઇંગ્લૅન્ડ-સ્કૉટલૅન્ડના જોડાણ તરીકે નવાજીને તેણે આ કૃતિ રચી છે. (થિસલ એ સ્કૉટલૅન્ડનું અને રોઝ–ગુલાબ–એ ઇંગ્લૅન્ડનું રાષ્ટ્રીય પુષ્પ છે.)

તેની 'ગોલ્ડન તાર્જ' (Golden Tarje)માં રોઝ રોમાન્સની જ પરંપરા તેણે જાળવી છે; પણ મધ્યકાલીન રૂપકોમાં જાણીતી નીરસતા, એકવિધતા તેનામાં નથી. એની શૈલી એવી ઝળાંહળાં છે કે વાચક તેની મોહિનીમાં સહેજે ખેંચાઈ જાય છે. આ કૃતિમાં કવિ સ્વપ્નમાં દરિયાઈ પ્રવાસ ખેડે છે. તેમાં સુંદરી (Beauty) તેના પર આક્ષેપો મૂકે છે; બુદ્ધિ (Reason) સોનાની એક ઢાલથી તેનો બચાવ કરે છે; પરંતુ બીજી એક સન્નારી Presence બુદ્ધિની આંખમાં કશાકની ભૂકી નાખી તેને આંધળી કરી મૂકે છે. કવિ કેદ થાય છે ને તેનું સ્વપ્ન પૂરું થાય છે. આ લેખક પાસે શૈલીનો ઠાઠ એ મોટી મૂડી છે.

તેની 'ડાન્સ ઑવ ધ સેવન ડેડલી સિન્સ' (Dance of the Sevan Deidly Synnis)માં એને નવો તુક્કો સૂઝે છે. મધ્યકાલીન રૂપકોમાં કવિઓએ સાત ભયાનક પાપો રજૂ કરી, પ્રજામાં ડર પેદા કરી તેને ધર્માનુરાગી બનાવવા પ્રયત્ન કર્યો. આ કવિ એવા કશા ગંભીર પ્રયોજન વિના તેમને સ્ટેજ પર ઘુમરીઓ લેતાં—નૃત્ય કરતાં વર્ણવે છે. એમાં નવીન પ્રકારની વિચિત્ર અશિષ્ટતા અને મજાકવૃત્તિ છે. ડન્બારને સ્કૉટલૅન્ડના હાઈલૅન્ડરો સાથે શત્રુતા હતી. તેમની અશ્લીલ જેવી મજાક સાથે આ કૃતિનો તે અંત લાવે છે.

લઘુકથા

તડબૂચ

યશવંત કડીકર

પાટણ લોકલ ડાંગરવા સ્ટેશને આવીને ઊભી રહી. ગિરદી કહે મારું કામ. લગ્નગાળો, વૅકેશન અને આ બન્નેનો સરવાળો એટલે ગાડી-મોટરોમાં બેશુમાર ગિરદી. પાછી વ્હિસલ સંભળાઈ. ઊતરનારને તકલીફ હતી અને તેથી વધુ ચડનારને. ત્યાં એક વૃદ્ધ આવી પહોંચ્યો. પાસે એક પોટકું હતું. ડબ્બામાંના કંઈક કાગડાઓ કા...કા કરી ઊઠચા: '...અહીં જગ્યા નથી, આગળ જા!' પણ એ બીચારો ક્યાં જાય? ગાડી ઊપડી ચૂકી હતી. મને દયા આવી. મેં એ કાગડાઓને વિનંતી કરી: 'ભાઈ, બીચારાને ચડવા દો ને! આટલા ઊભા છીએ એમાં એક વધુ.'

અને એ વૃદ્ધને અંદર લીધો. એના હાથમાંથી પોટકું છૂટી ગયું, પટકાયું અને અસ્તવ્યસ્ત થઈ ગયું. ડોસાનો પણ શ્વાસ માતો નહોતો. થોડીક વાર પછી એનો શ્વાસ હેઠો બેસતાં એણે પોટલું છોડચું અને એમાંથી મજાનું તડબૂચ કાઢી, ચીરીઓ કરી બધાને આપવા લાગ્યો. પહેલી ચીરી મારે ભાગે આવી. તડબૂચ ખૂબ સરસ હતું. મારી જીભ સળવળી ઊઠી: 'કેમ કાકા! તડબૂચ વહેંચવા લાગી ગયા?'

અને ડોસાએ જે કહ્યું તે આ પ્રમાણે હતું: 'ભાઈ, મારા પાડોશીના ભાણિયાના લગનમાં જાઉં છું. ભાણિયો મોસાળમાં આવતો ત્યારે એને તડબૂચ ખૂબ ભાવતું. તેથી આજ સવારે બે ગાઉ છેટેની વાડીએ જઈ મારા હાથે મજાનું તડબૂચ લઈ આવ્યો. હું ગરીબ માણસ છું. સાહેબ, બીજું તો એને હું શું આપવાનો?' કહેતાં એની આંખમાંથી ડબ...ડબ બે આંસુ પડી ગયાં... સો રૂપિયાના ચાંલ્લા કરતાં યે સરળ પ્રેમની આ સોગાદ શું મોટી નહોતી?

અને આંસુ લૂછતાં તેણે કહ્યું: 'ભાઈ, આ પોટલું પટકાયું એટલે તડબૂચ ઢીલું પડી ગયું... તમારા નસીબનું હશે, તમે ખાઓ.'

અને... મારું મન એકદમ આળું થઈ ગયું...

પણ ડન્બારની ખરી કલા ખીલે છે તેના કટાક્ષોમાં. કટાક્ષ માટે વિષયની પસંદગીમાં અને રચનાકૌશલમાં તે ચતુર છે. કોઈક વાર તે સંત ફ્રાન્સિસનો સ્વાંગ સજીને આવેલા સેતાનને સ્વપ્નમાં જુએ છે. તેની વરધી મુજબનો તે પોશાક લાવ્યો છે. ડન્બાર એ પોશાક તેને શા માટે અનુકૂળ નથી તેની માર્મિક સમજૂતી આપે છે—(How Dunbar was desired to be one Freir). કોઈક વાર વળી એનાં મશ્કરી-ઠઠ્ઠાથી રોપે ભરાએલું દરજીઓનું મંડળ તેની પાસે ખુલાસો માગવા આવે છે, અને માફી માગવાનો ડોળ કરતો ડન્બાર તેમની એ જ મશ્કરી વધારે માર્મિકતાથી કરવાની તક ઝડપે છે-(The Tournament). કોઈક સ્થળે પોતે પોતાને માટે બનાવેલી પાંખોથી ઊડવા જતાં ને નીચે પછડાતાં એક શેખીખોર પર આકાશનાં બધાં જ પંખી કેવાં તૂટી પડે છે તેનું હાસ્યકટાક્ષમય નિરૂપણ છે- (The Fenyeit Freir of Tungland).

આ કવિ રૂઢ મધ્યકાલીન સાહિત્યસ્વરૂપોમાં પણ એવી વિવિધ છટા પ્રગટ કરે છે, અને પોતાના સમર્થ વ્યક્તિત્વની એવી મુદ્રા અંકિત કરે છે કે એ સાહિત્યસ્વરૂપો નવીન તાજગીભર્યાં બની જાય છે. એક સુદીર્ઘ રચના 'ધ ટુ મૅરિટ વીમેન ઍન્ડ ધ વિડો' (The Tua Mariit Wemen and the Wedo)માં તે માળખું એક ફ્રેન્ચ કૃતિનું પસંદ કરે છે, લહેકો (tone) બીજી કોઈ ફ્રેન્ચ કૃતિનું પસંદ કરે છે, ને પછી તેમાં સ્ત્રીઓનાં વિલાસ અને અનીતિનું વાસ્તવિક ચિત્ર, Courtly Love-poetryની (જ્યાં પ્રેમ એ માત્ર સ્થૂલ કામવાસના રૂપ છે) પૅરડી રૂપે પૂરા કૌશલ-

થી રજૂ કરે છે. સારી પેઠે ઢીંચીને બગીચામાં બેઠેલી ત્રણ સ્ત્રીઓને વાર્તાલાપ તે સાંભળે છે. એમના મુખે લગ્નમાં જાતીય સંબંધો અંગે ચર્ચા રજૂ થાય છે તેમાં એ સ્ત્રીઓની નગ્ન વાસના એવી તો પ્રગટ થા છે કે ચૉસરની વાર્તામાં આવતી જાતીય-સંબંધોમાં નિષ્ણાત એ બાથની સ્ત્રી—Woman of Bath—પણ શરમાઈ જાય!

ડન્બારની ઊર્મિલતા અને એના શબ્દસંગીત માટે વિવેચકોએ એન લૅમેન્ટ ફૉર ધ મેકર્સ' (Lament for the Makaris) પસંદ કરી છે આમાં એણે ઇંગ્લૅન્ડ અને સ્કૉટલૅન્ડના મૃત કવિઓનું સ્મરણ કર્યું છે એનો સૂર વિષાદનો છે. એને નાણાંની હમેશાં તંગી રહેતી, એટલે રાજાને ઉદ્દેશીને પણ તેણે 'My painful purse so prickles me જેવા ધ્રુવપદવાળી ને બીજી અનેક હળવી-ગંભીર રચના કરી છે. છંદ પર તેનો કાબૂ પ્રશસ્ય છે. એનો આંતરિક જુસ્સો ને મૌલિકતા કાવ્યરસિકોએ બરાબર પ્રમાણ્યાં છે. એની કવિતામાં પંદરમી સદીના એડિનબરોના ચિત્રો—રાજા જેઈમ્સ ચોથાનો દરબાર, ધર્મગુરુના આંતરકલહ, વેપારી ને વકીલોના વ્યવહાર, નગરની પ્રવૃત્તિ—વિગતથી મઢેલાં ને મનહર છે

ગૅવિન ડગ્લસ (Gavin Douglas)ને કેટલાક વિદ્વાનોએ નવા યુગના સંતાન તરીકે ઓળખાવ્યો છે, તો બીજા કેટલાક તેનામાં મધ્ય-કાલીન માનસ નિહાળે છે. યુવાન વયે તેણે રૂપક-રચનાથી આરંભ કરી 'ધ પૅલેસ ઑાવ ઑાનર' (The Palice of Honour) રચી (ઈ. ૧૫૦૧). એમાં ચૉસરની 'હાઉસ ઑાવ ફેઈમ'નું અનુકરણ છે. સ્વપ્નમાં કવિ કીર્તિમહેલ (પૅલેસ ઑાવ ઑાનર)માં પ્રવેશે છે. એ મહેલમાં જીવનમાં નીતિ-સદાચારને માર્ગે ચાલીને મૃત્યુ પામેલા જીવો વસે છે. ડગ્લસ નિખાલસપણે પોતાનું સ્થાન ત્યાં નથી તે કબૂલ કરે છે. કૃતિમાં વિદ્વત્તા અને નીતિ બંનેનો સંયોગ છે.

તેની બીજી એક રૂપક કૃતિ 'કિંગ હાર્ટ' (King Hart)માં આત્મા (Hart) ખુશનુમા સુંદરી (Dame Pleasance) સાથે પ્રેમનિમગ્ન છે. ઉમર (Age) તેના રંગમહેલનાં દ્વાર ખખડાવે છે. યૌવન (Youth) અને બીજા ચંચળ દરબારીઓ તેને ત્યજીને નાસવા માંડે છે. ઉમર-કાળના આગમનનું ચિત્ર સજીવ બની શક્યું છે. અને નાસી જતા યૌવનને રાજા અલવિદા પાઠવે છે તેમાં વિષાદનો જે સૂર પ્રગટચો છે તેમાં વિવેચકોને ચમકાર જણાયો છે:

Sen thou man pas, fair youth heid, wa is me!

ડગ્લસની સાચી સિદ્ધિ વિવેચકોને તેણે કવિ વર્જિલના 'ઈનીડ' (Aeneid)ના સ્કૉટ ભાષામાં કરેલા અનુવાદમાં જણાઈ છે. મધ્યકાલીન રંગ અને વાતાવરણમાં વર્જિલની કૃતિને એણે એવા મનોહર રૂપે રજૂ કરી છે કે તે સહેજે આસ્વાદ્ય બની શકી છે. એ પુસ્તકના ખંડોમાં તેણે શિશિર, વસંત અને ગ્રીષ્મનાં ચિત્રો પ્રગટ કરતા આમુખ જોડચા છે તે પણ સાહિત્યરસિકોને તૃપ્તિકર લાગ્યા છે. (ચાલુ)

ગુજરાત રાજ્ય શતરંજ-સ્પર્ધા અને દસમી રાષ્ટ્રીય 'એ' ટુર્નામેન્ટ

ગઈ તારીખ ૩ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન અમદાવાદમાં અખિલ ગુજરાત શતરંજ ટુર્નામેન્ટ રમાઈ, જેમાં કુલ ૮૭ ખેલાડીઓએ ભાગ લીધો. આમાં મહમ્મદ ઈશાક, સુરેશ દવે, ઈન્દ્રવદન મોદી, એ. સી. સૈયદ, પ્રફુલ્લ ભટ્ટ વગેરે જાણીતા રમનારા ઉપરાંત ઊગતા ખેલાડીઓ પણ હતા. આ ટુર્નામેન્ટમાં ૧૪ માંથી ૧૧ પૉઈન્ટ મેળવીને શ્રી સુરેશ દવે સર્વશ્રેષ્ઠ પુરવાર થયા. ૧૪ રાઉન્ડની સ્વિસ પદ્ધતિથી રમાએલી આ ટુર્નામેન્ટમાં સર્વશ્રી સુરેશ દવે (અમદાવાદ) ૧૧ પૉઈન્ટ, ૨. સતીશ દલાલ (ભરૂચ) ૧૦॥ પૉ., ચુનીલાલ ભારડિયા (રાજકોટ) ૧૦ પૉ. વિરાફ અવારી (વલસાડ) ૧૦ પૉ. રવીન્દ્ર ભાટિયા (સૂરત) ૧૦ પૉ. ગૌરાંગ મહેતા (અમદાવાદ) ૯॥ પૉ., સંજય સોલંકી (અમદા.) ૯॥ પૉ., અને ૮. અરવિંદ ભાવસાર (અમદા.) ૯॥ પૉ. મેળવી શક્યા છે.

આ વર્ષે-૧૯૭૩માં આગામી ૧૧મી રાષ્ટ્રીય 'બી' ટુર્નામેન્ટ પણ અમદાવાદમાં યોજાશે જેમાં આ આઠેય ખેલાડી ભાગ લઈ શકશે.

ગુજરાતના એક વખતના શ્રેષ્ઠ ખેલાડી સુરેશ દવે અંગત કારણોસર છેલ્લાં થોડાં વર્ષોથી શતરંજ સ્પર્ધામાં ભાગ નહોતા લઈ શક્યા કે સારો દેખાવ નહોતા કરી શક્યા તે ફરી રાજ્યના સર્વશ્રેષ્ઠ ખેલાડી પુરવાર થયા તે આનંદદાયક છે. આ સ્પર્ધામાં ગુજરાતના લગભગ બધા જાણીતા ખેલાડીઓએ ભાગ લીધેલો એથી આ સ્પર્ધા ઘણી રસાકસીભરી બની રહી અને એથી-છેલ્લી બે ટુર્ના.માં બહુ સરળતાથી જીતનાર રવીન્દ્ર ભાટિયા આ વખતે પાંચમા આવ્યા. ઊગતા ખેલાડીઓમાં વિરાફ અવારી અને સંજય સોલંકી પણ આશાસ્પદ છે.

ગુજરાતના કોઈ ખેલાડીએ રાષ્ટ્રીય 'બી' ટુર્ના.માં પ્રથમ દસમાં આવીને રાષ્ટ્રીય 'એ' ટુર્ના.માં રમવાની તક હજી મેળવી નથી. સિમલામાં ગૌરાંગ મહેતાએ, જયપુરમાં રવીન્દ્ર ભાટિયાએ અને તે પહેલાં સુરેશ દવેએ કંઈક આશા જગાડી હતી. હવે આ વર્ષે ઘરઆંગણે રમાનારી રાષ્ટ્રીય 'બી' ટુર્ના.માં ઓછામાં ઓછું ગુજરાતના એકાદ પ્રતિનિધિ તો પહેલાં દસમાં જરૂર આવશે એવી આશા અસ્થાને નહિ ગણાય. આ આઠ ખેલાડીઓને યોગ્ય પ્રોત્સાહન, માર્ગદર્શન અને જરૂરી પ્રેક્ટિસની તક 'ગુજરાત રાજ્ય શતરંજ એસોસીએશન' પૂરી પાડશે તેવી આશા રાખીએ.

ગયા ડિસેમ્બર-જાન્યુઆરીમાં સિમલા ખાતે રમાએલી દસમી રાષ્ટ્રીય 'એ' શતરંજ-ટુર્નામેન્ટમાં મુંબાઈના અરુણ વૈદ્ય, હૈદરાબાદના મહમ્મદ હસ્સન અને મદ્રાસના મૅન્યુઅલ ઍરોને એક સરખા (૧૩માંથી ૯½) પૉઈન્ટ મેળવ્યા હતા. તે ત્રણ ખેલાડી વચ્ચે હવે પછી મૅચ રમાશે, જેમાં દરેક જણ બાકીના બન્ને ખેલાડી સામે ચારચાર રમત રમશે. ૧૯૫૫માં પહેલી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રામચંદ્ર સપ્રે ને વેન્કય્યા વચ્ચે 'ટાઈ' (tie) હતી તે વખતે પ્લે ઑફ (play-off) મૅચ રમાઈ ન હતી. ત્યાર પછીની આઠ ટુર્નામેન્ટમાં કોઈને કોઈ ખેલાડી સૌથી વધુ પૉઈન્ટ મેળવી સર્વશ્રેષ્ઠ પદના એકલા હકદાર બન્યા હતા. આ વખતે એ પદ માટે અંદરોઅંદર પહેલી વખત મૅચ રમાશે.

આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ મૅન્યુઅલ ઍરોન તેમના ધોરણ જેવું સારું રમી શક્યા નહિ. ઘણી રમતમાં એમની સ્થિતિ નબળી હતી, પણ પોતાના બહોળા અનુભવને લીધે તેઓ તેમાંથી પાર ઊતરી શક્યા. મહમ્મદ હસ્સન સારું રમ્યા હતા. રામચંદ્ર સપ્રે સામેની એક જ રમત તેઓ હાર્યા હતા; પણ વધુ પડતી રમત ડ્રૉ કરવાને લીધે તે એકલા સૌથી આગળ નીકળી શક્યા નહિ. આ ટુર્નામેન્ટમાં સૌથી



સારો દેખાવ ૨૨ વર્ષના યુવાન ખેલાડી અરુણ વૈદ્યે કર્યો. તેમણે ઍરોન, નાસીરઅલી, નાસીરુદ્દીન ગાલિબ, આબિદઅલી અલવી ને રામચંદ્ર સપ્રે જેવા વિખ્યાત ખેલાડીને પણ હરાવ્યા હતા અને હસ્સન અને શાલિગ્રામ સામે ડ્રૉ મેળવી હતી.

ટુર્નામેન્ટના નિયમમાં પહેલા ઈનામ અને ચૅમ્પિયનશિપ માટે સરખા પૉઈન્ટ થાય તો મૅચ રમવાને બદલે S. B. Score પ્રમાણે નંબર આપવાનું હોત તો પહેલું ઈનામ વૈદ્યને, બીજું હસ્સનને અને ત્રીજું ઍરોનને મળત. સિમલામાં જે સુંદર રમતનો પરિચય આપ્યો તેવી જ સુંદર રમત હવે રમાનાર મૅચમાં રમે તો વૈદ્ય તે જીતીને સર્વશ્રેષ્ઠ ખેલાડીનું પદ મેળવશે એમ માની શકાય.

૧૪ ખેલાડીની આ લીગ પદ્ધતિથી રમાએલી ટુર્નામેન્ટમાં ચોથું ઈનામ ભૂતપૂર્વ રાષ્ટ્રીય ચૅમ્પિયન નાસીરઅલીને મળ્યું હતું. પાંચમા અને છઠ્ઠા ઈનામ માટે પણ ત્રણ ખેલાડીનાં સરખા પૉઈન્ટ થયા હતા. તેઓને તેમના S. B. Score પ્રમાણે ક્રમાંક આપવામાં આવ્યો.

આ ટુર્નામેન્ટમાં યુવાન ખેલાડીઓ હમેશ કરતાં વધુ હતા. પહેલી જ વાર આ ટુર્નામેન્ટમાં રમતા અવિનાશ આવતે, નટરાજન અને વિજય અધિકારીએ પણ અમુક રમત સુંદર રીતે રમીને વધુ અનુભવી ખેલાડીઓને હરાવી ઉજ્જ્વળ ભવિષ્યની આશા આપી છે.

ટુર્નામેન્ટનું પૂરું પરિણામ નીચે પ્રમાણે છે:
૧-૩ અરુણ વૈદ્ય (મહારાષ્ટ્ર), મહમ્મદ હસ્સન (આંધ્રપ્રદેશ) અને મૅન્યુઅલ ઍરોન (તમિલનાડુ); દરેકના ૯॥ પૉઈન્ટ. ૪ નાસીર અલી (ઉત્તર પ્રદેશ), ૮॥ પૉ., નાસીરુદ્દીન ગાલિબ (આંધ્રપ્રદેશ) ૭ પૉ., ૬ સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર) ૭ પૉ., ૭ આબિદઅલિ અલવી (આંધ્રપ્રદેશ) ૭ પૉ., ૮ રામચંદ્ર સપ્રે (મહારાષ્ટ્ર) ૬॥ પૉ., ૯ વિજય અધિકારી (મહારાષ્ટ્ર) ૬॥ પૉ., ૧૦ મોહન બાપુર (મહારાષ્ટ્ર) ૫॥ પૉ., એસ. વી. નટરાજન (તમિલનાડુ) ૫ પૉ., ૧૨. ડૉ. શરદ રાજાધ્યક્ષ (મહારાષ્ટ્ર) ૪॥; ૧૩. અવિનાશ આવતે (મહારાષ્ટ્ર) ૩॥; અને ૧૪ શિવદત્ત હર્ષ (રાજસ્થાન)ના ૨॥ પૉ.

સુરેશ મોદી

પચ્ચીસ વર્ષ પહેલાં

ફેબ્રુઆરી ૧૯૪૮ · સળંગ અંક ૨૯૦



ઇ. ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ ગાંધીજીની હત્યા થયા પછીનો 'કુમાર'નો ફેબ્રુઆરી અં એક વિશિષ્ટ અંજલિ-અંક બની રહેલો. તેમાં નિયમિત વાચન ઉપરાંત ગાંધીજીનાં જીવન અ કાર્યનો પરિચય આપતી જે સામગ્રી આપેલી તેની વાનગી રૂપ ઉતારેલા નીચેના કોઠામાં ગાંધીજી ની જીવનવ્યાપી મહત્તા આલેખવાનો પ્રયત્ન છે. એમાં આપેલી જીવનનાં મુખ્ય મુખ્ય ક્ષેત્રો માંની એમની ચિરસ્મરણીય કામગીરી એમની અગાધ બુદ્ધિમત્તા તથા ઉત્તુંગ મહત્તાનો જ મા નહિ પણ તેમના જીવનલક્ષી ઉદાત્ત તત્ત્વજ્ઞાનનો પણ ઝાંખો ખયાલ આવી રહેશે.

સત્ય–અહિંસા

← રાજકારણ

રાજકારણને તદ્દન નવું જ સ્વરૂપ આપ્યું. જગતભરની કચડાએલી ગુલામ પ્રજાને સત્યાગ્રહનું દિવ્યાસ્ત્ર આપી 'शठं प्रत्यपि सत्यम्' એ મંત્રને રાજકારણમાં પણ સફળ-રીતે આચરી બતાવ્યો. પોતાની અતુલનીય સંગઠન શક્તિ વડે કૉંગ્રેસને કેવળ ભણેલાઓની સંસ્થા ન રાખતાં ખેડૂતો અને મજૂરોમાં પહોંચાડીને એક શક્તિશાળી સંસ્થા બનાવી. પ્રચંડ આંદોલનો વડે સુપ્ત પ્રજામાનસને જાગૃત કરી ગુલામોમાંથી મનુષ્યો સર્જ્યા અને મુરદાંમાંથી મરદો ઊભા કર્યા, એટલું જ નહિ પણ જવાહરલાલ, વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ, રાજાજી આદિ અનેક રત્નોને શોધી કાઢી, પાસા પાડી ઘડયા. ૯૦૦ વર્ષથી વિંખાઈ ગએલા હિંદનું એક રાષ્ટ્ર તરીકે સર્જન કર્યું અને છઠ્ઠ મહાભારત લડતોનું સફળ સેનાપતિપદ ધારણ કરી હિન્દને સ્વાતંત્ર્ય શિખરે પહોંચાડયું.

← અર્થશાસ્ત્ર

(૧) ગ્રામોદ્ધાર ને ગ્રામોદ્યોગ: દેશના અર્થશાસ્ત્રનું મધ્યબિંદુ જે શહેરો હતાં તે બદલીને હિંદના હૃદય જેવાં ગામડાંમાં કેન્દ્રિત કર્યું તથા ગંદકી અને પતનના અગર સમાં થઈ પડેલાં ગ્રામોને ગ્રામોદ્ધારના સમર્થ કાર્યક્રમ વડે ઓજસ્વી બનાવવાનો માર્ગ ચીંધ્યો. તથા ભારતવર્ષનું કલાકૌશલ્ય એક કાળે જેને કારણે દુનિયાભરમાં જાણીતું હતું, પણ પાછળથી અંગ્રેજોની કુટિલ રાજનીતિએ જેને કચડીને નામશેષ કરી નાખ્યા તે ગામડાના નાનાનાના હાથઉદ્યોગોને ફરી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા સજીવન કર્યા.

(૨) રેંટિયો: હિંદના કરોડોની બેકારી ટાળવાના અદ્વિતીય સાધન રેંટિયાની શોધ અને પ્રચાર. 'ચરખા સંઘ' સ્થાપી લાખોને અન્નનો કોળિયો પહોંચાડયો.

(૩) ખાદી: જ્યાં પરદેશી કાપડની બોલબાલા હતી ત્યાં શુદ્ધ સ્વદેશી કાપડ તરીકે ખાદીની પ્રાણપ્રતિષ્ઠા કરી દેશના ધોરી નસ સમા એ ઉદ્યોગને ઉત્તેજન આપવા સાથે ખાદીને સત્ત્વશીલતા ને દેશસેવાનું પ્રતીક બનાવ્યું.

← શરીરશાસ્ત્ર

(૧) પહેરવેશ: જ્યારે મોટા દેશહિતચિંતક નેતાઓ પણ પશ્ચિમી ઢબનો પોશાક પહેરવામાં સભ્યતા માનતા હતા તે કાળે સાદા દેશી પોશાકની સ્વ ઉદાહરણથી હિમાયત કરી,લઘુતા ભોગવતી દેશની સંસ્કૃતિને બચાવી લીધી.

(૨) કુદરતી ઉપચાર: કંગાલ લોકોના ઔષધોપચાર માટે ઓછામાં ઓછે ખરચે ને છતાં અસરકારક રીતે કુદરતી સાધનોથી જ અનેક રોગો દૂર કરવાની નૂતન ઉપચાર પદ્ધતિ સ્વાનુભવ પછી પ્રજા આગળ મૂકી અને પ્રચારી.

(૩) ખોરાક: જીવનભર ખોરાકના પ્રયોગો કરતા રહી શાકાહારી ખોરાકની શ્રેષ્ઠતા સાબિત કરી ને હાથછડના ચોખા,હાથચંદીનો લોટ આદિ સાત્ત્વિક વસ્તુઓની મહત્તા લોકોને સમજાવી. દેશને ખુવાર કરતી દારૂની બદી કાઢી.

સમાજશાસ્ત્ર →

(૧) હરિજન-ઉદ્ધાર: સમાજના અસહ્ય વિરોધનો સામનો કરીને ગુલામ દશા ભોગવતા હરિજનોને સમાજમાં બરાબરીનું સ્થાન આપી હિંદુ સમાજ પરનું એ કલંક દૂર કરવામાં મોટો ફાળો આપ્યો.

(૨) સ્ત્રી-ઉન્નતિ: અત્યાર સુધી તિરસ્કૃત નજરે જોવાતા સ્ત્રી વર્ગને સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું એટલું જ નહિ પણ આજ સુધી ઘરની દીવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી-શક્તિનો દેશસેવાના પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં.

(૩) હિંદુ-મુસ્લિમ ઐક્ય: હિંદને ભરખી જતા કોમી દાવાનળના શાંતિ માટેના ઉપાય તરીકે પ્રતિકૂળ પરિસ્થિતિ છતાં હિંદુ-મુસ્લિમ ઐક્યનો માનવતાનો સંદેશ આપતા રહ્યા ને તેને માટે પોતાના પ્રાણ પણ હોડમાં મૂકયા.

શિક્ષણશાસ્ત્ર →

(૧) વર્ધા યોજના: સો એક વરસથી ચાલી આવતી મૅકોલેની કારકુની શિક્ષણ પદ્ધતિને બદલી નાખી શ્રમની મહત્તા સ્વીકારતી તથા સમગ્ર જીવનની સર્વાંગીણ ઉન્નતિ સાધતી 'વર્ધા યોજના' (નવી તાલીમ)ની રચના કરી ને તેને અમલમાં લાવીને તેનું અસરકારકપણું સાબિત કર્યું.


(૨) ગુજરાતી સાહિત્ય: પોતાના પત્ર 'નવજીવન' દ્વારા ગુજરાતી ભાષાની પંડિતી કિલષ્ટતા તથા આડંબર દૂર કરી તેમાં તળપદી સરળતા તથા ચૈતન્ય દાખલ કરીને 'ગાંધીયુગ'ની શરૂઆત કરી. જોડણીકોશ રચાવી ગુજરાતી ભાષાનું જોડણી-અંધેર દૂર કર્યું.

(૩) પ્રૌઢશિક્ષણ: દેશની નિરક્ષરતા નાબૂદ કરવા પ્રૌઢશિક્ષણનો તેજસ્વી નંદાદીપ પ્રગટાવ્યો.

(૪) રાષ્ટ્રભાષા: સ્વતંત્ર દેશમાં રાષ્ટ્રભાષાની અગત્ય ઓળખી લોકો સહજરીતે સમજી શકે તેવી હિંદુસ્તાનીનો દેશભરમાં પ્રચાર કરી દેશને રાષ્ટ્રભાષા આપી.

ધર્મ અને સંસ્કૃતિ →

સમસ્ત જીવનમાં અનાસક્ત કર્મયોગ આદરી ગીતાના અધ્યાત્મવાદને જીવનમાં પ્રત્યક્ષ કર્યો. રાજકારણમાં ધર્મનું સફળ રીતે અવલંબન કરી બતાવી ધર્મમય રાજકારણનું નવું જ યુગપ્રવર્તક પ્રકરણ શરૂ કર્યું. ઉપવાસ જેવી શુદ્ધ ધાર્મિક બાબતનો રાજકારણમાં નૈતિક બળ તરીકે સફળ ઉપયોગ કરી નવતર ચીલો પાડયો. પરદેશી સત્તાના પ્રભાવે છેલ્લાં નવસો વર્ષથી 'લઘુતા' ભાવનાનો શાપ ભોગવી રહેલી પ્રજાને તેમાંથી મુક્ત કરી તથા હતપ્રભ થએલી આપણી સંસ્કૃતિને ફરી તેજસ્વી બનાવી જગત પર વિજય મેળવવા પ્રવૃત્ત કરી. પુસ્તકમાં જ પડી રહેલા હિંદના અનન્ય તત્ત્વજ્ઞાનને જીવનમાં આચરી બતાવી તથા પ્રત્યેક પળ સત્ય અર્થાત્ ઈશ્વરના સાક્ષાત્કારમાં વિતાવી એક પયગંબર તરીકે નામના મેળવી.



પીડા
(ફોટો • સંતોષકુમાર)

આવાં ચિત્રો અન્ય ભાવનિરપેક્ષ જે કલાદૃષ્ટિથી લેવાયાં હોય છે તે રીતે તેને જોવાં જોઇએ. આ ચિત્રમાં, દેહસૌન્દર્યના લયવળાંક ઉપરાંત આડા ધરેલા હાથ અને વીડાથી ફેરવી લીધેલા મોં તથા ગરદનના મરોડ દ્વારા જે લજ્જાભાવ પ્રકટ્યો છે તેને, ત્યાંથી આરંભાઈ ને ઘાટીલા અવયવોને ઉઠાવ આપતી નીચે સુધી ઢળતી પ્રકાશરેખા મુખરિત કરે છે.
□ સુકુમાર શાન્ત ભાવવાળા આ ચિત્રને પડછે આની પાછળ ગતિના ઉગ્ર ઉદ્રેકનું ચિત્ર આપ્યું છે.



ઝંઝામાં ઝડપાએલાં
(ફોટો · ભવાનસિંઘ)

'ધ કૅમેરા સોસાએટી ઑાવ ઇંડિયા-નવી દિલ્હી'ના ફોટો પ્રદર્શન 'ધી ઇંડિયન સૅલૉ-૧૯૭૩'માં રજૂ થએલાં ફોટોચિત્રો પૈકીનાં બે (આ અને પાછળનું ચિત્ર). બ્લૉકો · એ સોસાએટીના સૌજન્યથી.


આબિદ સૂરતી

હિંદી સાપ્તાહિક 'ધર્મયુગ'માં નિયમિત આવતા રમૂજી પાત્ર 'ઢબ્બુજી'થી તો ઘણા પરિચિત છે. એ ઢબ્બુજીના સર્જક આબિદ સૂરતીની બહુમુખી પ્રતિભાનું, એ અને એવી અનેક કાર્ટૂન-કથાઓ તો માત્ર એક પાસું જ છે. કાર્ટૂન તો એમણે પોતાની કારકિર્દીના આરંભે આવક માટે અપનાવેલી અને પછી વિકસાવેલી કલમ છે. આરંભમાં આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા એમણે ફિલ્મ જગતમાં કર્લૅપર બૉય તરીકે એ કામ કરેલું અને ચિત્રકામ ઉપરાંત લેખન પર પણ કલમ અજમાવેલી. એમાંથી એમને પૂરક આવક પણ થતી અને અભિવ્યક્તિનું એક નવું માધ્યમ અજમાવવાની તક પણ મળતી.

ઈ. ૧૯૩૫ના મે માસમાં સૌરાષ્ટ્રમાં એમનો જન્મ. ઘરની પ્રતિકૂળ સ્થિતિ છતાં એમણે મુંબાઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં અભ્યાસ કરી ગવર્નમેન્ટ સ્કૉલર થવા જેટલી સજ્જતા મેળવી. આ સમયમાં જ એમણે નવલિકા-નવલકથા લખવા માંડેલી, ને એમાં યે નામના મેળવી. આગળ જતાં ઈ. ૧૯૬૩માં એમની એક એકાંકી નાટિકાને વર્ષની શ્રેષ્ઠ તરીકે સર તેજબહાદુર સપ્રૂ ટ્રૉફી પણ મળી. 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'નાં બાળકો માટેના સામયિક 'પરાગ'માં એમની 'ડૉ. ચિંચુ કે ચમત્કાર' નામની ચિત્રકથા તો ઘણી લોકપ્રિય નીવડી હતી. 'રંગતરંગ' અને 'રંગત' નામથી એમનાં કાર્ટૂનોના બે સંગ્રહો પણ પ્રકટ થયા છે.

પોતાનું ઘર માંડ્યું ત્યારે, જેમાં એ રહેતા એ ઘરની ભીંતો ને છત સુધ્ધાં એમણે ચીતરામણ કરીને ભરી દીધી હતી. ચિત્રો વચ્ચે જ વસવાનો ખયાલ એમણે આમ સાર્થ કર્યો.

પણ પોતાનાં સર્જનોની બહુવિધતા તળે તેઓ અસલ તો અભિવ્યક્તિ માટે થનગનતા કલાકાર જ છે. નૈનિતાલમાં કુમાંઉ ઘાટીનાં દૃશ્યચિત્રો અને સ્કેચોના પ્રદર્શનથી નિજી ચિત્રપ્રદર્શનો આરંભી, ઈ. ૧૯૫૯માં મુંબાઈમાં





△'કૃષ્ણલીલા'. 'એક્સ્પો-૭૦'માં રજૂ કરવા 'એર ઇંડિયા' માટે બનાવેલું ૧૬૦૮ ફૂટનું 'મિરર-કૉલાજ'. દર્પણ અને રંગીન કાચના વિવિધ ભૌમિતિક આકારના ટુકડા ચોડી બનાવેલું ચિત્ર. જમણી બાજુ: વૃક્ષની પાર દૂર દેખાતાં મકાનોના દૃશ્યનું ત્વરિતાલેખન. નીચે: પીછીના થોડા શા સપાટાથી સરજેલું સ્ત્રીવૃન્દ.





ખજુરાહોનાં ચિત્રો પ્રદર્શિત કર્યા બાદ અનેકવાર એમણે પોતાની ચિત્રકૃતિઓ રજૂ કરી છે, જેમાં એમની ઉત્તરોત્તર વિકસતીજતી કલાભિવ્યક્તિ, કલ્પનાશીલતા ને પ્રયોગશીલતાનું દર્શન થતું રહ્યું છે. કોઈ પણ રૂઢ પ્રણાલિમાં ન માનતા તેઓ હમેશાં વિધવિધ પ્રયોગો અજમાવતા રહ્યા છે. એમાં એમણે કલાભિવ્યક્તિ માટે એક નવી જ પરિપાટી ખોળી કાઢી: પોતાનાં ચિત્રસર્જનોમાં એમણે રંગબેરંગી કાચ અને દર્પણના ટુકડાઓનું ઉમેરણ કર્યું અને બચપણમાં સૌરાષ્ટ્રની લોકકળાની રંગભરી લાક્ષણિકતાઓમાં એમણે ત્યાંના ભૌમિતિક આકારોવાળાં હીરભરત ને આભલાંની જે છાપ ઝીલેલી તેની અસર તળે જાણે એમણે પોતાનાં આ નવતર સર્જનો માટે આગવી રીત નિપજાવી. ઈ. ૧૯૬૯માં એમણે પોતાની આવી કૃતિઓનું મુંબાઈમાં એક પ્રદર્શન યોજ્યું ને એ બધી જ કૃતિઓ ચપોચપ વેચાઈ ગઈ. એ ચિત્રો જોતો પ્રેક્ષક, એમાંના દર્પણના ટુકડાઓમાં પ્રતિબિંબિત થઈ જાણે એ કૃતિના એક અંગ રૂપ બની રહેવા સાથે એના પ્રત્યેક હલનચલનથી એમાં સજીવતા આરોપાતી હતી. આ નવતર કસબ લાગે છે એટલો સરળ નહોતો. કાચનો એક એક ટુકડો તેના રંગ અને આકાર અંગે પૂરતો વિચાર, કલ્પનાશીલતા અને કસબ માગી લે તેવો છે. પ્રેક્ષકોમાં એણે અજબ આકર્ષણ પેદા કર્યું અને એના એક પરિણામ રૂપે જાપાનમાં ઓસાકા ખાતે ત્યારે યોજાઈ રહેલા મહામેળા—'એક્સ્પો-૭૦' માટે એક વિશાળ ચિત્ર કરવાનું 'એર ઇંડિયા'એ એમને આમંત્રણ આપ્યું. એમણે તક ઝડપી લીધી અને એની કિંમતના એક ભાગ રૂપે એમણે જાપાનનો પ્રવાસ પણ કર્યો. 'કૃષ્ણ લીલા' નામના ૧૬ × ૭ ફૂટના એ વિશાળ કાચ ચિત્રે મહામેળામાં પણ સારું આકર્ષણ જમાવેલું.

હિંમતભર્યાં અવનવાં સંયોજનો, સુરુચિભર્યા રંગના જોરદાર સપાટા, સંકેતાત્મક આકારો વગેરે એમનાં કલાસર્જનોની લાક્ષણિકતા છે. 'બૅબ ગ્રૂપ' નામે યુવાન કલાકારોનું એક મંડળ પણ એમણે ચલાવ્યું.

રેડિયો, વર્તમાનપત્રો, સામયિકો વગેરે માટે એમણે ઘણું લખ્યું છે. ફિલ્મના સંવાદો પણ લખ્યા છે. 'તૂટેલા ફરિસ્તા', 'નાના નાના રાક્ષસ', 'દીકરા કે દીપડા', 'લોફર', 'ધબકારા', 'થોર' વગેરે નવલકથાઓ; 'વરુ જોડે એક રાત' નાટક; 'મોહરાં' એકાંકી નાટિકા-સંગ્રહ અને 'એક હાથ કાંડા સુધી' નવલિકા-સંગ્રહ જાણીતાં છે. —હરીશ ત્રિવેદી અને જયંત સિદ્ધપુરા

આ અંકના પૂઠા પરનું શિલ્પ

ગઈ ત્રીસીના દાયકામાં જર્મનીના કલાવિક્રયના ક્ષેત્રમાં આલ્ફ્રેડ ફ્લેખથાઈમની બોલબાલા હતી. ડુસેલડોર્ફ, બર્લિન, ફ્રૅન્કફર્ટ ને વીએનામાં એની પેઢીની શાખાઓ હતી. Der Quershnitt નામે એ એક સુંદર સામયિક પણ ચલાવતો, ને નૃત્યસમારંભો કે મિજબાનીઓ યોજવામાં એ ઉસ્તાદ મનાતો. કોઈ પણ કલાકૃતિને જોતાં જ એના વિક્રય-મૂલ્યની ગંધ પારખી લે એવી એ નિષ્ણાત માટેની માન્યતાના સૂચન રૂપે એના નાકના આકારનો અતિરેક કરી, એની અર્ધમીચેલી આંખો વડે એની ગણતરીબાજ વિચારશીલતા દાખવી તથા એના હોઠની લાક્ષણિકતાને વધુ પડતી ઊપસાવીને, એના સમકાલીન વિખ્યાત શિલ્પી રૂડૉલ્ફ બેલિંગે તેની આ એક નાનકડી કાંસ્યપ્રતિમા બનાવી હતી. ચહેરાની લાક્ષણિકતા સિવાય બીજી બધી બાબતોને વર્જિત રાખી કલાકારે પાત્રના વ્યક્તિત્વને જે રીતે ઊપસાવ્યું છે એ વાસ્તવિક દર્શન ન હોવા છતાં સાચું અને ચોટદાર લાગે છે. □

સુવર્ણજયંતી વર્ષનાં ચન્દ્રક-પારિતોષિકો

લેખકો-ચિત્રકારો-ફોટોગ્રાફરોને નિમંત્રણ

'કુમાર'ના કનકપર્વ અંગે કુલ નીચે મુજબના ચન્દ્રકો તથા પારિતોષિકો આપવામાં આવનાર છે.

૧) **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સુવર્ણચન્દ્રક**: ૬૦૦મા અંકમાં શ્રેષ્ઠ સાહિત્ય-સર્જન હોય તેના લેખકને

૨) **કુમાર-ચન્દ્રક**: વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ કૃતિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક

૩) રૂ. ૧૦૧ **યશવંત પંડ્યા પારિતોષિક**: સુવર્ણજયંતી વર્ષ (૧૯૭૩) દરમિયાન પ્રકટ થનાર શ્રેષ્ઠ એકાંકી નાટિકા માટે

૪) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૧**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ચિત્રના સર્જકને

૫) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૨**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ગદ્યલેખના લેખકને

૬) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૩**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ વાર્તાના લેખકને

૭) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૧**: જીવનઘડતરમાં પ્રેરણારૂપ કોઈ પણ ચરિત્રલેખ અથવા મૌલિક વાર્તા માટે.

૮) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૨**: ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતા કોઈ પણ વ્યક્તિચિત્ર કે પ્રસંગચિત્ર માટે

૯) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૩**: વાચકોની રુચિને પોષે તથા ઉન્નત કરે એવા કોઈ પણ પૂર્ણરંગી ચિત્ર માટે.

૧૦) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક**: સપ્ટેમ્બર ૧૯૭૨ થી ઑગસ્ટ ૧૯૭૩ સુધીના અંકોમાં પ્રકટ થએલા ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને

૧૧) રૂ. ૩૦ **એક લેખક તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ કાવ્ય માટે

૧૨) રૂ. ૩૦ **'કુમાર' તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ પરાક્રમકથા, ડિટેક્ટિવવાર્તા કે વિજ્ઞાનવાર્તા માટે

૧૩) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ ઐતિહાસિક નવલિકા માટે

૧૪) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી જીવસટોસટના સાહસ કે બિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વાર્તા માટે

૧૫) **ફોટોહરીફાઈ પારિતોષિકો**: 'કુમાર'માં ચાલતી દ્વિમાસિક હરીફાઈમાં ઈનામ પામેલાં ચિત્રો પૈકી વર્ષભરનાં એવાં ચિત્રોમાં પહેલી, બીજી તથા ત્રીજી કક્ષા પ્રાપ્ત કરનાર કૃતિઓને અનુક્રમે રૂ. ૫૦, રૂ. ૩૦ તથા રૂ. ૨૦.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ‘વોરો’ · ‘વસા’ · ‘શાહ’

વેપારવંજ્રો કરવાના અર્થમાં સંસ્કૃતમાં ક્રિયાપદ ‘વ્યવહૃ’ અને નામ ‘વ્યવહાર’ રૂઢ થયાં. પાલિમાં ‘વોહાર’, પ્રાકૃતમાં ‘વવહાર’ વગેરે આ અર્થ ધરાવે છે. તે ઉપરથી ‘વહોરવું’ એટલે ‘માલ ખરીદવો’ અને ‘વહોરો’, ‘વોરો’ કે ‘હોરો’ એટલે મૂળે તો ‘વેપારી’. ‘વ્યવહાર’ ઉપરથી સીધો જૂની ગુજરાતીમાં ‘વ્રહેવારિયો’ કે ‘વેવારિયો’ શબ્દ ‘વેપારી’ના અર્થમાં પ્રચલિત હતો —‘સગાળશા શેઠ વેવારિયા, જેની ચંગાવતી રાણી.’

‘વ્યવહાર’ના આ નવા અર્થનો લાભ તેના પર્યાય ‘વ્યાપાર’ને પણ મળ્યો. તેના સામાન્ય અર્થ ‘પ્રવૃત્તિ’ને બદલે ‘માલ વેચવા-સાટવાનો ધંધો’ એવો અર્થ તે ધરાવતો થયો ને ‘વેપાર’ ‘વેપારી’, ‘વ્યાપારી’ વગેરે આપણને મળ્યા. તુચ્છકારવાચક ‘વેપલો’ પણ ઘડાયો.

વેચવાના અર્થમાં જૂની ગુજરાતીમાં ‘વિસાહ’ ક્રિયાપદ પ્રચલિત બન્યું. વેચવાની વસ્તુઓ એટલે ‘વિસાહણાં’, અને તે ઉપરથી બનેલો ‘વસાણાં’ શબ્દ અમુક ઓસડિયાંના અર્થમાં વપરાય છે. વળી ‘વસા’ એવી અટકમાં પણ તે શબ્દ જળવાયો છે: ‘વસા’ એટલે મૂળે તો ‘વિક્રેતા’.

મધ્ય કાળમાં ‘સાધુ’ શબ્દ ‘સારો વેપારી’, ‘શેઠિયો’ એવા અર્થમાં પ્રચલિત થયો. સત્યનારાયણની કથાનો ‘સાધુ વાણિયો’ આપણને જાણીતો છે. તે ઉપરથી પ્રાકૃતમાં ‘સાહુ’ અને ગુજરાતીમાં ‘શાહ’, ‘શા’ ને ‘શાહુકાર’, હિન્દીમાં ‘સાહૂ’ વગેરે થયા છે. ફારસીમાંથી ‘સોદાગર’ શબ્દ મળ્યો, અને બંનેને જોડીને આપણે ‘શાહ સોદાગર’ પણ બનાવ્યો, જેના ‘સોદાગરોનો શાહ’ એવા અર્થની સાથે ‘શાહ’નો ‘વેપારી’ એવો અર્થ પણ ભળેલો છે.

પરંપરાગત વ્યવસાયનો વાચક શબ્દ સમય જતાં જ્ઞાતિ, પેટાજ્ઞાતિ કે ગોત્રનો વાચક બની બેસે છે તે આપણે ‘વાણિયા’, ‘વણજારા’, ‘વોરા’, ‘વસા’ અને ‘શાહ’ એ શબ્દોની બાબતમાં જોયું. ‘ગાંધી’, ‘ભંડારી’, ‘કોઠારી’ વગેરે એનાં બીજાં ઉદાહરણો છે. ગંધવાળાં ઓસડિયાંનો વેપારી તે ‘ગાન્ધિક’, તેના પરથી અર્થફેર થઇને ‘ગાંધી’ વ્યવસાય તેમ જ અટક. ‘ભાંડ’ એટલે ‘વેચવાનો માલ’. ‘ભંડારી’ એટલે એવો માલ સંઘરનાર (અને તે ઉપરથી ખજાનચીના અર્થમાં પણ રૂઢ). તે જ પ્રમાણે ‘કોઠારી’. છેલ્લા બંને શબ્દો પહેલાં પદવી કે હોદ્દાના વાચક બનીને પછી અટકવાચી બનેલા છે.

પ્રાકૃતમાં ‘કિરાડ’ (સંસ્કૃત ‘કિરાટ’) ‘વેપારી’ કે ‘ઠગારો વેપારી’ માટે પ્રચલિત બનેલો. તે માત્ર સિંધીમાં ‘કિરાડુ’, અને પંજાબી તથા હિન્દીમાં ‘કિરાડ’ એવે રૂપે જળવાયો છે. અરબીમાંથી આવેલો ‘મોદી’ અને અજાણ્યા મૂળના જૂની ગુજરાતી ‘નેસત્થી’ ઉપરથી આવેલો ‘નેસ્તી’ પણ નોંધી લઇએ.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ફુવારા સામે ગાંધી માર્ગ. અમદાવાદ-૧

તારતમ્ય : જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળનો આ આઠમો વિવેચનસંગ્રહ એમની પારગામી વિવેચનદષ્ટિ અને સમભાવયુક્ત હૃદયસંપત્તિનો સુમેળ સાધી આપે છે. એમાં રજૂ થએલા કુલ ૧૮ લેખોમાંથી મોટા ભાગના એક યા બીજા પુસ્તકના પ્રવેશકો છે. આ પ્રવેશકોમાં પણ છે વૈવિધ્ય—નવલકથા, સ્મૃતિગ્રંથ, કાવ્યસંગ્રહ, નાટચસંગ્રહ વગેરેનું. પ્રવેશકોને નિમિત્તે પણ તે તે સાહિત્યપ્રકારની અત્રતત્ર જેમ સમ્યક્ ચર્ચા થએલી છે, તેમ ‘ઠાકોરની કાવ્યભાવના’, ‘મડિયાનો હાસ્ય-સ્ફોટ’ અને ‘ગાંધીબીજક’ જેવા અભ્યાસલેખોમાં આ લબ્ધપ્રતિષ્ઠ વિવેચકની વિવેચનસૂઝની પણ પ્રતીતિ થાય છે. (પાકું; પૃ. ૨૯૨; રૂ. ૫ાા)

સાક્ષાત્કારને રસ્તે: મૂળ દૈનિકપત્રનાં કૉલમોમાં ‘અગમનિગમ’ શીર્ષક તળે શ્રી યશોધર મહેતાના જે લેખો પ્રસિદ્ધ થયા છે તેમાંથી ચૂંટેલા આમાંના ૪૦ લેખોમાં એમણે હળવી રસળતી શૈલીમાં પુસ્તકના શીર્ષકમાં નિર્દેશ્યો છે તેવો ગંભીર વિષય વિવિધ દૃષ્ટિકોણથી અને વિવિધ સંદર્ભમાં ચર્ચ્યો છે. એમનાં આ લખાણોમાં એમના વિશાળ વાચન, વ્યાપક અટન અને ઊંડા ચિંતનમનનનો સ્પર્શ થએલો સહેજે કળી શકાય છે. છાપાનાં કૉલમ માટે તૈયાર થએલાં આ લખાણો છાપાળવી રેઢિયાળ ગદ્યશૈલીથી મુક્ત રહી શક્યાં છે અને એટલે જ આવું પુસ્તકત્વ પ્રાપ્ત કરી સાહિત્ય વાંચ્યાનો આનંદ આપી રહે છે. વહેમો, દંભ, પાખંડ, સટ્ટો આ બધાંની મજાક ઉડાવતાં પણ એઓ દર્શન અને શ્રદ્ધાથી સહેજ પણ અળગા પડ્યા નથી. અને તેથી જ પુસ્તકનું આ શીર્ષક સાર્થનામ થાય છે. કોઈ પણ વાચકને હળવાશથી ગાંભીર્ય માણવાનું મન થાય તેવું આ પુસ્તક બની શક્યું છે. (પાકું; પૃ. ૧૫૬; રૂ. ૪ાા)

પ્રતિભાવ: શ્રી ધીરુભાઈ ઠાકરના આ નવા વિવેચનસંગ્રહમાં કુલ દસ લેખો સંગૃહીત થયા છે. પ્રથમ લેખ ‘આધુનિક સાહિત્યમાં માનવ’માં એમણે ‘આડેધડ’ ‘નવીન’ સાહિત્યનો પીઠથાબડ પક્ષ લીધો છે. એમાં એક વિવેચકની જવાબદારી અને તાટસ્થ્યને સ્થાને નવીન સર્જન પૂરનું પ્રવાહપતન જ ફલિત થાય છે. અન્યથા નાટક પરના એમના લેખો એમની ઊંડી નાટ્યસૂઝના દ્યોતક બની રહ્યા છે. સંગ્રહના લગભગ મોટા ભાગના લેખો એ સાહિત્યસ્વરૂપ પરના જ છે. છેલ્લા બે લેખ: ‘કાન્તા–એક અવલોકન’ અને ‘ન્હાનાલાલ: કવિ કે નાટકકાર?’માં એમની વિવેચનશક્તિનાં સારાં ફળ ઊતર્યાં છે. એકંદરે આ સંગ્રહ સંતર્પક બન્યો છે. (પાકું પૂઠું; પૃ. ૧૮૯; રૂ. ૪.)

પર્વોત્સવ: પુસ્તકના આ શીર્ષક પરથી લાગે કે એમાં આપણાં પર્વોનો અને તેની ઉજવણીનો ઇતિહાસ હશે. પરંતુ એનાં પૃષ્ઠો ઉથલાવતાં જ એ ભ્રમ ભાંગી જાય છે. ફાધર વાલેસે આ પુસ્તકમાં બેસતું વર્ષ, ભાઈબીજ, ઉત્તરાયણ, વસંતપંચમી વગેરે આપણા ૧૯ ઉત્સવોનાં, એમની આગવી નિરાડંબરી શૈલીમાં વર્ણન કરી એ પર્વોનું નવીન અર્થઘટન કરી બતાવ્યું છે. આ પ્રકારનું અર્થઘટન કરતી વેળા એમની નજર સામે તો છે માનવી, માનવીનું જીવન. આ પર્વોનો મહિમા મનુષ્યજીવનમાં શો છે એ દર્શાવી નવીન જીવનબળ, ચારિત્ર્યબળ પૂરું પાડવાનો આ પુસ્તકનો આશય સુપેરે બર આવ્યો છે એમ કહી શકાશે. મોટા અક્ષર, છપાઈ અને પ્રત્યેક પર્વકથાની પૂર્વે મુકાએલું તત્સંબંધી રેખાંકન પુસ્તકને સુરમ્ય બનાવે છે. (કાચું પૂઠું; પૃ. ૯૦; રૂ. ૪·૫૦)

નીરવ ચાંદનીનું ઘુવડ: કૉલેજોના વાર્ષિકોત્સવોએ સારાં નાટકોની ઠીકઠીક માગ ઊભી કરી છે; વળી, આપણે ત્યાં સારાં મૌલિક નાટકોની તાણ રહે છે. ત્યારે આ એકાંકીનો સંગ્રહ એ ખોટ પૂરવામાં કંઈક અંશે સહાયભૂત થાય તેવો છે. કૉલેજોત્સવોમાં દિગ્દર્શનની જવાબદારી સંભાળતાં થએલા પ્રત્યક્ષ અનુભવમાંથી આ નાટકો જન્મ્યાં છે એમ લેખકનું કહેવું છે, એટલે એની તખ્તાલાયકી વિષે શંકાને સ્થાન ન રહે એમ લાગે છે. ‘શીર્ષાસન’, ‘અલીબાબા’, ‘નીરવ ચાંદનીનું ઘુવડ’ અને ‘ઘેરાવ’ એમ કુલ ચાર એકાંકીનો આ સંગ્રહ નર્મની આસપાસ ગૂંથાયો છે. એની હળવી કટાક્ષયુક્ત પરિસ્થિતિઓ, વિનોદી વેધક પાત્રો, માર્મિક સંવાદો વગેરે હળવાશપૂર્વક જીવનગાંભીર્યને ચીતરી જાય છે. લેખકનું આ પ્રથમ પ્રકાશન વધુ સારી કૃતિઓની અપેક્ષા જન્માવે છે. (લે. વારિસ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ૩૫ સંકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી વિ. સ. ખાંડેકર

વિષ્ણુ સખારામ ખાંડેકર, પદ્મભૂષણ. **જન્મ:** ૧૦-૧-૧૮૯૮. મહારાષ્ટ્રના જ્યેષ્ઠ નવલકથા-નવલિકા-રૂપકકથા લેખક, નિબંધકાર અને વિવેચક; આદર્શવાદી અને માનવતાવાદી. કૉલેજનું શિક્ષણ નહિવત્, શિક્ષકનો વ્યવસાય સ્વીકારી રત્નાગિરિ જિલ્લાના એક નાનકડા ગામડામાં ઘણાં વર્ષ રહ્યા. મહારાષ્ટ્રની તત્કાલીન યુવાન પેઢીને એમનાં પુસ્તકોએ જીવનાભિમુખ કરી. સિનેમા માટે કથાઓ લખી. એક નાટક અને કેટલાંક કાવ્યો પણ લખ્યાં છે ગુજરાતી, તમિળ તેલુગુમાં એમનાં પુસ્તકોના અનુવાદ થયા છે. જાણીતાં પુસ્તકો: 'દોન ધ્રુવ', 'હિરવા ચાફા', 'પાંઢરે ઢગ', 'ક્રૌંચવધ', 'યયાતિ'. છેલ્લા પુસ્તકને સાહિત્ય અકાદમીનું રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું છે.

૧ મરાઠી સાહિત્યની મહત્તા શામાં છે?

ઉ. જ્ઞાનેશ્વર, તુકારામ જેવા સંતોનું પ્રાચીન સાહિત્ય અને કલાત્મકતા સાથે લોકજાગૃતિ કરવાની આધુનિક સાહિત્યની કુશળતા આ બંનેને લીધે મરાઠી સમૃદ્ધ, ઉન્નત અને મહાન છે.

૨ સંત-સાહિત્યનું જીવનમાં ને સંગીતમાં જે પ્રદાન છે તે વિષે આપનું શું કહેવું છે? આપની માન્યતા પ્રમાણે શ્રેષ્ઠ સંત કોણ?

ઉ. સંતના શબ્દોમાં અને જીવનમાં માનવતાનું તત્ત્વ એટલું બધું ઊંડું છે કે અશ્રદ્ધાળુના મનને પણ એ આકર્ષી લે છે. એમની ભૂમિકા પારમાર્થિક હોવાથી ઐહિક જીવનની દૃષ્ટિએ એમના સાહિત્યની મર્યાદા અમુક હદ સુધી છે એ સ્વીકારવું પડે. છતાં એ સંતોએ સમાજના દરેક સ્તરના લોકોને દિલાસો આપી વિકાસનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. મરાઠી ભાષાને જ્ઞાનેશ્વરી જેવા પ્રથમ કક્ષાના ગ્રંથને લીધે બહુગુણસંપન્નતા અને પ્રતિષ્ઠા મળી છે. જો કે મને આખાબોલા તુકારામ મહારાજ વધારે પ્રિય છે.

૩ નવલકથા વિષે આપની માન્યતા જણાવશો?

ઉ. છેલ્લી બે ત્રણ સદીઓથી પશ્ચિમમાં નવલકથા વિકાસ પામી ને એણે સન્માન મેળવ્યું. આપણા પ્રાચીન સાહિત્યમાં કાવ્ય અને નાટ્યનો પ્રચાર છે તેવો નવલકથાનો નથી. જો કે હવે તો મરાઠી સાહિત્યમાં એનો વિકાસ અને પ્રસાર સારી પેઠે થયો છે. છતાં સામાન્ય કક્ષાનું લેખન પણ નવલને નામે ચાલે છે. કલાત્મક, જીવનસ્પર્શી, વાચકોને અંતર્મુખ કરે એવી નવલકથા પણ મરાઠી સાહિત્યમાં ઘણી છે. અનુભૂતિનું ઊંડાણ, વૈવિધ્ય અને આશયની અભિવ્યક્તિ માટે આ માધ્યમ ઘણું અનુકૂળ રહે છે.

૪ આપનો શૉખ?

ઉ. વાચન અને ભોમિયા વિના ભમવું. હવે ઉંમરને લીધે દૃષ્ટિસુખ ઓછું થયા પછી ચિંતનનો શૉખ લાગ્યો છે.


૫ નવ રસમાંથી કયો રસ આપને વધુ પ્રિય? **ઉ.** કરુણ રસ.

૬ કલા, સૌંદર્ય અને પ્રેમની વ્યાખ્યા કહેશો?

ઉ. આ કામ તો છીપ લઈને સાગરને ઉલેચવા જેવું છે! આ ત્રણે શબ્દો પૂનમની ચાંદની જેવા છે. દેખાય, જણાય પણ પકડાય નહિ. છતાં એમ કહેવાય ખરું કે નવનિર્મિતી દ્વારા જીવનને રૂપ, સરસતા અને સંપૂર્ણતા આપવા માનવ જે મથામણ કરે છે તે કળા. વિરૂપતા વિસંગતિ ને વિસંવાદનાં ઊછળતાં મોજાં નીચે સૂતેલી મોતીભરી છીપો શોધવાની મરજીવાની મહેનત તે સૌંદર્ય અને આંતરમનની એકલતાને ભૂલીને બાહ્યસૃષ્ટિમાં રમતા ચૈતન્ય સાથે તાદાત્મ્ય પામવાની ઈચ્છા તે પ્રેમ.

૭ ભગવાન વિષેની આપની કલ્પના કહેશો?

ઉ. વિશ્વસંચારના મૂળમાં જે અજ્ઞેય, અનામિક શક્તિ છે તે.



છે.) આ ભાગમાં ભગવાન વેદવ્યાસની લીલા હોઈ શ્રી મુનશીના જ કહેવા પ્રમાણે 'આ ખંડ આખીયે ગ્રંથશ્રેણીના ઉપોદ્ઘાત સમાન છે.' વળી, એ સ્વતંત્ર રીતે પણ એટલો જ સુવાચ્ય અને રસપ્રદ છે. પાકું પૂઠું; પૃ. ૪૦૧; રૂ. ૮-૨૫)

કચ્છની રસધાર: 'સૌરાષ્ટ્રની રસધાર'ને પગલે પગલે લોકસાહિત્યનું એ મેઘાણીકાર્ય શ્રી દુલેરાય કારાણીએ આ પુસ્તકમાં કચ્છી લોકસાહિત્યની વાર્તાઓને પ્રગટ કરીને કર્યું છે. શૌર્ય, સત્ય, ટેક, વતનપ્રેમ આદિથી પોતાના જાન કુરબાન કરનાર સતી-જતીની તેમજ શૂરવીરોની પ્રસંગ કથાઓ રોચકશૈલીમાં અહીં રજૂ કરવામાં આવી છે. સંગ્રહની કુલ ૧૨ વાર્તાઓ કચ્છની સંસ્કૃતિને વાચા આપે છે, તો સાથે સાથે ત્યાંનું લોકસાહિત્ય પણ માતબર જેવું છે તેની પ્રતીતિ પણ કરાવી આપે છે. (પાકું પૂઠું; પૃ. ૧૬૦; રૂ. ૩-૭૫)

ભારતરત્ન ઇન્દિરા ગાંધી ભાગ ૧ થી ૪: ભારતનાં સમર્થ વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીની રાજકીય શક્તિએ જગતને અચંબામાં નાખી દીધું છે. આવી મહાન વ્યક્તિના બાળપણથી અત્યાર સુધીના મહત્ત્વના જીવનપ્રસંગોને સાંકળી લેતી આ કિશોરભોગ્ય સચિત્ર ચરિત્રરેખા પ્રત્યેક વિદ્યાર્થીએ વાંચવા જેવી છે. (લેખિકા: ઉષા જોષી; કાચું પૂઠું; ચારેય ભાગનાં કુલ પૃ. ૨૭૨; સેટની કિ. રૂ. ૫-૫૦)

આર. આર. શેઠની કંપની

ગાંધી માર્ગ અમદાવાદ-૧

બ. ક. ઠા.ની કાવ્યદ્યુતિ: ગુજરાતી સાહિત્યના સન્નિષ્ઠ અને શક્તિસંપન્ન પ્રયોગવીર કવિ બળવંતરાય ઠાકોરની જન્મશતાબ્દીની ઉજવણીના એક ભાગ રૂપે, બ. ક. ઠા.ની શતાબ્દી સમિતિએ તૈયાર કરાવેલો આ આસ્વાદ-ગ્રંથ એ કવિનું સાચું તર્પણ બની રહે છે. આ પ્રતિભાશાળી કવિનું વ્યક્તિત્વ એક કાળે સમગ્ર ગુજરાતી કવિતાક્ષેત્ર પર વ્યાપી વળ્યું હતું. ગુજરાતી સાહિત્યમાં પ્રભાવોત્પાદક એ પરિબળની પ્રતીતિ અહીં રજૂ થએલાં તેમનાં વીર્યવંત કાવ્યોનાં આસ્વાદ-વિવેચનથી સુસ્પષ્ટ બને છે. સુન્દરમ્-ઉમાશંકર જેવા મૂર્ધન્ય કવિ-વિવેચકોથી માંડીને સિતાંશુ-નલિન જેવા નવ કવિ-વિવેચકોની કલમે અહીં ઠાકોરની કુલ બાવીસ કાવ્યકૃતિઓનો રસાસ્વાદ માણવા મળે છે. 'ભણકારા' જેવા એક જ સૉનેટના બે ભિન્ન ભાવકો (સુન્દરમ્ અને નલિન) દ્વારા જે રીતે આસ્વાદનો મળે છે તે પણ એક માતબર કૃતિની ઉત્કૃષ્ટ આસ્વાદનક્ષમતા પુરવાર કરે છે. અન્ય વિદ્વાનો અને વિવેચકોએ પણ ઠાકોરની આસ્વાદ્યતાને મધુરતર બનાવીને ઉચિત અર્ઘ

અલગી; પાકું પૂઠું; પૃ. ૩૦૨; રૂ. ૭.)

કૃષ્ણાવતાર ખંડ છઠ્ઠો: સ્વ. મુનશીની 'કૃષ્ણાવતાર' ગ્રંથાવલિનો આ છઠ્ઠો ભાગ તેના ઉપશીર્ષક (મહામુનિ વ્યાસનું કથાનક) પ્રમાણે વેદ વ્યાસનું કથાનક રજૂ કરે છે. (પાંચમો ભાગ સત્યભામા અને શ્રીકૃષ્ણના લગ્ન સાથે પૂરો થાય

આપ્યો છે. આમ, 'નારિકેલપાક'ના કવિનો આ આસ્વાદનોમાં 'દ્રાક્ષાપાક' ઉતાર્યો છે. સૌ કાવ્ય-રસિકો માટે ગ્રંથ સતર્પક. (સંપા. ગુલાબદાસ બ્રોકર, ભૃગુરાય અંજારિયા, સુરેશ દલાલ અને યશવંત દોશી; પાકું પૂઠું; પૃ. ૨૪૪; રૂ. ૧૨.)

ન કિનારો ન મઝધાર: હવે તો જાણીતા નવલકથાકાર શ્રી ભગવતીકુમાર શર્માની મધ્યમવર્ગનાં આશાઅરમાનો અને વાસ્તવિક વિટંમણાઓને કલાત્મક ઘાટ આપવાના સ્વસ્થ પ્રયત્ન સમી નવલકથાનું દ્વિતીય સંસ્કરણ (પાકું પૂઠું; પૃ. ૩૭૪; રૂ. ૧૯-૭૫)

હાર-જીત: સમાજ ને વ્યક્તિ, ભાવના ને વટ વચ્ચેના સંઘર્ષને નિરૂપતી શ્રી વિઠ્ઠલ પંડ્યાની નવલકથાનું આ છે બીજું સંસ્કરણ (પાકું પૂઠું; પૃ. ૨૬૫; રૂ. ૭.)

ડંખ: કોઈ અસંતોષ, કોઈ હતાશા માનવીને કોઈક ડંખીલી પ્રવૃત્તિના પાપાચારમાં ઘસડી જાય છે. એ પાપ અને પાપની પરંપરામાં કચડાઈ રહેલા વાર્તાનાયક સંજયની માનસશાસ્ત્રીય મૂલવણી કરતો વાર્તાપ્રયાસ. શ્રી વિઠ્ઠલ પંડ્યાની એ નવલકથાની આ બીજી આવૃત્તિ. (પાકું પૂઠું; પૃ. ૩૪૦; રૂ. ૯.)

સાંસ્કૃતિક ક્રાંતિ: ધર્માંધ 'ધર્મપુરુષો'એ ધર્મને ભ્રષ્ટ કરી અધર્મ પ્રવૃત્તિઓ શરૂ કરી ત્યારથી સાંસ્કૃતિક પતન આરંભાઈ ચૂક્યું છે. આજે આપણા સંસ્કારક્ષેત્રનો પણ વિકૃત ધાર્મિક માન્યતાઓએ જે વિનિપાત સર્જ્યો છે તે સામે આ પુસ્તકના લેખક શ્રી ડાહ્યાભાઈ નાગરિકે હિમ્મતપૂર્વકનો નાદ જગાવ્યો છે. એનાં પંદર પ્રકરણોમાં સમાજ અને સંસ્કૃતિને ઘાતક માન્યતાઓ રજૂ કરીને એની ભયાનકતા પુરવાર કરી છે, તો સાથે સાથે શું થવું જોઈએ એવું રચનાત્મક વલણ પણ અખત્યાર કર્યું છે. આથી, આ પુસ્તક માત્ર ખંડનાત્મક વાગ્વ્યવહાર નથી પણ રચનાત્મક શબ્દાચાર છે. ભારત સ્વતંત્ર્ય થયા પછી એની ઊર્ધ્વયાત્રા માટે હવે જરૂર છે આ સાંસ્કૃતિક ક્રાંતિની. લેખકની એ દિશાનું આ પ્રસ્થાન આવકારપાત્ર છે. (પાકું પૂઠું; પૃ. ૬૭૫; રૂ. ૭-૫૦.)

લોકપ્રિય પ્રકાશન

૧૧૦/૧૧૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

રંગ બિલોરી કાચના: શ્રી નાનાભાઈ હ. જેબલિયાની આ ત્રીજી નવલકથા સૌરાષ્ટ્રના 'ફૂલછાબ' દૈનિકમાં ક્રમશઃ પ્રગટ થઈ હતી. હવે 'ફૂલછાબ'ના વાચકોની જેમ બીજા અનેક વાચકોને એ સંતૃપ્ત કરશે. ગામડાના સમાજના કાવાદાવા અને ધાંધલધમાલને સબળ શૈઠ, હમીરજી, માધવ, રાંધી જેવાં પાત્રો પણ સજીવ બની શક્યાં છે. વાર્તાની પ્રસંગગૂંથણી પણ એવી એવી કુશળતાપૂર્વક થએલી છે કે ભાવક રસતરબોળ થઈ એક પછી એક પ્રકરણ વટાવતો છેક છત્રીસમા પ્રકરણ સુધી સાહજિકતાથી પહોંચી જાય છે. સુપેરે આલેખાએલી સુવાચ્ય નવલકથા. (પાકું પૂઠું; પૃ. ૪૧૨; રૂ. ૧૧-૭૫)

તરસ્યા કિનારા: શ્રી પરાજિત પટેલની ૩૨૮ પાનાં અને ૪૮ પ્રકરણની આ નવલકથા માનવહૈયાના સનાતન પ્રણયભાવને ચીલાચાલુ ઢબે નિરૂપતી 'લોકપ્રિય' બનવાનો માંદલો પ્રયાસ કરતી લાગે છે. પ્રથમ પ્રકરણમાં જ કોઈ શિવાગોરની રૂપકડી પાલી એ જ ગામના પશા પટેલનો દીકરો કેશવ શહેરમાંથી ડૉક્ટર બનીને આવે છે તેની સાથે અથડાઈ પડે છે. આંખો મળે છે, દિલ દિલમાં ભળે છે, વિઘ્નો આવે છે ને બધું સમુંસૂતરું પાર પડે છે. પાલી શહેરમાં જઈ પૂર્વી બની જાય છે. આ દરમિયાન બીજી ગૌણ પ્રસંગલીલાઓ પણ યોજાય જ! તાલમેલિયા ઢબે ચલચિત્રની લઢણ દાખવતું, કાવ્યાભાસી ભાષાશૈલી અને નિર્બળ પાત્રાલેખનથી નવલકથાનાં ઊમટેલાં પૂરમાં એક વધુ આહુતિ બનતું પુસ્તક. (પાકું પૂઠું; રૂ. ૯-૫૦)

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ

રાજ્યશિક્ષણ ભવન • રાયખડ • અમદાવાદ-૧

ગુજરાતી લોકસાહિત્યમાળા-મણકો ૧૪: આપણાં ભુલાતાં જતાં લોકગીતોને સંગૃહીત કરવાનો ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ દ્વારા જે પ્રશસ્ય પ્રયાસ ચાલે છે તેનું આ ચૌદમું સુફળ છે. આરંભમાં શ્રી રમેશ પાઠક સંપાદિત પંચમહાલનાં ૧૭૨ લોકગીતો આપવામાં આવ્યાં છે. આમાં પ્રસંગવિશેષ ને પરબવિશેષનાં ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હોળીનાં, મેળાનાં, લડાઈનાં, લગ્નનાં, ભક્તિનાં, એમ પ્રેમ, વીર અને ભક્તિરસનાં વિવિધ આસ્વાદ્ય ગીતો અહીં મળી રહે છે. આ ઉપરાંત શ્રી રેવાબહેન તડવી સંપાદિત સંખેડા મેવાસનાં ૧૪ લોકગીતો, શ્રી શંકરભાઈ તડવી સંપાદિત રાઠવાનાં ૩૭ ગરબાગીતો, શ્રી કાનજી માલધારી સંપાદિત રબારી-ભરવાડનાં પાંચ ગીતો, શ્રી મફત રણેલાકર સંપાદિત ઉત્તર ગુજરાતનાં ૮ ગીતો, શ્રી ચંદ્રિકા જોધાણી સંપાદિત પાંચ લોકગીતો, સૌ. કસ્તુરી નાનાલાલ સંપાદિત સૌરાષ્ટ્રનાં ૮ લોકગીતો તેમજ શ્રી ગોવિંદ રબારી સંપાદિત મહેસાણા જિલ્લાના રબારીનાં ૧૦ લોકગીતો એમાં છે. ગીતોની પાદટીપમાં અપરિચિત શબ્દોના અર્થ વડે ગીતને માણવાની સરળતા કરી આપી છે. ક્યાંક ક્યાંક જે સાંસ્કૃતિક-સામાજિક સંદર્ભો

ને અર્થવિસ્તાર પણ અપાયા છે તે પણ આવકાર્ય છે. (પાકું પૂઠું; પૃ. ૩૦૪; રૂ. ૪.)

વણઝારી વાવ : પરંપરાથી કહેવાતી આવેલી સામાજિક લોકકથાઓને શ્રી મનુભાઈ જોધાણીએ પોતાની આગવી શૈલીમાં અહીં ઉતારી છે. સંગ્રહની પહેલી જ વાર્તા 'વણઝારી વાવ' સમેત ૯ લોકવાર્તાઓનો આ નાનકડો સંગ્રહ ત્યાગ, પરોપકાર, ઔદાર્ય, ન્યાયપ્રિયતા આદિ સદ્‌ગુણોને સામાજિક સંદર્ભમાં રજૂ કરીને વાચનનો આનંદ પૂરો પાડે છે. વાર્તાઓમાં લોકશૈલી ને શિષ્ટ શૈલીનું મિશ્રણ એક રીતે રસ પૂરે છે તો અન્યથા ખૂંચે પણ છે. લોકવાર્તાઓમાં શૈલી પણ એ પ્રકારની જળવાય તે ઈષ્ટ છે. (પાકું પૂઠું; પૃ. ૧૪૦; રૂ. ૨-૨૫.)

રતન સવાયાં લાખ : સૌરાષ્ટ્રની લોકમિરાત જેવાં પ્રેમ, શૌર્ય, દાનવીરતા, પવિત્રતા આદિ ગુણોને ચરિતાર્થ કરતી લોકવાર્તાઓનો શ્રી રતુભાઈ ગઢવીનો આ પ્રથમ પ્રયાસ છે. એમની પાસે પ્રસંગો છે, કહેવાની ફાવટ પણ છે, પરંતુ શૈલી હજુ પ્રસંગાનુરૂપ વળાંકો લેતી નથી. કુલ ૧૬ લોકકથાઓનો આ સંગ્રહ લેખકના પ્રથમ પ્રયાસ તરીકે આવકાર્ય છે. જોડણીની ભૂલો પ્રત્યે પ્રૂફવાચન વખતે વધુ ધ્યાન અપાય તેવી અપેક્ષા રહે છે. (પાકું; પૃ. ૨૦૪; રૂ. ૩-૫૦)

કચ્છપ્રદેશનું લોકસાહિત્ય : ગુજરાતના વિવિધ વિભાગોની જેમ કચ્છને પણ લોકસાહિત્ય છે. અલબત્ત, લોકહૃદયના ભાવો ભાષાભેદે બદલાયા નથી. કચ્છના લોકોની દાનવીરતા, ધીરજ, શૌર્ય, પ્રેમ, ટેક, વ્યંગ્ય આદિ ભાવ અને વૃત્તિઓ વાર્તા કે ગીતના દેહમાં અનેક લોકલેખકોએ ઢાળી છે. શ્રી દુલેરાય કારાણીએ એવા પ્રસંગો, ટુચકા, કટાક્ષ, વિનોદ, ઉખાણાં વગેરેને અહીં સંગૃહીત કર્યાં છે. આ નાનકડા પુસ્તકથી કચ્છના લોકસાહિત્યની એ વિવિધતાનો ખ્યાલ આવી રહેશે. (પાકું; પૃ. ૧૫૦; રૂ. ૨-૫૦.)

શૂરો સોરઠ દેશ : સોરઠ પ્રદેશના શૂરવીરોની બલિદાનકથાઓને બિરદાવતી લોકવાર્તાઓને શ્રી ગુણવંત ભટ્ટે ત્યાંની તળપદી શૈલીમાં અહીં સરસ રીતે રજૂ કરી છે. ભાવ અને ભાષાનું સામંજસ્ય સોરઠનું હૂબહૂ વાતાવરણ ખડું કરી જાય છે. બાર વાર્તાઓની આ પુસ્તિકા લોકવાર્તાના સાહિત્યમાં સારો ઉમેરો કરે છે. (પાકું પૂઠું; પૃ. ૧૧૪; રૂ. ૨)

લોક-હાલરડાં : સ્ત્રીના વત્સલ હૈયાની પિછાન અવલ રીતે મળી રહે છે એણે ગાએલાં હાલરડાંમાં. લોકકલ્પનાથી મધુર બનેલાં ભાવપ્લાવિત હાલરડાંઓના આ સંગ્રહમાં ભાઈને ઉદ્દેશીને બહેનોએ ગાએલાં, પુત્રને ઉદ્દેશીને માતાએ ગાએલાં, કૃષ્ણના બાળસ્વરૂપને ઉદ્દેશીને ગવાએલાં, કૃષ્ણભક્તિનાં તેમજ પ્રકીર્ણ હાલરડાં મળી કુલ ૧૦૦ હાલરડાંનો સુભગ સંગ્રહ કરવામાં આવ્યો છે. (સંપા. વસંત જોધાણી; પાકું પૂઠું; પૃ. ૧૭૪; રૂ. ૨-૭૫.)

ખમીરવંતાં માનવી : માનવીનું માત્ર તલવારો વીંઝવામાં જ નથી પ્રગટતું. મિત્રતા, ઉદારતા, વચનબદ્ધતા, હિમ્મત આ બધાંમાં પણ એ ડોકાતું હોય છે. માનવજીવનનાં આવા ખમીરને છતાં કરતી અને એ રીતે જીવનસંસ્કારોને પોષતી આ ૧૯ વાર્તાઓનો સંગ્રહ સુવાચ્ય અને રસપ્રદ છે. લે. પિંગળશી મેઘાણંદ ગઢવી; પાકું પૂઠું; પૃ. ૨૨૬; રૂ. ૪.)

લોકમાતાઓ—લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યમાં : ભક્તિસંપ્રદાયમાં શક્તિની ભક્તિનો મહિમા અનેરું સ્થાન ધરાવે છે. એ દેવીઓની સખ્યા, સ્વરૂપો, શક્તિઓ; બધાંની પરચાભરી વાતો લોકસાહિત્યમાં અનેક છે. આવી વાતોને એકઠી કરીને શાસ્ત્રીય સ્વરૂપે રજૂ કરવાનો સંપાદક શ્રી પુરુષોત્તમ સોલંકીએ અહીં પ્રયાસ કર્યો છે. દેવીને લગતાં ગીતો-છંદો-દોહરાઓ ઉપરાંત દેવીનાં સ્વરૂપનો શાસ્ત્રીય ખયાલ પણ આગળના પ્રકરણમાં ચર્ચ્યો છે. આ રીતે શક્તિ અંગેનો લોકસાહિત્યનો એક સારો પ્રયાસ અહીં મળે છે. (પાકું; પૃ. ૨૧૨; રૂ. ૪.)

અન્ય પ્રકાશનો

દશમ સ્કંધ-૨ : મહાકવિ પ્રેમાનંદના દશમ સ્કંધના ૨૮ થી ૫૩ સુધીના અધ્યાયોનું કવિ-વિદ્વાન ઉમાશંકર જોશી અને ભાષાવિદ હરિવલ્લભ ભાયાણીએ કરેલા આ શાસ્ત્રીય સંપાદનમાં આગળ મુકાએલો શ્રી જોશીનો લેખ 'દશમ સ્કંધની કવિતા' પ્રેમાનંદની કાવ્યશક્તિ અને કૃતિનાં રસસ્થાનોનો સંક્ષિપ્ત છતાં સરસ ખયાલ આપી રહે છે. મધ્યકાલીન સાહિત્યના અભ્યાસીઓને આ પુસ્તક સવિશેષ ઉપયોગી થઈ રહેશે. (પ્રકા. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પાકું પૂઠું; પૃ. ૩૪૪; રૂ. ૫ ૨૪.)

ભારતીય શાસન અને રાજકારણ : ગુજરાત, સૌરાષ્ટ્ર ને દક્ષિણ ગુજરાત યુનિના પ્રિ. યુનિ. વિષયના રાજ્યશાસ્ત્રના વિષયનું પ્રા. હસમુખ પંડ્યા રચિત પાઠ્ય પુસ્તક. (પ્રકા. અનડા બુક ડીપો; ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૨૪૮; રૂ. ૮.)

મહારાજની વાતો : ગુજરાતના મૂક લોકસેવક રવિશંકર મહારાજ પાસે અનુભવનું જબરું ભાથું છે. જીવનના વિવિધ અનુભવોની સચ્ચાઈભરી વાત નિરાડંબરી રીતે એમની વાણીમાં વહે છે. એમના વ્યક્તિત્વ જેવી સાદી સરળ શૈલીમાં અહીં જે અનુભવપ્રસંગો રજૂ થયા છે તે ઊગતી પેઢીના જીવનઘડતરમાં ખૂબ ઉપયોગી થાય તેવા છે. (સં. 'હરિશ્ચંદ્ર'; પ્રકા. યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૧૨૪; રૂ. ૧-૫૦.)

શરણાઈ : શ્રી કુતુબ 'આઝાદ'ના આ ચોથા ગઝલસંગ્રહમાં સામાજિક, ધાર્મિક ને રાજકીય ક્ષેત્રોમાં જે દંભ-પાખંડ ચાલી રહ્યો છે તે સામેનો એમનો પ્રકોપ ઊછળી રહે છે. પરિણામે ભાવની સચ્ચાઈ અને જોસ્સો એમાં છે. એનું સીધાપણું અને સરળતા જચે છે, છતાં ગઝલના બંધની ત્રુટિઓ આ ચોથા સંગ્રહ વખતે તો અવશ્ય ખૂંચે જ. (પાકું પૂઠું; પૃ. ૧૧૧; રૂ. ૩-૨૫; પ્રકા. તમન્ના કાર્યાલય, બગસરા, સૌરાષ્ટ્ર.)

ઓળખાણ : શ્રી ભદ્રકાંત ઝવેરીનાં પાંચ એકાંકીનો સંગ્રહ. બધાં જ એકાંકી ભજવાયાં છે અને એક યા બીજી રીતે પારિતોષિક પણ પામ્યાં છે. નાટકોની તખ્તાલાયકી અને વિષયવસ્તુ, હાસ્યમાં પણ ગંભીર અનુભવનું ગોપન, કટાક્ષ વગેરે એ નાટકોને આસ્વાદ્ય બનાવે છે. ચોટદાર, ટૂંકા, મર્માળા સંવાદો અને પાત્રવિકાસ આગળ તરી આવે છે. નાટકો ભજવવાની ઉમેદ રાખનારાઓનેએ જોઈ જવા જેવો સંગ્રહ (પ્રકા. 'અનાગત', મુંબાઈ; મુખ્ય વિક્રેતા : ઉપર મુજબ; પાકું પૂઠું; પૃ. ૧૩૨; રૂ. ૩-૭૫.)

બિંદુમાં સિંધુ : જાણીતાં લેખિકા રંભાબેન ગાંધીએ આપણી ભાષાની પ્રચલિત કહેવતોનો આપેલો આ સંગ્રહ, અનેકને અનેક રીતે ઉપયોગી થઈ પડશે. ગુજરાતી ઉપરાંત સમાંતર અર્થ ધરાવતી હિંદી, બંગાળી, મરાઠી, રાજસ્થાની, કચ્છી વગેરે કહેવતોનો પણ આમાં સમાવેશ છે. અક્ષરક્રમે ગોઠવેલી અને ૧૪૪ પૃષ્ઠોમાં પથરાએલી આ કહેવતોમાં ગુજરાતી ભાષાનું લાઘવ અને પ્રજાનો વિવિધક્ષેત્રીય સચોટ અનુભવ સહેજે પામી શકાય છે. દરેક વર્ણ નીચે આવતી કહેવતોને પણ જો સ્વરાનુક્રમે ગોઠવી હોત તો જોનારને વધુ સરળતા રહેત. (સ્વાતિ પ્રકાશન; ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું; રૂ. ૪-૨૫)

મધુવન : ઈ. ૧૯૬૧માં ગુજરાતી ગઝલોનો આ પ્રતિનિધિ રૂપ સંગ્રહ બહાર પડેલો તેનું આ પુનર્મુદ્રણ તેની લોકચાહના દર્શાવી આપે છે. (સં. હરીન્દ્ર દવે; પ્ર. ઉપર મુજબ; પાકું પૂઠું; પૃ. ૨૯૨; રૂ. ૭-૫૦)

રસયોગી રસરાજ : માણસનાં સમગ્ર અસ્તિત્વ પર અને વ્યવહાર પર છાઈ રહેલા વિચારતત્ત્વની તેમજ દેહસ્વભાવ, સંજોગ, વાતાવરણ અને એ દ્વારા કેળવાતા પ્રત્યેકના અંતરંગની વૈજ્ઞાનિક હકીકત અહીં રોચક વાર્તારૂપે રજૂ થઈ છે. તંદ્રાવસ્થામાં જોએલા કોઈ પાત્ર, પ્રસંગ, સ્થળ-કાળની આ કથા વાર્તાને તંદ્રાવસ્થાનો ભંગ થતાં પૂરી થાય છે. રસળતી શૈલીમાં કથારૂપ પામેલી પ્રત્યેક માણસના અંત-

રંગની વૈજ્ઞાનિક વાર્તા બની રહે છે. (લે. વિનોદકુમાર; પ્રકા. પ્રશાન્ત પ્રકાશન, ટંકશાળ, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૨૦૦; રૂ. ૭.)

મલ્હાર કે પ્રકાર: મલ્હારની વ્યાખ્યા, તેની વિશિષ્ટતા, તેનું સ્વરૂપ વગેરેનો પરિચય કરાવી મલ્હાર રાગના ૩૦ પ્રકારનું સોદાહરણ અને વિશદ રીતે નિરૂપણ કરતું સંગીતજ્ઞ શ્રી જયસુખલાલ ત્રિભુવનદાસ શાહનું આ હિંદી પુસ્તક સંગીતપ્રેમીઓને અવશ્ય ઉપયોગી થશે. (પ્ર. પોતે જ, ૪૧/૧, શિવનેરી, શિવાજી પાર્ક, રાફત રોડ, દાદર, મુંબઈ-૨૮; પાકું પૂઠું; પૃ. ૨૭૦; રૂ. ૧૨-૫૦)

અવતરણ: શ્રી 'સાગર' નવસારવીનાં એકવીસ મુક્તકો અને ૯૧ ગઝલો રજૂ કરતો આ સંગ્રહ કવિની કાવ્યસાધનાની નિષ્ઠા સૂચવે છે. અનેક શેરોમાં કવિત્વના ઊજળા અણસારા વર્તાયા વગર રહેતા નથી. મિલન-વિરહ કરતાં જીવન રહસ્યની વાતોને વધુ ગાતી આ રચનાઓમાં આકારથી અંતસ્તત્ત્વ સુધીના તેવા મળતા નવોન્મેષો તથા કવિની પ્રાસાદિકતા ઉત્તરોત્તર બલવત્તર રચનાઓની અપેક્ષા જગાવી જાય છે. (પ્ર. જ્ઞાનોદય સાહિત્યમંદિર, ૦૮૩, મુનિ ડેરી પાછળ, ભાવનગર-૧; કાચું પૂઠું; પૃ. ૭૮; રૂ. ૩-૫૦.)

ગીતા શું કહે છે? ભારતીય ગ્રંથમણિ ભગવદ્ગીતાના રહસ્યને કિશોરો પોતાના જીવનમાં વણી શકે એ રીતે અહીં તેનો સંક્ષેપ આપવામાં આવ્યો છે. પ્રત્યેક કિશોર-કિશોરીને જીવનોપયોગી પુસ્તિકા. શાળાના એક સપ્તાહમાં આ સમગ્ર ગીતારહસ્ય સમજાવી શકાય એ રીતે સાત દિવસમાં અઢાર અધ્યાયના રહસ્યનું અહીં લાઘવયુક્ત આયોજન થયું છે. (લે. રતિલાલ અધ્વર્યુ; પ્ર. પોતે જ; ૩, દત્ત સોસાયટી, અમદાવાદ-૭; કાચું; પૃ. ૩૨; ૫૦ પૈસા)

બાઈબલ શું કહે છે? સંપ્રદાયની સંકુચિતતામાંથી બહાર આવવા પ્રત્યેકને સર્વ ધર્મોના સારનું જ્ઞાન હોવું આવશ્યક છે. એ રીતે કિશોર-કિશોરીઓને ઉપયોગી થાય તેમ ખ્રિસ્તી ધર્મના મહાન ગ્રંથ બાઈબલનું સંક્ષિપ્ત રહસ્ય અહીં રજૂ કરવામાં આવ્યું છે. (લે. પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૮૦; રૂ. ૧-૨૫.)

બહાઈ સંપ્રદાય: ધર્મનિરપેક્ષ રહીને બહાઈ સંપ્રદાયનાં વિશિષ્ટ તત્ત્વોને સરળ શૈલીમાં અહીં સંક્ષિપ્ત રીતે રજૂ કરાયાં છે. જગતના ધર્મોનો અણસાર પ્રાપ્ત કરવા ચાહતા જિજ્ઞાસુને ઉપયોગી પુસ્તિકા. (લે. ચિનુભાઈ ગી. ...; પ્ર. પોતે જ; ખાદીનિકેતન, વાડજ, અમદાવાદ; કાચું પૂઠું; પૃ. ૫૪; રૂ. ૧-૨૫.)

જખમ જખમના ખેલ: પ્રેમ અને રણના તાણાવાણાથી ગૂંથાએલી સૈફ પાલનપુરીની ચીલાચાલુ નવલકથા. (પ્ર: ફાલ્ગુની પ્રકાશન; પાકું પૂઠું; પૃ. ૩૭૬; રૂ. ૧૧.)

મૃગજળ બધાં મજાનાં: પ્રેમ અને ખંજરને સામસામે તોળતી, રહસ્યો ખડાં કરતી, સનસનાટી દર્શાવતી નવલકથા (લેખક: ઉપર મુજબ; પાકું પૂઠું; પૃ. ૩૨૮; રૂ. ૯-૫૦)

એક અદ્વિતીય ગ્રંથ

ગયા નવેમ્બરમાં 'રાષ્ટ્રીય ગ્રંથ-સપ્તાહ' નિમિત્તે લંડનમાં 'નૅશનલ બુક લીગ'માં 'ઑક્ટોયસ બુક્સ' દ્વારા આયોજિત એક ગ્રંથ-પ્રદર્શનમાં 'ઍપૉકૅલિપ્સ' (પ્રકટીકરણ, સાક્ષાત્કાર) નામે દુનિયાભરનો એક અદ્વિતીય ગ્રંથ પ્રદર્શિત થયો હતો. ફ્રેન્ચ પ્રકાશન 'જોસેફ ફૉરેટે 'ગ્રંથનિર્માણ-કળાના ગૌરવને એક અંજલિ 'રૂપે' આ ગ્રંથ પ્રકટ કર્યો છે. દુનિયાભરમાં વધુમાં વધુ મૂલ્યવાન આ ગ્રન્થની



કિંમત આજે સહેજે ચાર લાખ પાઉન્ડ જેટલી અંકાય છે! ૪૬૦ રતલ–એટલે કે લગભગ ૧/૫ ટન જેટલું તો એ મહાગ્રંથનું વજન છે!

૩૪×૩૧ ઈંચના કદનું એનું કાંસામાં ઢાળેલું પૂઠું સુવર્ણ અને મૂલ્યવાન નંગથી વિભૂષિત છે. એનું ડિઝાઈન કરનાર વિખ્યાત કલાકાર સાલ્વાડોર ડાલીએ એના પર 'આપણા રોજિંદા રોટલા'ના સૂચન'તરીકે છરી કાંટા જડયા છે! લબ્ધપ્રતિષ્ઠ લેખકોએ દુનિયાનો અંત કેવી રીતે આવશે એ અંગે દર્શાવેલા વિચારો અને માન્યતાઓ એ આ ગ્રંથનું વસ્તુ છે. ઘેટાનાં લગભગ ૩,૦૦,૦૦૦ જેટલાં ચામડાંમાંથી ચૂંટીને પસંદ કરેલાં ૧૫૦ ચર્મપત્ર પર સાત વિવિધ ભાષામાં એ લેખો હાથે લખેલા છે.

દુનિયાભરમાં જાણીતા એવા ૧૪ કલાકારોએ આ ગ્રંથને પોતાની જે ચિત્રકૃતિઓથી ચિત્રિત કર્યો છે એ એકએક ચિત્રની કિંમત પણ હજારો પાઉન્ડની અંકાય છે. □

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૪૧]

કરાવનાર · જલન માતરી



-અનંતરાય પ. ઠક્કર
'શાહબાઝ'

જ્ઞાની પણ જો સ્વર્ગમાં મય વગર આવે તો મળેલા સ્વર્ગને પણ હોડમાં મૂકવાની વાત કરી ગએલા, સનમ જો અશ્રુથી તરબતર આવે તો કબરમાંથી ફરીથી ઊઠવાની ઉમ્મીદ રાખનારા, પંડિતોની જીભની તાકાત ખતમ થઈ જતાં રહસ્યોની અધૂરી રહી ગએલી વાત જાણવા માટે એક અર્ધી પ્યાલી મયની ગટગટાવીને રહસ્યોનો પાર પામી જનારા, ભાવનગરના મસ્ત શાયર સ્વ. અનંતરાય પરમાનંદ ઠક્કર ગુજરાતી ગઝલ સાહિત્યમાં 'શાહબાઝ'ના તખલ્લુસથી જાણીતા છે.

ઈ. ૧૯૬૦માં પ્રગટ થએલો 'પાલવ-કિનારી' નામનો એમનો મરણોત્તર ગઝલ-સંગ્રહ જો વાંચવા બેસીએ તો શૂળી ઉપર ચડી ગએલા મસ્ત 'મન્સૂર'ની યાદ તાજી થાય, ને 'કોહે નૂર' ઉપર બેભાન થઈને ઢળી પડેલા પયગમ્બર હ. મૂસાની તસ્વીર નજર સામે તરવરવા લાગે. એમના સંગ્રહ 'પાલવ-કિનારી'માં ગઝલો કરતાં 'મુખમ્મસ' વધારે છે. મુખમ્મસ એટલે પંચપદી.

ઈ. સ. ૧૯૧૦ની ૧૫મી નવેમ્બરે ભાવનગરમાં એમનો જન્મ. અંગ્રેજી તથા ફારસી લઈને બી.એ. થયા બાદ, નાનપણથી જ શિક્ષકના વ્યવસાય તરફ વલણ વધારે હોવાથી, જીવન આખું લગભગ શિક્ષણ આપીને જ ખર્ચી નાખેલું. વાર્તાઓ, પ્રસંગકથાઓ, હળવા લેખો, કાવ્યો વગેરે સાહિત્ય પણ તેમણે સર્જ્યું છે. ભારતીય અને પાશ્ચાત્ય સંગીત, જ્યોતિષ અને થીઑસૉફી વગેરે એમના ખાસ શોખના વિષયો હતા. ઈ. ૧૯૫૫ના નવેમ્બર માસની જ ૧લી તારીખે આ નશ્વર જગત છોડી ગએલા એ શાયરના કવનને વાંચીને એમની યાદ તાજી કરીએ:

હવે જીરવી નથી શકતો હું પંડિતના લવારાને,
કિનારા પર રહી ઉપદેશ આપે ડૂબનારાને.
નથી એક નામના ઊંડાણની ગમ એ બિચારાને,
મળું ક્યારે હવે સાકી-નયનની મૌનધારાને?
સુરાલયને, સબૂને[1], જામને, મયને પીનારાને?

ક્યાં નિર્ધાર આ મહેફિલથી ઊઠવાના મેં,
પ્રયત્ન આદર્યા સાકીથી રૂઠવાના મેં,
કર્યા વિચાર શેખ સાથ બેસવાના મેં,
કસમ લીધા છે તારું નામ ભૂલવાના મેં,
મગર કસમ મહીં તારું જ નામ આવે છે!

આપની કાતિલ જફાના ઘાવનું ઈનામ લઈ,
ને હકીમોના સફળ ઉપચારને ત્યાગી જઈ,
દર્દથી બેહોશ થઈને હસ્તીથી આઝાદ થઈ,
હું જ પહોંચી જાઉં મારા દેહની મૈયત લઈ,
આપ જો પાલવતણું એક જ કફન આપો મને.

કોઈ કાસદ અહીં અગર આવે,
આપના કૈંક તો ખબર લાવે.
અમે છોડયો છે રાહ કાબાનો,
આપની છો મુરાદ બર આવે.
હોડમાં હું મૂકું જન્નત જ્ઞાની,
જો તું જન્નતમાં મય વગર આવે.

ગગનમાં ગૂંજતા કો કિન્નરોના સાઝ પૂછે છે,
સમાધિમાં રહેલા યોગીની પરવાઝ પૂછે છે,
સદા ઘૂઘવી રહેલા સાગરે આવાઝ પૂછે છે,
મહેલા આભપર પ્હોંચી કોઈ 'શાહબાઝ' પૂછે છે;
અહીં આસમાન છે કે કોઈની પાલવકિનારી છે?

નીરખવા રૂપને અસ્તાચલે જઈ સૂર્ય સંતાયો,
નિરંચલ રાત્રિની મસ્તી તણો ઉન્માદ ફેલાયો;
સર્યો બુરખો વદન પરથી વદનનો રંગ બદલાયો,
કબૂતરથી ઘવાઈ આખરે 'શાહબાઝ' પટકાયો;
હતું એ ઉડ્ડયન સાચે, ભલે લાગ્યું પતન જેવું.

આપની યાદી યદિ દિલને સતાવે, થાય શું?
પુષ્પની ચાદર પરે કાંટા બિછાવે થાય શું?
ને નયન દિનરાતભર અશ્રુ વહાવે, થાય શું?
દિલ જો બુદ્ધિને શરત માંહી હરાવે, થાય શું?
ને કઝા લાખો ઉપાયોને હઠાવે, થાય શું?

શાહ ખુદ નિજ હાથ રંગે રક્ત કિંકરનું ભરી,
બાઝ બુલબુલને કદી ચુંગાલમાં લે આવરી;
ઝોળી દરવિશની જલાવે આભથી વીજળી સરી,
ઝળહળિત પ્રાસાદની રાણી કદી ઠસ્સો કરી
દ્વારના ભિક્ષુકને જો પાછો હઠાવે, થાય શું?

થાય છે દિલમાં મહેચ્છા કાળને થંભાવવા,
ને ગતિ બ્રહ્માંડની અવળા વહનમાં લઈ જવા;
ને વિરહ પહેલાંની એ શાશ્વત ઘડીમાં થોભવા,
ને સકળ ઉત્ક્રાંતિને એ પળ મહીં જ સમાવવા,
વણસમય, 'શાહબાઝ' પાંખોને ઘુમાવે થાય શું?

યાદ આવે છે અનાદિનું મને મારું વતન,
ને ચડે હૈયે પ્રથમ નીરખ્યું'તું એ તારું વદન,
રાતભર આંખે ચડે છે એ ભુલાએલું સપન,
જામ પર સુરાહીનું થઈ જાય છે હર પળ પતન,
હર પતનને ધ્યેયપ્રાપ્તિ હું બનાવી જાઉં છું.

મોતી આવે હાથ, નૌકા છો ડૂબે તેની પછી,
જો મળે મઝધાર, નાવિકની ગરજ શેની પછી?
ડૂબવા જનારને હો કેમ બેચેની પછી?
આંખ જો આંખો થકી પળભળ મળે એની, પછી,
જોઈ લેશે કેમ હું એને મનાવી જાઉં છું!

હસ્તીને ગુમાવ્યા વિના હસ્તી નહીં જડે,
મઝધારમાં ડૂબ્યા વિના કિસ્તી નહીં જડે;
બંધનમાં વીંટાયા વિના મુક્તિ નહીં જડે,
આંખો મીંચી ગયા વિના જ્યોતિ નહીં જડે,
ઊંડાણે ઊતર્યા વિના મોતી નહીં જડે.

અંગાર કો સળગ્યા કરે છૂપેલ રાખમાં,
ઊંચે જવાની શક્તિ હોય કોક પાંખમાં;
સાચી નઝર કરી શકે છે એક લાખમાં,
પીધા વિના શરાબ કદી કો'ની આંખમાં
સાચી નઝરની રોશની ગોતી નહીં જડે.

હર એક દિલને રૂપની પિછાન થઈ જશે,
વેરાન જે દેખાય છે ઉદ્યાન થઈ જશે,
ને દિલ તણી હર ભાવના ઈમાન થઈ જશે,
મુજ ઘરમાં એક તખ્તે-સુલેમાન[2] થઈ જશે,
પળભર પણ જો એ આવીને મહેમાન થઈ જશે.

આલમની તવારીખમાં એક વાત છે રહી,
ને દિન પૂરો થયો નથી, ને રાત છે રહી,
ને તારલાનાં રૂપની ખેરાત છે રહી,
કિસ્મતમાં લખી એક મુલાકાત છે રહી,
'શાહબાઝ' કબૂતરનું જ્યાં નિશાન થઈ જશે.

સાગર કદી જોયા વિના ચીતર્યા કર્યો ચીતાર,
મઝધાર ક્યાં, કિનાર ક્યાં ને સામે પાર ક્યાં?
પરવરદિગારે જીભ દઈ બોલતો કર્યો,
ત્યારે પૂછ્યું એ જીભથી: 'પરવરદિગાર ક્યાં?'
જો દેહ મારો માટીમાં પાછો ભળી જશે
બુઠ્ઠી આ ધરાને નવું યૌવન મળી જશે.

નિશ્વાસ જિગરના હું જિગરમાં જ સમાવું;
પડશે જો બહાર કૈંક ઇમારત બળી જશે.
હુશિયાર માનવી ઘણા ઊમટે બજારમાં,
અંતઃકરણને વેચીને દુનિયા રળી જશે.


મૂકીને સરહદો પાંડિત્યના ઉન્નત મહાલયની,
તજીને અસ્મિતા મનના બધા જય ને પરાજયની,
નિહાળી આખરી મંઝિલ મેં સાકીના સુરાલયની,
ભરી 'શાહબાઝ' પાંખોમાં હવા એક મ્હેકતા મયની,
સમય કેરા સીમાડા પાર થાવા આદર્યું છું હું.

---

૧ સબૂ=શરાબની પ્યાલી

૨ સુલેમાન નામના એક સખી દિલના બાદશાહ પયગમ્બરનું તખ્ત.

કલારવિ ટ્રસ્ટ તરફની પાંચમી રંગપૂરણી હરીફાઈ



(શરતો માટે પાછળ જુઓ)









ઉપરથી અનુક્રમે: રૈવતાદિત્ય, મહા સદાશિવ અને નર-નારાયણ તથા (તેની નીચે) કામદેવ

ગુજરાતની ચાર વિરલ પ્રતિમાઓ

પ્રતિમામાં રૈવતાદિત્ય એ સૂર્યનું જ એક અશ્વારૂઢ સ્વરૂપ છે. વીરમગામ નજીક પનાર ગામમાંથી મળેલી આ પ્રતિમામાં એક હાથમાં અક્ષયપાત્ર ધારી અશ્વારૂઢ સૂર્ય સાથે તેની પાછળ છત્રધર તથા આકાશમાંથી જલાભિષેક કરતી અપ્સરાઓ, યક્ષો વગેરે ઉપરાંત અશ્વના પગ પાસે સિંહ, ગેંડો આદિ પ્રાણીઓ છે. અશ્વના પગની ખરીઓ સિવાય સમગ્ર પ્રતિમાનું કંડારણ ઘણું સ્પષ્ટ અને સુંદર છે. ગુપ્તોત્તર કાળની આ પ્રતિમા બારસો વર્ષ જેટલી પ્રાચીન લાગે છે. (૨) શિલ્પશાસ્ત્રોના ગ્રંથોમાં વર્ણવ્યા મુજબની સમાવર્તી આસનસ્થ, જટામુકુટધારી, પંચમુખ અને દશભુજ મહાસદાશિવની આ ધાતુપ્રતિમા દસક્રોઈ તાલુકાના ધામતવણ ગામના એક બ્રાહ્મણના પૂજાખંડમાંથી મળી છે. સ્વ. ડૉ. ગોપીનાથરાવના મત પ્રમાણે કાશ્મીરના સંગ્રહસ્થાન સિવાય પંચમુખ શિવની આવી ધાતુપ્રતિમા ભારતમાં અન્યત્ર હોવાનું જાણમાં નથી. (૩) ત્રીજી પ્રતિમા નર-નારાયણની છે. એ પણ પનાર ગામેથી મળી છે. ભગવાન વિષ્ણુના ચોવીસમાંના એક નૃસિંહ અવતારમાં સિંહમુખ તે નારાયણ અને બાકીનું શરીર તે માનવ એમ કાલિકા પુરાણ કહે છે. ચાક્ષુષ મનવંતરમાં ધર્મ અને મૂર્તિને ત્યાં તેઓ પુત્ર રૂપે અવતર્યા. કૃષ્ણ–અર્જુન એ પણ એમનો જ અવતાર છે એમ માની એમની પૂજા થાય છે. આમાં નારાયણ તે નિર્ગુણ અવ્યક્ત તત્ત્વ અને નર તે સગુણ વ્યક્ત રૂપ. એક જ તત્ત્વનાં એ બે પાસાં. નારાયણ તે બ્રહ્મનું અને નર એ જીવોનું પ્રતીક છે. ચતુર્વર્ગ ચિંતામણિ, મહાભારત, વિષ્ણુધર્મોત્તર અને શિલ્પરત્નમાં એનો ઉલ્લેખ છે. શિલ્પગ્રંથોના વર્ણન મુજબ આ પ્રતિમામાં શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ વિષ્ણુના મુકુટ, કંઠહાર અને ઉપવિત વગેરેનું કંડારણ તેની પ્રાચીનતાનાં દ્યોતક છે. તેની બાજુમાં કરંડ મુકુટધારી દ્વિભુજ (માનવ) અર્જુનનો કચ્છ અને બાણનું ભાથું વગેરે તેને અર્જુન (નર) તરીકે સ્પષ્ટ કરે છે. શિલ્પાંકન પરથી આ પ્રતિમા આઠમી સદી આસપાસની જણાય છે. ચોથી પ્રતિમામાં શાસ્ત્રોક્ત વર્ણનાનુસાર તેનાં પંચબાણ, પુષ્પમાળ, કિરીટમુકુટ અને ખાસ તો મૂછ વગેરે લક્ષણો એ કામદેવ હોવાનું સ્પષ્ટ સૂચવે છે. દસક્રોઈ તાલુકાના પસુંજ ગામે જે પ્રાચીન મંદિર બહાર એ છે ત્યાંની અન્ય લાક્ષણિકતાઓ પરથી એ લગભગ આઠમી સદીની હોવાનું જણાય છે. દેવપ્રતિમાઓનાં આ ચારે ય સ્વરૂપો ગુજરાતમાં વિરલ છે.

(ડૉ.) **વસંતલાલ ત્રિવેદી**

■ તંત્રીનોંધ: ઉંદરેલમાં મેડિકલ પ્રૅક્ટિસ કરતા ડૉ. વસંતલાલ ત્રિવેદીએ પોતાના પુરાતત્ત્વ સંશોધનના શૉખને પોષવા આપમેળે એ વિષયનો અભ્યાસ કરી, લગભગ ચારસો ચોરસ માઈલનો પ્રદેશ ખૂંદી ચાળીસ જેટલાં ગામમાં કુલ ૧૧૫ જેટલી પાષાણકાલીન વસાહતો ખોળી છે. એમણે શોધેલા ટીંબાઓ પર વધુ સંશોધનો કરી રાજ્ય અને કેન્દ્ર સરકારના પુરાતત્ત્વખાતાએ એમની શોધને ટેકો આપતા અન્ય અવશેષો પ્રાપ્ત કર્યા છે. ખારી અને વાત્રક નદીના કંઠાર પરની પાષાણકાલીન વસાહતો પણ પ્રથમ એમણે જ શોધી હતી. કેટલાંક પ્રાચીન મંદિરો તથા આવી અન્ય પ્રતિમાઓની શોધ પણ એમણે આવા શોધ-પ્રવાસો દરમિયાન કરી છે.



આ વર્ષના ગણતંત્રદિન પ્રસંગે પદ્મવિભુષણનું માન પામેલા મહાનુભાવો. અનુક્રમે: સર્વશ્રી ડી. એસ. કોઠારી, ઉછરંગરાય ઢેબર, ડૉ. નાગેન્દ્ર સિંઘ અને ટી. સ્વામીનાથન.

વૃક્ષ-વેલ-પરિચય-૬ : બાવળ



બાવળ તો બહુ જાણીતું વૃક્ષ છે. ગરમ પ્રદેશ ને રેતાળ જમીનવાળા સીમ-વગડામાં એ પુષ્કળ ઊગે છે, ને ત્યાં તેનાં દાયકાઓ જૂનાં ઝાડ પણ મળી રહે છે. ખેતીનાં ઓજારો, ગાડાનાં પૈડાં વગેરે બનાવવા માટેનું લાકડું મેળવવા તથા કાંટાળી વાડ કરવા માટે ખેતરને શેઢે એ ખાસ વવાય પણ છે.

બાવળ નાનો હોય ત્યારે ઢોર એનાં કુમળાં પાન ચરી ન જાય એટલા સારુ કુદરતે તેમાં બબ્બે ઇંચ લાંબા તીણા સફેદ કાંટા પણ મૂક્યા છે. વૃક્ષ પૂરતું ઊંચું વધ્યા પછી એ કાંટા પ્રમાણમાં ઓછા થતા જાય છે.

બાવળ અનેક રીતે ઉપયોગી છે. એની છાલ ચામડું રંગવામાં કામ લાગે છે. એનું લાકડું ભારે અને ટકાઉ હોવા સાથે એને ઝટ કીડા-ઊધઈ લાગતાં ન હોઈ ખેતીનાં ઓજારો બનાવવા ઉપરાંત ઈમારતી કામમાં પણ વપરાય છે, પણ એમાં લાંબા સીધા મોટા પાટડા મેળવવા શકય ન હોઈ એનો એવો વપરાશ મર્યાદિત રહે છે. જો કે એના પર ઓપ સરસ ચડે છે. એ લાકડાનો તાપ આકરો હોઈ એના કોલસા ઉત્તમ ગણાય છે.

બાવળનો ગુંદર કફનાશક ને પૌષ્ટિક હોઈ વિવિધ પાક અને ઔષધોમાં વપરાય છે. એનાં કુમળાં પાનનો ઉકાળો મરડા ને અતિસારમાં ગુણકારી છે. બાવળની શીંગ (પરડા કે પરડિયા)નું અથાણું અને શાક પણ બને છે. ઢોરને ખવડાવવાથી એ વધુ દૂધ આપે છે.

વરસાદ પછી બાવળને નાનાં બોર જેવડાં ગુચ્છાદાર ગોળ પીળાં ફૂલ આવે છે. એની શીંગ કૂણી હોય ત્યારે મખમલી સુંવાળપવાળી ભૂખરા રંગની હોય છે, જેમાંનાં બી વડે બાવળ ઉગાડી શકાય. અતિ ઠંડી સામે કે ભેજમાં બાવળ ટકી શકતા નથી, એટલે એવા પ્રદેશ તથા પહાડી સિવાય બાવળ આજે ભારતમાં પ્રાય: બધે જોવા મળે છે. એનું દાતણ તો જાણીતું છે જ.



અશ્રુઝરણે

નયનોનાં ઝરણાં વહેવા દો, હરિયાળી જીવનવાટ થશે,
આઘાત ખુશીથી ઝીલો તો હૈયાનો નમણો ઘાટ થશે;
અરમાન સમયની ભઠ્ઠીમાં છોને સઘળાં ઓરાઈ ગયાં,
એ છેવટ અર્ક બની જાશે ને અત્તરમય પમરાટ થશે.

—'વિશ્વરથ'


આચાર્ય ભાગવત

સ્વાતંત્ર્ય પૂર્વેના મહારાષ્ટ્રમાં અને સ્વાતંત્ર્ય પછીના સમસ્ત પશ્ચિમ ભારતમાં સાને ગુરુજી, આચાર્ય જાવડેકર અને આચાર્ય ભાગવત, એ ત્રણ મહારાષ્ટ્રીય વ્યક્તિવિશેષની ત્રિપુટીએ અસાધારણ વિચારદાન અને સાહિત્યસર્જન દ્વારા યુવાન પેઢીનાં અંતરમાં ક્રાંતિબીજ વાવવાની અદ્‌ભુત સેવા બજાવેલી. એ ત્રિપુટી પૈકી છેલ્લા હયાત આચાર્યે ભાગવતે પણ ગયા માસમાં ઓચિંતી ચિરવિદાય લીધી, એથી એકલા મહારાષ્ટ્રના જ નહિ પણ પશ્ચિમ ભારતના એક તેજસ્વી વિચારક અને ત્યાગવીર વિદ્વાનની હૂંફ આપણે ખોઇ બેઠા છીએ. આચાર્ય ભાગવતની વિદાયથી એ ત્રિપુટી હવે આખી પડદા પાછળ કાયમની વિલીન થઈ ગઈ છે. પરંતુ લગભગ ત્રણ પેઢીમાં અસંખ્ય ભાઈબહેનોને એ ત્રિપુટીએ જે શિક્ષણ આપ્યું અને એમના સહુમાં જે સંસ્કાર રેલાવ્યો તે તો કદી અદૃશ્ય થવાનાં નથી. એ અર્થમાં તો એ ત્રિપુટી આજે પણ જીવંત છે.


સાને ગુરુજી સ્થાપિત 'આંતરભારતી' (ભારતના વિવિધ પ્રદેશોની ભાવાત્મક એકતા માટે પ્રશસ્ય કામગીરી કરતી સંસ્થા)ના અધ્યક્ષપદે પૂરો એક દસકો કાર્યરત રહીને આચાર્ય ભાગવતે ભારતીય એકતાની કડીઓને કુશળતાથી મજબૂત કરેલી. મરાઠી ઉપરાંત બંગાળી અને ઉર્દૂનો એમનો અભ્યાસ ને વ્યાસંગ વિશાળ હતાં. તેઓ અચ્છા શિક્ષક અને અસરકારક વક્તા હતા અને વિદ્યાવ્યાસંગમાં રચ્યાપચ્યા રહીને પણ સમાજસેવાનું અખંડ વ્રત ચલાવતા હતા. પૂનાની સુપ્રસિદ્ધ 'સુલભ રાષ્ટ્રીય ગ્રંથમાળા'ના તેઓ, આચાર્ય જાવડેકરની સાથે, સહસંપાદક હતા. આ બંને આચાર્યોએ સ્વભાષા દ્વારા નવી પેઢીમાં ઉદાત્ત આચાર-વિચારનું ઘડતર કર્યું.

આચાર્ય ભાગવત સન્નિષ્ઠ, સહૃદયી અને સાત્ત્વિક વૃત્તિ અને પ્રકૃતિના હતા. કોલ્હાપુર પાસેના મોની વિદ્યાપીઠમાં એમણે નોંધપાત્ર શિક્ષણસેવા આપેલી. સાને ગુરુજીએ સ્થાપેલા- અને હજી અખંડ ચાલી રહેલા-મરાઠી સાપ્તાહિક 'સાધના'નું તંત્રીપદ પણ એમણે થોડો સમય સરસ સંભાળેલું. એમની રહેણીકરણી સ્પષ્ટ, સ્વચ્છ, સત્ત્વશીલ અને સુવિચારને પોષક હતી. આપણી એમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ હો.
(જનસત્તા)


—પુરુષોત્તમ માવળંકર



સાને ગુરુજી



આચાર્ય જાવડેકર



આચાર્ય ભાગવત

ઈમારતાબાદ

ન્યૂ યૉર્કનું એમ્પાયર સ્ટેઈટ બિલ્ડિંગ આધુનિક સ્થાપત્યની એક અજાયબી ગણાય છે. ૦ માઈલથી યે વધુ ઊંચી આ ગંજાવર ઈમારતમાં વિવિધ દફતરો-દુકાનો વગેરેમાં મળી ૧૦,૦૦૦ થી યે વધારે માણસો કામ કરે છે. તમે જો એમાં ૮૦મે માળે કામ કરતા હો તો તો તમને એક્સ્પ્રેસ લિફ્ટનો લાભ મળે, પણ જો એ લિફ્ટને ઉપર જતાં બધા માળે ઊભા રહેવાનું હોય તો તો તમને ત્યાં પહોંચતાં સહેજે અર્ધો કલાક વીતી જાય.


આટલી ઊંચી આ આલીશાન ઈમારતની ટોચે મૂકેલો સ્ટેઈનલેસ સ્ટીલનો મિનારો પોતે પણ એક નાની 'સ્કાઈ સ્ક્રેપર' ઈમારત જેવડો છે. મૂળ એ એક વિશાળ હવાઈજહાજના પોલાદી માળખા માટે બનાવાએલો.

પણ ભવિષ્યમાં આ ભવ્ય બિલ્ડિંગ પણ જેની આગળ સરખામણીમાં વામણું લાગે એવી, ખરા અર્થમાં સ્કાઈ સ્ક્રેપર એવી જે ગંજાવર ઈમારતની યોજના વિચારાઈ રહી છે તે તો બે માઇલ જેટલી ઊંચી ઈમારત હશે!

જરા કલ્પના કરો કે બે માઇલ ઊંચા એ મકાનમાં તમે રહેતા હો ને સવારના પહોરમાં તમારે કામે ચડવાનું હોય તો? ધારો કે તમે ૩૪૫મા માળે રહો છો! અલબત્ત, તમારી યે ઉપર હજી બીજા સંખ્યાબંધ માળ તો છે જ; કેમ કે આ ભાવિ ઇમારતમાં ૫૦૦ માળ તો સહેજે હશે!

ધારો કે નાસ્તો કરીને તમે તમારા ફ્લૅટમાંથી બહાર આવો છો. તો ત્યારે તમે બહાર પરસાળમાં નહિ પણ એક મોટા બજાર જેવડા વિસ્તારમાં આવી ઊભા રહેશો. આ માળની એ અગાશીમાં માઇલો લાંબી વીજળીની બત્તીઓની હારમાળાના તેજમાં ઝળાંહળાં થતી એ બજારમાં દુકાનો, રેસ્ટોરાંઓ, પોસ્ટ ઑફિસ, દવાની દુકાન ને કદાચ એકાદ નાનું સિનેમાગૃહ પણ હશે! અને તમારે જો આ બજારમાં-માળ-ની હશે તો લિફ્ટના બારણા પાસે લાગેલી લાંબી કતારમાં જોડાવું પડશે, કેમ કે એકલા આ એક માળ પર પણ સહેજે ૧૬૦ જેટલાં ઘર હશે, જેમાં સરેરાશ ત્રણેક જણનું કુટુંબ રહેતું હોય; તો આવા ૫૦૦ મજલાની મળીને માત્ર આ એક ઈમારતની જ વસતિ ૨,૪૦,૦૦૦ જેટલી થવા જાય! એકાદ કસબા જેટલી તો એ સહેજે થઈ.

વળી, ૩૪૫મે માળે રહેવાનું હોય તો તમારે કદાચ બે લિફ્ટનો ઉપયોગ કરવો પડે: એક તો 'લૉકલ' જેવી લિફ્ટ કે જે તમને ૩૦૦મા માળ સુધી નીચે લઇ જાય, ને ત્યાંથી આગળ બીજી 'એક્સ્પ્રેસ' લિફ્ટ મળે કે જે વગર અટક્યે તમને છેક નીચે લઇ જાય. વળી, આ લિફ્ટની વ્યવસ્થા પણ એવી હશે કે જે બજાર વિસ્તારમાં ટ્રામની પેઠે આડી ચાલીને પછી નીચે જવા રવાના થાય! સ્વાભાવિક રીતે જ 'એક્સ્પ્રેસ લિફ્ટ'ની



ડાબી બાજુ: એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની સરખામણીમાં સૂચિત ઈમારતનું કદ. જમણી બાજુ: ઈમારતના એક માળ પરની ગોઠવણ. તેમાં ૧ આવાસો, ૨ બગીચા અને આસપાસનાં દૃશ્યો જોવા માટેની વિશાળ બારીઓ, ૩ લિફ્ટ માટેના પ્રવેશ, ૪ મુખ્ય લિફ્ટનું સ્થાન, ૫ સિનેમા, સભાગૃહ વગેરે, ૬ દુકાનો હોટલો વગેરે, ૭ ઇમરજન્શી એક્સ્પ્રેસ લિફ્ટ.

સીધી સગવડવાળા માળ પર જગ્યા મેળવવાની મોટી પડાપડી રહેશે.

આ મકાનને છેક ઉપરને મજલે જવાનું તો ખૂબ રસમય બની રહેશે. ત્યાં તમને આ ઇમારતની સેંકડો લિફ્ટનું સંચાલન કરતાં જંગી યંત્રો જોવા મળશે. વળી, અંદરથી એકધારો ધીમો ગુંજારવ કરતો એક બંધ ખંડ પણ હશે, જેમાં અતિ ભારે પવનો સામે આ ઈમારતને ડોલતી અટકાવવા ટનના ટન વજનના મહાકાય પોલાદી ચક્રો અતિ તેજ ગતિએ સતત ઘૂમતાં હશે. સમુદ્રનાં ઊછળતાં મોજાંમાં જહાજોને સતત એકધારી દિશામાં ટકાવી રાખવા તેમાં આવાં નાનાં 'ગાયરોસ્કોપ' હોય છે. તમને કદાચ ખબર હશે કે ભારે પવન ફૂંકાતો હોય ત્યારે એમ્પાયર સ્ટેઈટ બિલ્ડિંગ જેટલું નાનું (?) મકાન પણ ડોલી ઊઠે છે! અલબત્ત એ ડોલન થોડા ઇંચ પૂરતું મર્યાદિત હોય છે, પણ આ ગંજાવર ઇમારત તો ૧૧,૦૦૦ ફૂટ ઊંચી હશે. એમ્પાયર સ્ટેઇટ બિલ્ડિંગ તો ૧,૪૭૨ ફૂટ જ ઊંચું છે.

આ ભાવિ સ્કાઈ સ્ક્રેપરના ૫૦૦ મજલા ઉપરાંત એના પાયામાં, જમીનની અંદર પણ પચાસેક માળ તો હશે! મકાનની લિફ્ટો, ગાયરોસ્કોપ, સેન્ટ્રલ હીટિંગ અને એર કંડિશનિંગ એકમોને કાર્યરત રાખવા માટેનો કાફલો કદાચ આ ભોંતળ નીચેના ભાગમાં રહેતો હશે. તાપમાનને



શ્રી પુરાણીજી પારિતોષિક વિજેતાઓ (૧૯૭૨) અનુક્રમે: (૧) ઠાકોરભાઈ ડી. નાવિક (સૂરત)ને સમુદ્રતરણક્ષેત્રે ચોરવાડથી વેરાવળ સુધીનું ૨૧ માઈલનું અંતર ૮ કલાક અને ૬ મિ.માં તરીને ગુજરાત કક્ષામાં પ્રથમ અને ભારત કક્ષાએ દ્વિતીય આવી ગૌરવપ્રદ સિદ્ધિ બદલ સવિશેષ પારિતોષિક રૂા. ૫૦૦. (૨) જયેન્દ્રકુમાર સી. જાની (અમદાવાદ)ને ગ્લાઈડર-ઉડ્ડયન ક્ષેત્રે ૧૦૦૦ કલાકનું સ્વયંસંચાલિત ઉડ્ડયન કરનાર પ્રથમ ગુજરાતી તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરવા બદલ રૂા. ૩૦૦. (૩) પ્રવીણચંદ્ર મો. શાહને પેટલાદમાં ફાટી નીકળેલાં તોફાનો વખતે ઊંડા બજારમાં જીવના જોખમે આગ હોલવવાની કામગીરી બદલ રૂા. ૨૫૦. (૪) તખતસિંહ બી. ગોહિલ (રાજપીપળા), (૫) દલાભાઈ બી. ધોડિયા (નવસારી) અને (૬) બાલુભાઈ એ. ચૌહાણ (માંડવી) એ ત્રણે એસ. ટી. કર્મચારીઓને લોકોની ખોવાએલી-ભુલાએલી મોટી રકમ ને કિંમતી માલ સલામત પાછો પહોંચાડવાની અસાધારણ પ્રામાણિકતા દર્શાવવા બદલ દરેકને રૂા. ૧૦૦.

આ માસના આકાશમાં] ૨ [ફેબ્રુઆરી-માર્ચ



કૃત્તિકા પછી રોહિણી એ સત્યાવીસમાંનું ચોથું નક્ષત્ર છે. લોકભાષામાં એને 'રોણ્ય' કહે છે. રોહિણીનો અર્થ છે રાતી ગાય. આ તારામંડળની ઓળખનો મુખ્ય તારો-યોગતારા-રોહિણી (Aldebaran) પણ શુદ્ધ શ્વેત નથી દેખાતો એ જાણો છો ને? રોહિણી એ વૃષભ રાશિનું એક નક્ષત્ર છે. એ રીતે આ પ્રાણીનો ભલે જાતિભેદ છે, પણ આકારની કલ્પનાનું સામ્ય સરખાવવા જેવું છે. ગ્રીક પુરાણકથામાં રાજકુમારી યુરોપાનું અપહરણ કરીને જ્યુપિટર, વૃષભ-Taurus પર બેસી નાસી ગએલો. આ ટૉરસનો આકાર આ તારામંડળમાં કઈ રીતે કલ્પવામાં આવ્યો છે તે બાજુમાં દર્શાવ્યું છે. આ જ રાશિના નક્ષત્ર 'કૃત્તિકા'નું ઝૂમખું એમાં વૃષભની ડોકમાં બાંધેલા ઘૂઘરાને સ્થાને શોભે છે.

રોહિણી નક્ષત્રના V આકારે ગોઠવાએલા તારા હ્યાડીઝ (Hyades) તરીકે ઓળખાય છે. એમાંનો મુખ્ય તારો રોહિણી આપણાથી ૬૮ પ્રકાશવર્ષ દૂરનો યુગ્મ-તારો છે. આમ તો આ મંડળમાં છૂટાછવાયા ૧૫૦ જેટલા તારા છે, જે ૧૨૦ પ્રકાશવર્ષ દૂર સુધી ફેલાએલા છે. આમાંનો એક વૃષભના શિંગની નોક પરનો તારો 'અગ્નિ' (Nath) બાજુના બ્રહ્મ-મંડળ (Auriaga) તારામંડળનો ગણાય છે.

રોહિણી(નક્ષત્રમાં શકટ ગાડા)ના આકારની પણ એક કલ્પના આપણે ત્યાં છે. વરાહમિહિર કહે છે કે શનિ, મંગળ અને ચંદ્ર જ્યારે આ શકટનો ભેદ કરશે, એટલે કે તેમાંથી પસાર થશે, ત્યારે સમગ્ર જગત સાગરમાં ડૂબી જશે. હાલ ચંદ્ર પાંચ-છ વર્ષે આ શકટારોહણ કરે છે. શનિ ને મંગળ એ શકટની નજીક આવે છે ખરા, પણ તેમાંથી પસાર થતા નથી એટલે આપણે કંઈ ફિકર કરવાની જરૂર નથી! કહે છે કે આ નક્ષત્રમાં જન્મેલાં માણસો પ્રિયભાષી, પવિત્ર ને સત્યવાદી હોય છે અને એને વૃદ્ધત્વ મોડું આવે છે. □

સુયોગ્ય સપાટીએ જાળવી રાખવા માટેનાં અને એવાં અન્ય યંત્રોનું સંચાલન અટપટાં કૉમ્પ્યુટરો દ્વારા થશે, પણ એ માટે કૉમ્પ્યુટર એન્જિનીઅર્સો અને કૉમ્પ્યુટર પ્રોગ્રામર્સની પણ જરૂર રહેશે જ.

આ ગંજાવર ઇમારતમાં આ અવકાશયુગના ઘણાખરા પદાર્થોનો ઉપયોગ થશે. કોંક્રીટ વડે મજબૂત બનાવેલું પ્લાસ્ટિક, સ્ટેઈનલેસ સ્ટીલ, કાચ અને ઍલ્યુમીનિયમથી યે હળવી ને પોલાદથી વધુ મજબૂત એવી બેરીલિયમ નામે નવી ધાતુ તથા ઊન ને પોચા લાકડા જેવી ધ્વનિશોષક પણ અત્યંત મજબૂત એવી મૅંગેનીઝ કૉપર જેવી ધાતુઓ તેમાં વપરાશે.

મકાનનો ઘણોખરો ભાગ તો 'પ્રીફૅબ્રિકેટેડ' એટલે કે અન્યત્ર તૈયાર થઇ ક્રમવાર અહીં લાવીને બેસાડાતો હશે; પણ એ માટે આજના ઊંચામાં ઊંચા ઊંટડા યે કામ નહિ લાગે, એટલે વધુ ઊંચાઇએ બધી સામગ્રી પહોંચાડવા ને બેસાડવા માટે હેલિકૉપ્ટરનો ઉપયોગ કરવો પડશે!

આ ઈમારતની વસતિ કરતાં યે ઓછી વસતિવાળા ગામમાં તારનાં દોરડાં, પાણીના નળ ને ગટરનાં ભૂગળાં માટે જમીનમાં લાંબી લાઇનો પાથરવી પડે છે, જ્યારે આ 'સુપર સ્કાઈસ્ક્રેપર'માં તો એવી બધી લાઇનોને ગામ કરતાં ઘણી ઓછી જગ્યામાં સમાવવી પડશે.

એક આખું ગામ બાંધવા જેટલો સમય, કૌશલ અને મજૂરી માત્ર આવા એક મકાન પાછળ ખર્ચવાં પડશે.


આજે જો હવામાન સ્વચ્છ હોય તો એમ્પાયર સ્ટેઇટ બિલ્ડિંગ પરથી ચોતરફ પચાસ માઇલ જેટલે દૂર જોઈ શકાય છે, પણ એનાથી યે અનેકગણા ઊંચા આ મકાનમાંથી કેટલે દૂર નજર પડી શકશે એની કલ્પના કરી જોજો! (અંગ્રેજી ઉપરથી).

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં


૧ (૧૮૩૫) રૂા. ૩૦૦૦નું વર્ષાસન લઈ સિક્કિમના રાજાએ ઈસ્ટ ઇંડિયા કંપનીને દાર્જિલિંગ આપી દીધું. પટ્ટા પેટે અપાતી આ રકમ પણ પછીથી અંગ્રેજોએ બંધ કરી દીધેલી.

૨ (૧૬૬૬) જગતભરમાં અદ્વિતીય 'તાજમહાલ' અને અન્ય અનેક બેનમૂન સ્થાપત્યોના પ્રેરક મુઘલ શહેનશાહ શાહજહાંનું પુત્ર ઔરંગઝેબે આપેલી કેદી અવસ્થામાં અવસાન. આ જ માસની ૧૪મી તારીખે ઈ. ૧૫૫૬માં, મુઘલાઈને સિદ્ધિ અને સમૃદ્ધિની ટોચે પહોંચાડનાર એના વડવા મહાન સમ્રાટ અકબરે બહેરામખાનના વાલીપણામાંથી મુક્ત થઈને સલ્તનની સઘળી જવાબદારી પોતાને હાથ લીધી હતી.

૩ (૧૯૪૮) ૪૩૨ વર્ષે સીલોન–શ્રીલંકાને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. ઈ. પૂર્વે ૫૦૦માં દક્ષિણ ભારતીય રાજાઓએ ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપેલું. ૧૪૧૫ સુધી ઓછાવત્તા પ્રમાણમાં તેના વંશજોએ ત્યાં રાજ કર્યું. ૧૨૯૪માં પહેલો યુરોપવાસી માર્કોપોલો ત્યાં પહોંચ્યો. ૧૫૦૫માં ફિરંગીઓ, ૧૬૫૮માં વલંદા અને ૧૭૯૬માં અંગ્રેજો ત્યાં પહોંચ્યા. આ બધાએ થોડોઘણો સમય ત્યાં રાજ કર્યા બાદ છેવટે અંગ્રેજો ત્યાં સ્થિર થયા અને એ ૨૫,૩૩૨ ચોરસ માઈલનો એ વિશાળ ટાપુ પોતાને કબ્જે રાખ્યો હતો.



૪ (૧૬૭૦) આત્મબલિદાન આપીને તાનાજી માલુસરેએ સિંહગઢ



પર વિજય મેળવ્યો. એ અતિ દુષ્કર (સિંહ)ગઢ (ઉપરનું ચિત્ર) પામ્યા છતાં સિંહ (તાનાજી) ગુમાવ્યા બદલ અફસોસ કરનાર એના મહારાજા અને મરાઠા રાજ્યના સ્થાપક શિવાજીનો શિવનેરીમાં જન્મ પણ આ જ માસની ૧૯મી તારીખે ઈ. ૧૬૩૦માં થએલો.

૮ (૧૫૮૭) પોતાની વિરુદ્ધ ખરેખર તો કોઈ કાવતરું નહિ કર્યું હોવા છતાં પોતાની હરીફ અને વિરોધી માનીને લાંબા સમયથી કેદમાં ભંડારી રાખેલી મેરી – ક્વીન ઑવ સ્કૉટ્સનો ઇંગ્લૅંડની રાણી ઇલિઝાબેથ પહેલીએ શિરચ્છેદ કરાવ્યો.

૧૦ (૧૦૨૪) સૅમ્યુઅલ પ્લિમસોલનો જન્મ. કમાણીની લાલચે હદ ઉપરાંતનો માલ ભરી જોખમી દરિયાખેડનાં આંધળાં સાહસો ખેડનાર વ્યાપારી જહાજોમાં ભરવાના વજનની મર્યાદા અંગે કાયદો કરવામાં એ અગ્રચારી હતો. એ કાયદા પછી વહાણ પર આંકેલી રેખા જેટલું વહાણ ડૂબે એટલો જ માલ તેમાં ભરવાનો નિયમ થયો. આજે પણ એ રેખાનો અમલ ચાલુ છે, જેને 'પ્લિમસોલ રેખા' કહે છે.

૧૨ (૧૮૦૯) આટલાંટિક મહાસાગરના પૂર્વ-પશ્ચિમ છેડે બે મહાન વ્યક્તિનો જન્મ. એક ચાર્લ્સ ડાર્વિન, જે ઉત્ક્રાંતિવાદના પોતાના સિદ્ધાંતથી વિખ્યાત છે; બીજા અમેરિકાના પ્રખ્યાત પ્રમુખ અબ્રાહમ લિંકન.

૧૩ (૧૮૬૬) 'મારે એની તલવાર'ના ન્યાયે 'વાઈલ્ડ વેસ્ટ'ના નામે અમેરિકાનો કેટલોક વિસ્તાર કુખ્યાત હતો એ જમાનામાં આ તારીખે



મિસૂરીમાં લિબર્ટી મુકામે એક બૅન્ક પર ધાડ પાડી દોઢ લાખ ડૉલરની જંગી લૂંટ કરીને જેસ્સી જેમ્સની ટોળીએ પોતાની બદનામ કારકિર્દીનો આરંભ કર્યો. અમેરિકાના આંતરવિગ્રહ વખતે, મિસૂરીના એક બૅપ્ટિસ્ટ ધર્મોપદેશકનો એ પુત્ર ૧૫ વર્ષની વયે દક્ષિણની ગેરિલા ટુકડીઓમાં ભળેલો. બે વર્ષ બાદ એ ગેરિલાઓ ઉત્તરને શરણે ગયા ત્યારે જેસ્સી તથા એના સાથીઓને કેદી છાવણીમાં રાખવામાં આવ્યા. ત્યાં કોઈ અનિશ્ચિત બનાવો ને કારણોસર જેસ્સી પર ગોળીબાર થએલો, જેમાં સારી પેઠે ઘવાઈને એ નાઠો ને મિસૂરીમાં પોતાની વિધવા મા પાસે પહોંચી ગયો. ત્યાં પોતાના ભાઈઓ અને અન્ય ભારાડીઓ સાથે એક ટોળકી જમાવી પછીનાં પંદર વર્ષ સુધી એણે બહુ હિંમત અને યોજનાપૂર્વક મિસૂરી અને કાન્સાસના પ્રદેશોમાં અનેક બૅન્ક તથા ટ્રેઈન પર સફળ ધાડ પાડી ચોપાસ ધાક બેસાડી દીધી હતી. પોતાને આ માર્ગે વાળવાનો દોષ એ ઉત્તરનાં રાજ્યોને દેતો હતો અને એટલે એની આ લૂંટફાટો દક્ષિણનાં રાજ્યોમાં અભિનંદનીય લેખાતી હતી.

પણ ઈ. ૧૮૮૨માં મિસૂરીના ગવર્નરે, એ જમાનામાં બહુ મોટું એવું ૧૦,૦૦૦ ડૉલરનું ઈનામ જેસ્સી જેમ્સને જીવતો કે મરેલો પકડાવવા જાહેર કર્યું. અને એની લાલચે જેસ્સીના જ બે સાગરિતો – રૉબર્ટ અને ચાર્લ્સ ફોર્ડે જેસ્સીને એના ઘરમાં જ ગોળીએ દીધો. જેસ્સી જેમ્સની આ ગાથાની ફિલ્મ પણ ઊતરી છે.

અમેરિકાનો આવો જ એક બીજો ભારાડી 'બફેલો બિલ' પણ આ જ માસની ૨૬મી તારીખે ઈ. ૧૮૪૬માં પેદા થએલો.

૧૭ (૧૭૮૮) આ પાંચ આરોપો—૧) અયોધ્યાના નવાબ શુજાઉદ્દૌલા સાથે સંધિ કરી, રોહિલાખંડ પર વિનાકારણ ચડાઈ કરી એ સમગ્ર પ્રદેશને ખેદાનમેદાન કરીને લૂંટવા બદલ, ૨) પોતાનાં છળકપટભર્યા કરતૂતોને ખુલ્લાં પાડનાર રાજા નંદકુમારને ફાંસી આપવા બદલ, ૩) અંગ્રેજ લશ્કરના નિભાવનો વધુ પડતો બોજ ઉઠાવવાની અશક્તિ જાહેર કરવા માટે બનારસના રાજા ચેતસિંહ પર ચડાઈ કરી તેના પ્રદેશને લૂંટી લેવા બદલ, ૪) પોતાના ખાસ મદદગાર ત્યારના વડા ન્યાયાધિશ ઈલિજા-ઈમ્પીની સહાયથી ખોટા સાક્ષી-સાહેદો ઊભા કરી પોતાની રક્ષણમાં સોંપાએલી શુજાઉદ્દૌલાની વિધવા બેગમોનો ખજાનો પચાવી પાડવા બદલ તથા ૫) જમીનદારો પર અતિ આકરી મહેસૂલ ઠોકી બેસારવા બદલ બ્રિટનની અદાલતમાં વૉરન હેસ્ટિંગ્સ પર મુકદ્દમો દાખલ કરવામાં આવ્યો. પણ એ પ્રશ્ન ન્યાય-અન્યાયનો નહિ, બ્રિટિશ હિતનો બનાવી હેસ્ટિંગ્સે જે કર્યું તે અંગ્રેજી રાજ્યના હિતવર્ધન માટે કર્યું એવા ચુકાદા સાથે એને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવ્યો!

૧૯ (૧૪૭૩) સૂર્યને કેન્દ્રમાં રાખી પૃથ્વી તેની આસપાસ પ્રદક્ષિણા કરે છે એ હકીકતને સૌ પ્રથમ સ્થાપનાર પોલૅન્ડના ખગોળશાસ્ત્રી નિકોલસ કૉપરનિકસનો જન્મ. આજે તેની પાંચમી જન્મશતાબ્દી છે. આવાં જ ક્રાંતિકારી ખગોળસંશોધનો કરનાર બીજા ખગોળવેત્તા ગૅલિલીઓનો જન્મ પણ આ જ માસમાં ૧૮મી એ ઈ. ૧૫૬૪માં થએલો.

ગાંડી માથે બેડલું, મરકટ કોટે હાર,
જુગારી ગાંઠે લક્ષ્મી, (એ) ત્રણે કેટલી વાર?


સ્વામી વિવેકાનંદ જ્યારે રામકૃષ્ણ પરમહંસના અનન્ય શિષ્ય નરેન્દ્ર દત્ત હતા તે કાળે એમની ભક્તિ અને શક્તિ પરખી એકવાર એકાંતમાં રામકૃષ્ણે એમને કહ્યું: 'હું તને અષ્ટસિદ્ધિનું વરદાન આપવા ચાહું છું. તારે હાથે વિશ્વમાં મોટાં ધર્મકાર્ય કરવાનાં છે.' ત્યારે નરેન્દ્રે પૂછ્યું: 'એથી મને ભગવાન મળશે?' ગુરુએ ના પાડતા નરેન્દ્રે કહ્યું: 'જે શક્તિથી મને ભગવાન ન મળવાના હોય એ ગમે તેટલી મોટી હોય તો પણ મને તેની જરૂર નથી.'

કહેવતોના અર્થ: 'ચોપડે લાખ ને રોકડમાં રાખ.'–ઉધારિયો વેપારી, જેની હજારોની ઉઘરાણી ચડી ગઈ હોય પણ હાથ પર સિલિક શૂન્ય હોય તેની સ્થિતિ સચોટપણે વર્ણવતી કહેવત.

અનેકાર્થી શબ્દ: **નાટ**=નાચ, નૃત્ય, અભિનય; દીપક રાગની એક રાગિણી; યુક્તિ; એક જાતનું કાપડ; સારું કે ઉત્તમ; નક્કી; કર્ણાટ દેશ પાસેનો એક પ્રાંત; સ્વાંગ અથવા નકલ; બે દીવાલ કે બે થાંભલા ઉપર મૂકેલું લાકડું–જેના ઉપર થાંભલીઓ મૂકી આડસર વગેરે મુકાય છે.

ગણિત-ગમ્મત

'૧, ૨, ૩, ૪, ૫' ને '૫, ૬, ૭' એ બે ક્રમિક સંખ્યાનાં જૂથમાં વિલક્ષણ સંબંધ રહેલો છે. પહેલા જૂથની વચલી સંખ્યા ૩ કરતાં બીજા જૂથની વચલી સંખ્યા ૬ બમણી છે. તેવી જ રીતે પહેલા જૂથની પહેલી અને છેલ્લી સંખ્યાના સરવાળા (૧+૫=૬) કરતાં બીજા જૂથની પહેલી ને છેલ્લી સંખ્યાનો સરવાળો (૫+૭=૧૨) પણ બમણો થાય છે. વળી ૧^2+૨^2+૩^2+૪^2+૫^2=૫૫ કરતાં ૫^2+૬^2+૭^2=૧૧૦ પણ બમણા થાય છે! —મ. ના. ખત્રી



ઉપરના ચિત્રમાં કેટલાં ચોસલાં પડેલાં છે? છ કે સાત? આમ તો છ જ લાગે છે. પણ જરા ઊલટાવીને ધ્યાનપૂર્વક જુઓ તો? છ ને સાત? એ દૃષ્ટિભ્રમની ખૂબી છે.



મેક્સિકોમાં ઓઆક્સાકા ખાતે 'સાન્ટા મારિયા ડેલ તુલે' નામથી ઓળખાતા એક વૃક્ષના થડનો ઘેરાવો ૧૬૦ ફૂટ જેટલો છે. દુનિયાનું એ જાડામાં જાડું થડ ગણાય છે. બંને હાથ પહોળા કરી ૨૭ માણસો ઊભા રહે ત્યારે તો એ બાથમાં આવે છે.


જગતનો સૌથી લાંબો સીધો રેલવે રસ્તો ઑસ્ટ્રેલિયામાં છે. જરા પણ વળાંક લીધા સિવાય તે ૩૨૮ માઈલ સુધી ચાલ્યો જાય છે.

એક દિવસ બાદશાહે બિરબલની બુદ્ધિની કસોટી કરવા કહ્યું કે તડકામાં કે છાંયડામાં ચાલ્યા વિના તું ધોળે દહાડે મારી પાસે આવ! અને ચતુર બિરબલ માથે મોટી ચાળણી ઓઢીને બાદશાહ પાસે ગયો!

સાંકડા જોડા જ્યાં ડંખતા હોય ત્યાં સાબુ કે શંખજીરું ઘસવાથી લીસા બનીને નહિ ડંખે.



પઠાણ સુલતાનો પછી આવેલા મુઘલ બાદશાહોમાં અકબરના કાળથી મુઘલ સિક્કાઓનાં રૂપરંગ અને રચનાઓમાં એક નવી જ રોનક દાખલ થઈ. આ ઉપર એવા નવતર ઘાટનો આગ્રામાં પાડેલો ૧૬૭ ગ્રેનનો સોનાનો સિક્કો આપ્યો છે. તેમાં એક તરફ કાંગરીની વચ્ચે કલીમા, ચાર ખલીફાઓનાં નામ તથા ૯૮૧ (હીજરી) સન લખેલાં છે, અને બીજી બાજુ 'અલ્લાહ' મુલ્કહુ જલાલ-ઉદ્-દીન મુહમ્મદ અકબર બાદશાહ ઘાઝી ઝુરીબ બલ્દતી આગ્રાહ (આગ્રા ગામમાં પાડયો) એવું લખેલું છે.



કલાકણિકા: વિલીન થતી જીવનજ્યોત તરીકે એક જ સળંગ રેખામાં મઢેલી ગાંધીજીની છબિ (ચિત્રકાર: બંસીલાલ વર્મા)